॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥
www.janmabhoominewspapers.com
I-Pad :http://www.usindia.com/e/Janmabhoomipravasi.htm

# જન્મભૂમિ પ્રવાસી

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન
Date : 2-11-2025 • Sunday • Mumbai
૮૭
સ્થાપના:૧૯૩૯
વર્ષ : ૮૭, અંક-૨, મુંબઈ, રવિવાર, તા. ૨-૧૧-૨૦૨૫ બહારગામની આવૃત્તિ, તા. ૩-૧૧-૨૦૨૫, પાનાં ૧૦+૮ = ૧૮ કિંમત : ₹ ૭.૦૦
Regd No MCS/024/2021-23 • RNI No 1567/1957 • Published every Sunday (Weekly) • Posted on Monday at M.P.C.S.O. • Mumbai 400001.

મધુવન પૂર્તિ

• સરદાર પટેલની સિદ્ધિ 'ભારત જોડો' .......... ૧
• એકતાથી અનંતતા સુધી... .......... ૪
• લાગે વાગે લોહીની ધાર!.......... ૫
• શુક્રના સંશોધનનું મહત્ત્વ વધી રહ્યું છે........ ૭

## ધક્કામુક્કીથી આડશો તૂટી : ૧૦નાં મૃત્યુ, કેટલાક ગંભીર

# આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ વેંકટેશ્વર મંદિરમાં નાસભાગ

### રાષ્ટ્રપતિ, વડા પ્રધાને દુ:ખ વ્યક્ત કર્યું : મૃતકોના પરિવારોને ₹ બે-બે લાખની સહાય



હૈદરાબાદ, તા. ૧ : આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ સ્થિત કાશી બુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં શનિવારે દર્શન માટેની ભીડમાં ધક્કામુક્કીથી આડશો તૂટી પડતા નાસભાગ મચી જતાં બે બાળક અને આઠ મહિલા સહિત ૧૦ લોકોનાં મૃત્યુ થયાં હતાં, અન્ય પચીસથી વધુ ઘાયલ થયા હતા, જેમાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર, દર્શન માટે સવારથી જ ભારે ભીડ ઊમટી પડી હતી. અચાનક ધક્કામુક્કીનાં કારણે રેલિંગ તૂટી ગઇ હતી. મૃતકોની સંખ્યા વધવાની ભીતિ વ્યક્ત કરાઇ હતી. સરકારે દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો. સોશિયલ મીડિયા પર ભારે કરુણ દશ્યો સામે આવ્યાં હતાં. વીડિયોમાં ભક્તો મંદિરના ટૂંકા માર્ગ પર રેલિંગમાં ફસાયેલા મહિલાઓની બુમરાણ, લોકો પોતના જીવ બચાવવા માટે આમથી તેમ દોડતા દેખાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દુઃખ વ્યક્ત કરતાં મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંવેદના વ્યક્ત કરતાં વડા પ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારોને ₹ બે-બે લાખ અને ઘાયલો માટે ₹ ૫૦-૫૦ હજારની સહાયની ઘોષણા કરી હતી. આંધ્ર પ્રદેશના મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ ઘટનાને બેહદ દુ:ખદ ગણાવી અધિકારીઓને ઘાયલો માટે તત્કાળ સારવાર સહિત પગલાંના નિર્દેશ આપ્યા હતા.

ભાગદોડના સામે આવેલા અનેક વીડિયોમાં મંદિર પરિસરમાં ધક્કામુક્કી વચ્ચે મહિલાઓ બેભાન પડેલી અને અન્ય લોકો મહિલાઓના હાથ-પગ પકડીને ખેંચતા અને સારવાર માટે એમ્બ્યુલન્સમાં લઇ જતા જોવા મળ્યા હતા. આંધ્ર પ્રદેશના ગૃહપ્રધાન અનીતાએ જણાવ્યું હતું કે, આજે એકાદશી હોવાથી ભક્તોની ભીડ વધારે હતી. પ્રસિદ્ધ અને પ્રાચીન વેંકટેશ્વર મંદિર પહેલા માળે છે, ત્યાં પહોંચવા માટે ૨૦ સીડી છે. ધક્કામુક્કીથી રેલિંગ તૂટી જતાં ભાગદોડ મચી ગઇ હતી. વિપક્ષના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન જગનમોહન રેડ્ડીએ આરોપ મૂક્યો હતો કે, અગાઉ પણ તિરુપતિમાં છ અને સિમ્હાચલમ મંદિરમાં સાત લોકોનાં મૃત્યુ થયાં હતાં. વારંવાર આવી ઘટનાઓ થવા છતાં સરકારે સાવધાની રાખી નથી. આ કમનસીબ ઘટનાથી નાયડુ સરકારની બેદરકારી સામે આવી છે.

## મહિલા ક્રિકેટ ટીમ ઇતિહાસના ઉંબરે

### આજે વિશ્વને મળશે નવો ચૅમ્પિયન




મહિલા વિશ્વકપની ફાઈનલ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમ વચ્ચે રમાશે. બન્ને ટીમ પહેલીવાર ફાઈનલ સુધી પહોંચી છે તેથી આ વખતે મહિલા વિશ્વકપને નવી ચૅમ્પિયન ટીમ મળશે. સેમિફાઈનલમાં ભારતની ટીમે સાત વાર વિશ્વકપ વિજેતા ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમને હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. ભારત અને આફ્રિકાની ટીમ વિશ્વકપમાં રમાયેલી મૅચોમાં બરાબરીએ છે, પરંતુ સમગ્રતયા ભારતની ટીમે વધુ વન-ડે મૅચ જીતી હોવાથી આ વખતે ભારતની ટીમ વિશ્વવિજેતા બનશે, એવો ક્રિકેટપ્રેમીઓને વિશ્વાસ છે

(અહેવાલ પાનું ૮)


## આતંકવાદ કાબૂમાં, ઉગ્રવાદ નબળો પડ્યો : ડોભાલ



નવી દિલ્હી, તા.૧ : રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે જણાવ્યું હતું કે ભારતમાં આતંકવાદ પર અસરકારક નિયંત્રણ સ્થાપિત થયું છે. ૨૦૧૩થી જમ્મુ અને કાશ્મીર સિવાય અન્ય વિસ્તારોમાં કોઈ મોટો આતંકવાદી હુમલો થયો નથી. ડાબેરી ઉગ્રવાદમાં પણ ઘટાડો થયો છે. તેમણે સુશાસન માટે મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોની સલામતી અને સશક્તિકરણ મહત્ત્વપૂર્ણ છે. મહિલાઓની સલામતી, સમાનતા અને સશક્તિકરણ આધુનિક શાસનની પ્રાથમિકતા હોવા પર ભાર મૂક્યો હતો. એનએસએ ડોભાલે શુક્રવારે જણાવ્યું હતું કે તથ્યો સ્પષ્ટ અને નિર્વિવાદ છે. દેશમાં આતંકવાદને અસરકારક રીતે કાબૂમાં લેવામાં આવ્યો છે. છેલ્લો મોટો હુમલો ૧ જુલાઈ, ૨૦૦૫ ના રોજ થયો હતો અને છેલ્લી ઘટના ૨૦૧૩ માં હતી. તે પછી જમ્મુ અને કાશ્મીર સિવાય દેશના બાકીના ભાગમાં કોઈ આતંકવાદી હુમલો થયો નથી. આ સમયગાળા દરમિયાન દુશ્મન પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી પરંતુ સુરક્ષા એજન્સીઓએ ઘણા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા, ધરપકડો કરી અને વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.

## દરકપાત છતાં ઑક્ટોબરમાં જીએસટી કલેક્શન વધીને રૂા. ૧.૯૬ લાખ કરોડ

નવી દિલ્હી, તા. ૧ (એજન્સીસ): દેશમાં ઑક્ટોબર મહિનામાં ગૂડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)નું કલેક્શન ૪.૬ ટકા વધીને રૂા. ૧.૯૬ લાખ કરોડનું થયું હતું, જે ઑક્ટોબર ૨૦૨૪માં રૂા. ૧.૮૭ લાખ કરોડનું થયું હોવાનું કેન્દ્ર સરકાર દ્વારા આજે જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી દરમાં કરવામાં આવેલા ઘટાડા છતાં તહેવારોની મોસમમાં થયેલી માતબર ખરીદી અને તે કારણે વધેલા વેચાણના પગલે જીએસટી કલેક્શનમાં વધારો થયો હોવાનું સરકારે જણાવ્યું છે.




રિફન્ડ્સને બાદ કર્યા બાદ સરકારને નેટ જીએસટી કલેક્શન રૂા. ૧.૬૯ લાખ કરોડનું થયું હતું, જે ગત વર્ષના સમાન ગાળામાં થયેલા કલેક્શન કરતાં ૦.૬ ટકા વધારે છે. પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર કેન્દ્રીય જીએસટી, સ્ટેટ જીએસટી અને ઈન્ટિગ્રેટેડ જીએસટી વાર્ષિક ધોરણે વધ્યા હતા જ્યારે સેસના કલેક્શનમાં વાર્ષિક ધોરણે ઘટાડો થયો હતો.

એપ્રિલથી ઑક્ટોબરના ગાળા દરમિયાન જીએસટી કલેક્શન નવ ટકા વધીને આશરે રૂા. ૧૩.૮૯ લાખ કરોડનું થયું હતું, જે ગત વર્ષના સમાન ગાળામાં રૂા. ૧૨.૭૪ લાખ કરોડનું થયું હતું.

ઑક્ટોબર મહિનામાં જીએસટી કલેક્શનમાં થયેલો વધારો આર્થિક અને કરવેરાના માળખામાં કરવામાં આવેલા સુધારા પછી સામે આવ્યો છે જે સૂચવે છે કે સ્થાનિક માગમાં તે વધારો કરે છે અને મહેસૂલી આવકમાં વધારો પણ કરી આપે છે, એમ આ આંકડા જાહેર થયા બાદ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

## બાંગ્લાદેશે શેખ હસીનાને 'ભાગેડુ' ઘોષિત કર્યાં

ઢાકા, તા. ૧ : બાંગલાદેશની સીઆઈડી દ્વારા બે મુખ્ય રાષ્ટ્રીય અખબારમાં જાહેરખબર આપીને દેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીના અને અન્ય ૨૬૦ લોકોને દેશદ્રોહના આરોપસર 'ભાગેડુ' જાહેર કરવામાં આવ્યા હતા. આ પગલું 'જોય બાંગલા બ્રિગેડ' નામના ઓનલાઈન પ્લેટફોર્મથી જોડાયેલું છે. વાસ્તવમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારે આ પ્લેટફોર્મ પર સરકારને અસ્થિર કરવાનો અને હિંસા ભડકાવવાનો આરોપ કર્યો છે. સીઆઈડીના વિશેષ અધીક્ષક (મીડિયા) જસીમ ઉદ્દીન ખાન દ્વારા સહી કરાયેલી આ નોટિસને અંગ્રેજી અને બંગાળી ભાષામાં પ્રકાશિત કરવામાં આવી છે. એવી ચર્ચા છે કે યુનુસ સરકારનું આ પગલું ભારતના ભાગેડુ 'ઇસ્લામ પ્રચારક' ઝાકિર નાઈકને બચાવવા માટેનું છે જે થોડા દિવસમાં બાંગલાદેશના પ્રવાસે આવવાનો છે.

## ઈસરો દ્વારા આજે સૌથી વજનદાર ઉપગ્રહનું લોન્ચિંગ



### સીએમએસ-૦૩ની મદદથી સૈન્ય ઑપરેશનો વધુ ઘાતક અને ગુપ્ત રહેશે : દરિયાઈ સરહદોની સુરક્ષામાં વધારો

નવી દિલ્હી, તા.૧ : દેશની સુરક્ષાની દૃષ્ટિએ બે નવેમ્બર, ૨૦૨૫નો દિવસ મહત્ત્વનો છે. ભારતીય નૌકાદળ માટે ઉપયોગી સમુદ્રની આંખ સમાન અત્યાર સુધીનો સૌથી વજનદાર ઉપગ્રહ ઈસરો દ્વારા અંતરિક્ષમાં મોકલવામાં આવશે. શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સાંજે ૫:૨૬ વાગ્યે તેનું લોન્ચિંગ થશે.

રવિવારે લોન્ચ વ્હીકલ એલવીએમ ૩ રોકેટ એની પાંચમી ઉડાન ભરશે. જે એલએમવી૩-એમ૫ તરીકે ઓળખાશે. આ ઉડાન ભારતના સૌથી ભારે કોમ્યુનિકેશન સેટેલાઇટ સીએમએસ-૦૩ ને અવકાશમાં મોકલાશે. આ ઉપગ્રહ ફક્ત દરિયાઈ વિસ્તારોમાં સંદેશા વ્યવહારને મજબૂત બનાવશે નહીં પરંતુ ઓપરેશન સિંદૂર જેવા મહત્ત્વપૂર્ણ મિશનમાંથી શીખેલા પાઠને મજબૂત બનાવશે. તે નૌકાદળને સમુદ્રની આંખ પ્રદાન કરશે. જેની મદદથી સમુદ્રમાં થતી દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવશે. તેનાથી ભારતની દરિયાઈ સરહદોના સંરક્ષણને વધુ મજબૂત બનાવવામાં આવશે. આ ઉપગ્રહ સાત વર્ષ સુધી કાર્યરત રહેશે. તે ભારતીય મુખ્ય ભૂમિ અને મોટા સમુદ્રી વિસ્તારોને આવરી લેશે.

॥ જય ભગવાન ॥
ભીમાશંકરમા નવો ગીતમાલા રીસોર્ટ (Veg.)
ભીમાશંકર ૧૨ જયોતિર્લિંગમાનું એક પવિત્ર સ્થળ છે.. જયા રોજ હજારો ભાવિકો આવતા હોય છે. ભીમાશંકર જતાં મેન રોડ ઉપર ઘોડેગાંવની બાજુમાં-પિંપલગાંવમા: ગીતમાલા રીસોર્ટ છે.. ત્યાં ખાસ રહેવાની-પ્યોર વેજ જમવાની તેમજ નાસ્તો વ્યાજબી ભાવે દરેકને પરવડી શકે તેવા ભાવમાં મળે છે..સાથે તે જોવા જેવું સ્થળ છે. આ રીસોર્ટનો પરીવાર સહીત મુલાકાત લેવાં તેમજ માણવાં વિનંતી..ત્યાં લગ્ન તેમજ પાર્ટી માટે સભાગૃહ સાથે બધી વ્યવસ્થા છે.
★ આ રીસોર્ટમાં બાળકો માટે રહેવાનું ફ્રીમાં છે.(ગાદલાની સુવિધા રાખેલ છે.)
નોંધ: પ્રજાપતી બ્રહમાકુમારી ઈશ્વરીય વિધાલયનું ભવન છે. જેનું ભુમીપુજન અને ઉદ્દઘાટન નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર થાણાવાળાએ કર્યુ છે.
ગીતમાલા રીસોર્ટના સંચાલક: ગણપતરાવ ઢેરંગે--9689115305
શેઠ નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર (N.K.T.) ફોન:022-25389999
Siddhivinayak Advt-9892007232

મુંબઈમાં ૭ માળના નવનીત ગુજરાતી સમાજ ભવનને નિહાળવા નિમંત્રણ !
સાથે જોવા મળશે, શ્રી હેમરાજ શાહ : સ્મૃતિ સંગ્રહાલય

નવનીત ગુજરાતી સમાજ ભવનમાં
* બેઝમેન્ટમાં – ભોજનાલય
* પહેલે માળે – જીમ્નેશીયમ
* બીજે માળે – હેલ્થ સેન્ટર
* ત્રીજે માળે – સેલ્ફ સ્ટડી, લાયબ્રેરી અને હોસ્ટેલ
* ચોથે માળે – અતિથિ ગૃહ
* પાંચમે માળે – સંગ્રહાલય
* પાંચમે – છઠ્ઠે માળે અતિથી ગૃહ
* ૭મે માળે – નવનીત હૉલ
* ટૅરેસ પર રેસ્ટોરન્ટ


હેમરાજ શાહ

સંસ્થા કે મંડળના ૧૧ સભ્યોને સાંજે ૩.૦૦ થી ૫.૦૦ સમય નક્કી થાય તેમને નવનીત ગુજરાતી સમાજ ભવન જોવાનો લાભ મળશે.


દિલચસ્પી ધરાવતા...
સમાજ, મંડળ, સંસ્થા, ૧૧ વ્યક્તિઓના સદસ્યોના નામ, સરનામું, સંપર્ક નંબર સાથેની વિનંતી મળ્યેથી, સાંજે ૩ થી ૫ દરમિયાન આ મુલાકાત સુનિશ્ચિત કરી, આપને જાણ કરવામાં આવશે.
એ ૧૧ વ્યક્તિઓને સમાજ ભવન બતાવવામાં આવશે. શરૂઆતમાં કેન્ટીનમાં ચ્હા–નાસ્તો અપાશે. પછી ગુજરાત ભવન બતાવવામાં આવશે. પછી પાંચમે માળે હેમરાજ શાહ : સ્મૃતિ સંગ્રહાલય બતાવવામાં આવશે અને છેલ્લે સ્મૃતિ સંગ્રહાલયમા TV માં હિન્દીમાં ૫૦ મિનિટની ફિલ્મ બતાવવામાં આવશે.
"श्री हेमराज शाह : एक समर्पित जीवन"




લિ. આપના
હેમરાજ શાહ : સંસ્થાપક અધ્યક્ષ
ડૉ. નાગજી રીટા : પ્રમુખ - મેનેજીંગ ટ્રસ્ટી
❐ અરવિંદ હેમરાજ શાહ–ઉપપ્રમુખ
❐ રાજેશ રતિલાલ દોશી–મહામંત્રી
❐ એડ્. પીયુષ એમ. શાહ–મંત્રી
❐ લખમશી એમ. શાહ–ખજાનચી
બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ
સંચાલિત
નવનીત ગુજરાતી સમાજ ભવન
૪૧, આદર્શ નગર, ઓશિવારા જોગેશ્વરી લિન્ક રોડ, લૉટસ પેટ્રોલપંપ સામે, જોગેશ્વરી (પશ્ચિમ) મુંબઈ–૪૦૦ ૧૦૨
મો.નં.: ૮૧૬૯૬૮૯૬૩૭ સવારે ૧૦ થી ૫
Email : gujaratisamajbhavan.mumbai@gmail.com

# ગરીબી દૂર કરી હોવાનો પાકનો દાવો વિશ્વ બૅન્કે ફગાવ્યો

## પાકિસ્તાન ગરીબીનો આંક છુપાવી રહ્યું છે, ૪૦ ટકા બાળકો અર્ધ ભૂખ્યાં રહે છે : વર્લ્ડ બૅન્ક




ઈસ્લામાબાદ, તા. ૧ : પાકિસ્તાન દાવો કરે છે કે તેણે ગરીબી દૂર કરી છે. પાકિસ્તાનના આ દાવાને વિશ્વ બૅન્કે ફગાવી દીધો છે. વિશ્વ બૅન્કે કહ્યું છે કે માત્ર થોડા જૂથો ગરીબીની રેખામાંથી બહાર આવ્યાં છે બાકી તેની ગામડાની વસ્તી તો ગરીબીમાં જ ટળવળે છે. પાકિસ્તાનનાં વર્તમાનપત્ર ''એક્સ-પ્રેસ-ટ્રિબ્યુને'' આપેલા આંકડા પણ સાચા હોવા અંગે શંકા દર્શાવતા વર્લ્ડ બૅન્ક કહે છે કે, 'ગરીબીની પરિસ્થિતિ તો સામાન્ય જનજીવન પરથી જાણી શકાય છે. આંકડાઓથી નહીં' વર્લ્ડ બૅન્કે એટલું સ્વીકાર્યું હતું કે ગત વર્ષે ગરીબીની રેખાની નીચે જીવતા પચીસ ટકા લોકો હતા. વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૫માં તેમાં થોડો સુધારો થયો છે, અને ચાલુ નાણાંકીય વર્ષે ગરીબીની રેખા નીચે જીવતા લોકોની ટકાવારી ઘટીને ૨૨.૨ ટકા જેટલી રહી છે. પરંતુ આ આંકમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકો પણ સમાવિષ્ટ છે. ગામડાંઓની પરિસ્થિતિનું સાચું ચિત્ર મળી શકતું નથી.વર્લ્ડ બૅન્કે આ સાથે સીધો જ આક્ષેપ કર્યો હતો કે આ આંકડા પાકિસ્તાન સરકારે આપ્યા છે. પરંતુ વાસ્તવમાં તે સત્ય છુપાવી રહ્યું છે.વર્લ્ડ બૅન્કના સીનીયર ઈકોનોમિસ્ટ તોબિયાસ હક્કે તો જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં ૪૦ ટકા બાળકો તો અર્ધભૂખ્યા જેવી સ્થિતિમાં છે તેથી તેઓની ઉંચાઈ અને કદ પણ ઘટી રહ્યાં છે.આ અર્થશાસ્ત્રીએ તેમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાનમાં શહેરી વિસ્તારો અને ગામડાંઓમાં રહેતા લોકોની આર્થિક સ્થિતિ વચ્ચે પણ ઘણું મોટું અંતર રહેલું છે.

# ભારતમાં હાઈસ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ શરૂ કરવા સ્ટારલિંક તૈયાર

## મુંબઈના ચાંદિવલીમાં પાંચ વર્ષ માટે ઑફિસ ભાડે લીધી



નવી દિલ્હી, તા.૧ : સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્ક હવે ભારતમાં ઈન્ટરનેટની દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છે. તેમની કંપની સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. જેના માટે સ્ટારલિંકે મુંબઈના ચંદિવલી વિસ્તારમાં આશરે ૧,૨૯૪ ચોરસ ફૂટ ઓફિસ સ્પેસ રૂ.૨.૩૩ કરોડના ભાડા પર પાંચ વર્ષના લીઝ પર લીધી છે. ભારતમાં ઈલોન મસ્કની કંપનીની પ્રથમ સત્તાવાર હાજરી માનવામાં આવી રહી છે. સ્ટારલિંક કંપની આજે ૩૦ ઓક્ટોબર અને આવતીકાલે ૩૧ ઓક્ટોબરના રોજ મુંબઈમાં ટેકનિકલ અને સુરક્ષા ડેમો રનનું આયોજન કર્યું છે, જેમાં તેના હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ નેટવર્કની ક્ષમતાનું પ્રદર્શન કરાશે. તેવામાં મસ્કની કંપનીના ટ્રાયલને ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ કનેક્ટિવિટીના નવા યુગની શરૂઆત માનવામાં આવી રહી છે. જેનાથી દેશના દૂરના અને ગ્રામીણ વિસ્તારોમાં પણ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ એક્સેસ શક્ય બની શકશે. ડેમો રન પછી કંપની ભારતમાં લોન્ચિંગ કરી શકે છે.જોકે, સ્ટારલિંક હજુ પણ સરકારની મંજૂરી અને સ્પેક્ટ્રમ ક્લિયરન્સની રાહ જોઈ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, સ્ટારલિંકની એન્ટ્રી થવાથી ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ ક્ષેત્રમાં નવી સ્પર્ધા શરૂ થશે. આનાથી ઈન્ટરનેટ સેવાની ગુણવત્તા અને સુલભતામાં નોંધપાત્ર ફેરફારો થઈ શકે છે. ઈલોન મસ્કની સ્ટારલિંક કંપની ૧૫૦થી વધુ દેશોમાં ઉપગ્રહોના નેટવર્ક દ્વારા હાઈ-સ્પીડ, લો-લેટેન્સી ઈન્ટરનેટ સેવાઓ પ્રદાન કરેશે, જે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં તેમજ જહાજો અને વિમાનોમાં કાર્ય કરી શકે છે.

# મુંબઈ તારી મજલિસ

**ધાર્મિક**

★ **સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ :** નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ : સવારે ૬.૫૫ : સ્વામી સર્વેશ ચૈતન્યજી મહારાજ પ્રશ્નોત્તરરત્નમાલિકા વિષય પર પ્રવચન : સવારે ૮થી ૯ : દૈયા ગીતા ચિંતનમાળામાં સ્વામી જ્ઞાનાનંદ મહારાજ દ્વારા શ્રીમદ્ ગીતા શાંકરભાષ્ય વિષય પર પ્રવચન : સાંજે ૬થી ૭ : પ્રેમપુરી જ્યોતિષ વર્ગમાં વૈશાલીબેન ગાંધી દ્વારા સરળ યોગ અને ફળકથન : સાંજે ૩ : પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યા ભવન, સ્વામી પ્રેમપુરી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ-૭.

**સોમવાર, તા. ૩-૧૧-૨૦૨૫**

**ધાર્મિક**

★ **સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ :** નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ : સવારે ૬.૫૫ : સ્વામી સર્વેશ ચૈતન્યજી મહારાજ દ્વારા પ્રશ્નોત્તરરત્નમાલિકા વિષય પર પ્રવચન : સવારે ૮થી ૯ : પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યા ભવન, સ્વામી પ્રેમપુરી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ-૭.

## ટ્રેનોમાં ટિકિટ બુકિંગના નિયમોમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર

# લોઅર બર્થ, સૂવાના સમય માટે નવી વ્યવસ્થા



નવી દિલ્હી, તા.૧ : ભારતીય રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે ટિકિટ બુકિંગ પ્રક્રિયાને સરળ બનાવવા અને વધુ પારદર્શક બનાવવા માટે કેટલાક પગલા લીધા છે.

રેલવેના નિયમ અનુસાર, બુકિંગ સમયે નીચેની બર્થ ઉપલબ્ધ ન હોય અને કોઈ વરિષ્ઠ નાગરિક અથવા લાયક મહિલાને ઉપરની અથવા મધ્યમ બર્થ ફાળવવામાં આવે, તો ટ્રેનમાં ટિકિટ ચેકિંગ સ્ટાફ (ટીટીઈ) પાસે મુસાફરી દરમિયાન ખાલી થઈ જાય તો આવા મુસાફરને નીચેની બર્થ ફાળવવાનો અધિકાર છે. ઓનલાઈન ટિકિટ બુક કરતી વખતે, મુસાફરો પાસે જો નીચેની બર્થ ઉપલબ્ધ હોય તો જ બુક કરો પસંદ કરવાનો વિકલ્પ હોય છે. જો મુસાફર આ વિકલ્પ પસંદ કરે છે અને નીચેની બર્થ ઉપલબ્ધ ન હોય તો ટિકિટ બુક કરવામાં આવશે નહીં. આ મુસાફરોને તેમની પસંદગીની સીટ અનુસાર મુસાફરીની મંજૂરી આપે છે.

અનામત કોચમાં સૂવાનો સમય રાત્રે ૧૦:૦૦ થી સવારે ૬:૦૦ વાગ્યા સુધીનો છે. આ સમયગાળા દરમિયાન મુસાફરોને તેમની સોંપાયેલ બર્થ પર સૂવાની છૂટ છે. દિવસ દરમિયાન બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. આરક્ષિત ટિકિટ માટે એડવાન્સ રિઝર્વેશન પિરિયડ ૧૨૦ દિવસથી ઘટાડીને ૬૦ દિવસ કર્યો છે. જેનો અર્થ એ છે કે મુસાફરો હવે તેમની મુસાફરીની તારીખના ૬૦ દિવસ પહેલા સુધી ટિકિટ બુક કરાવી શકે છે.

## હિન્દુ મરણ

**કપોળ**

રાજુલાવાળા સ્વ. વિઠ્ઠલદાસ અને ચંદ્રભાગા ભુતાના પુત્ર વસંતરાય (ઉં. ૯૩) ૨૯મીએ શ્રીજીચરણ પામ્યા છે. તે ચારૂબેનના પતિ. સ્વાતિ, હેમાંગીની, વિપુલ ભુતાના પિતા. સ્વ. દ્વારકાદાસ, જયકિશનદાસ, મુકુંદરાય, શાંતાબેન, નલિનીબેનના ભાઈ. સ્વ. લલિતબેન છોટાલાલ ગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા મંગળવાર ૪થીએ સાંજે ૫.૩૦થી ૭. ઠે.: વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે (પ.). લૌ. વ્ય. બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. નટવરલાલ અને સ્વ. હસમુખબેનના પુત્ર પ્રફુલ ધારિયા ૩૧મીએ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વાતિના પતિ. રાહિલ, આશનાના પિતા. શિવાનીના સસરા. સાન્વીના દાદા. સ્વ. દિનકરલાલ અને સરલાબેન (પાક્કા)ના જમાઈ. પ્રાર્થનાસભા રાખી નથી. લૌ. પ્રથા બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા, સ્વ. હર્ષદરાય વિઠ્ઠલદાસ સંઘવીનાં પત્ની અલકાબેન (ઉં. ૮૫) બુધવાર, ૨૯મીએ શ્રીજીચરણ પામ્યાં છે. તે બીના, મહેશ, મનીષનાં માતા. કૌશિક, કાનન, નીત્યાનાં સાસુ. રૂતુ, મનન, અનન્યા, દેવનાં દાદી. પિયર પક્ષે લીલાવતી ગમનલાલ મેહતા પરિવાર. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. બંધ છે.

**મોડાસા એકડા દશા ખાડાયતા કોવાડીયા**

ગં.સ્વ. નંદિનીબેન (ઉં. ૮૭) ગુરુવાર, ૩૦મીએ શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. મહેશભાઈ શિવલાલ મેહતાનાં પત્ની. કેયુરનાં માતા. પ્રદીપ, પ્રતિમાનાં માસી. સંજય, મમતાનાં કાકી. પર્લ, શેલનાં દાદી. પ્રાર્થનાસભા સોમવાર, ૩જીએ સાંજે ૫થી ૭. ઠે.: ખડાયતા ભુવન, હનુમાન રોડ, વિલેપાર્લે (પૂ.).

**ખંભાતી દશા પોરવાડ વણિક**

નડિયાદના ગં.સ્વ. કોકિલાબેન મનુભાઈ દેસાઈ (ઉં. ૮૬) ૩૧મીને શુક્રવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. લીલાવતીબેન ઈન્દુલાલ શાહનાં પુત્રી. સ્વ. રાકેશ, જીગ્નેશ, સોનલ નિલેશ શાહનાં માતા. ગં.સ્વ. મીતા, મનીષાનાં સાસુ, ગં.સ્વ. ચૈતનબેન અરૂણકુમાર નરખી, પ્રીતિ ગિરીશ શાહ, ગીતાબેન દિલીપભાઈ ચોકસીનાં બહેન. ધરણ-સંગીતા, કરણ-વૈશાલી ,જય-કિંજલ, અંશિકા, પ્રિશા, ખુશ્બુ રોમિલ સંગોઈ, જીનલ જયમીન શાહનાં દાદી-નાની. લૌ. વ્ય. બંધ છે.

## જૈન મરણ

**કવીઓ જૈન**

મોટા આસંબીયાના મીઠાંબેન કેનીયા (ઉં. ૯૫) ૩૦મીએ અવસાન પામ્યાં છે. તે વેલબાઈ પ્રેમજીનાં પુત્રવધૂ. સ્વ. લખમશીનાં પત્ની. મુલચંદ, રશ્મી, કુસુમ, કીરીટ, ઉષાનાં માતા. સ્વ. ભમીબાઇ પુનશીનાં પુત્રી. દેવજી, શીવજી, ગાંગજી, મુરજી, વશનજી, કલ્યાણજી, મેઘબાઈ હરશી, મુરીબાઈ ગેલા, લક્ષ્મીબેન કલ્યાણજી, ગોમીબાઈ ઠાકરશીનાં બેન. પ્રાર્થના રાખી નથી. નિ.: કીરીટ લખમશી કેનીયા, ભગવતી કોલોની, ઉદવાડા.

વડાલાના દામજી ગાલા (ઉં. ૮૩) ૩૧મીએ અવસાન પામ્યા છે. તે નેણબાઈ લાલજી વિજપારના પુત્ર. સાકરના પતિ. રીટા, મનીષ, કેતનના પિતા. રાઘવજી, જેન્તીલાલ, ચુનીલાલ, ધીરજ, પંકજ, હસમુખ, કેસરબેન ગાંગજીના ભાઈ. મમીબાઈ હીરજી નાગશીના જમાઈ. પ્રા.: યોગી સભાગૃહ, દાદર (પૂ.) ટા. ૨થી ૩.૩૦.

ડોણના નલીન વીરા (ઉં. ૫૯) ૩૧મીએ અરિહંતશરણ પામ્યા છે. તે કસ્તુરબેન કલ્યાણજીના પુત્ર. જીજ્ઞાના પતિ. પ્રણવના પિતા. જયંત (બાબા), યોગેશના ભાઈ. વિમલા જયંતિલાલ ભવાનજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખી નથી. ચક્ષુદાન કર્યું છે. નિ.: નલીન કલ્યાણજી વીરા, ૧૬-એ, વીરા બિલ્ડિંગ, ન્યુ એનએલપી માર્ગ, પરેલ વિલેજ, મુંબઈ-૧૨.

પ્રાગપુરના રમેશ ખીમસીયા (ઉં. ૬૩) ૩૧મીએ અવસાન પામ્યા છે. તે રતનબાઈ ડુંગરશીના પુત્ર. ગીતાના પતિ. ચાર્મી, ઋષભના પિતા. હીરજી, તલકશી, પોપટ, વસંત, મહેશ, હરેશ, કાંતા, કસ્તુર, સુશીલા, ચંદ્રીકા, મુંદ્રીકાના ભાઈ. ઝવેરબેન જેઠાલાલ દેઢીયાના જમાઈ. પ્રા.: શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજનવાડી, ચીંચપોકલી. ટા. ૩ થી ૪.૩૦.

બાડાના અ.સૌ. પ્રમીલા (પાનબાઈ) ગડા (ઉં. ૭૪) ૩૧મીએ અરિહંતશરણ પામ્યાં છે. તે ચંચલબેન ધનજી કેશવજી ગડા (પટેલ)નાં પુત્રવધૂ. ભાઈલાલભાઈનાં પત્ની. હિતેન, આરતીનાં માતા. ચાંપઈબેન કુંવરજી હંસરાજ મામણીયાનાં પુત્રી. રામજી, જગશી, રમણીક, તલકશી કિશોરનાં બેન. પ્રાર્થના રાખી નથી. નિ.: નિર્મલા નિવાસ, એ/૮૬, પરેલ, મુંબઈ-૧૨.

બેરાજાના ભારતીબેન મામણિયા (ઉં. ૮૦) ૩૧મીએ અવસાન પામ્યાં છે. તે હાંસબાઈ રવજીનાં પુત્રવધૂ. સ્વ. ઠાકરશીનાં પત્ની. પીયૂષનાં માતા. વેલબાઈ વેલજી ખેરાજ ગડાનાં પુત્રી. જગદીશ, કિરીટ, કુંદનબેનનાં બેન. પ્રાર્થના રાખી નથી. નિ.: પીયૂષ મામણિયા, ૧/૩, રવિન્દ્ર હાઉસ, ૫૪૩, કાલબાદેવી રોડ, સનલાઈટ રેસ્ટોરેન્ટની ઉપર, મુંબઈ-૨.

લુણીના ભાનુબેન છેડા (ઉં. ૭૧) શુક્રવાર, ૩૧મીએ અરિહંતશરણ પામ્યાં છે. તે મકાંબાઈ કરમશી દેવજી છેડાનાં પુત્રવધૂ. નવીનભાઈનાં પત્ની. ચંદા, જેનીશનાં માતા. અમૃતબેન કુંવરજી મોણશી ગાલાનાં પુત્રી. સ્વ. હિરજી, સ્વ. રાઘવજી, રતનબેન, પ્રેમીલાનાં બેન. પ્રા.: શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘ, નારાયણજી શામજી મહાજન વાડી, માટુંગા (સે.રે.). ટા. ૪થી ૫.૩૦.

**વાગડ વી.ઓ. જૈન**

નૂતન ત્રંબૌના સ્વ. મીણાબેન રાજસાંગણ નંદુના પુત્ર વેલજીભાઈ (ઉં. ૯૦) ૩૧મીને શુક્રવારે અવસાન પામ્યા છે. તે હીરૂબેનના પતિ. હસમુખ, ઉર્મીલા, રમેશ, શારદા, પ્રવિણના પિતા. શાંતિ, વાડીલાલ, હંસા, જીતેન્દ્ર, પ્રવિણાના સસરા. સચીન, મિલીંદ, આશીતા, રીમ્પલ, રાહુલ, ઝલક, હિતેશ, ચિરાગ, પ્રિયંકા, પ્રણયના દાદા-નાના. સ્વ. રખુબેન રાવઘજી પુંજાછાડવાના જમાઈ. પ્રાર્થના રજીએ ૩થી ૪.૩૦. ઠે.: ટીપ ટોપ પ્લાઝા, થાણા (પ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ટીકરના દક્ષા હસમુખભાઈ દયાળજી મહેતા (ઉં. ૭૨) તે ઈશાનીનાં માતા. જેઠાલાલ કીરચંદ શેઠનાં પુત્રી અરિહંતશરણ પામ્યા છે. લૌ. વ્ય. બંધ છે.

**ઝાલા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રાના સ્વ. સવિતાબેન વાડીલાલ શાહના પુત્ર જગદીશભાઈ (ઉં. ૭૫), તે ભારતીબેનના પતિ. શીતલબેન પરેશભાઈ શાહ, શ્વેતાબેન પ્રશાંતભાઈ રૂપાણી, શ્રેયાબેન જગદીશભાઈ શાહ, કાર્તિક્યભાઈના પિતા. સ્વ. નવીનભાઈ તેમજ લીંબડી ગોપાલ સંપ્રદાયના બા.બ્ર.પ.પૂ. પ્રિયદર્શનાજી મ.સ., બા.બ્ર.પ.પૂ. મનીષાજી મ.સ.ના ભાઈ. સ્વ. ઈન્દુલાલભાઈ જગજીવનદાસભાઈ ખાટડીયાના જમાઈ ૩૧મીએ અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૩જીને સોમવારે બપોરે ૩થી ૫. ઠે.: હિંગવાલા ઉપાશ્રય (આનંદ મંગલ હોલ), ૧લા માળે, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટના સ્વ. કમળાબેન દુર્લભજી મહેતાના પુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં. ૯૦) તે તરુલતાબેનના પતિ. જયશ્રી દિગંત મહેતા, ભાવના જયપ્રકાશ વર્મા, પ્રીતિ સત્યેન ઠાકર, વિરલના પિતા. સ્વ. નગીનદાસ દુર્લભજી મહેતાના ભાઈ. સ્વ. જેઠાલાલ, વ્રજપાલ કામદારના જમાઈ ૧લીએ અરિહંતશરણ પામ્યા છે. લૌ. વ્ય. બંધ છે.

**ચક્ષુદાન મહાદાન**

ચક્ષુદાન કરવા માટે સંપર્ક (૨૪×૭ કાર્યરત)
મો. નં. ૭૯૯૮૧૯૧૯૧૯ / ૯૫૯૪૪૧૯૧૯૧
આય બૅન્ક કો-ઓર્ડિનેશન ઍન્ડ રિસર્ચ સેન્ટર

જો તમે મૃત્યુ પામ્યા પછી પણ સૌંદર્ય નિહાળવા માગતા હો તો ચક્ષુદાન કરો

ચક્ષુદાન કર્યું હોય તે સ્વર્ગસ્થની તસવીર મરણનોંધ સાથે વિનામૂલ્યે છાપવામાં આવશે. ચક્ષુદાન કર્યાનું પ્રમાણપત્ર તથા ફોટો મરણનોંધની વિગત સાથે મોકલવા વિનંતી.

દહિંસર થી ખાર સુધી
સમગ્ર હિંદુ સમાજ માટે પાર્થિવ દેહ ને ઘરથી સ્મશાન ભૂમિ સુધી લઈ જવા
મોક્ષવાહિની
(અંતિમ યાત્રા રથ)
સવારે ૮ થી રાત્રે ૮
સંપૂર્ણપણે વિના મૂલ્ય સેવા
દહિંસર થી ખાર સુધી
8108 841 841
8108 846 846
6236 6584

# અઠવાડિક ભવિષ્ય

ગણેશા સ્પીક્સ્

**રવિવાર, તા. ૨ નવેમ્બર -'૨૫થી શનિવાર, તા. ૮ નવેમ્બર -'૨૫**

**મેષ :** હાલમાં તમારા માટે મધ્યમ પરિણામ આપનારું સપ્તાહ છે. તમારા વ્યક્તિગત જીવનમાં ઉતાર-ચઢાવ આવી શકે છે. શરૂઆતમાં, તમે કલાત્મક કાર્ય પર હાથ અજમાવી શકો છો. નોકરિયાત જાતકોને કાર્યસ્થળે સ્થિતિ સારી રહેશે. પ્રોફેશનલ ઉદ્દેશ્યથી તમારે દૂરના સ્થળે જવાનું થઈ શકે છે. તમારા ગુસ્સાને કાબૂમાં રાખવો જરૂરી રહેશે. વિવાહિત લોકોને પારિવારિક જીવનમાં સુખ મળશે. તમે હળવા મનથી વાતચીત કરીને સંપૂર્ણ પ્રેમ સાથે તમારા સંબંધને આગળ વધારશો. પ્રણય જીવન વિતાવી રહેલા લોકો માટે આ સમય થોડો નબળો રહેશે. બીજાની વાતોમાં આવીને એકબીજા પર શંકા કરવાના બદલે વિશ્વાસ વધારશો તો સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવામાં સફળ રહેશો. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં અવરોધોનો સામનો કરવો પડશે અને તમારે અભ્યાસ કરવામાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સ્વાસ્થ્યમાં ચડાવ-ઉતાર રહેશે. અઠવાડિયાના છેલ્લા બે દિવસ મુસાફરી હેતુથી સારા રહેશે.

**વૃષભ :** નોકરિયાતવર્ગ માટે આ સપ્તાહે એકંદરે સ્થિતિ સાનુકૂળ રહેશે. તમને તમારા બોસ તરફથી પણ સહયોગ મળશે. કોઈપણ વાદ-વિવાદથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો. તમારી યોજનાઓ સાકાર થશે, જેનાથી તમને ફાયદો થશે. પરણિત લોકોનું પારિવારિક જીવન આ અઠવાડિયે સરસ રીતે પસાર થશે, જેના કારણે તમે શાંતિનો શ્વાસ લેશો અને ઘરનું વાતાવરણ ખુશીઓથી ભરેલું રહેશે. તમારા જીવનસાથી પણ તમારા સાથે દિલ ખોલીને વાત કરશે. પ્રણય જીવન વિતાવી રહેલા લોકો માટે આ સમય ચડતી-પડતી ભરેલો રહેશે. તમારે તમારા પ્રિયના ગુસ્સાનો સામનો કરવો પડી શકે છે. અઠવાડિયાનો છેલ્લો દિવસ મુસાફરી હેતુથી સારો રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં વધુ મહેનત કરવી પડશે. શરૂઆતમાં માનસિક ચિંતાઓ તમને વ્યથિત કરશે, જેના કારણે સ્વાસ્થ્ય બગડી શકે છે.

**મિથુન :** નોકરીમાં સ્થિતિ સાનુકૂળ રહેશે. કેટલાક લોકોને વિદેશ જવાની તક મળી શકે છે. જેથી તમને સારા પરિણામ મળશે. વેપાર કરી રહેલા લોકો કામને આગળ વધારવા માટે થોડું રોકાણ પણ કરી શકશે. આવક-જાવક વચ્ચે તાલમેલ બેસાડવા પર ધ્યાન આપવું પડશે. તમારે આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે મની મેનેજમેન્ટ શીખવું જરૂરી છે. મિત્રો સાથે મુલાકાત થશે અને તમને મનોરંજન પણ થશે. શરૂઆતમાં લાંબા પ્રવાસના યોગ પણ બની રહ્યા છે. તમે તમારી પારિવારિક જવાબદારીઓ સારી રીતે નિભાવશો અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવશો. તમે પોતાની ઈચ્છાઓને પણ ધ્યાનમાં રાખશો. વિવાહિત લોકોનું ગૃહસ્થ જીવન થોડું નબળું રહેશે. તમારી વચ્ચે મનદુઃખ અથવા ઝઘડો થાય એવા કોઈપણ કાર્યોથી દૂર રહેવું. સંબંધોમાં પારદર્શિતા વધારવી. જેઓ એકલા હોય તેઓ કોઈ ખાસ પાત્ર તરફ આકર્ષિત થશે. વિદ્યાર્થીઓને અત્યારે વધુ મહેનતનો સમય છે. મિત્રોની સંગતમાં સમય વેડફવાના બદલે અભ્યાસમાં ધ્યાન આપવું. સ્વાસ્થ્યની પણ કાળજી લેવી જરૂરી છે.

**કર્ક :** નોકરી કરી રહેલા લોકો માટે આ સમય ઘણો સારો રહેશે. કેટલાક નવા પ્રોજેક્ટ્સની જવાબદારી મળી શકે છે, જે તમને આનંદ આપશે. આર્થિક લાભ તો થશે જ. વેપાર કરતા લોકો માટે અઠવાડિયું સારું રહેશે. બિઝનેસ કરતા લોકો કોઈ કામ માટે લાંબી ટૂરનું પ્લાનિંગ પણ કરી શકે છે. આ સપ્તાહે શક્ય હોય ત્યાં સુધી મોટા રોકાણ અંગેનો નિર્ણય લેવો નહીં. તમારા પૈસા કોઈને ઉધાર આપવા નહીં. પરણિત લોકોનું ગૃહસ્થજીવન પણ સારું રહેશે અને તમારા જીવનસાથી સાથે સારી નિકટતા અને સમજણ રહેશે. સાથે મળીને કોઈ સુંદર સ્થળ પર ફરવા જવાની વાત પણ થઈ શકે છે. પ્રણયજીવનમાં જીવતા લોકો માટે આ સમય ચડતી-પડતી ભરેલો રહેશે. જોકે એકંદરે તમારા સંબંધ સારા રહેશે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં અવરોધો હોવા છતાં મહત્વપૂર્ણ વિષયો પર પકડ મેળવવાની તક મળશે. અઠવાડિયાના છેલ્લો દિવસ મુસાફરી કરવાના હેતુથી સાનુકૂળ રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે પરંતુ શક્ય હોય તળેલું બહારનું ભોજન લેવાનું ટાળજો.

**સિંહ :** શરૂઆતમાં તમારી અચાનક આવકમાં વધારો થવાથી પ્રસન્નતાની લાગણી રહેશે. ઉછીના આપેલા પૈસા અથવા અન્ય કારણોથી અટકેલા પૈસા પાછા પણ આવી શકે છે. લોટરી કે શેરબજારમાંથી પણ તમને સારો નફો થઈ શકે છે. સરકારી ક્ષેત્રમાંથી પણ તમને પૈસા પ્રાપ્ત થઈ શકે છે. તમે સંપૂર્ણ ધ્યાન તમારા કામ પર કેન્દ્રિત કરશો. બિઝનેસમાં ભાગીદારી કરવાથી તમને જબરદસ્ત સફળતા પ્રાપ્ત થશે અને તમે કોઈ નવું કામ પણ અજમાવી શકો છો. રોકાણ કરવા માટે આ સમય સારો રહેશે. નોકરિયાતવર્ગના જીવનમાંથી ચિંતા દૂર થશે. જેનો સારો દેખાવ જોઈને તમને ફાયદો થશે. વિવાહિત લોકોના લગ્નજીવનની વાત કરીએ તો, તમે લાંબા સમયથી એકલવાયુ જીવન જીવી રહ્યા હતા, હવે તેને દૂર કરવાનો. પ્રયાસ કરવાથી જ તમને સફળતા મળશે. પ્રણય જીવન વિતાવી રહેલા એકબીજા સાથે વધારે વાત કરવી નહીં અને વિશ્વાસ પર સવાલ ઉઠે તેવું કંઈપણ કરવું નહીં. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં આનંદ આવશે. કેટલીક સમસ્યાઓ હોવા છતાં, તમે સફળતા પ્રાપ્ત કરી શકશો.

**કન્યા :** વ્યાપારી વર્ગ માટે આ સમય કોઈ વરદાનથી ઓછું નહીં હોય કારણ કે તમારી યોજનાઓ સફળ થશે અને તમને સારા ફાયદા મળશે. તમે વેપારમાં સારી પ્રગતિ કરી શકશો. વેપારને આગળ વધારવા માટે પણ આ સમય સારો રહેશે. નોકરી કરી રહેલા લોકોના કામમાં વધારો થશે અને નોકરીમાં તમારી સ્થિતિ મજબૂત રહેશે. તમને સકારાત્મક પરિણામ મળવાની ઘણી સંભાવનાઓ રહેશે. મિત્રો સાથે આનંદથી રહેવાનો મોકો મળશે. પારિવારિક બાબતોમાં તમે આ સપ્તાહે વધુ ધ્યાન આપશો. તમારા બાળકો તેમના ક્ષેત્રમાં સારું પરફોર્મન્સ આપી શકશે. તમારું પારિવારિક જીવન ખૂબ જ ખુશહાલ રહેશે. તમારા જીવનસાથી સાથેની નિકટતામાં પણ વધારો થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. ખૂબ ગરમ મસાલેદાર ખોરાક ખાવાનું ટાળવું. વિદ્યાર્થીઓ ઈચ્છે તો આ સમયનો સદુપયોગ કરી શકે છે અને અભ્યાસમાં સારું પ્રદર્શન કરી શકે છે.

**તુલા :** નોકરી કરતા હોય તેમને કાર્યસ્થળે પોતાની સ્થિતિ મજબૂત થશે અને ખ્યાતિ વધશે, પરંતુ કોઈની સાથે ખોટું બોલવું તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ભાગ્ય તમારો સાથ આપશે, જેના કારણે નોકરીમાં પ્રમોશન મળવાની સ્થિતિ ઉભી થઈ શકે છે. તમારા પરિવારના સભ્યો માટે ઘણું બધું કરવાની ઈચ્છા તમારા મનમાં રહેશે. રિયલ એસ્ટેટ સંબંધિત બાબતો તમારું ધ્યાન આકર્ષિત કરી શકે છે. પારિવારિક મિલકતથી ફાયદો થઈ શકે છે. પારિવારિક જીવનમાં તમારા જીવનસાથીથી થોડું અંતર વધી શકે છે માટે તેમને શક્ય હોય તો વધુ સમય આપવો. મુસાફરી માટે આ અઠવાડિયું વધું સાનુકૂળ નથી, તેથી મુસાફરી કરવાનો પ્રયાસ કરવો નહીં. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પ્રત્યે ખૂબ જ ગંભીર રહેશે. તમને તમારા મિત્રો તરફથી સારો સહયોગ મળશે. સ્વાસ્થ્યમાં સુધારો થશે.

**વૃશ્ચિક :** નોકરિયાત લોકો માટે આ અઠવાડિયું સારું રહેશે. તમારી મહેનત ફળદાયી રહેશે અને તમને સારો લાભ મળશે કારણ કે તમને આ અઠવાડિયે કોઈ મોટું પ્રોત્સાહન મળી શકે છે. આ અઠવાડિયે તમે મુસાફરી કરવામાં ખૂબ વ્યસ્ત રહેશો, જે તમારામાં નવી ઊર્જાનો સંચાર કરશે. વ્યાપાર કરનારા લોકોએ કોઈ એવી વ્યક્તિ પર નિર્ભર રહેવું પડશે જે બહુ ભરોસાપાત્ર નહીં હોય, તેથી સતર્ક રહેવું. તમે કોઈ દેવસ્થાન કે અન્ય પવિત્ર સ્થળની યાત્રા પર જઈ શકો છો. પરિવારના સભ્યો સાથે પણ ફરવા જઈ શકો છો. મનોબળ મજબુત રહેશે. લગ્નજીવનમાં ચાલી રહેલી ચિંતાઓ દૂર થશે અને સંબંધ મજબૂત બનશે. પ્રણય જીવન વિતાવી રહેલા લોકો માટે આ સમય સારો રહેશે. આહાર ખાવા પર થોડી કાળજી રાખવી. ત્વચાની એલર્જી અથવા બ્લડ પ્રેશરની ફરિયાદો પણ તમને પરેશાન કરી શકે છે. અઠવાડિયાનું પ્રારંભિક ચરણ મુસાફરી કરવાના હેતુથી સારું રહેશે. વિદ્યાર્થીઓ માટે આ સમય સાનુકૂળ રહેશે.

**ધન :** મોટાભાગે તમામ પ્રકારે આ સમય તમારા માટે ઉત્તમ રહેશે. વેપાર કરવા માટે આ સમય ઘણો લાભદાયક રહેશે. તમારી ક્ષમતા અને તમારા ભૂતકાળના પ્રયત્નો તમારા માટે આશીર્વાદરૂપ રહેશે. સરકારી ટેન્ડર મેળવવાનો લાભ તમને મળી શકે છે. નોકરિયાતવર્ગ માટે સાનુકૂળ સમય રહેશે. કારણ તેઓ પોતાની પ્રગતિ માટે તમને મુશ્કેલીમાં મુકવાનો પ્રયાસ કરી શકે છે. વિવાહિત લોકોનું જીવન ઉત્તર-ચઢાવ સ્થિતી વચ્ચે આગળ વધશે. નવા સંબંધોની શરૂઆત કરી શકશો. તમે તમારા પ્રિય સાથે દિલથી જોડાઈ શકશો. માનસિક તાણથી તમને રાહત મળશે. વિદ્યાર્થીઓ માટે આ અઠવાડિયું સામાન્ય રહેશે. કૌટુંબિક સમસ્યાઓના કારણે તમને અભ્યાસ કરવામાં થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

**મકર :** સપ્તાહના શરૂઆતના ચરણમાં તમે આવક વધારવા પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરશો. નોકરિયાત લોકોને તેમના કામમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડશે જ્યારે વેપાર કરતા લોકોને તેમના કામમાં મુસાફરી કરવાથી ફાયદો થશે. સરકારી ક્ષેત્ર તરફથી નોટિસ આવી શકે છે. કોઈ જૂની છુપાયેલી વાત બહાર આવી શકે છે તેનુ ધ્યાન રાખવું. દૂરના વિસ્તારોમાંથી વ્યવસાયમાં કેટલાક સારા સોદા તમારા હાથમાં આવી શકે છે. તમને પરિવારજનોનું સુખ મળશે. પારિવારિક જવાબદારીઓ પૂરી કરવા માટે સક્ષમ રહેશો. કેટલાક મહત્વપૂર્ણ કાર્યો તમે સરળતાથી પૂરા કરી શકશો અને તેના માટે ઈશ્વરનો આભાર માનશો. પારિવારિક વાતાવરણ સકારાત્મક રહેશે. પ્રેમ તેમજ રોમાન્સમાં વધારો થશે. તમારા લવ મેરેજ થવાની સંભાવના રહેશે. સંતાનો સંબંધિત બાબતો માટે આ સમય સાનુકૂળ રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં સારું પરિણામ પ્રાપ્ત થશે. શરૂઆતનો તબક્કો મુસાફરી કરવા માટે સારો છે. આ સપ્તાહે સ્વાસ્થ્યમાં ઋતુગત સમસ્યાઓ થવાની શક્યતા છે માટે સતર્ક રહેવું.

**કુંભ :** તમારે તમારા કાર્ય પર યોગ્ય અને વિચારપૂર્વક ધ્યાન આપવું પડશે. આ સમયે કોઈ મોટું રોકાણ કરવાનું ટાળવું. સરકારને લગતી બાબતોમાં તમારે કાગળકામ પૂર્ણ કરવું પડશે, તો જ તમને સફળતા પ્રાપ્ત થશે. જો તમે નોકરી કરતા હોવ તો આ સમયે તમારે થોડું વધારે ધ્યાન આપીને કામ કરવું પડશે, કોઈ પણ કામમાં તમારા પ્રદર્શમાં ઘટાડો થઈ શકે છે. તમારી વ્યવસાયિક બુદ્ધિથી તમે સારા પૈસા કમાઈ શકશો. તમને પરિવારના સભ્યોનો સહયોગ અને સાથ મળશે, જેના કારણે તમારું કાર્ય સફળતાના માર્ગ પર આગળ વધશે. દાંપત્યજીવનમાં રોમાંસ જળવાઈ રહેશે. તમારું ગૃહસ્થ જીવન ખુશહાલ બની જશે. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં સારું પરિણામ પ્રાપ્ત થશે અને તે લોકો અભ્યાસ કરવામાં વધું ધ્યાન કેન્દ્રિત કરીને મહેનત પણ કરશે. તમારા સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવુ, અન્યથા તમે બીમાર પડી શકો છો.

**મીન :** નોકરી કરી રહેલા લોકો માટે આ સમય સાનુકૂળ રહેશે. તમારી મહેનત કરવાની ચાલુ રાખો. ઈમાનદારીનું ફળ પણ મળશે. વ્યવસાય કરવા માટે આ સમય સારો રહેશે. કેટલીક નવી ટેક્નોલોજીના ઉપયોગને તમે પ્રોત્સાહન આપશો. તમારા ખર્ચામાં પણ ઘટાડો થઈ શકે છે. પરણિત લોકો તેમના પારિવારિક જીવનમાં ખુશ રહેશે. વિવાહિતોને સાસરિયા પક્ષ તરફથી પણ સારો સહયોગ મળશે. તમે તમારા જીવનસાથી સાથે ટૂંકી મુસાફરી પર જઈ શકો છો. તમારી વચ્ચે વાતચીત કરવાનો તાલમેલ સારો રહેશે. તમે તમારા મિત્રો સાથે પણ ઘણો સમય વિતાવશો. અઠવાડિયાનો મધ્યભાગ મુસાફરી કરવાના હેતુથી સારો રહેશે. વિદ્યાર્થીઓ કેટલાક નવા પુસ્તકોની ખરીદી કરી શકે છે, જે તેમને વધુ સારી રીતે અભ્યાસ કરવામાં મદદ કરી શકે છે.

## આજનું પંચાંગ

**રવિવાર, તા. ૨-૧૧-'૨૫**
**વિ.સં. ૨૦૮૨ કાર્તિક સુદ-૧૧**
**આજનો સૂર્યોદય :** ૦૬.૪૦
**આજનો સૂર્યાસ્ત :** ૧૮.૦૪
**ચંદ્ર રાશિ :** ૧૧.૨૭ સુધી કુંભ પછી મીન
**નક્ષત્ર :** ૧૭.૦૪ સુધી પૂ.ભા. પછી ઉ.ભા.
**વ્રત પર્વ :** ભાગવત એકાદશી (બિલિપત્ર), દેવઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા, દ્વાદશી ક્ષયતિથિ, ગરુડ દ્વાદશી (ઓરિસા)
**દિવસ :** અશુભ
**દિન વિશેષ :** ચાતુર્માસ સમાપ્તિ
**મુસ્લિમ :** ૧૦ જમાદિલ-અવ્વલ, હિજરી સન ૧૪૪૭
**આવતી કાલનો સૂર્યોદય :** ૦૬.૪૧
**આવતી કાલનો સૂર્યાસ્ત :** ૧૮.૦૩

જન્માક્ષર, કુંડળી, લગ્ન, જનોઈ, કુંભ મુહૂર્ત, રાશિ, તિથિ, મેળાપક કઢાવવા વિશ્વાસપાત્ર જન્મભૂમિ પંચાંગ ની ઑનલાઈન સર્વિસ મેળવવા લૉગઑન કરો:http://panchang.janmabhoominewspapers.com

## 'સાપ્તાહિકી'
**દેવઊઠી એકાદશી, દેવદિવાળી, સંકષ્ટ ચતુર્થી**
**૨-૧૧-૨૫થી ૮-૧૧-૨૫**

| કાર્તિક-સુદ કાર્તિક-વદ | દિન વિશેષ |
|---|---|
| ૨/૧૧ રવિ | ભાગવત એકાદશી (બિલિપત્ર), દેવઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા, દ્વાદશી ક્ષયતિથિ, ગરુડ દ્વાદશી (ઓરિસા), ચાતુર્માસ સમાપ્તિ |
| ૩/૧૧ સોમ | તુલસી વિવાહારંભ, વૈકુંઠ ચતુર્દશીનો ઉપવાસ |
| ૪/૧૧ મંગળ | વૈકુંઠ ચતુર્દશી, બડાઓસા (બિહાર) |
| ૫/૧૧ બુધ | વ્રતની પૂનમ, ત્રિપુરારી પૂનમ, દેવદિવાળી, ભીષ્મ પંચક વ્રત સમાપ્ત, વિશ્વ સુનામી જાગૃતિ, તુલસી વિવાહ સંપન્ન, કાર્તિક સ્નાન સમાપ્તિ, ધાત્રી પૂજન, પુષ્કર મેળો (અજમેર), ગુરુ નાનક જયંતી, કેદાર વ્રત (ઓરિસા) |
| ૬/૧૧ ગુરુ | ઈન્ટરનેશનલ ડે ફોર પ્રીવેન્ટિંગ ધ એક્સ્પ્લોયટેશન ઑફ ધ એન્વાયરમેન્ટ ઈન વ્યોર ઍન્ડ કોન્ફિલિક્ટ |
| ૭/૧૧ શુક્ર | રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ |
| ૮/૧૧ શનિ | ચતુર્થી ક્ષયતિથિ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૦.૪૧ |

Printer & Publisher: **Bhupen Savjibhai Vadgama**: Printed & Published on behalf of Saurashtra Trust at Janmabhoomi Mudranalaya (Press): Janmabhoomi Bhavan, Janmabhoomi Marg, Fort, Mumbai-1. Managing Editor & Editor: **Kundan Vyas**. Tel. No. 22870831-34. RNI No. 1567/1957.
મુદ્રક અને પ્રકાશક : **ભૂપેન સવજીભાઈ વડગામા** : સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી, જન્મભૂમિ મુદ્રણાલય : જન્મભૂમિ ભવન, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૧માં છાપ્યું અને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું છે. મૅનેજિંગ એડિટર અને તંત્રી : **કુન્દન વ્યાસ**. ટે. નં. ૨૨૮૭૦૮૩૧-૩૪. જા.ખ. ૨૨૮૭૩૪૩૮. E-MAIL - info@janmabhoominewspapers.com
દિલ્હી કાર્યાલય : આઈ.એન.એસ. બિલ્ડિંગ, ૪-રફી માર્ગ, ન્યૂ દિલ્હી-૧. ટે. નં. ૨૩૭૧૧૦૦૨. અમદાવાદ કાર્યાલય : ૨૦૨, કલિંગ કૉમ્પ્લેક્ષ, બીજે માળે, બાટા શો રૂમ પાસે, માઉન્ટ કાર્મે સ્કૂલ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ટે. નં. ૨૬૫૮૮૭૭૪ / ૨૬૫૮૭૨૨૪. વડોદરા કાર્યાલય : પદ્માવતી શોપિંગ સેન્ટર, ન્યાય મંદિર પાસે. ટે. નં. ૨૪૧૨૯૦૬.
સુરત કાર્યાલય : ગ્રાઉન્ડ ફ્લોર, લવ-કુશ, જય અંબે રોડ, વિવેકાનંદ બ્રિજ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ટે. નં. ૨૭૮૦૮૫૦. ફૂલછાબ કાર્યાલય : ફૂલછાબ ચોક, રાજકોટ-૩૬૦ ૦૦૧. ટે.નં. ૨૪૪૪૬૧૧-૧૪. કચ્છમિત્ર કાર્યાલય : ઇન્દ્રાબાઈ પાર્ક પાસે, ભુજ -૩૭૦ ૦૦૧. ટે.નં. ૨૫૨૦૯૦-૯૧. Copyright © 2025 Saurashtra Trust. All rights reserved.



## સરદાર વંદના

અખંડ ભારતના શિલ્પી, ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે વરલીસ્થિત એનએસસીઆઈ ખાતે શુક્રવારે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકર, મહારાષ્ટ્રના કૌશલ્ય વિકાસ ખાતાના પ્રધાન મંગલપ્રભાત લોઢા, મુંબઈ ભાજપના અધ્યક્ષ અમિત સાટમ, ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય અતુલ શાહ, ભાજપના દક્ષિણ મુંબઈ જિલ્લાના અધ્યક્ષ શલાકા સાળવી, વેપારી અગ્રણી વિરેન શાહ, મુંબઈ ભાજપની ગુજરાતી પાંખના વડા સંજીવ પટેલ અને સરદાર પટેલના ચાહકો સરદાર વંદના માટે ઉપસ્થિત થયા હતાં

(તસવીર : વિરલ જોશી)

# 'નિષ્ફળ માર્ગ' છોડી સામાજિક પ્રવાહમાં જોડાઓ

### ભૂપતિએ વીડિયો સંદેશ દ્વારા સાથીઓને નક્સલવાદ છોડી આત્મસમર્પણ માટે વિનંતી કરી

મુંબઈ, તા. ૧ : ૧૪મી ઑક્ટોબરના ગઢચિરોલી પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરનાર નક્સલી મલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે ભૂપતિએ વીડિયો દ્વારા તેના સક્રિય સાથીઓને શસ્ત્રો હેઠાં મૂકી શરણાગતિ સ્વીકારી લેવા વિનંતી કરી હતી.તેમણે કહ્યું કેઆ એક નિષ્ફળ માર્ગ છે એને છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાઈ જાઓ. ગઢચિરોલી પોલીસ દ્વારા શનિવારે જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં ભૂપતિએ પોતાના અને આત્મસમર્પણ કરનારા સાથી રૂપેશના મોબાઈલ નંબર આપ્યા હોવાનો ઉલ્લેખ છે,જેથી જો કોઈ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી) દ્વારા સંચાલિત ગેરકાયદે ચળવળ છોડવા માગતા



મલ્લોજુલા વેણુગોપાલ રાવ

હોય તો સંપર્ક કરી શકે.

ભૂપતિ પૉલિટ બ્યૂરો અને સેન્ટ્રલ કમિટીના સભ્ય, સેન્ટ્રલ રિજનલ બ્યૂરોના સેક્રેટરી અને સીપીઆઈ (માઓવાદી)ના પ્રવક્તા હતા.

તેમણે કહ્યું કે સત્તા અને જમીન માટે સશસ્ત્ર સંઘર્ષમાં સામેલ સાથીઓએ સમજવું જોઈએ કે આ નિષ્ફળ માર્ગ છે. સક્રિય માઓવાદીઓએ હિંસાનો માર્ગ છોડીને શરણાગતિ સ્વીકારવી જોઈએ અને મુખ્ય પ્રવાહમાં જોડાઈને લોકો વચ્ચે કામ કરવું જોઈએ. તેમણે પ્રતિબંધિત સંગઠનની સેન્ટ્રલ કમિટી પર કઠોર વલણ અપનાવવાનો આરોપ પણ લગાવ્યો હતો જે પરિવર્તનને સમજ્યા છતાં સશસ્ત્ર સંઘર્ષ છોડવાની અનિચ્છા ધરાવે છે.

હું દેશના તમામ બુદ્ધિજીવીઓ, લોકશાહીમાં વિશ્વાસ રાખનારાઓ અને આદિવાસીઓના હિતેચ્છુઓને વિનંતી કરીશ કે તેઓ અમારા નિર્ણયને સમજે અને અમને ટેકો આપે. જેઓ શસ્ત્રો મૂકી લોકો વચ્ચે કામ કરવા માગે છે તેઓ મારો અને કૉમરેડ રૂપેશનો ફોન પર સંપર્ક કરી શકે છે, એમ તેમણે વીડિયો સંદેશમાં જણાવ્યું હતું. ૧૭મી સપ્ટેમ્બરના રૂપેશ ઉર્ફે સતીશે ૨૦૦ સાથીઓ સાથે છત્તીસગઢના જગદલપુરમાં સામૂહિક શરણાગતિ સ્વીકારી હતી. કેન્દ્ર સરકારે ભૂપતિ દ્વારા આત્મસમર્પણને પોતાની નીતિઓની બહુ મોટી જીત ગણાવી હતી.

# પુણેમાં જૈન ટ્રસ્ટની જમીન પ્રકરણે કૉંગ્રેસે મોહોળનું રાજીનામું માગ્યું

નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઈ): પુણેમાં જૈન મંદિરની મહત્ત્વની સ્થાવર મિલકતના હસ્તાંતરણ સાથે કથિત સંડોવણી બદલ કેન્દ્રના નાગરી ઉડ્ડયન ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન મુરલીધર મોહોળે રાજીનામું આપવું જોઈએ એવી માગણી કૉંગ્રેસે આજે કરી છે. દિલ્હીમાં કૉંગ્રેસના મુખ્યાલય ખાતે પત્રકાર પરિષદમાં વરિષ્ઠ પ્રવક્તા અતુલ લોઢેએ જણાવ્યું હતું કે, પુણેના હીરાચંદ નેમચંદ દિગમ્બર જૈન હૉસ્ટેલની જમીનના હસ્તાંતરણમાં મોહોળે સત્તાનો દુરુપયોગ કર્યો હતો. ટ્રસ્ટની જમીન વેચી શકાતી નથી. તેનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક કાર્ય માટે જ થવો જોઈએ. આમ છતાં તે બીલ્ડરને વેચવામાં આવી હતી, જેમાં મોહોળ પોતે ભાગીદાર હતા, એમ લોઢેએ ઉમેર્યુ હતું.

# રાજ્ય સરકારે રોહિત આર્યની યોજનાને શરૂઆતમાં પ્રોત્સાહન આપ્યું હતું

મુંબઈ, તા. ૧ : ૨૦૨૨માં ખાનગી પહેલ તરીકે શરૂ કરાયેલ સ્વચ્છતા મોનિટર પ્રોગ્રામે મહારાષ્ટ્રભરનાં બાળકોને 'સ્વચ્છતા મોનિટર' તરીકે પસંદ કર્યા જેમનું કામ તેમની આસપાસના વિસ્તારમાં થતી અસ્વચ્છતા સામે અવાજ ઉઠાવવાનું હતું.

અપ્સરા મિડિયા એન્ટરટેઇનમેન્ટ અને રોહિત આર્ય, જેમણે પવઈમાં બાળકોને બંધક બનાવ્યા હતા, તેમના નેતૃત્વ હેઠળની આ પહેલને ત્યારે સત્તાવાર મંજૂરી મળી જ્યારે કંપનીને આ કાર્યક્રમ ચલાવવા અને ૨૦૨૨થી ૨૦૨૩ સુધીના તેના ખર્ચને આવરી લેવા માટે ૯.૯ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

૨૦૨૩માં જ્યારે તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેના બીજા તબક્કાનું ઉદ્દ્ઘાટન કર્યું ત્યારે તેને વધુ કાયદેસરતા મળી હતી.

જ્યારે ભાગ લેવો ફરજિયાત ન હતો ત્યારે આ કાર્યક્રમ અપનાવનારી શાળાઓએ રાજ્યની માઝી શાળા સુંદર શાળા સ્પર્ધા હેઠળ ૨૦૦માંથી ૧૦થી ૨૦ ગુણ મેળવ્યા, જે ટોચની



ક્રમાંકિત શાળાને ૧૧ લાખ રૂપિયા આપે છે. તે ભાગ લેવા માટે એક મજબૂત પ્રોત્સાહન પૂરા પાડે છે. ૨૦૨૪માં સ્વચ્છતા મોનિટર વેબસાઈટે સરકારની મંજૂરી વિના ૩ સબસ્ક્રિપ્શન પૅકેજો પ્રદર્શિત કરવાનું શરૂ કર્યું. રૂપિયા ૪૯૯, રૂા. ૧૪૯૯ અને ૧૯૯૯. ત્યાં સુધી નોંધણી મફત હતી, જેમાં ફક્ત શાળાનો યુડીઆઈએસઈ નંબર જરૂરી હતો. માઝી શાળા સુંદર હેઠળ ગુણ ગુમાવવાના ડરથી ઘણી શાળાઓએ આ પૅકેજો માટે ચુકવણી કરી, જેમાં વિદ્યાર્થીઓ માટે ચૉકલેટ, પ્રમાણપત્રો અને ઑનલાઇન તાલીમનું વચન આપવામાં આવ્યું હતું.

તે વર્ષના અંતમાં અપ્સરા મિડિયાએ પ્રોજેક્ટનો રાજ્યવ્યાપી વિસ્તાર કરવા માટે સરકારની મંજૂરી માગી હતી. જોકે, ૨૩ ઑગસ્ટ ૨૦૨૪ના લખેલા પત્રમાં શાળા શિક્ષણ વિભાગે આ સંસ્થાને કોઈ પણ એકત્રિત ભંડોળ સરકારી ખાતામાં જમા કરાવવા અને તેનો પ્રસ્તાવ ફરીથી સુપરત કરતાં પહેલાં શાળાઓની ફી વસૂલ નહીં કરવાની બાંયધરી રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## પુણેમાં અંતિમ સંસ્કાર

પવઈના સ્ટુડિયોમાં ૧૯ લોકોને બાનમાં રાખનાર ફિલ્મ નિર્માતા રોહિત આર્ય (૫૦)ના શનિવારે વહેલી સવારે પુણેમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. હાઈ વૉલ્ટેજ ડ્રામા બાદ મુંબઈ પોલીસે આર્યનું એન્કાઉન્ટર કર્યું હતું.જેજે હૉસ્પિટલમાં પોસ્ટમૉર્ટમ બાદ તેના મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યો હતો અને શુક્રવારે મોડી રાત્રે પુણે લઈ જવાયો હતો. અંતિમ સંસ્કારમાં તેમની પત્ની, પુત્ર અને નજીકના સંબંધીઓ હાજર રહ્યાં હતાં.

### નવી મુંબઈમાં ૧૦ વર્ષની બાળકીનું યૌન શોષણ

# એનઆરઆઈ વૃદ્ધની ધરપકડ; માતા પણ સામેલ

નવી મુંબઈ, તા. ૧ : નવી મુંબઈના તળોજા પોલીસે લંડનસ્થિત ૭૦ વર્ષીય NRI વૃદ્ધની એક સગીર બાળકી (૧૦ વર્ષ) પર કથિત રીતે બે વર્ષથી યૌન શોષણ કરવા બદલ ધરપકડ કરી છે. આ સનસનાટીભર્યા કેસમાં પોલીસે બાળકીની માતાની પણ ધરપકડ કરી છે. કારણ કે સત્ય જાણતી હોવા છતાં તે પોતાની સગીર પુત્રીને આરોપીના ફ્લૅટ પર મોકલતી હતી.


આ શરમજનક સત્ય ત્યારે બહાર આવ્યું જ્યારે ક્રાઇમ બ્રાન્ચની એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (અઇંઝઅ) ટીમને બાતમી મળી અને આરોપીના તળોજા ફ્લૅટ પર દરોડો પાડીને બાળકીને બચાવવામાં આવી, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ બાળકીની માતાએ આરોપીને તેની સગીર પુત્રીનું યૌન શોષણ કરવાની પરવાનગી આપી હતી. કારણ કે આરોપી તેને ભાડાના ફ્લૅટના ડિપૉઝિટ પેટે ₹૨.૫ લાખ આપ્યા હતા અને દર મહિને કરિયાણાનો ખર્ચ પણ ચૂકવતો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી અનેક સેક્સ ટોય્ઝ, સેક્સ-સ્ટીમ્યુલેટિંગ પિલ્સના પૅકેટ્સ, દારૂની બોટલ, વેસેલિન ક્રીમ અને એક ડિજિટલ વીડિયો રેકોર્ડર જેવી વાંધાજનક વસ્તુઓ જપ્ત કરી છે.

આરોપી અને બાળકીની માતાને પનવેલની વિશેષ અદાલત સમક્ષ પોક્સો (POCSO) ઍક્ટ હેઠળ રજૂ કરવામાં આવ્યાં હતાં અને તેમને ૪ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવાયાં છે. તળોજા પોલીસ દ્વારા બચાવવામાં આવેલી બાળકીને ચાઇલ્ડ વેલ્ફેર કમિટી (CWC)ની સંભાળ હેઠળ સુરક્ષિત આશ્રયસ્થાનમાં મોકલી દેવાઈ છે.

પોલીસે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા ડિજિટલ વીડિયો રેકોર્ડરમાંથી ડેટા મેળવવામાં આવશે, જેથી આરોપીએ સગીર બાળકી પરના યૌન શોષણનું રેકોર્ડિંગ કર્યું છે કે કેમ તે જાણી શકાય. NRI આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ બળાત્કાર, ૧૨ વર્ષથી ઓછી ઉંમરની મહિલા પર બળાત્કાર અને ધમકી આપવા બદલ ગુનાહિત ધમકીની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેની સામે પોક્સો ઍક્ટ હેઠળ પણ ગંભીર કલમો લગાવવામાં આવી છે.



# પ્રિન્સે વગોવ્યા મોટાં ખોરડાં...



બે જી પખવાડિયા પહેલા પ્રિન્સ ઍન્ડ્રયુ, ડ્યુક ઑફ યૉર્ક, અર્લ ઑફ ઇન્વર્નેસ ઍન્ડ બેરોન કિલીલીઘ, નાઈટ ગ્રાન્ડ ક્રૉસ ઑફ ધ રૉયલ વિક્ટોરિયન ઑર્ડર, રૉયલ નાઈટ કમ્પેનિયન ઑફ ધ મૉસ્ટ નૉબલ ઑર્ડર ઑફ ધ ગાર્ટર હતા અને હવે, તેઓ ઍન્ડ્રયુ માઉન્ટબેટન વિન્ડસર છે. કિંગ ચાર્લ્સ ત્રીજાએ પોતાના સગાં ભાઈ પ્રિન્સ ઍન્ડ્રયુના તમામ ટાઈટલ્સ અને ઑનર્સ એટલે કે નામ-માન અને અકરામ પાછા ખેંચી લીધા છે અને વિન્ડસર ખાતેની રૉયલ એસ્ટેટ ખાતેથી તેમની હકાલપટ્ટી કરવાની જાહેરાત કરી છે. ૬૫ વર્ષના આ 'પ્રિન્સે' એવાં એવાં કાંડ કર્યાં છે કે, બહુ લાંબા સમયથી બ્રિટિશ લોકોમાં તેના વિરુદ્ધ નફરત છે. અમેરિકન ફાઈનાન્સર

આશિષ ભીન્ડે

અને ટીનેજર છોકરીઓના જાતીય શોષણનું વ્યાપક નેટવર્ક ચલાવનારા જેફ્રી ઍપ્સ્ટેઈન સાથેની મિત્રતા, ૨૦૧૧માં ૧૭ વર્ષની કિશોરી વર્જિનિયા જ્યુફ્રે સાથે બળજબરી શારીરિક સંબંધ બાંધવાનો મામલો તથા રંગીલા રતન જેવી લાઈફસ્ટાઈલને કારણે ઍન્ડ્રયુ માટે અણગમો છે. બાવીસ વર્ષ રૉયલ નેવીમાં સેવારત ઍન્ડ્રયુ રાજગાદી પર આવવા માટેના સક્સેશન લિસ્ટમાં આઠમા ક્રમે છે. જોકે, પ્રિન્સ તરીકેનો હોદ્દો-માન પાછા ખેંચી લેવાયા છતાં સક્સેશન યાદીમાં તેનું નામ યથાવત રહેશે. બ્રિટનના મોટા ખોરડાને વગોવનારાઓ, રજવાડી સ્કૅન્ડલ્સ અને જેમના ટાઈટલ્સ અને રાજગાદી પર આવવાના અધિકારને પાછા ખેંચી લેવાયા છે એવા રાજ પરિવારના સભ્યોની યાદી ખાસ્સી લાંબી છે અને ઍન્ડ્રયુ એમાં પહેલો કે છેલ્લો નથી.

### રંગીલા રતન જેવો ઍન્ડ્રયુ

હવે ભૂતપૂર્વ પ્રિન્સ બની ગયેલા ઍન્ડ્રયુની દોસ્તી અમેરિકન ફાઈનાન્સર જેફ્રી ઍપ્સ્ટેઈન સાથે બહુ લાંબા સમયથી હતી. ૧૯૯૯માં જિસ્લેન મૅક્સવેલે આ બન્નેની મુલાકાત કરાવી હતી. આ મૅક્સવેલ એપ્સ્ટેઈન તથા તેના મિત્રો માટે છોકરીઓને ફસાવવાનું કામ કરતી. ૨૦૦૮માં ઍપ્સ્ટેઈન પર સગીર વયની બાળાઓને વેશ્યા વ્યવસાયમાં ધકેલવાના મામલે સજા થઈ ત્યાં સુધી અને એ પછી પણ તેમની વચ્ચે દોસ્તી રહી હતી. ઍપ્સ્ટેઈનની પીડિતાઓમાંથી એક વર્જિનિયા જ્યુફ્રના અવસાન બાદ પ્રગટ થયેલા તેનાં સંસ્મરણોના પુસ્તક નોબડીઝ ગર્લમાં તેણે જેફ્રી અને તેની સખી જિસ્લેન માટે સેક્સ સ્લેવ તરીકે વીતાવેલા બે વર્ષની વાત વર્ણવવામાં આવી છે. જેમાં તે ૧૭ વર્ષની હતી ત્યારે પ્રિન્સ ઍન્ડ્રયુએ તેની સાથે બાંધેલા જાતીય સંબંધો વિશે ઝીણવટભરી વિગતો આપી છે. ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં પોતાના ફાર્મહાઉસમાં આત્મહત્યા કરનાર વર્જિનિયાએ આ ઘટનાના ત્રણેક અઠવાડિયા પહેલા આ પુસ્તકના સહ-લેખિકા પત્રકાર ઍમી વૉલેસ અને પ્રકાશક ડિની વોનમ્યુફિંગને પત્ર લખ્યો હતો કે, મારું મૃત્યુ થાય તો પણ એ નોબડીઝ ગર્લ પ્રસિદ્ધ થવું જ જોઈએ. ગત્ સપ્ટેમ્બરમાં આ પુસ્તક પ્રકાશિત થયું એ પછી ઍન્ડ્રયુ સામે બ્રિટિશ પ્રજામાં રોષ વધ્યો છે. વર્જિનિયાએ ઍન્ડ્રયુ વિશે આ પુસ્તકમાં લખ્યું છે કે, મારી સાથે શરીર સંબંધ બાંધવો એ જાણે કે, પોતાનો જન્મસિદ્ધ અધિકાર હોય એવું ઍન્ડ્રયુનું માનવું હતું.

ઍપ્સ્ટેઈનને સજા થઈ એ પછી પણ ૨૦૧૦માં ઍન્ડ્રયુ તેને મળવા ન્યૂ યૉર્ક ગયો હતો અને અહીંના સેન્ટ્રલ પાર્કમાં બન્ને સાથે ફરતા હોય એવી તસવીરો સામે આવ્યા બાદ ઍન્ડ્રયુએ પાંગળો બચાવ કર્યો હતો કે, હું તો તેની સાથેની મારી દોસ્તી તોડવા ગયો હતો. જોકે, વર્જિનિયાના આક્ષેપો પ્રકાશમાં આવ્યા ત્યારથી ઍન્ડ્રયુએ હું નિર્દોષ છું અને હું તેને ક્યારેય મળ્યો નથી, એવું એકધારું કહ્યે રાખ્યું છે. આમ છતાં, વર્જિનિયાએ કરેલા કોર્ટ કેસ મામલે ઍન્ડ્રયુએ તેની સાથે ફેબ્રુઆરી, ૨૦૨૨માં અદાલતની બહાર પતાવટ કરતા ખાસ્સી મોટી રકમ તેને ચૂકવી હતી. કેટલાક અખબારી અહેવાલો અનુસાર, આ રકમ ૧૨ મિલિયન ડૉલર જેટલી હતી. એ પહેલા જાન્યુઆરી, ૨૦૨૨માં ઍન્ડ્રયુની માતા અને રાણી એલિઝાબેથ બીજાએ તેના મિલિટરી ટાઈટલ્સ ખૂંચવી લેવા સાથે તેમનો રાજ્યાશ્રય પાછો ખેંચી લીધો હતો. આમ છતાં, રાણીના પુત્ર હોવાના નાતે તેઓ રાજકુંવર ગણાય અને એની સાથે આવતા તમામ લાભ અને સહુલિયતો તેમને મળવાની ચાલુ હતી. પણ, હવે મોટા ભાઈ રાજા ચાર્લ્સ ત્રીજાએ તેમના તમામ રાજવી ટાઈટલ્સ પાછા ખેંચ્યા એ પહેલા જ ઍન્ડ્રયુએ તેમનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું હતું.

### ઍન્ડ્રયુ બાબા અને ૪૦ લલનાઓ

૨૦૦૧માં ૪૧ વર્ષની ઍન્ડ્રયુ યુનાઈટેડ કિંગડમના વેપાર પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. એ વખચે થાઈલૅન્ડના રાજા ભૂમિબોલના જન્મદિવસની ઉજવણીમાં સહભાગી થવા ઍન્ડ્રયુ બૅન્ગકૉક ગયા હતા. દૂતાવાસ દ્વારા પૂરાં પાડવામાં આવેલી નિવાસ વ્યવસ્થાને બદલે તેમણે પોતાનો ઉતારો એક ફાઈવ સ્ટાર હૉટેલમાં રાખ્યો હતો. આમ તો આ રાજદ્વારી મુલાકાત હતી, પણ હૉટેલના સ્વીટમાં ચાર દિવસમાં તેમણે ચાળીસ જેટલી વેશ્યાઓને બોલાવી હોવાનો ઉલ્લેખ રાજવી ચરિત્રલેખક ઍન્ડ્રયુ લૉનીએ પોતાના નવા પુસ્તક ઍન્ટાઈટલ્ડ: ધ રાઈઝ ઍન્ડ ફૉલ ઑફ ધ હાઉસ ઑફ યૉર્કમાં કર્યો છે. આ પ્રવાસ-મુલાકાતનો ખર્ચ યુકેના કરદાતાઓ પર હતો છતાં તેમણે મનાવેલી રંગરેલીઓને કારણે લોકોમાં અસંતોષ જન્મ્યો હતો. ઍન્ડ્રયુએ એ વખતે આ આક્ષેપનું ખંડન કર્યું નહોતું.

અબ તેરા ક્યા હોગા, ઍન્ડ્રયુ?

૨૦૦૩થી ઍન્ડ્રયુ લંડનની પશ્ચિમે સ્થિત વિન્ડસર ગ્રેટ પાર્કમાં ૩૦ ઓરડાના મૅન્શનમાં રહે છે અને રાણીમાએ ૨૦૭૮ સુધી એટલે કે પંચોતેર વર્ષની લીઝ લખી આ રૉયલ લૉજમાં પોતાનાં ચાર સંતાનોમાંના ત્રીજાને રહેવાની સગવડ કરી આપી હતી. જોકે, બકિંઘામ પૅલેસે જણાવ્યું છે કે, ઍન્ડ્રયુને રૉયલ લૉજ ખાલી કરવાની નોટિસ આપવામાં આવી છે. હવે, રાજાની ખાનગી મિલકતમાંથી એક ઘર તેને અપાશે એવી શક્યતા છે. રાજા ચાર્લ્સની ૧૫૦થી વધુ પ્રોપર્ટીઝ છે, એમાંથી નોરફૉકમાંની સાન્ડ્રિઘમ એસ્ટેટમાં ઍન્ડ્રયુને ઘર આપવામાં આવશે, એવા અહેવાલ છે. આ એ જગ્યા છે, જ્યાં રાજવી પરિવાર ક્રિસમસની ઉજવણી કરે છે. જોકે, રાજવી પરિવારની ઉજવણીઓમાં તેમનું સ્વાગત નહીં હોય.

ઍન્ડ્રયુની આવકનું શું? વેલ, તેને આવક તો થશે, પણ કેટલી એ વિશે કશું જ સ્પષ્ટ નથી. ૨૦૧૯માં ઍન્ડ્રયુ સાર્વજનિક સેવાઓમાંથી ખસી ગયો એ પછી રાણી તરફથી તેને વર્ષેદહાડે આશરે એક મિલિયન પાઉન્ડ (લગભગ ૧.૩ મિલિયન ડૉલર) ભથ્થાં પેટે આપતા. પ્રસાર માધ્યમોના અહેવાલ અનુસાર, ચાર્લ્સ રાજા બન્યા એ પછી પણ આ ભથ્થું ચાલુ હતું, પણ કહેવાય છે કે, રાજાએ હવે આ ભથ્થું બંધ કરી દીધું છે. જોકે, પ્રિન્સનું ટાઈટલ ખેંચી લેવાયું હોવા છતાં મોટા ભાઈ-રાજા પાસેથી તેને કંઈક તો મળશે જ. જોકે, તેની આવક તથા નાણાં વિશે હંમેશાં રહસ્ય રહ્યું છે. તેણે જાહેર કર્યો હોય એવો આવકનો એકમાત્ર સ્રોત એટલે ૧૯૭૯થી ૨૦૦૧ દરમિયાન રૉયલ નૅવીમાં નોકરી બાદ પૅન્શન પેટે તેને દર વર્ષે વીસ હજાર પાઉન્ડ મળે છે.

ઍન્ડ્રયુ અને પત્ની સારાહ ફર્ગ્યુસને ૧૯૯૬માં છૂટાછેડા લીધા હતા પણ એ પછી ૨૦૦૮થી વિન્ડસર ખાતે રૉયલ લૉજમાં આ બન્ને સાથે રહે છે. જોકે, હવે સારાહને પણ આ ઘર છોડવું પડશે અને જાણવા મળે છે કે, તે પોતાના રહેવાની વ્યવસ્થા જાતે કરવાની છે. આ દંપતિની દીકરીઓ ૩૭ વર્ષની પ્રિન્સેસ બીટરાઈસ અને ૩૫ વર્ષની પ્રિન્સેસ યુજીન ડૉટર્સ ઑફ અ સોવરીનનું પોતાનું ટાઈટલ જાળવી રાખશે. બીટરાઈસ પતિ સાથે લંડનથી ૧૦૦ માઈલ દૂર કોટ્સવોલ્ડમાં રહે છે, પણ પાટનગરમાં સેન્ટ જેમ્સ પેલેસમાં તેમનો એક અપાર્ટમેન્ટ છે, તો યુજીન પતિ સાથે કેનિંગ્સ્ટન પેલેસ ખાતે એક કૉટેજમાં રહે છે. જોકે, તેઓ આ રહેઠાણો જાળવી રાખશે.

બ્રિટનની સંસદના વિરોધ પક્ષ લિબરલ ડેમોક્રેટ્સ છેલ્લા થોડા સમયથી એક માગણી કરી રહ્યા છે કે, ઍન્ડ્રયુ સંસદીય સમિતીને તેની આર્થિક સ્થિતિ તથા રૉયલ લૉજમાં રહેવા માટે તેઓ ભાડું કેવી રીતે ચૂકવશે એના પુરાવા આપે. જોકે, અત્યાર સુધી તો વડા પ્રધાન કેઈર સ્ટાર્મરની સરકારે સંસદના સભ્યોને આ મુદ્દે સંસદમાં ચર્ચા માટે સમય ફાળવ્યો નથી. જોકે, કરદાતાઓના નાણાં કેવી રીતે અને કોની પાછળ ખર્ચાય છે, એ મુદ્દે બ્રિટનમાં જુવાળ ઊભો થયો છે અને આથી સરકાર પર દબાણ વધી રહ્યું છે. આ સાથે જ, રાજાશાહી ખતમ કરવાની માગણી કરી રહેલા જૂથો ઍન્ડ્રયુ સામે ખાનગી ખટલો ચલાવવાની માગ કરી રહ્યા છે. હાલમાં જ પ્રકાશિત થયેલા એક પૉલમાં બ્રિટનના નાગરિકોમાં ઍન્ડ્રયુની લોકપ્રિયતા સાવ તળિયે છે. યુગવના આ પૉલમાં ૯૧ ટકા લોકો તેના માટે નકારાત્મક અભિપ્રાય ધરાવે છે અને સકારાત્મક પ્રતિભાવ માંડ ચારેક ટકા જ હતા. આનાથી વિપરિત પ્રિન્સ વિલિયમ અને કિંગ ચાર્લ્સની લોકપ્રિયતા અનુક્રમે ૭૬ અને ૬૨ ટકા છે. તો રાજાશાહી માટે ૬૫ ટકા નાગરિકોનો અભિપ્રાય સકારાત્મક છે. ઍન્ડ્રયુ જાહેર જીવનમાં આવવાનું બંધ કર્યું એ પછી મિલિટરી ટાઈટલ ખૂંચવી લેવાયા, એ પછી તેને મળતો આર્થિક આધાર બંધ કરાયો અને હવે ટાઈટલ્સ લઈ લેવાયા અને મહેલમાંથી પણ હાંકી કાઢવામાં આવશે, છતાં બ્રિટિશ નાગરિકોમાં તેના વિરુદ્ધ ગુસ્સો છે, કેમ કે તેમનું માનવું છે કે, ઍન્ડ્રયુએ કરેલા કથિત ગુનાઓની સામે તેને મળેલી સજા પૂરતી કે યોગ્ય નથી.

## પ્રેમ, છૂટાછેડા અને યુદ્ધ : ટાઈટલ લૉસનાં કારણ

ઍન્ડ્રયુના રૉયલ ટાઈટલ ખૂંચવી લેવાયા છે અને ભૂતકાળમાં પણ રાજવી પરિવારના સભ્યો સાથે આવું થયું છે. તો કેટલાકે આ રાજવી માન-અકરામ સામે ચાલી ને છોડ્યાના કિસ્સા પણ છે. ૨૦૨૦માં જ કિંગ ચાર્લ્સના નાના પુત્ર હૅરી અને પુત્રવધૂ મૅગને રાજવી પરિવારના વર્કિંગ મૅમ્બરના પદ પરથી દૂર થયા બાદ હિઝ કે હર રૉયલ હાઈનેસ (એચઆરએચ) ટાઈટલનો ઉપયોગ નહીં કરે. જોકે, જન્મસિદ્ધ અધિકારને કારણે હૅરી પ્રિન્સ પણ રહેશે અને રાજગાદી પર આવવાનો તેનો ક્રમ પણ જળવાઈ રહ્યો છે.

તો એ પહેલા પ્રિન્સેસ ડાયનાએ પ્રિન્સ ચાર્લ્સથી છૂટાછેડા લીધા હોવાથી ૧૯૯૬માં પ્રિન્સેસનું ટાઈટલ ખૂંચવાઈ ગયું હતું. તો, સામે ચાલીને રાજાનું પદ છોડ્યું હોય એવો કિસ્સો કિંગ ઍડવર્ડ આઠમાનો છે. બે વારની ડિવોર્સી વાલિસ સિમ્પ્સન નામની મહિલાના પ્રેમમાં પડેલા રાજાએ તેની સાથે લગ્ન કરવા રાજગાદી છોડવાનું મુનાસિબ માન્યું. આના કારણે દેશમાં બંધારણીય કટોકટી સર્જાઈ હતી. રાજપદ છોડ્યા બાદ તેઓ ડ્યુક ઑફ વિન્ડસર તરીકે ઓળખાતા જોકે તેમને આખી જિંદગી એચઆરએચ તરીકે સંબોધવામાં આવ્યા હતા.૧૯૧૯માં પ્રિન્સેસ પેટ્રિશિયા ઑફ કૉનોટ પણ રાજવી વંશની ન હોય એવી વ્યક્તિને પરણવા માટે પોતાના ટાઈટલ્સ જતા કર્યા હતા. સર એલેક્ઝાન્ડર રામસેને પરણ્યા બાદ પણ રાણી વિક્ટોરિયાની આ પૌત્રીનો રાજગાદી પરના હકદાવાની યાદીમાં સ્થાન હતું.

૧૯૧૭માં ક્વીન વિક્ટોરિયાના પૌત્ર પ્રિન્સ ચાર્લ્સ ઍડવર્ડ્સનું ડ્યુક ઑફ આલ્બની એવું ટાઈટલ પાછું ખેંચી લેવાયું હતું કેમ કે પહેલા વિશ્વયુદ્ધમાં તેમણે જર્મની વતી લડવાનો નિર્ણય લીધો હતો.

## આપ રાજા/ રાની બનને કી કતાર મેં હૈ....

રાણી એલિઝાબેથ બીજાં પછી ગાદી પર આવેલા કિંગ ચાર્લ્સ ત્રીજા પછી ગાદી પર આવવા માટે આઠમા ક્રમે આવતા ઍન્ડ્રયુનો આ અધિકાર યથાવત રહેશે. કિંગ ચાર્લ્સ પછી તેમના મોટા પુત્ર પ્રિન્સ વિલિયમ, એ પછી બીજા અને ત્રીજા ક્રમે તેમના પુત્ર અને પુત્રી અનુક્રમે પ્રિન્સ જ્યૉર્જ ઍલેક્ઝાન્ડર લુઈસ અને પ્રિન્સેસ શાર્લોટ એલિઝાબેથ ડાયના, ચોથા ક્રમે વિલિયમનો ત્રીજો પુત્ર લુઈસ આર્થર ચાર્લ્સ છે. પાંચમા ક્રમે રાજા ચાર્લ્સનો બીજો પુત્ર પ્રિન્સ હેરી તથા છઠ્ઠા અને સાતમા ક્રમે હેરીનાં બે સંતાનો પ્રિન્સ આર્ચી હેરિસન માઉન્ટબેટન-વિન્ડસર અને પ્રિન્સેસ લિલિબેટ ડાયના માઉન્ટબેટન-વિન્ડસર આવે છે. એ પછી રાજાના ભાઈ ઍન્ડ્રયુનો નંબર આવે છે. રાણી એલિઝાબેથ બીજાં અને પ્રિન્સ ફિલિપનું ત્રીજા સંતાન ઍન્ડ્રયુનો જન્મ રાણી રાજગાદી પર હતા એ દરમિયાન થયો હતો અને ૧૦૩ વર્ષમાં પહેલીવાર એવું થયું કે, રાણીએ પોતાના શાસનકાળ દરમિયાન બાળકને જન્મ આપ્યો હોય. આ યાદીમાં પચીસ સુધીનો ક્રમ નિયત કરાય છે અને ઍન્ડ્રયુ બાદ તેમની દીકરી પ્રિન્સેસ બિટરાઈસ અને એ પછી દૌહિત્રી એથેના માપેલી મોઝ્ઝી રાજગાદી પર આવવા માટે પાત્ર છે.

# પ્રાપ્તિ અને પ્રતિષ્ઠાથી અલિપ્ત પ્રતિભાઓ : મેરી અને પિયરી ક્યુરી

'ક શાથી ડરવાની જરૂર હોતી નથી. જરૂર હોય છે સમજી લેવાની. જેમ વધુ સમજો, તેમ ડર ઓછો.' આ ઉક્તિ છે મેરી સ્કૉદોવ્સ્કા ક્યુરીની. આપણે તેને મેરી ક્યુરી તરીકે ઓળખીએ છીએ, પણ તેનું નામ દુનિયાભરના મ્યુઝિયમોમાં અને પુસ્તકોમાં આ રીતે લખાય છે. તેણે કરેલી શોધ રેડિયોએક્ટિવિટીમાં પાયાની ગણાય છે. મેરી ક્યુરી નોબેલ ઈનામ જીતનારી પ્રથમ મહિલા અને વિજ્ઞાનનાં બે ક્ષેત્રોમાં નોબેલ મેળવનાર પ્રથમ વ્યક્તિ હતી.

રિફ્લેક્શન


સોનલ પરીખ

મેરી અને પિયરી ક્યુરી નોબેલ મેળવનાર પ્રથમ દંપતી હતાં. આજની કૉલમ મેરી અને પિયરી ક્યુરીને એક અદ્ભુત અનોખા પ્રતિભાશાળી દંપતીને સમર્પિત કરું છું. ક્યુરી પરિવારે પાંચ નોબેલ મેળવ્યાં છે. યુનિવર્સિટી ઑફ પૅરિસમાં પ્રોફેસર બનનાર મેરી પ્રથમ મહિલા હતી. પોતાના ક્ષેત્રને તે એટલી સમર્પિત હતી કે તેને રેડિએશનથી થતો હાડકાંનો રોગ લાગુ પડ્યો હતો. આ મેરી સ્કૉદોવ્સ્કાનો જન્મ યુરોપના નાના-શા દેશ પૉલેન્ડની રાજધાની વૉર્સોમાં ૧૮૬૭ની ૭મી નવેમ્બરે થયો ત્યારે નેપોલિયન યુદ્ધો પૂરાં થઈ ગયાં હતાં અને પૉલેન્ડ રશિયા-પ્રુશિયાની ભીંસમાંથી માર્ગ શોધી રહ્યું હતું.

૧૮૯૧માં મેરી ફ્રાંસ આવી અને પેરિસની સોર્બોર્ન યુનિવર્સિટીમાં જોડાઈ. તેને અહીં લાવનાર હતા પૉલેન્ડના ફિઝિસિસ્ટ અને પ્રોફેસર કાઉન્ટ જૉસેફ કૉવાલ્સ્કી. તેમણે જ મેરીની ઓળખાણ પિયરી ક્યુરી સાથે કરાવી હતી, પણ ત્યારે એમને કલ્પના નહીં હોય કે આ દંપતી વિજ્ઞાનના ક્ષેત્રે ચમત્કાર કરવાનું છે. પિયરીએ મેરીને પોતાની વિદ્યાર્થિની તરીકે લૅબોરેટરીમાં લઈ લીધી. તરત તેને મેરીની પ્રતિભાનો ખ્યાલ આવી ગયો અને તે પિયરીની વિદ્યાર્થિની મટી સંશોધન-સાથી બની.

પિયરી સાથેની પહેલી મુલાકાતનું વર્ણન કરતાં મેરીએ લખ્યું છે, 'હું પ્રવેશી ત્યારે પિયરી ક્યુરી બાલ્કનીમાં ખૂલતી ફ્રેન્ચ વિન્ડોમાંથી બહાર જોતો આરામથી ઊભો હતો. ત્યારે એ ૩૫ વર્ષનો હતો, પણ દેખાવે ઘણો યુવાન લાગ્યો. તેના ચહેરા પર અને વર્તણૂકમાં આવકાર, ખુલ્લાપણું અને અલિપ્તતાનું ગમી જાય એવું સંયોજન હતું. તેની વિચારપૂર્વક ધીરે ધીરે બોલવાની શૈલી, તેની સાદગી, તેનું સ્વચ્છ સ્મિત, તેનામાં એકસાથે દેખાતી ગંભીરતા અને તાજગી આકર્ષક હતા. તેનો આત્મવિશ્વાસ, અન્યમાં પણ આત્મવિશ્વાસ જગાડી શકે એવો સમર્થ હતો.' પિયરી ક્યુરી ફ્રેન્ચમૅન હતો. તેના પિતા ડૉક્ટર હતા. પિયરી એમની પાસે જ તૈયાર થયો. કિશોરાવસ્થામાં જ તે ગણિત અને ભૂમિતિનો સ્કૉલર ગણાવા માંડ્યો હતો. સોળમા વર્ષે તે ગણિતમાં બીએસસી થયો અને ૧૮મા વર્ષે માસ્ટર. પછીનાં વર્ષોમાં ઝડપથી તેણે વિજ્ઞાન અને સંશોધનનાં ક્ષેત્રે નામ કાઢ્યું હતું.

દોસ્તી થતાં વાર ન લાગી. એક વર્ષ પછી પિયરીએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, 'આપણે બન્ને સ્વપ્નસેવી, કહો કે સ્વપ્નસંમોહિત વ્યક્તિઓ છીએ. આપણે સાથી બનીએ, સાથે જીવીએ અને તેં તારા દેશ માટે જે જોયું છે, આપણે આખી માનવજાત માટે તેમ જ સંશોધન માટે જે સેવ્યું છે તે સ્વપ્નને સાકાર કરીએ તો કેવું?' મેરી તો પણ ખચકાતી હતી, લગ્ન અને વિજ્ઞાનનો મેળ પડશે ખરો? પિયરીએ વિશ્વાસ આપ્યો, આપણે સાથે મળીને વિજ્ઞાનની સેવા કરીશું.' મેરીને પોતાના દેશમાં જઈ કામ કરવું હતું, પણ ત્યાંની યુનિવર્સિટીઓએ તેને કામ આપવાની ના પાડી. કારણ કે તે સ્ત્રી હતી. પિયરીએ તેને પેરિસ આવી જવા મનાવી લીધી.



**મેરી અને પિયરી ક્યુરી બંને મહાન વિજ્ઞાનીઓ પ્રામાણિક, સાદા અને માનવતાથી ભરપૂર હતાં. કહેતાં, 'વ્યક્તિઓને બહેતર બનાવ્યા વિના બહેતર વિશ્વ કદી ન સર્જી શકાય. એટલે દરેકે પોતાના માટે અને પૂરી માનવતા માટે સહિયારી જવાબદારી ઉઠાવવાની છે.' આઈન્સ્ટાઈન એમને 'પ્રતિષ્ઠાથી અલિપ્ત દુર્લભ વ્યક્તિઓ' તરીકે ઓળખાવતા**

૧૮૯૫ની ૨૬મી જુલાઈએ બન્ને પરણી ગયાં. ભારતમાં આ વખતે અંગ્રેજોનું રાજ્ય હતું. ૧૮૫૭ના વિદ્રોહને ત્રણ દાયકા થવા આવ્યા હતા. ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસની સ્થાપનાને દસ વર્ષ થયાં હતાં. દક્ષિણ આફ્રિકામાં મહાત્મા ગાંધીના સત્યાગ્રહની ભૂમિ તૈયાર થતી આવતી હતી.

પિયરી મેરી કરતાં બાર વર્ષ મોટો હતો. લગ્નમાં મેરીએ નવવધૂના પોષાકને બદલે લૅબોરેટરીમાં પહેરતી એવો જ ઘેરા ભૂરા રંગનો પોષાક પહેર્યો, 'પિયરી, તને વાંધો ન હોય તો હું આ પહેરું. આ પોષાક રોજ વપરાશે. બ્રાઈડલ ગાઉન તો કબાટમાં પડ્યો જ રહેશે.' હનીમૂન માટે આ અનોખાં પતિ-પત્ની સાઈકલ લઈને ફ્રાન્સના કુદરતી સૌંદર્યથી ભરપૂર ગ્રામવિસ્તારમાં ઘૂમ્યાં. એમનું લગ્નજીવન પ્રેમ અને ઉષ્માથી ધબકતું હતું. ક્યુરી દંપતીને બે પુત્રીઓ થઈ, ઈરિના અને ઈવ.

મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં એમનું ઐતિહાસિક અખબાર 'ઇન્ડિયન ઑપિનિયન' શરૂ કર્યું એ જ વર્ષે એટલે કે ૧૯૦૩માં આ યુગલે ફ્રેંચ વિજ્ઞાની એન્ટોની હેનરી બેક્વેરલ સાથે રેડિયેશનના સંશોધન માટે ફિઝિક્સનું નોબેલ ઈનામ જીત્યું. પહેલા નોમિનેશનમાં મેરીનું નામ ન હતું. પિયરીએ આ સંશોધનમાં મેરીના પ્રદાન તરફ ધ્યાન દોર્યું ત્યારે તેનું નામ ઉમેરાયું અને તે નોબેલ મેળવનારી પ્રથમ મહિલા બની. ૧૯૦૩-૧૯૦૪માં આ દંપતીને બહુ પ્રતિષ્ઠિત એવાં ઈટાલિયન અને બ્રિટિશ ઈનામો પણ મળ્યાં.

આ મહાન ઘટનાનાં ત્રણ જ વર્ષ બાદ પિયરી પરિવાર એક મોટી દુર્ઘટનાનો ભોગ બન્યો. એક વરસાદી દિવસે પિયરી રસ્તો ઓળંગતો હતો ત્યાં લપસી પડ્યો અને ઘોડા જોડેલું એક ભારે વાહન પસાર થઈ રહ્યું હતું, તેનું જબ્બર પૈડું તેના માથા પરથી ફરી ગયું. માત્ર ૪૬ વર્ષની ઉંમરે એ મૃત્યુ પામ્યો ત્યારે મેરી માત્ર ૩૪ વર્ષની હતી. એ ભાંગી પડી, પણ પિયરીના વિજ્ઞાન-સમર્પણને યાદ કરીને તે ફરી સંકલ્પબદ્ધ થઈ. એ જ વર્ષે તે સોર્બોર્ન યુનિવર્સિટીમાં જોડાઈ, પતિની સ્મૃતિમાં એક વિશ્વકક્ષાની પ્રયોગશાળાનું નિર્માણ કર્યું અને યુનિવર્સિટીની પહેલી મહિલા પ્રોફેસર બની.

મેરીએ રેડિયમ અને પોલોનિયમ આ બે તત્ત્વો શોધ્યાં અને કેન્સર-સંશોધનમાં મોટું પ્રદાન આપ્યું. ઘાતક રોગો સામે ઝઝૂમતા લોકોને મદદ કરવા તેણે ચૅરિટી મિશન શરૂ કર્યું હતું. મેરી અને પિયરીની દીકરી ઈરિના અને જમાઈ ફ્રેડરિક જોલિઓટ બન્ને રેડિયોએક્ટિવિટીના ઊંડા અભ્યાસી હતાં. બન્નેએ એક એક નોબેલ ઈનામ મેળવ્યું હતું. બીજી દીકરી ઈવે મેરીની જીવનકથા લખી હતી. તેના પતિ યુનિસેફમાં હતા અને તેમને પણ નોબેલ શાંતિ ઈનામ મળ્યું હતું. એમની દીકરી હેલન યુનિવર્સિટી ઑફ પેરિસમાં ન્યુક્લિયર ફિઝિક્સની પ્રોફેસર હતી. હેલનના પુત્રનું નામ પિયરી ક્યુરી રાખવામાં આવેલું અને તેણે બાયોકેમિસ્ટ્રીમાં કારકિર્દી બનાવી હતી.

મેરી પોતાની પૉલિશ ઓળખ કદી નહોતી ભૂલી. તે સમયાંતરે પતિ સાથે પૉલેન્ડ જતી પણ ખરી. બન્ને દીકરીઓને તેણે પૉલિશ ભાષા શીખવી હતી અને પોતે જે પહેલું શોધ્યું તે રાસાયણિક તત્ત્વને પોતાના દેશ પરથી 'પૉલેનિયમ' નામ આપ્યું હતું. ૧૯૧૧માં તેને કેમિસ્ટ્રીમાં નોબેલ મળ્યું. તેના શતાબ્દી વર્ષે યુરોપ અને અમેરિકાએ 'મેરી ક્યુરી યર' ઊજવેલું.

મેરી અને પિયરી ક્યુરીના જીવન પર ચાર જીવનકથા લખાઈ છે ઉપરાંત ફિલ્મો, નાટકો પણ બન્યાં છે. ૨૦૨૦ના આંકડા પ્રમાણે કુલ ૮૬૬ નોબેલ વિજેતાઓમાંથી ૫૩ મહિલાઓ છે. તેમાંની ૧૬ સાહિત્યમાં, ૪ ફિઝિક્સમાં અને ૪ કેમિસ્ટ્રીમાં નોબેલ વિજેતા બની છે. ભારતની કોઈ મહિલાએ નોબેલ મેળવ્યું નથી. એકમાત્ર મધર ટેરેસા છે, જેની ઓળખ નોબેલ સૂચિમાં ઇન્ડિયન-યુગોસ્લૉવિયન એવી અપાઈ છે.

પિયરી ક્યુરી કહેતા, 'હું એવા લોકોમાં છું જેમને વિશ્વાસ છે કે માણસજાત નવી શોધોમાંથી વિનાશકારી નહીં, પણ હિતકારી એવું પ્રાપ્ત કરતાં શીખશે.' બંને પ્રામાણિક, સાદા અને માનવતાથી ભરપૂર હતાં. લગભગ તમામ કમાણી વિજ્ઞાન સંસ્થાઓને આપી દેતાં. આઈન્સ્ટાઈન એમને 'પ્રતિષ્ઠાથી અલિપ્ત દુર્લભ વ્યક્તિઓ' તરીકે ઓળખાવતા. મેરી ક્યુરી કહેતાં, 'વ્યક્તિઓને બહેતર બનાવ્યા વિના બહેતર વિશ્વ કદી ન સર્જી શકાય. એટલે દરેકે સૌ પહેલા તો પોતાને બહેતર બનાવવાની દિશામાં કામ કરવાનું છે અને સાથે પૂરી માનવતા માટે સહિયારી જવાબદારી ઉઠાવવાની છે.'

આ દિશામાં એકાદ પગલું તો આપણે સૌ ઉઠાવી શકીએ. શું કહો છો?

## કન્સલ્ટિંગ રૂમ

# પૉઝ અને પૉશ્ચર (અંગસ્થિતિ)

(ભાગ-૨)



વ્યક્તિની ઊઠવા-બેસવાની, સૂવાની, ઊભા રહેવાની કુદરતી યા વિકસાવેલી સ્ટાઇલ/ અદા પોશ્ચર ઉપર તેની શારીરિક સ્વસ્થતા, સ્વાસ્થ્ય, નિરોગીપણું અવલંબિત હોય છે.

વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલ મુદ્રા, અદા, છટા કે શારીરિક સ્થિતિનો અભ્યાસ કરી અગર આપણી અદા તેનાથી વિપરીત હોય તો યોગ્ય મુદ્રા/ અદાની આદત કેળવવી લાભદાયક થશે. આવી અદા કેળવવાથી સમય જતાં તે વ્યક્તિની કુદરતી અદા બની જતી હોય છે પરંતુ તેને માટે સભાન રહી આદત કેળવવી જોઇએ જેને માટે પણ સંયમ, શિસ્ત, પરિશ્રમ આવશ્યક રહે છે. ઑર્થોપેડિક સર્જ્યન ડૉક્ટર કશ્યપ સોલંકીની ક્લિનિકમાં જાઓ તો તેઓ પોતાની ખુરસીમાં પણ ટટ્ટાર જ બેસેલા જોવા મળશે. તેઓ ઊભા થઈને ચાલશે તો પણ એકદમ સીધા, ટટ્ટાર, બન્ને ખભા થોડા પાછળ અને છાતી થોડી આગળ જોવા મળશે. હકીકતમાં આવાં પોશ્ચર અનેક શારીરિક બીમારીઓને દૂર રાખે છે. વળી આવાં પોશ્ચર અલગ જ પ્રકારનો આત્મવિશ્વાસ, કોઈપણ કાર્ય કરવાની તત્પરતા તેમ જ પોઝિટિવિટી દાખવે છે. આવી 'બૉડી લેન્ગવેજ' સકારાત્મક વ્યક્તિની છબિ ઊભી કરે છે જે સૌને ગમે તેવી હોય છે.



બકુલેશ આર. ઠક્કર
૯૩૨૨૨૨૮૫૬૫

વળી સીધા, ટટ્ટાર ચાલતી વખતે નજર/ આંખો ઝુકાવેલી નહીં પરંતુ સામે જોતી હોય છે.

લખતી વખતે પણ ટટ્ટાર જ બેસીને, પગના પંજા ફ્લોર ઉપર ફ્લેટ હોય છે અને ગોઠણ ૯૦ ડિગ્રી એન્ગલ પર હોય છે. બન્ને હાથ તેમના ટેબલ ઉપર આરામથી ટેકવેલા હોય છે જે કોણીથી લગભગ ૯૦ ડિગ્રી એન્ગલ પર જોવા મળશે. ખભા એકદમ જ આરામદાયક અને પીઠ ખુરસીની 'બેક' સાથે ટેકવેલી. જમણા હાથે લખવાનું કાર્ય ચાલે ત્યારે ડાબો હાથ પેપર-વેઇટ જેવું કામ કરતો હોય છે અને કાગળ થોડો આડો જોવા મળશે.

ખુરસી ટેબલની નજીક જ રાખી હોય છે જેથી નમવું ન પડે આથી ગરદન તેમ જ પીઠ પર તાણ ન આવે.

ડૉ. સોલંકી જણાવે છે કે વધુ પડતું બેસી રહેવું, કૉમ્પ્યુટર પર અટક્યા વિના કામ કર્યા કરવું, કોઇક વખત મુસીબત - કામ કરતાં જ અટકાવી શકે છે, શારીરિક/ હાડકાંની બીમારીઓ આવી બેસે છે. આથી સમય સમય પર ઊઠી જવું, થોડું ચાલી લેવું.

ટટ્ટાર બેસવાથી કરોડરજ્જુ પોતાના કુદરતી આકારમાં રહી શકે છે. ઉપરાંત ખાસ ડિઝાઇન કરેલી ખુરસીઓની 'બેક'ને કરોડરજ્જુના કુદરતી આકાર (અંગ્રેજી અક્ષર એસને મળતો આવતો)ને ઉપરથી નીચે સુધી જરૂર પડ્યે સહારો આપે તેવો બનાવેલો હોય છે અને આવી ખુરસીઓને 'એર્ગોનોમિક' ખુરસી કહેવાય છે.

કૉમ્પ્યુટર વાપરનારાએ તેનું મોનિટર બાવડાંની લંબાઈ જેટલું જ દૂર રાખવું અને તેની સ્ક્રીન આંખના લેવલે અથવા થોડી નીચે રાખી શકાય, 'કી બોર્ડ' અને 'માઉસ' એવા અંતરે રાખવા કે વાપરતી વખતે હાથ લંબાવવા ન પડે.

ડૉ. કશ્યપ સોલંકી જણાવે છે કે મોબાઇલ ફોન વાપરવામાં ધ્યાન રાખવું બહુ જ આવશ્યક છે. આવો ફોન વાપરતી વખતે ટટ્ટાર બેસવું. હાથને ટેબલ પર રાખી કોણી વાળી કાન પાસે ફોન લઈ જવો. અગર ફોનમાં વાંચવું હોય તો કાનની બદલે તે જ રીતે આંખના લેવલ સુધી લઈ જવો. ખભાને આરામ કરવા દઈ ગરદન વાંકી વાળ્યા વિના 'આઈ-લેવલ'ની આસપાસ ફોન લઈ જઈ વાંચવું. આથી ડોક તેમ જ ખભાને વધુ સ્ટ્રેઇન ન પડે. વચ્ચે વચ્ચે બ્રેક લઈ ડોક તેમ જ ખભાનું થોડું હલન-ચલન કરી લેવું, પીઠને ફોન વાપરતી વખતે વાંકી વાળવી નહીં. બને તો ફોનને બન્ને હાથે પકડી વાપરવો. આનાથી વધુ આરામથી ફોન વપરાશે. ફોનને આંખના લેવલ સુધી લઈ જવાનું સહેલું બનશે.

આજકાલ મોબાઇલ ફોનનો વપરાશ વધી ગયો છે અને પોશ્ચરનું ધ્યાન ન રાખવાથી ડોકની, પીઠ વાંકી વળી જવાની (સ્લાઉચિંગ) તેમ જ ખભા આગળ આવી જવાની બીમારીઓ થવા લાગી છે જેનો ખરો ઉપાય છે યોગ્ય પોશ્ચર, વચ્ચે-વચ્ચે બ્રેક લેવો, સાદી સીધી કસરત કરી લેવી. સિનિયર સિટિઝન્સ, મહિલા મંડળો, સામાજિક સંસ્થાઓ વગેરેના ગ્રુપ્સ માર્ગદર્શન માટે સંપર્ક નં. ૯૯૩૦૮૨૮૭૩૮.

bakulesh.t@janmabhoominewspapers.com

# વય વધતાં ચામડીમાં થતા ફેરફારો

ચામડી આપણા જીવનની કહાની કહે છે. ઉંમર વધતાં તે સ્વાભાવિક રીતે બદલાય છે - ચામડી પાતળી, સૂકી અને ઓછી લવચીક બનતી જાય છે. આ સ્વાભાવિક પ્રક્રિયા છે, પરંતુ તેને સમજીને આપણે ચામડીનું વધુ સારું ધ્યાન રાખી શકીએ અને સ્વસ્થ રીતે વૃદ્ધ થવાની પ્રક્રિયાને સ્વીકારી શકીએ છીએ.

**ચામડીનું પાતળું અને શુષ્ક થવું :** ઉંમર વધતાં ચામડીનું ઉપરનું સ્તર (એપિડર્મિસ) ધીમે ધીમે પાતળું થવા લાગે છે. તેલ બનાવતી ગ્રંથિઓ ઓછું તેલ ઉત્પન્ન કરે છે, જેના કારણે ચામડી સૂકી લાગે છે. દરરોજ મોઈશ્ચરાઇઝર લગાવવાથી ચામડી મુલાયમ રહે છે.

**કરચલીઓ અને ઢીલાશ :** ૩૦ વર્ષની ઉંમર પછી કોલાજન અને ઇલાસ્ટિન નામના પ્રોટીન ઘટવા લાગે છે, જે ચામડીને કસાવ અને મજબૂતી આપે છે. પરિણામે આંખો, હોઠ અને ગળા આસપાસ કરચલીઓ અને ઢીલાશ દેખાય છે. સૂર્યપ્રકાશ આ પ્રક્રિયાને ઝડપી બનાવે છે, એટલે રોજ સનસ્ક્રીન લગાવવું ખૂબ જ જરૂરી છે.



સ્કીન સ્પેશિયલ
ડૉ. હરેશ ટિમ્બાડિયા
એમડી (ત્વચા)
ફોનઃ ૮૮૫૦૧૯૯૪૪૨
drtimbadia@gmail.com

**ડાઘ અને એજ સ્પોટ્સ :** ઘણા લોકોને ઉંમર વધતાં ચહેરા, હાથ અને ખભા પર કાળા અથવા તપખીર રંગના નાના ડાઘ દેખાય છે. તેને 'એજ સ્પોટ્સ' કહેવામાં આવે છે. તે સામાન્ય રીતે નિર્દોષ હોય છે, પરંતુ જો કોઈ ડાગનો રંગ કે આકાર બદલાય, તો ચામડીના નિષ્ણાતને બતાવવું જોઈએ.

**ઘા ભરાતાં સમય લાગે :** ઉંમર વધતાં ઘા કે કાપા ધીમા ભરાય છે. લોહીની નસો પણ નાજુક બની જાય છે, જેના કારણે સહેલાઈથી ભૂરા ચાઠાં પડી શકે છે. ચામડીને સ્નિગ્ધ રાખવી અને યોગ્ય કપડાં પહેરવાથી નુકસાન ઓછું થાય છે.

**કાળજી કેવી રીતે રાખવી :** હળવા સાબુ અને પાણીનો ઉપયોગ કરવો. દિવસમાં બે વાર મોઈશ્ચરાઇઝર લગાવવું. વિટામિન અને એન્ટિઑક્સિડન્ટથી ભરપૂર આહાર લેવો. ધૂમ્રપાન અને આલ્કોહોલથી દૂર રહેવું.

ઉંમર વધવી કુદરતી અને સુંદર પ્રક્રિયા છે. હેલ્ધી ચામડીનો અર્થ યુવાન દેખાવ નહીં, પરંતુ આત્મવિશ્વાસ અને આરામ છે. દરરોજની કાળજી, સનસ્ક્રીન અને યોગ્ય આહાર દ્વારા ચામડીને તેજસ્વી અને તંદુરસ્ત રાખી શકાય છે.

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય

(ભાગ-૨)

માનસિક બીમારીઓમાં મગજમાં આવેલા અવયવોમાં ફેરફારો થાય છે.

આપણે જાણ્યું કે નેશનલ મેન્ટલ હેલ્થ સર્વે (ભારત)ના સર્વેક્ષણ મુજબ ભારતમાં ૧૪ ટકા લોકો માનસિક બીમારીથી પીડાય છે એટલે કે સામાન્ય વસ્તીમાં દર સાત વ્યક્તિએ એક માનસિક બીમાર છે.

છેલ્લા પાંચ દાયકામાં થયેલાં સંશોધનોએ પુરવાર કર્યું છે કે માનસિક બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓ-ન્યુરોનમાં-કદ, રચના, રસાયણો (ન્યુરોટ્રાન્સમીટર્સમાં) નકારાત્મક ફેરફારો થાય છે જેને લીધે આ અવયવોનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે. આની અસર મનનાં કાર્યો જેવા કે વિચારો, વર્તણૂક, લાગણી, કાર્યો, એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ વગેરે પર નકારાત્મક થાય છે જે લક્ષણો તરીકે દરદીમાં દેખાય છે.

'વ્યક્તિ વિચારો કર્યા કરે છે. કેટલું સમજાવ્યા છતાં પોતાના વિચારો બદલતો નથી, વિચારો છોડતો નથી.'

માનસિક બીમારીનાં લક્ષણોમાં વ્યક્તિને વિચારો આવે છે, વધારે વિચારો આવે છે, નકારાત્મક વિચારો આવે છે. આ વિચારો તથા વિચાર કરવાની શક્તિ પર વ્યક્તિનો કાબૂ રહેતો નથી.

૪૫ વર્ષના ઑફિસર નવીનને છેલ્લા છ મહિનાથી વિચારો આવતા હતા. શરૂઆતમાં સાંજે ઘરે વિચારો આવતા હતા. નવીન વિચારોમાં ખોવાઈ જતો હતો. ધીમે ધીમે ઘરની બીજી વ્યક્તિઓ જોડેની વાતચીત ઓછી થઈ ગઈ હતી.





ડૉ. મણિલાલ ગડા
M.D., D.P.M. સિનિયર મનોચિકિત્સક
drmanilalgada@yahoo.com
ડૉ. દિપ્તી શાહ (ગડા)
M.D. (Gold Medal), D.P.M. મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક diptishah999@yahoo.co.in

નવીનને પત્નીને વિચારો વિશે જણાવ્યું. પત્નીએ સલાહ આપી, 'વિચારો કરવાનું છોડી દો' બધું બરોબર થઈ જશે, પરંતુ વિચારો વધતા ગયા.

પછીથી કામ પર પણ વિચારો આવવા લાગ્યા. આથી કામ પર નકારાત્મક અસર થવા લાગી. કામમાં એકાગ્રતા ઓછી થતાં ભૂલો થવા લાગી. છેલ્લા એકાદ મહિનાથી તો નવીન કામ પર અનિયમિત જતો હતો. 'ભવિષ્ય સારું નથી, બધું ખરાબ થશે. મેં પાપ કર્યું છે, હું પાપી છું, કુટુંબ માટે બોજારૂપ છું, આના કરતા મરી જવું વધારે સારું. મારે લીધે કુટુંબીજનો દુઃખી છે, હું મરી જઈશ તો કુટુંબીજનો છૂટી જશે.' આવા વિચારો વારંવાર આવતા હતા. કામ પર સહકર્મચારીઓએ ખૂબ સમજાવ્યો કે, 'તું વિચારો કરવાનું છોડી દે. કામમાં મન લગાડ એટલે બધું સારું થઈ જશે.'

સગાંવહાલા, કુટુંબીજનો, હિતેચ્છુઓ બધા જ નવીનને સલાહ આપ્યા કરતા હતા. છેવટે 'નવીન કાંઈ સમજતો નથી, અમારું માનતો નથી' એમ કહી છોડી દેતા હતા.

પરંતુ કોઈ પણ સમજતું ન હતું કે, આ વિચારો માનસિક બીમારીનું લક્ષણ છે. સદ્ભાગ્યે હિતેચ્છુએ મનોચિકિત્સકને કન્સલ્ટ કરવાની સલાહ આપી.

લેખકે નવીનની ઊંડાણમાં તપાસ કરી. માનસિક બીમારીનું નિદાન કર્યું. સારવાર શરૂ કરી. સારવારથી થોડા જ સમયમાં ફરક પડવા માંડ્યો. નવીન પૂર્વવત્ કામ પર જવા લાગ્યો. નવીને કાઉન્સેલિંગના એક સેશન્સમાં પત્નીની હાજરીમાં કહ્યું કે, 'વિચારો ન કરવા જોઈએ એ તો મને સમજાતું હતું, પરંતુ વિચારોએ મારા પર કાબૂ મેળવ્યો હતો. હમણાંની જેમ એ તબક્કે મારો કાબૂ વિચારો પર ન હતો. વિચારો પર કાબૂ રાખવાની સલાહ આપવાને બદલે મનોચિકિત્સકને કન્સલ્ટ કરી સારવાર કરવાની જરૂરત હતી.

સંશોધનમાં પુરવાર થયું છે કે માનસિક બીમારીઓમાં મગજમાં આવેલા અવયવોના જ્ઞાનતંતુ-ન્યુરોનમાં ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં વધઘટ થાય છે જેને લીધે મનનાં કાર્યો પર નકારાત્મક અસર થાય છે અને વ્યક્તિને વધારે વિચારો આવે છે, નકારાત્મક વિચારો આવે છે, ઘણી વખત શંકાઓ આવે છે, આ વિચારો પર દરદીનો કાબૂ હોતો નથી એટલે એને સમજાવવાનો કે સલાહ આપવી એ પથ્થર પર પાણી બરોબર છે.

(ક્રમશઃ)

# કસમયે ઊંઘ આવવાનું કારણ શું?

ગયા અઠવાડિયે બોરીવલીથી એક ભાઈનો ફોન આવ્યો. આ ભાઈની ઉંમર સાઠ વર્ષ આસપાસની છે. તકલીફ એ છે કે દિવસ દરમિયાન પણ ખૂબ ઊંઘ આવે છે. આમ તો આપણે સૌ દિવસ દરમિયાન બપોરે ભોજન પછી ઊંઘવા માટે ટેવાયેલા હોય છીએ પણ એમને સમયે કસમયે ઊંઘ આવ્યા કરે છે એવું એમનું કહેવું હતું. રાત્રે તો એ સારી ઊંઘ કરી જ લે તો પણ દિવસે ઊંઘ આવે. ઊંઘ પણ કેવી આવે કે કશું જ ભાન ના રહે અને બેઠાં બેઠાં જ એવી ઊંઘ આવે કે ક્યારેક તો જગ્યા બરાબર ના હોવાથી ભોંય પર પડી પણ જવાય, જેમ કે ખુરશી પર બેઠા હતા અને ઊંઘ આવી જતાં પડી ગયા અને વાગ્યું પણ ખરું.

આવી ઊંઘ ખરેખર એક સમસ્યા કહેવાય. ભોજન પછીની ઊંઘ કે વામકુક્ષીને આયુર્વેદમાં ઈચ્છનીય કહી છે પણ અકારણ અને કસમયે ઊંઘ એક બીમારી છે. અહીં એમના કેસમાં પ્રમાદનો વધારો થયો કહી શકાય. પ્રમાદમાં વધારો થવા પાછળનાં કારણોમાં આદતો, સ્વભાવ અને ભોજન મુખ્યત્વે જવાબદાર હોય છે. આ સિવાય પ્રમાદ વિવિધ પરિબળોને લીધે થઈ શકે છે, જેમ કે પ્રેરકબળનો અભાવ, નિષ્ફળતાનો ડર, હતાશા જેવાં કારણો પણ ખરાં.

આપણી આદતો, સ્વભાવ અને ભોજન આપણી પ્રકૃતિ નક્કી કરે છે. દરેક મનુષ્યને ત્રણ પ્રકારની પ્રકૃતિમાં વહેંચી શકાય. ૧) તામસીક ૨) રાજસીક અને ૩) સાત્ત્વિક. પ્રમાદ એ તામસીક પ્રકૃતિ ધરાવતી વ્યક્તિમાં વધે છે. સારવાર લેવા બાબત પૂછતા તેમણે જણાવ્યું કે, એવું કંઈક બતાવો જે સરળ અને ફ્રી હોય.

દૂર બેઠાં એમને જોઈએ એવી સારવાર સૂચવવાની હતી, આથી મેં એમને પ્રાણમુદ્રાનો સુઝાવ આપ્યો. આખા દિવસમાં અનુકૂળ હોય ત્યારે પ્રાણમુદ્રા ૧૫-૨૦ મિનિટ કરવાનું રાખો. પ્રાણ વધે તો પ્રમાદ ઘટે. થોડા દિવસોની નિયમિત પ્રેક્ટિસ કરવાથી શરીરમાં પ્રાણશક્તિનો વધારો થતાં પ્રમાદ ઘટશે અને ઊંઘ ઓછી થશે. ટચલી આંગળી, અનામિકા આંગળી બન્નેને ભેગા કરી અંગુઠાને સ્પર્શ કરાવો ને જે મુદ્રા થાય એ પ્રાણમુદ્રા છે. પ્રાણમુદ્રાના અનેક ફાયદાઓ છે. થાકીને ઘરે આવ્યા હો ત્યારે થોડો સમય આ મુદ્રા કરવાથી થાક હળવો થશે. આંખોનું તેજ વધે અને આંખોના રોગોમાં ઉપયોગ કરી શકો, માથાના દુખાવામાં પણ રાહત મળે, હૃદયને બળ આપે.



નેચરોપથની ડાયરી
ગિરીશ જોશી
ફોનઃ ૯૮૬૯૨૫૮૩૬૯

આ સિવાય પણ પ્રમાદ દૂર કરવા માટેના બીજા ઉપાય આપું છું. યોગ, ધ્યાન અને પ્રાણાયામ વડે ઊર્જાનું સ્તર વધતા પ્રમાદ દૂર થાય. આ માટે કપાલભાતી અને અનુલોમ વિલોમ કરો. આયુર્વેદ અનુસાર સુસ્તીનું વધી ગયેલું પ્રમાણ શરીરમાં કફ વધી ગયો હોય તેની સાથે સંકળાયેલું હોય છે. હળવું અને સાત્ત્વિક ભોજન કરવું. તેલમાલિશ કફ ઘટાડવામાં મદદ કરી શકે છે. પ્રોસેસ્ડ ફૂડ, વધારે સાકર લેવાનું ટાળો, શાણપણ એમાં છે કે તમારા ખોરાકનું ધ્યાન રાખો. તાજો ખોરાક અને પુષ્કળ પોષક તત્ત્વો લો છો તેની ખાતરી કરો અને તમારા પેટ ભરીને ભોજન બિલકુલ ના કરો. ખોરાકમાં કચુંબર, તાજાં શાક/ફળના રસ, સૂપ, બરછટ ધાન્ય, વગેરેનો સમાવેશ હોવો જોઈએ.

વિટામીન 'બી' અને 'ડી'ની ઊણપથી પણ હોઈ શકે છે. રોજ પૂરતું પાણી પીઓ, પાણીની ઊણપ થાય કે શરીરમાં પાણી ઓછું થવાથી થાક અને આળસ લાગે છે.

પ્રમાદનાં શારીરિક કારણો અને મનની સ્થિતિ બદલવાથી, આળસ ઘટાડવાનો મનથી સંકલ્પ લઈ નવી શરૂઆત કરવાથી, યોગ અને મુદ્રા વડે તમારી ઊર્જાનું સ્તર વધારી આત્મવિશ્વાસમાં વધારો કરી શકો છો, તમારા લક્ષ્યો હાંસલ કરી શકો છો અને પ્રમાદ તથા સુસ્તીથી છુટકારો મેળવી શકો છો. પ્રમાદ ઘટશે એટલે ઊંઘ પણ ઘટશે.

# ભૂખ ન લાગે ત્યારે...

ભૂખ નથી લાગતી એ અનેકની સાધારણ ફરિયાદ હોય છે. ભૂખ ન લાગવા પાછળ કોઈ બીમારી નથી હોતી પરંતુ મનનું કારણ હોય છે. ખાસ કરીને સ્ત્રીઓ પાતળી થવા માટે ખાવાનું છોડી દે છે.

**કારણો :** મનમાં ચિંતા હોય તો ભૂખ ઊડી જાય છે. કોઈ વાર ઘરમાંની વ્યક્તિ જોડે સુમેળ ન હોય, પારિવારીક સંબંધો બગડે તો પણ ભૂખ ઓછી થઈ જાય છે. જ્યારે ઘરના વાતાવરણમાં એક જ વ્યક્તિનું વધારે વજન હોય અથવા આખો દિવસ ખાવા પીવાની જ વાતો કરતા હોય, શારીરિક ફિટનેસની વાતો કરતા હોય ત્યારે પણ આવી અસર થવાની શક્યતા હોય છે. હું જાડી થઈ છું એવા ડરને કારણે ખાવાનું એકદમ ઓછું થઈ જાય છે. કોઈ વાર કુટુંબમાં અચાનક મૃત્યુને કારણે ભૂખ ઓછી થઈ જાય છે. આવા લોકો ખૂબ જ જીદ્દી હોય છે. પ્રેમભંગ, વધુ તાવ, ટીબી, કેન્સર, ક્રોનિક ગેસ્ટ્રાઈટીસના કારણે આ ફરિયાદ થાય છે. બાળકો, વડીલો ધમકી માટે પણ ખાવાનું ઓછું કરે છે.

**લક્ષણો :** સ્ત્રીઓ ખાવાનું ધીમે ધીમે ઓછું કરે છે. ખાઈને જાડી થઈ જશે એવા ડરને કારણે ખાવાનું જોઈને નફરત થાય છે અને ખાવાનું પ્રમાણ ઓછું થાય છે.

માસિક સ્ત્રાવ ઓછો થઈ જાય છે અથવા બંધ થઈ જાય છે. આવી સ્ત્રીઓમાં કબજિયાત અથવા શરદી થવાની સંભાવના રહે છે. કામકાજ કરવાની ઈચ્છા પણ ઓછી થાય છે. ચામડી સૂકાઈ જાય છે. કોઈક વાર શરીર પર વધારે પડતી સંતારી આવે છે. નાડી ધીમી પડી જાય છે. કોઈક વાર લોકો આંતરડા સાફ કરવા જુલાબ, રેચક ચીજો લે છે. જેનાથી ઊલટી થવાની પણ શક્યતા હોય છે.

ડૉ. સોનલ મોતા
૮૧૦૪૪૬૧૭૭૬
૦૨૨૨૩૬૭૩૫૬૪

**સારવાર :** ભૂખ ન લાગવાની શરૂઆત થાય ત્યારે ડૉક્ટરી ઇલાજ જરૂરી છે તે સમજવું જરૂરી છે. સાયકોથેરપી આ દરમિયાન મદદગાર થાય છે. આ લોકોને એકલા ન રહેવા દેવા જોઈએ. કુટુંબીજનો સાથે જમતા હોય તો આ લોકો વધારે જમી શકે છે.

**હોમિયોપથી ઇલાજ :** નીચે આપેલી દવાઓ જ્યારે કોન્સટીટ્યુશનલ દવા જોડે યોગ્ય માત્રામાં અપાય તો લાંબા ગાળે ફાયદો થાય છે. બધી દવાઓનું સેવન ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ કરવું.

**(૧) ચાયના :** તાવ આવ્યા પછી ભૂખ ઓછી થઈ ગઈ હોય, શરીરમાંથી વધારે માત્રામાં પાણી ઓછું થયું હોય ત્યારે શારીરિક અશક્તિ માટે અપાય છે. પાચનશક્તિ નબળી હોય ત્યારે પણ આ દવા અપાય છે.

**(૨) ઓલીઅમ જેકોરીસ :** દૂબળી, પાતળી વ્યક્તિને ભૂખ લાગવા માટે વપરાય છે. આવા લોકોને થાક પણ વધારે લાગે છે.

**(૩) લેસીટોન :** જ્યારે શરીરમાં લાલ રક્તકણ ઓછા થઈ ગયા હોય અને ક્ષયરોગ પછી ભૂખ ઓછી હોય ત્યારે આપી શકાય છે. તેમનામાં માનસિક થાક અને ઊંઘનું પ્રમાણ ઓછું હોય છે.

**(૪) ઈગ્નેશ્યા :** પ્રિય વ્યક્તિનું મરણ થયા પછી ભૂખ ન લાગે તો અપાય છે. સ્ત્રીઓને લાંબા શ્વાસ વારંવાર લેવા પડે છે. પેટમાં દુખાવો થાય છે.

**(૫) આલ્ફા આલ્ફા :** આ દવા મધર ટીંક્ચરના રૂપમાં ૧૦ ટીપાં જ્યારે બે વાર લેવામાં આવે ત્યારે ભૂખ ઊઘડે છે અને પાચનક્રિયા સુધરે છે. વજન વધારવા માટે ઉપયોગી થાય છે. અનિંદ્રા માટે પણ આ ઔષધી છે.

**(૬) પલસેટીલા :** નાની વાતમાં ખરાબ લાગી જાય છે. જલદી નિર્ણય ન લઈ શકાય ત્યારે આ દવાનો ઉપયોગ થાય છે.

આ ઉપરાંત નેટ્રમ, મૂર નકસવોમિકા, થુજા વેગરે દવા અપાય છે.

# સુદર્શન : ગોળી કરતાં ચૂર્ણ વધુ અસરકારક

સુદર્શન ચૂર્ણમાં ઘણી બધી ઔષધીયોનો સમૂહ છે. તેમાં લગભગ ૫૦ની નજીક ઔષધીયો ભેગી થાય છે. જુદા જુદા શાસ્ત્રોમાં અને હવે 'આયુર્વેદિક ફોર્મ્યુલેટરી'માં થોડા થોડા અંતર છે પણ તેનો મુખ્ય ઔષધ છે 'કરિયાતું-સ્વેટીયા ચીરાયતા' અને તેમાં કોઈ મતભેદ નથી. 'સુદર્શન ચૂર્ણ'માં ૫૦ ટકા ભાગ કરિયાતું જ હોય છે અને એટલે જ તે ખૂબ જ કડવું હોય છે. ચૂર્ણ લેવું ઘણાને ફાવે નહિ એટલું બધું કડવું અને એટલે જ હવે તેની ગોળીઓનો વપરાશ વધી ગયો છે. ચૂર્ણ વાપરવાનું કારણ એ છે કે ગોળીની અપેક્ષાએ ચૂર્ણ વધુ ઝડપથી કામ કરે છે. એટલે આયુર્વેદનાં ચિકિત્સકો-ચૂર્ણ કલ્પનાનો ઉપયોગ કરતા હોય છે પણ દર્દીની સરળતા માટે ગોળીનો ઉપયોગ થાય છે.

કરિયાતા સિવાય પણ સુદર્શન ચૂર્ણમાં આમળા, હરડે, બહેડા, હળદર, દારુહળદર, કંટકારી, બૃહતી, કચૂરો, પીપર, મરી, પીપરીમૂળ, ગાળો, ધમાસો, કુટકી, પર્પટ, મુસ્તા, ત્રયમાન, નેત્રબલા, લીમડો, પુષ્કરમૂળ, જેઠીમધ, કુટજ, યવાની, ઇન્દ્રયવ, ભારંગી, શીગ્રુબીજ, ફટકડી, વજ, તજ, પદ્મક, સુગંધી વાળો, અતીવિષા, શાલ્પર્ણી, પૃશ્નીપર્ણી, વિડંગ, ટગર, ચિત્રક, દેવદારુ, ચવ્ય, પટોલપત્ર, જીવક, રીષ્ણક, લવિંગ, વન્સ લોચન, પુંડરીક, કાકોલી, તમાલપત્ર, જાતીપત્ર, તાલીસપત્ર, સુંઠ, મુર્વા, બલા, ત્રીવૃત, એલચી, કુચંદન, કેસર, કુષ્ઠ, શૈલજા, શામન્તકી, શતાવરી, હિમ, કલીયક, કર્કટશૃંગી, બીલી જેવા ઔષધો હોય છે. જે સુદર્શન ચૂર્ણને આટલું બધું ઉપયોગી બનાવે છે.

# જીવન પ્રવાહ સાથે વહેતાં રહો

તાજેતરમાં એક ખાસ પ્રસંગે મેં બહેરા બાળકોના કાર્યો અને ઉત્સાહમાંથી અત્યંત શક્તિશાળી વાક્ય શીખ્યું કે વિશ્વાસ રાખો કે એક દિવસ તમે અવશ્ય સફળ થશો. જીવનની સૌથી મોટી પ્રેરણા ક્યારેક એવા લોકો પાસેથી મળે છે, જેમને દુનિયા સામાન્ય કે સક્ષમ માનતી નથી. આ વાતનો અનુભવ મને ત્યારે થયો, જ્યારે અમે મુંબઈની વિવિધ વિશેષ શાળાઓના ૨૦૦થી વધુ બાળકો માટે ફિલ્મ 'ચક દે! ઇન્ડિયા'નું વિશેષ સ્ક્રીનિંગ યોજ્યું. આ બાળકોમાંથી મોટા ભાગના શ્રવણયંત્ર પહેરેલા હતા અને તેમને જોશ ફાઉન્ડેશનનો સહયોગ મળ્યો હતો.

અમે જ્યારે આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યા હતા, ત્યારે ઘણા સવાલો ઊભા થયા હતા. શું હિન્દી અને મરાઠી માધ્યમમાંથી આવતા આ બાળકો અંગ્રેજી સબટાઈટલ સાથેની ફિલ્મને પૂરી રીતે સમજી શકશે? શું તેમને સમજાવવા માટે કોઈ ટ્રાન્સલેટરની જરૂર પડશે? જોકે, છેલ્લા ૩૩ વર્ષથી તેમની સાથે કામ કરવાથી મને સમજાયું છે કે ભલે તેમની કોઈ એક ઇન્દ્રિય સંપૂર્ણપણે કામ ન કરતી હોય, પણ તેમની અન્ય ઇન્દ્રિયોની શક્તિ અને આંતરિક સંભાવના અકલ્પનીય હોય છે. તેમની અંદર એક અદૃશ્ય ઊર્જા અને સ્પર્ધાની ભાવના છુપાયેલી હોય છે. તેમના માર્ગમાં જે કંઈ આવે છે, તેઓ તેને માત્ર સ્વીકારતા નથી, પણ તેનું ગહન વિશ્લેષણ કરે છે અને તેમાંથી આગળ વધવાનો માર્ગ શોધી કાઢે છે.



સકારાત્મકતાનો પ્રસાર
દેવાંગી દલાલ
ઑડિયોલૉજિસ્ટ-સ્પીચ થેરપિસ્ટ
ફોનઃ ૯૮૨૦૦૦૨૯૩૪
devangi.dalal@yahoo.co.in

સ્ક્રીનિંગ દરમિયાન આ બાળકોએ તેમની જરૂરિયાત મુજબના શ્રવણયંત્ર દ્વારા ફિલ્મના અવાજો અને સ્વરશૈલીને સાંભળ્યા, દૃશ્યોની મદદથી લાગણીઓને અનુભવી અને રમતગમતની ભાવનાનો આનંદ માણ્યો. તેમની અંદરનો ઉત્સાહ અને ઊર્જા જોવા જેવી હતી. તેઓ એટલા ઉત્સાહિત અને તૈયાર હતા કે તેમની સામે આવેલી દરેક વસ્તુ સાથે તેઓ જોડાવા માગતા હતા. આ બાળકો જુદી જુદી શાળાઓમાંથી આવ્યા હોવા છતાં, તેમણે વહેંચણીની સુંદર ભાવના દર્શાવી. તેમને આપેલા ખોરાક અને પીણાં તેઓએ એકબીજા સાથે વહેંચ્યા. સૌથી મોટી વાત તો એ હતી કે તેઓ સામાન્ય મૂવી જોનારાઓ કરતાં પણ વધુ શિસ્તબદ્ધ હતા. તેઓએ પૂરી કાળજી રાખી કે પોપકોર્ન કે પીણાંનો એક ટીપું પણ નીચે ન પડે. ફિલ્મમાં જ્યારે ભારતીય હોકી ટીમની છોકરીઓ ગોલ કરવા સંઘર્ષ કરતી હતી અને રડી પડતી હતી, ત્યારે આ બાળકો પણ તેમની લાગણીઓમાં સામેલ થયા અને જ્યારે ટીમ જીતી, ત્યારે તેઓ કૂદી પડ્યા, નાચ્યા અને સંપૂર્ણ ખુશી સાથે ઉજવણી કરી. ખરેખર તેમને 'સામાન્ય' બાળકોથી અલગ ગણવા જરૂરી છે? મને લાગે છે કે આગળ વધતા રહેવું, વિકસતા રહેવું અને જીવનમાં ચમકતા રહેવું તેઓ આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે.

ભારતે પેરાલિમ્પિક્સમાં ૩૦થી વધુ મેડલ જીતીને આ વાત સાબિત કરી છે. ખાસ-સક્ષમ બાળકોમાં સંઘર્ષ કરવાની અને લડવાની જે ભાવના હોય છે, તે ખરેખર કલ્પના બહારની છે. આ બાળકોમાં મોટી માનસિક કે શારીરિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઓછી જોવા મળશે. મેં ક્યારેય સાંભળ્યું નથી કે તેઓ આત્મહત્યા વિશે વિચારતા હોય. તેઓ હંમેશાં હસતા રહે છે અને જીવનના દરેક પડકારનો સામનો કરવા તૈયાર હોય છે. તેથી, જો કોઈ વ્યક્તિ નકારાત્મકતાથી ઘેરાયેલી હોય, માનસિક રીતે પરેશાન હોય અથવા મુશ્કેલ સમયમાંથી પસાર થતી હોય, તો તેણે આ સુંદર અને વ્હાલા બાળકો સાથે સમય વિતાવવો જોઈએ. તેમની સાથે કામ કરીને મને દરરોજ પ્રેરણા મળે છે. તેમનો ઈશ્વરમાં અડગ વિશ્વાસ અને તેમના ચહેરા પરનું સ્મિત જ મને સતત આગળ વધતા રહેવા, વિકસતા રહેવા અને ચમકતા રહેવાની શક્તિ આપે છે.

હમણાં જ, પાંચ મહિનાની બાળકીને લઈ તેની મમ્મી અમારા ઘરે આવી હતી. તે એટલી સુંદર હતી કે હંમેશાં હસતી રહેતી! જ્યારે તમે સીટી વગાડો કે તેનું નામ લો, ત્યારે તે તરત જ ઉત્સાહમાં આવીને હાથ-પગ હલાવતી અને મોટેથી હસતી, તમે કોઈ ગીત ગાઓ, તો તે તમારા હોઠની હલનચલન અને ચહેરાના હાવભાવની નકલ કરતી, જાણે તે પણ ગાવા માગતી હોય. આના પરથી મેં અનુભવ્યું કે દરેક મનુષ્ય આ પ્રક્રિયામાંથી પસાર થાય છે. બાળપણમાં બાળક આસપાસના વાતાવરણને સાંભળે છે, ભાષા, લાગણીઓ અને અભિવ્યક્તિના બધા સ્વરૂપોને ગ્રહણ કરે છે. આ શીખવાની પ્રક્રિયા ક્યારેય અટકતી નથી; હંમેશાં આગળ વધતા, શીખતા અને વિકસતા રહેવું પડે છે. જોકે, મેં નોંધ્યું છે કે બાળપણમાં આપણી લાગણીઓ 'ચમકતી' હોય છે, પરંતુ આપણે મોટા થઈએ અને વધુ પડતું વિચારવા લાગીએ તેમ લાગણીઓ છુપાઈ જાય છે. આવું કેમ થાય છે?

તાજેતરમાં, હું ૨૪ વર્ષના એક એન્જિનિયર યુવકને મળી, જે વાતચીતની મુશ્કેલીને કારણે નોકરી છોડીને પિતાના વ્યવસાયમાં જોડાઈ ગયો. વાણીના મૂલ્યાંકન પછી મેં જોયું કે તેને વાણી કે અવાજની કોઈ શારીરિક સમસ્યા નહોતી. સમસ્યા માનસિક હતી. બાળપણમાં તે અભ્યાસમાં ઓછો રસ ધરાવતો, શારીરિક રીતે ધીમો હતો અને વાણી-મોટર સંકલન નબળું હોવાથી તેની બોલવાની રીત ગૂંચવાડાભરી હતી. પરિણામે, લોકો તેને સમજી શકતા નહોતા અને આ ડર તેના મનમાં એટલો ઊંડો બેસી ગયો કે તે આગળ વધવાનો પ્રયાસ જ નહોતો કરતો.

તેના માતાપિતા ઘણા ડૉક્ટરો પાસે ગયા હતા, પણ કોઈ નિષ્કર્ષ પર પહોંચી શક્યા નહોતા. આખરે તેઓ નિરાશ થઈ ગયા અને બાળક બોલવાની મર્યાદાઓ સાથે મોટો થતો ગયો. તેને વારંવાર શરદી-ખાંસી થતી અને શ્વાસની તકલીફો પણ રહેતી. લોકો સામે બોલવાનો ડર, વાતચીત કરતી વખતે અચાનક થતી હતાશા અને સારી રીતે ન બોલી શકવાના દોષની લાગણીએ તેના મન, શરીર અને આત્માને અસર કરી હતી. ૨૪ વર્ષનો આ યુવક મારા સામે ખુરશીમાં હાથ જોડીને, ડરથી ભરેલો બેઠો હતો અને મૌન હતો. મને લાગ્યું કે તેને માત્ર પ્રેરણાની જરૂર છે. તે સંપૂર્ણપણે સામાન્ય હતો, પણ પોતાની અંદર રહેલી શક્તિથી અજાણ હતો. મેં તેને મારા એક વિદ્યાર્થીનો વીડિયો બતાવ્યો, જેને ૯૦ ટકા બહેરાશ છે. આ વિદ્યાર્થીએ બીએ, બીએડ અને સંસ્કૃતમાં એમએ પૂર્ણ કર્યું છે અને આજે તે પૂરા આત્મવિશ્વાસથી બોલતા પોતાની દુકાન ચલાવે છે. મેં તેને કહ્યું કે બહેરાશ હોવા છતાં આ વિદ્યાર્થી આટલો આત્મવિશ્વાસુ છે, જ્યારે તું, સંપૂર્ણપણે સક્ષમ છે, તેણે આગળ વધવાનું, વિકસવાનું અને ચમકવાનું બંધ કરી દીધું છે. તેણે આ વિદ્યાર્થી પાસેથી શીખવું જ પડશે. ક્યારેક આપણે જીવનના પ્રવાહ સાથે વહી જઈએ છીએ, પણ જ્યારે એકલા પડીએ છીએ, ત્યારે કેવી રીતે વિકાસ કરવો તે ભૂલી જઈએ છીએ. આવી પરિસ્થિતિઓમાં, આંતરિક ચમક પ્રાપ્ત કરવી મુશ્કેલ બની જાય છે, કારણ કે આપણે આપણી નિષ્ફળતાઓ અને દુઃખો સાથે જોડાઈ જઈએ છીએ.

કોઈ મજબૂરી આવે અને પછી બદલાવની શરૂઆત કરીએ, તેના કરતાં શા માટે જીવનના દરેક તબક્કે પોતાને બદલવા માટે પ્રેરિત ન કરીએ? ભવિષ્યમાં શું થવાનું છે તે કોઈ જાણતું નથી, તેથી સ્થિતિસ્થાપકતા કેળવવી અને સતત આગળ વધવું શ્રેષ્ઠ છે. વિકાસ કરવા માટે, પરિવર્તનને અપનાવવું, લવચીક બનવું, આપણી ઇચ્છાઓ પૂરી કરવી અને દયાનો અભ્યાસ કરવો જરૂરી છે. દરરોજ પડકારોનો સામનો કરવાનું શીખવું જોઈએ. આપણા આરામદાયક ક્ષેત્રમાંથી બહાર નીકળીને અસુવિધાઓને સ્વીકારવાથી આપણે વિકસીએ છીએ.

devangi.d@janmabhoominewspapers.com

# ઊંઢાઈ ગામે કાળીચૌદશના ગરબા અને વીરપુર, ગોંડલ યાત્રા

(ભાગ - ૧)

નાયક ભોજક બ્રાહ્મણ જ્ઞાતિમાં આજે પણ પુત્ર જન્મે ત્યાર બાદ તેના આયખા દરમિયાન, કાળીચૌદશની એક રાતે તેના ગરબા કાઢવાનો અને એ ગરબા કાળકા માતાનાં મંદિરમાં પધરાવવાનો રિવાજ છે. મને ઘણીવાર પ્રશ્ન થયો છે કે યજ્ઞોપવિત સંસ્કાર કે જનોઈ માત્ર પુત્રને અપાય છે, તેમ ગરબા પણ માત્ર પુત્રના શા માટે, પુત્રીના કેમ નહીં. પણ એનો સંભવિત જવાબ એવો મળ્યો છે કે પુત્ર વંશ વેલો આગળ વધારે એટલે માતાજીનો આભાર પ્રગટ કરવા ગરબા કાઢવાની પ્રથા શરૂ થઈ હશે. દીકરો - દીકરી બન્ને જેના માટે એક સમાન હોય એવી વિચારસરણી ધરાવતા કોઈને પણ આ વાત પુરુષપ્રધાન વિચારધારાને પોષતી જણાય કે થોડી કઠે એ સ્વાભાવિક છે. પણ જે પરંપરા કે રિવાજ કોઈને નુકસાન ન પહોંચાડતા હોય એ અનુસરવામાં વાંધો નથી જણાતો, આથી હું હિતાર્થના ગરબા કાઢવાનો પ્રસંગ ઊજવવા માટે રાજી થયો. ઉપરાંત મારા સ્વર્ગસ્થ માતા-પિતા બન્ને હિતાર્થના ગરબાને લઈ ભારે ઉત્સુક હતા. આથી આ વર્ષે અન્ય કોઈ અડચણનાં હોવાને લીધે નક્કી કર્યું કે પ્રસંગ પાર પાડવો. આમ તો ગરબાનો પ્રસંગ ગમે ત્યાં ઊજવી શકાય. પણ મૂળ વતનનું ગામ ઊંઢાઈ જ્યાં ઈષ્ટદેવ લાખેશ્વર મહાદેવનું



'બ્લૉગને ઝરૂખેથી...'
વિકાસ ઘનશ્યામ નાયક
(vikas.nayak@gmail.com) Twitter:@VikasNayak
(http://blognezarookhethee.blogspot.com)
મો. ૯૮૭૦૦૧૭૭૦૪

ભવ્ય મંદિર થોડાં વર્ષો પહેલાં જ જીર્ણોદ્ધાર પામ્યું છે. પપ્પા-મમ્મીને આ મંદિર વહાલું એટલે ત્રણ વર્ષ અગાઉ હિતાર્થની બાબરીનો પ્રસંગ પણ આ મંદિર ખાતે જ ઊજવ્યો હતો અને ગરબા પણ અહીં જ યોજવા એમ નક્કી કર્યું. યોગાનુયોગ આ વર્ષે મારો જન્મદિવસ પણ ઓગણીસમી ઑક્ટોબરને દિવસે કાળીચૌદસ તિથિએ જ આવતો હતો. કૌટુંબિક પિતરાઈ ભાઈ જીજ્ઞેશને પણ તેના દીકરા જીતનાં ગરબા કાઢવા હતા. તેમણે પણ ગરબા તો કાળીચૌદશની તિથિએ જ કાઢવા પડે અને તેમના ઈષ્ટદેવ પણ મહાદેવ જ હોવાથી તેમણે પણ લાખેશ્વર મહાદેવનાં મંદિર પર જ ગરબા કાઢવાના સ્થળ તરીકે પસંદગી ઉતારી. બન્ને પરિવારોએ આ પ્રસંગ સાથે ઊજવવાનું નક્કી કર્યું. નવરાત્રિ દરમિયાન અંદર રહેલા દિવાને હવા મળતી રહે એટલે કાણાં ધરાવતો માટીનો ઘડો પધરાવાય છે તેવા જ માટીનાં શણગારેલા ઘડાની જોડ પુત્રના ગરબા પ્રસંગે પધરાવાય. તેની ફરતે ગરબા ઘૂમવાના. અહીં પરિવારજનો ગરબાની જોડ માથે લઈને પણ ઘૂમે. પછી અડધી રાતે શુભ મુહૂર્ત જોઈ ગરબાની જોડ કાળકા માતાનાં મંદિરમાં પધરાવી આવવાની. ઊંઢાઈ ગામમાં તો અમારા બન્ને પરિવારોમાંથી કોઈનું માલિકીનું ઘર નથી પણ પપ્પા જીવ્યા ત્યાં સુધી દર વર્ષે બે-ત્રણ વાર ગામ અચૂક જાય જ અને તેમને ગામ પ્રત્યે એટલી લાગણી કે તારક મહેતા સિરિયલમાં પોતાનાં પાત્રનાં નામમાં પણ તેમણે અમારા મૂળ વતન એવા આ નાનકડાં ગામનું નામ જોડી દીધેલું - નટવરલાલ પ્રભાશંકર ઊંઢાઈવાલા. એટલે આખું ગામ પપ્પાને ખૂબ ચાહે. આથી ખાતરી હતી કે અમારો પ્રસંગ અહીં વિના વિઘ્ને શાંતિથી પાર પડશે. ગામનાં એક હિમાંશુભાઈ જોષી નામના યુવાને આખા પ્રસંગની સઘળી જવાબદારી પોતાના શિરે ઉપાડી લીધી અને અમને ખાવાપીવાથી માંડી, માટીનાં ગરબા કુંભાર પાસેથી મેળવી આપવામાં, પ્રાંગણ ચોખ્ખું કરાવવામાં અને મ્યુઝિક સિસ્ટમ, લાઈટ વગેરે સઘળી વ્યવસ્થા અંગે કોઈ જાતની તકલીફ ના પડી. અમે બન્ને પરિવારો મુંબઈથી આ પ્રસંગ માટે દિવાળી અગાઉ ગુજરાત પહોંચી ગયાં. અમે મારા સાસરાનાં મુકામ મહેસાણા ખાતે ત્રણ દિવસ અગાઉ ઉતર્યા હતાં. તો જીજ્ઞેશભાઈનો પરિવાર એક દિવસ અગાઉ અમદાવાદ જઈ ત્યાંથી ઊંઢાઈ કાળીચૌદશનાં દિવસે પહોંચવાનો હતો. મોબાઈલ પર હું, જીજ્ઞેશભાઈ અને હિમાંશુભાઈ સતત સંપર્કમાં હતાં. લાખેશ્વર મહાદેવનાં મંદિરનાં પ્રાંગણમાં ચાર ઓરડીઓ બનાવવામાં આવી છે અને મોટા હૉલની પણ વ્યવસ્થા છે એટલે હું અને મારો પરિવાર ગરબા પછી રાત અહીં જ રોકવાના હતાં. જીજ્ઞેશભાઈ અને તેમનો પરિવાર ગરબા વળાવ્યા બાદ રાત્રે જ ફરી અમદાવાદ પાછાં ફરવાના હતાં. દરેક આમંત્રિત મહેમાનનાં પરિવાર દીઠ લ્હાણીની એક ભેટ જેના ગરબા હોય તેના મોસાળ પક્ષ તરફથી આપવાની પ્રથા તો હરખથી જેના ગરબા હોય તેનો પરિવાર પણ એક ભેટ પોતાના તરફથી વહેંચે. આ બધી ભેટ-સોગાદ વગેરે લઈ અમે એક મોટી ગાડી ભાડે કરી નીકળી પડ્યા મહેસાણાથી ઊંઢાઈ ગામ જવા. મારા સાસુમાને હરખનાં તાંબાના ગરબા અમારાં કુળદેવી ભુવનેશ્વરી માતાનાં ગુંજા ગામમાં આવેલા મંદિરે ચડાવવાની ઈચ્છા હતી. એ મુજબ પહેલાં અમે માર્ગમાં જ આવતા ભુવનેશ્વરી માતાનાં મંદિરે જઈ પહોંચ્યા. મંદિરમાં માતાજી સામે પાંચેક ગરબા પોતે જ મુખેથી ગાઈને રમ્યાં. વારાફરતી તાંબાના ગરબાની જોડ માથે મૂકી મારા સાસુ, પત્ની અમી, બહેન તેજલ, સાળાવેલી પૂનમ તથા હું ગરબે રમ્યાં. એક દર્શનાર્થી માજી પણ ગરબા તેમના માથે લઈ અમારાં આનંદમાં સહભાગી થયાં. ગરબાની જોડ મંદિરમાં જ પધરાવી અમે આગળ વધ્યાં. સાંજે પાંચેક વાગે ઊંઢાઈ જઈ પહોંચ્યા. જીજ્ઞેશભાઈ પણ તેમના પરિવાર સાથે મંદિર પહોંચી ગયા હતા. અમે સાથે લાખેશ્વર મહાદેવનાં મંદિરનાં ગર્ભગૃહમાં નાનકડી રૂદ્રી પૂજા કરી. વ્યવસ્થા સંભાળનાર હિમાંશુભાઈ જોષી ક્રિયાકાંડ જાણતાં હોઈ તેમણે જ અમારા હસ્તે આ પૂજા કરાવડાવી.

પૂજા પતાવી બહાર આવ્યાં ત્યારે અંધકાર છવાઈ ગયો હતો પણ મોટા ભાગનાં આમંત્રિત મહેમાનો મંદિરનાં વિશાળ ચોગાનમાં હતાં, જ્યાં થોડી જ વારમાં હિતાર્થ અને જીતનાં ગરબાનાં રંગે અને તાલે અમે સૌ ઘૂમવાના અને ઝૂમવાનાં હતાં. સાંધ્ય વાતાવરણમાં એક નોખો આનંદ, ઉત્સાહ, ઉમંગ, પવિત્રતા, ભક્તિ અને દિવાળી પર્વની મહેક છવાયેલાં હતાં. (ક્રમશઃ)

vikas.n@janmabhoominewspapers.com

## વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ

નવી દિલ્હી, તા.૧ : ભારતની પ્રથમ ડિજીટલ અને જાતિ આધારિત વસ્તી ગણતરી તરફ એક મોટા પગલામાં વસ્તી ગણતરી ૨૦૨૭ ના પ્રથમ તબક્કા માટે પ્રી-ટેસ્ટ શરૂ કરવામાં આવી છે. ગણતરીકારો તેમના સંબંધિત વિસ્તારોમાં નાગરિકોના ઘરની મુલાકાત લેશે જેથી તેઓ ઓનલાઈન પોર્ટલ દ્વારા વિગતો ભરી શકે.


કોવિડ-૧૯ મહામારીને કારણે મુલતવી રાખવામાં આવેલી વસ્તી ગણતરી ૨૦૨૧ હવે વસ્તી ગણતરી ૨૦૨૭ તરીકે હાથ ધરવામાં આવશે, જેની અંતિમ ગણતરી ૧ એપ્રિલ, ૨૦૨૬ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ વચ્ચે પૂર્ણ થશે. એક વરિષ્ઠ સરકારી અધિકારી અનુસાર, સ્વ-ગણતરી પોર્ટલ અને મોબાઇલ એપ્લિકેશનનું પરીક્ષણ ૧થી ૧૦ નવેમ્બર અને ૧૦ થી ૩૦ નવેમ્બર દરમિયાન મર્યાદિત વિસ્તારોમાં કરવામાં આવશે. સરળ ઉપયોગિતા પરીક્ષણ સુનિશ્ચિત કરવા માટે લિંક જાહેરમાં શેર કરવામાં આવશે નહીં.

# તમારું પોતાનું મકાન ક્યારે થશે ?

દરેક માનવીની ઈચ્છા પોતાનું મકાન બનાવવાની હોય છે. એ બંગલો હોય, ટેનામેન્ટ હોય કે નાનો ફ્લેટ હોય!

દીકરાના લગ્ન કરવા હોય તો પણ કન્યાવાળા છોકરાને પોતાનું ઘર છે કે ભાડાના ઘરમાં રહે છે એની તપાસ ખાસ કરતા હોય છે. દરેકની કુંડળીમાં ચોથું સ્થાન પ્રોપર્ટી સ્થાન ગણાય છે. ચોથું સ્થાન ખૂબ જ બળવાન હોય અને સૂર્ય પણ બળવાન હોય તો પિતા તરફથી વારસામાં જ ભવ્ય મકાન મળતું હોય છે અને પોતાનું બીજું નવું મકાન ખરીદવાની જરૂર પડતી નથી. ભલે પછી એ આર્થિક સદ્ધરતાના કારણે ભવિષ્યમાં નવું મકાન ખરીદે.

પોતાનું મકાન બનશે કે આખી જિંદગી ભાડાના મકાનમાં રહેવું પડશે એના વિશે ચર્ચા કરીશું. સાથે સાથે પોતાના મકાનના યોગો હોય તો એ ક્યારે બનશે એના વિશે પણ ચર્ચા કરીશું.



વિધિના લેખ
અશ્વિન રાવલ
ફોનઃ ૬૩૫૮૮૪૧૧૯૯

જન્મકુંડળીમાં પ્રથમ સ્થાન લગ્ન કહેવાય છે. લગ્ન એટલે વ્યક્તિ પોતે. ચોથું સ્થાન એટલે પ્રોપર્ટી અથવા મકાન. જો લગ્ન અને ચોથા સ્થાન વચ્ચે સંબંધ હોય અને લગ્ન સાથે અથવા ચોથા સ્થાન સાથે મંગળ અને ચંદ્રનો સંબંધ હોય તો યુવાન થતાં જ વ્યક્તિ પોતાનું મકાન ખરીદી શકે છે ભલે પછી તે લોન ઉપર હોય !

મંગળ અને શનિ આ બે ગ્રહો પ્રોપર્ટી સાથે જોડાયેલા છે અને ચોથા સ્થાનનો પોર્ટફોલિયો હંમેશાં ચંદ્ર પાસે જ રહેલો હોય છે. એટલે મકાન બનવા માટે કુંડળીમાં ચંદ્ર મંગળનો સંબંધ ખૂબ જરૂરી છે અને સાથે સાથે શનિ પણ બળવાન હોવો જરૂરી છે.

વૃષભ, મિથુન, કન્યા, તુલા અને કુંભ શનિના પ્રિય લગ્નો છે. આ પાંચ લગ્નો ઉપર શનિદેવની કૃપા હોય છે એટલે આ પાંચ લગ્નમાં જન્મ હોય તો જીવનમાં પોતાનું મકાન બનાવવામાં ખાસ કોઈ તકલીફ પડતી નથી.

વૃષભ, મિથુન, કન્યા અને તુલા લગ્નમાં જો ચંદ્ર અને શનિ વચ્ચે સંબંધ થતો હોય એટલે કે આ બંને ગ્રહો કેન્દ્ર કે ત્રિકોણમાં ભેગા બેઠા હોય અથવા સામ સામે હોય અથવા આ બે ગ્રહો વચ્ચે રાશિ પરિવર્તન થયેલું હોય અને ચંદ્ર છ, આઠ કે બારમે ના હોય તો પોતાની સ્વ કમાણીથી આ લોકો જલદી પોતાનું મકાન બનાવી શકે છે. અને ભવિષ્યમાં એક કરતાં વધારે પ્રોપર્ટી પણ વસાવી શકે છે.

શનિનો પ્રોપર્ટી સાથે ખાસ સંબંધ છે. શનિનો અમલ જમીન સાથે એટલે કે પ્લોટ સાથે છે જ્યારે મંગળનો સંબંધ કન્સ્ટ્રક્શન સાથે છે. એટલે કુંડળીમાં જો શનિ યોગકારક હોય અને પાછો બળવાન હોય એટલે કે સ્વગૃહી હોય, ઉચ્ચનો હોય કે વર્ગોત્તમી હોય અને તેની સાથે મંગળનો સંબંધ હોય તો વ્યક્તિ પ્લોટ ખરીદીને પોતાની ઈચ્છા પ્રમાણે મકાન બનાવે છે. ચોથા સ્થાનનો અધિપતિ જો ઉચ્ચ રાશિમાં હોય તો પણ વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે મકાન બનાવી શકે છે.

જો ઉપર બતાવેલાં પાંચ લગ્નમાં જન્મ હોય અને શનિ બળવાન ના હોય પરંતુ માત્ર મંગળ બળવાન હોય તો વ્યક્તિ તૈયાર મકાન ખરીદતો હોય છે. મંગળ અને શનિ વચ્ચે બળવાન સંબંધ હોય અને ચંદ્ર પણ બળવાન હોય તો જ વ્યક્તિ પોતાનો પ્લોટ ખરીદીને સ્વતંત્ર બંગલો બનાવી શકે છે અન્યથા નહીં !

ઉપર બતાવેલા યોગોની સાથે સાથે જો ચોથા સ્થાન સાથે શુક્રનો પણ સંબંધ હોય તો વ્યક્તિ ખૂબ જ પૈસા ખર્ચીને ગાર્ડન સાથે લક્ઝુરીયસ મકાન બનાવે છે અને એમાં તમામ લેટેસ્ટ સગવડો હોય છે. સાથે સાથે એક બે ગાડીઓ પણ વસાવે છે !

પરંતુ મુંબઈ જેવા શહેરમાં પોતાનો પ્લોટ ખરીદીને મકાન બનાવવાની શક્યતા ઘણી ઓછી હોય છે ત્યારે એવા સંજોગોમાં ઉપરના યોગો હોય તો સારામાં સારા પોશ એરિયામાં મોંઘી સ્કીમોમાં વ્યક્તિ વિશાળ ફ્લેટ ખરીદી શકે છે. ચંદ્ર જો છઠ્ઠા સ્થાનમાં હોય અથવા કુંડળીમાં ચોથા અને છઠ્ઠા સ્થાન વચ્ચે સંબંધ હોય તો વ્યક્તિ લોન લઈને મકાન ખરીદે છે. શનિ જો ખૂબ જ બળવાન હોય અને એની સાથે ચંદ્રનો સંબંધ હોય તો વ્યક્તિ જીવનમાં એક કરતાં વધારે પ્રોપર્ટી ખરીદે છે અને પછી ભાડાની આવક પણ ઊભી કરે છે.

કર્ક લગ્ન, સિંહ લગ્ન અને મીન લગ્ન માટે શનિ બહુ અનુકૂળ નથી હોતો એટલે આ ત્રણ લગ્ન માટે શનિ ઉચ્ચનો બની ગયો હોય, નીચ રાશિમાં હોય અથવા એના ઉપર મંગળની ચોથી કે આઠમી દ્રષ્ટિ હોય અને ચંદ્ર બળવાન હોય તો જ પોતાનું મકાન બની શકે છે.

આ ત્રણ લગ્નમાં ચંદ્ર અને શનિ જો ભેગા હોય કે સામસામે હોય તો આર્થિક સંઘર્ષ અને જવાબદારીઓના કારણે મોટી ઉંમર સુધી પોતાનું મકાન બની શકતું નથી અને ભાડાના ઘરમાં રહેવું પડે છે. સૂર્ય અને શનિ જો એક જ અંશ ઉપર ભેગા હોય કે સામસામે હોય તો પણ ઘણી જવાબદારીઓ હોવાના કારણે વ્યક્તિ મકાન લેવાનું ટાળે છે ! મતલબ બાપ દાદાના મકાનમાં જ રહેવું પડે છે.

ચોથા સ્થાનમાં જો રાહુ હોય અને તેના ઉપર શુભગ્રહની દ્રષ્ટિ પડતી ન હોય અને ચોથા સ્થાનનો માલિક ગ્રહ પણ કુંડળીમાં નિર્બળ હોય તો આખી જિંદગી ભાડાના મકાનમાં જ રહેવું પડે છે.

જેમને ચોથા સ્થાનમાં રાહુ હોય એમણે નવી સ્કીમમાં મકાન લેવાના બદલે સેકન્ડ હેન્ડ મકાન લેવું જોઈએ. ચોથે રાહુ વાળાને બીલ્ડર પાસેથી નવું મકાન લેવામાં ભવિષ્યમાં વેચાઈ જવાનો ભય રહે છે. એટલે જે મકાન પહેલાં બીજા કોઈએ ખરીદેલું હોય અને ત્યાં એનો પરિવાર રહી ચૂક્યો હોય એવું મકાન ખરીદવામાં કોઈ વાંધો નથી.

મકાન લેવાની ઈચ્છા તો બધાને હોય પરંતુ મકાન ક્યારે બનશે અથવા ક્યારે લેવાશે એ પ્રશ્ન મહત્ત્વનો છે. સામાન્ય રીતે શાસ્ત્રીય નિયમ એવો છે કે શનિ જ્યારે ચંદ્રથી બારમે અથવા ચંદ્ર ઉપર ચાલતો હોય ત્યારે વ્યક્તિ મકાન ખરીદતો હોય છે અથવા બનાવતો હોય છે. કારણ કે બારમે શનિ મોટા ખર્ચા કરાવે છે.

એ સિવાય સામાન્ય રીતે પોતાની ઉંમરના ૨૪મા વર્ષે, ૨૮મા વર્ષે, ૩૫ કે ૩૬મા વર્ષે, ૪૦મા વર્ષે, ૪૭ કે ૪૮મા વર્ષે અથવા બાવનમા વર્ષે વ્યક્તિ પોતાનું મકાન બનાવી શકે છે. આ એક સચોટ નિયમ છે !

જે શહેરમાં રહેતા હોય એ શહેરની કઈ દિશામાં મકાન ખરીદવું જોઈએ એ માટેના પણ ચોક્કસ નિયમો છે ! મકાન બનાવતી વખતે અથવા ખરીદતી વખતે વાસ્તુના નિયમો પણ પાળવા જોઈએ.

# ચિકન નેક શા માટે કાયમી સુરક્ષા પડકાર છે?

પાકિસ્તાન અને બાંગ્લાદેશ તેમના રાજદ્વારી અને લશ્કરી સંબંધોને મજબૂત બનાવી રહ્યા છે, તેમ દક્ષિણ એશિયાની વ્યૂહાત્મક ગતિશીલતા બદલાઈ રહી છે.

ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે, જ્યારે વેપાર ક્ષેત્રમાં ૬.૫ ટકા વૃદ્ધિનું યોગદાન પણ આપી રહ્યું છે. જેમ જેમ ભારત પોતાને ઉત્પાદન અને વેપાર માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની ઇચ્છા રાખે છે, તેમ તેમ વેપારની કનેક્ટિવિટી તેને પ્રાપ્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વિવિધ પ્રદેશો વચ્ચે માલ અને સંસાધનોના પ્રવાહને સરળ બનાવવા માટે, સુરક્ષિત પરિવહન માર્ગો અને પરિવહન નેટવર્ક આવશ્યક છે. જ્યારે આપણે વેપારને પ્રોત્સાહન આપવા માટે પરિવહન માર્ગોનો ઉલ્લેખ કરીએ છીએ, ત્યારે આપણે આપણા દેશની જીવનરેખા, એટલે કે સિલિગુડી કોરિડોરનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળ રહી શકીએ નહીં. આ કોરિડોર તેના સ્થાન અને કાર્યાત્મક મહત્ત્વને કારણે વ્યૂહાત્મક અને આર્થિક મહત્ત્વ ધરાવે છે. તે પડોશી દેશોને ભારત સાથે જોડતા એક મહત્ત્વપૂર્ણ પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે, જ્યારે સરહદ પાર આર્થિક સહયોગ અને રાષ્ટ્રીય એકીકરણને પણ ટેકો આપે છે.



આંતરરાષ્ટ્રીય પ્રવાહો
મીતિન આર. શેઠ
ફોન નં. ૯૩૨૪૫૦૫૫૨૨
Email: mitinsheth@gmail.com

સિલિગુડી કોરિડોર, જેને ભારતનો 'ચિકન નેક' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૫૦ કિમી લાંબો અને ૨૨ કિમી પહોળી એક સાંકડી જમીન પટ્ટી છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને તેના ઉત્તરપૂર્વીય રાજ્યો સાથે જોડાણ માટે મહત્ત્વપૂર્ણ છે. તેનું મહત્ત્વ આ પ્રદેશ સાથે એકમાત્ર પાર્થિવ જોડાણ હોવાને કારણે રહેલું છે, જે તેને એક મહત્ત્વપૂર્ણ લશ્કરી અને લોજિસ્ટિકલ ચોક પૉઇન્ટ બનાવે છે જે મુખ્ય ભૂમિ ભારતને તેના આઠ ઉત્તરપૂર્વીય (આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલય સાથે જોડે છે, જેને સામૂહિક રીતે સેવન સિસ્ટર્સ તરીકે ઓળખવામાં આવે છે) રાજ્યો સાથે જોડે છે. આ કોરિડોર નેપાળ, ભુતાન અને બાંગ્લાદેશ સાથે તેની સરહદ વહેંચે છે અને તિબેટની ચુમ્બી ખીણથી માત્ર ૧૩૦ કિમી દૂર છે. તે આપણા દેશ માટે એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. કારણ કે તે ઉત્તરપૂર્વીય રાજ્યોને ભારત સાથે જોડવાનો એકમાત્ર માર્ગ છે. આ કોરિડોરની સાંકડી ભૂગોળ તેને અપવાદરૂપે સંવેદનશીલ બનાવે છે. ફાંસી દેવા (બાંગ્લાદેશ સરહદની નજીક) અને પાણીટાંકી (ભારત-નેપાળ સરહદ પર) વચ્ચેના સૌથી સાંકડા વિસ્તારમાં, તે લશ્કરી ઘૂસણખોરી અને આંતરિક ખલેલ બંને માટે સંવેદનશીલ છે. ચુમ્બી ખીણના ત્રિ-જંકશનની નિકટતા - જ્યાં ભારત, ભુતાન અને ચીન મળે છે - જટિલતાનો બીજો સ્તર ઉમેરે છે.

આ સાંકડો સિલિગુડી કોરિડોર, તે ફરી એકવાર પ્રાદેશિક વ્યૂહાત્મક ધ્યાનના કેન્દ્રમાં છે, આ વખતે બાંગ્લાદેશના કાર્યકારી નેતા મુહમ્મદ યુનુસની તાજેતરની ચીન મુલાકાત દરમિયાનની ટિપ્પણીઓથી ઉશ્કેરાયું. યુનુસે ભારતના ઉત્તરપૂર્વને 'લેન્ડલોક્ડ' તરીકે ઉલ્લેખ કર્યો, જે બાંગ્લાદેશ દ્વારા પરિવહન માર્ગો પર તેની નિર્ભરતા સૂચવે છે અને એ એક મુદ્દા પર ભારત ખૂબ જ સંવેદનશીલ છે. ટિપ્પણીઓએ ભારત તરફથી ઝડપી રાજદ્વારી અને આર્થિક પ્રતિભાવોને વેગ આપ્યો છે, જે કોરિડોરના ઊંડા મૂળવાળા વ્યૂહાત્મક મહત્ત્વને છતી કરે છે.

ઑગસ્ટ ૨૦૨૪માં શેખ હસીનાના સત્તા પરથી ગયા પછી ભારતની ચિંતાઓ વધુ તીવ્ર બની છે. હસીના શાસને નવી દિલ્હી સાથે મૈત્રીપૂર્ણ, સમજદાર અને ગરમ સંબંધો જાળવી રાખ્યા હતા, પરંતુ યુનુસના નેતૃત્વ હેઠળના કાર્યકારી વહીવટી તંત્રે સ્પષ્ટ રીતે અલગ સ્વર અપનાવ્યો છે. હિન્દુ લઘુમતીઓ સામે રાજકીય રીતે પ્રેરિત હુમલાઓ સાથે, ભારત વિરોધી રેટરિકે બાંગ્લાદેશના રાજકીય પ્રવચનમાં મુખ્ય પ્રવાહનું સ્થાન મેળવ્યું છે, જેનો બાંગ્લાદેશ ઇનકાર કરે છે. ભારતીય નીતિ વર્તુળોમાં બીજિંગ સાથે ઢાકાની વધતી નિકટતાને ચિંતાજનક રીતે જોવામાં આવી રહી છે. તાજેતરના બે વિકાસોએ ખાસ કરીને ભારતીય ચિંતાઓમાં વધારો કર્યો છે. બાંગ્લાદેશની ૧ બિલિયન ડૉલરના તિસ્તા નદી પ્રોજેક્ટને ભારતમાંથી ચીન ખસેડવાની યોજના અને ચીનની સહાયથી ઉત્તર બાંગ્લાદેશમાં લાલમોનિરહાટ ઍરબેઝને પુનર્જીવિત કરવું. બંને પ્રોજેક્ટ ભારતની સરહદની નજીક છે અને ભારતીય સુરક્ષા માટે મુખ્ય અસરો ધરાવે છે, ખાસ કરીને દેખરેખ અને વિદેશી લશ્કરી ઉપયોગની શક્યતા અંગે. ચુમ્બી ખીણમાં ચીનના માળખાગત બાંધકામને કારણે સરહદ પર તણાવ પેદા થયો છે. વિશ્લેષકો ચેતવણી આપે છે કે ઉત્તર તરફથી કોઈપણ પ્રતિકૂળ ગતિવિધિ, દક્ષિણ (બાંગ્લાદેશ) તરફથી અસ્થિરતા અથવા દબાણ સાથે, સંભવતઃ કોરિડોરને દબાવી શકે છે, જેનાથી ઉત્તરપૂર્વ ભારતનો સંપર્ક કપાઈ શકે છે. આ કોરિડોરને ભવિષ્યમાં ચીન સાથે સંકળાયેલા કોઈપણ લશ્કરી સંઘર્ષમાં એક અવરોધક બિંદુ તરીકે પણ જોવામાં આવે છે. જો ચીન બાંગ્લાદેશ સાથે વધુ સીધું જોડાણ કરે અથવા લાલમોનિરહાટ જેવા ઠેકાણાઓ સુધી પહોંચ સુરક્ષિત કરે, તો તે ચીનને આ ક્ષેત્રમાં નવો લાભ આપશે.

મુહમ્મદ યુનુસના શાસનકાળમાં, બાંગ્લાદેશના ચીન સાથેના લશ્કરી અને આર્થિક સંબંધો વધુ ગાઢ બન્યા છે. બીજિંગ ઢાકાનો સૌથી મોટો શસ્ત્ર સપ્લાયર રહ્યો છે - જે ફાઈટર જેટ, તોપખાના અને નૌકાદળનાં જહાજો પહોંચાડે છે. તે એક મુખ્ય માળખાગત ભાગીદાર પણ છે, જે બાંગ્લાદેશમાં રસ્તાઓ, રેલવે, પુલ અને ઍરપોર્ટના નિર્માણમાં સામેલ છે. બંને દેશો વારંવાર સંયુક્ત લશ્કરી કવાયતો કરે છે અને ચીની કંપનીઓએ વ્યૂહાત્મક માળખાગત સુવિધાઓ પર પ્રભાવ મેળવ્યો છે, જેનાથી ભારતીય વ્યૂહાત્મક વર્તુળોમાં ચિંતા વધી રહી છે. બાંગ્લાદેશમાં ચીનની વધતી ભૂમિકાએ સિલિગુડી કોરિડોરને લોજિસ્ટિકલ સંપત્તિમાંથી ભૂ-વ્યૂહાત્મક નબળાઈમાં પરિવર્તિત કરી દીધો છે. ભારત બાંગ્લાદેશ પર પોતાની નિર્ભરતા ઘટાડવા માગે છે. આ ઘેરાબંધીના જોખમનો સામનો કરીને, ભારત વૈકલ્પિક કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સને ઝડપી બનાવી રહ્યું છે. કલાદાન મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ મિઝોરમને સિટવે બંદર અને મ્યાનમારમાં પાલેત્વા દ્વારા કોલકાતા સાથે જોડશે. ભારત-મ્યાનમાર-થાઈલૅન્ડ ત્રિપક્ષીય હાઈવેનો ઉદ્દેશ્ય મણિપુરને દક્ષિણપૂર્વ એશિયા સાથે જોડવાનો છે, જેનાથી પ્રાદેશિક જોડાણ માટે ભારતની બાંગ્લાદેશ પર નિર્ભરતા ઓછી થશે. સ્થાનિક સ્તરે, ભારત સિલિગુડી કોરિડોર, દ્વારા મજબૂત રેલ અને હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરી રહ્યું છે, જે લશ્કરી અને નાગરિક સંપત્તિઓની બિનજરૂરી અને ઝડપી જમાવટ સુનિશ્ચિત કરે છે. એક્સેસ પૉઈન્ટના તેના નેટવર્કને વિસ્તૃત કરીને, નવી દિલ્હી ભૂગોળ અને ભૂ-રાજનીતિ બંને દ્વારા ઊભા થતા વ્યૂહાત્મક જોખમોને ઘટાડવાની આશા રાખે છે.

## બૅન્ક નોટ સંગ્રાહકો માટે (ભાગ-3)



શોખ જગત
સૌજન્ય : અરુણ ગાંધી
મોબાઈલ : ૯૩૨૦૧૦૮૩૦૪

આપણે એક, બે અને પાંચની નોટ ડિઝાઇન જોઇ



**દશની નોટની છ ડિઝાઇન :**
(૧) સઢવાળી ૧૯૪૯ની મોટી નોટ, (૨) સઢવાળી ૧૯૬૭ની નાની નોટ, (૩) મોરવાળી ૧૯૭૫ની નોટ, (૪) ૧૯૯૦ની કાશ્મીરના શાલીમાર ગાર્ડનવાળી, (૫) ૧૯૯૬ની ગાંધીજીની પહેલી નોટ, (૬) ૨૦૧૮ની ગાંધીજીની નવી નોટ



**વીસ રૂપિયાની ત્રણ ડિઝાઇન :**
૧) ૧૯૭૫ની સૂર્ય રથનું પૈડું
૨) ૨૦૨૦ની ગાંધીજીની નોટ
૩) ગંધીજીની નવી નોટ



**પચાસ રૂપિયાની ત્રણ ડિઝાઇનઃ**
૧) ૧૯૭૫ની પાર્લમિન્ટ હાઉસની
૨) ૧૯૯૭ની ગાંધીજીની
૩) ૨૦૧૭ની ગંધીજીની નવી નોટ

## ? ✓ પૂછે સો પંડિત હોય...

**આજના સવાલ**

**(૧) શાહરુખ ખાને કઈ ફિલ્મથી બૉલીવૂડમાં કારકિર્દીની શરૂઆત કરી હતી ?**
(અ) બાઝીગર (બ) ડર (ક) દીવાના

**(૨) શાહરુખ ખાનનો પૈતૃક પરિવાર મૂળ ક્યાંનો છે ?**
(અ) કાશ્મીર (બ) અફઘાનિસ્તાન (ક) પેશાવર

**(૩) શાહરુખ ખાનની માલિકીની આઈપીએલની ટીમનું નામ શું છે ?**
(અ) ચેન્નાઈ સુપર કિંગ્સ (બ) રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (ક) કોલકાતા નાઈટ રાઈડર્સ

(આ સવાલોના જવાબ જુઓ આવતીકાલે)

**ગઈકાલના જવાબ**

(૧) વીગન શબ્દની શોધ ડોનાલ્ડ વૉટસને કરી હતી.
(૨) વીગન આહાર વનસ્પતિજન્ય હોય છે.
(૩) વર્લ્ડ વીગન ડેની ઉજવણીની શરૂઆત ૧૯૯૪થી શરૂ થઈ હતી.

# જેનેસિસ-'ઇનોવેટિવ સ્ટાર્ટઅપ્સ માટે જનરેશન-નેક્સ્ટ સપોર્ટ'

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજી મંત્રાલય ભારત સરકારે ટિયર-II અને ટિયર-III શહેરોમાં સફળ સ્ટાર્ટઅપ્સને શોધવા, ટેકો આપવા, વિકસાવવા અને વેગ આપવા માટે ૫ વર્ષ માટે ૪૯૦ કરોડના બજેટ સાથે એક છત્ર યોજના જેનેસિસ (નવીન સ્ટાર્ટઅપ્સ માટે જનરેશન-નેક્સ્ટ સપોર્ટ) શરૂ કરી છે, જેમાં સર્વસમાવેશકતા, સુલભતા, પરવડે તેવા સિદ્ધાંતોના આધારે ડિજિટાઈઝેશનને પ્રોત્સાહન આપવા માટે સ્ટાર્ટઅપ્સ, સરકાર અને કૉર્પોરેટ વચ્ચે સહયોગી જોડાણ પર ભાર મૂકવામાં આવ્યો છે, જે રોજગાર અને આર્થિક આઉટપુટમાં વૃદ્ધિ તરફ દોરી જાય છે.

**યોજનાના ઉદ્દેશો :**

-વર્તમાન સ્ટાર્ટઅપ-કેન્દ્રિત યોજનાઓ અને ખયશઢિંના કાર્યક્રમોનું એકત્રીકરણ અને મજબૂતીકરણ.

ટીયર-II અને ટીયર-IIIનું નિર્માણ વિવેચનાત્મક સમર્થન માટે ભંડોળ કેન્દ્રિત કરે છે.

- પાયલોટ/ ઈન્વેસ્ટમેન્ટ, અર્લી સ્ટેજ અને ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ.
- કાર્યશાળાઓ, બૂટ કેમ્પ, પરિષદો વગેરે સહિત સામુદાયિક નિર્માણ પહેલ, ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને ખયશઢિં સ્ટાર્ટઅપ્સ સંબંધિત પહેલની બ્રાન્ડ અને માન્યતાનું નિર્માણ કરવું.

**લક્ષિત લાભાર્થીઓઃ** જિનેસિસ યોજનાના લક્ષિત લાભાર્થીઓમાં ભારતમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના નિર્માણ, પ્રોત્સાહન અને પ્રવેગમાં



જાણો આપના અધિકાર
બિમલ ભુતા
bimal.bhuta@gmail.com

રોકાયેલા તમામ હિતધારકોનો સમાવેશ થાય છે.

**મુખ્ય હિતધારકોઃ-** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓ-ઉભરતા ઉદ્યોગસાહસિકો-સ્ટાર્ટઅપ કંપનીઓ અને તેમના કર્મચારીઓ

- ઈન્ક્યુબેટર્સ, સીઓઈ અને એક્સેલરેટર્સ
- માર્ગદર્શકો અને રોકાણકારો-નવીનતા સાથે સંકળાયેલી કંપનીઓ - આધારિત વૃદ્ધિ

**પસંદગી માપદંડઃ** યોજનાઓના લાભાર્થી અથવા એમએસએચ સાથે નોંધાયેલા.

- ડીપીઆઈઆઈટી રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ.
- કંપની અધિનિયમ, ૨૦૧૩ મુજબ, યોજના માટે ઈન્ક્યુબેટરને અરજી કરતી વખતે સ્ટાર્ટઅપમાં ભારતીય પ્રમોટર્સ દ્વારા શૅરહોલ્ડિંગ ઓછામાં ઓછું ૫૧ ટકા હોવું જોઈએ.
- પૂર્ણ-સમયના સીઈઓ હોય અને બજાર માટે તૈયાર ઉત્પાદનો હોય અને વ્યવસાયના વિકાસ અને વ્યાપારીકરણ (ચોક્કસ વર્ગોમાં) માટે ભંડોળની માગ કરી રહ્યા હોય

**યોજના અમલીકરણ પ્રક્રિયા :**

- એમઈઆઈટીવાય સ્ટાર્ટઅપ હબ (એમએસએચ) આશરે રૂા. ૫૦ અમલીકરણ એજન્સીઓ (આઈએએસ) પ્રાધાન્યમાં દેશના ટાયર-II અને ટાયર-III શહેરોમાંથી.
- અમલીકરણ ભાગીદારો અને સ્ટાર્ટઅપ્સની પસંદગી નિષ્ણાતો દ્વારા નિર્ધારિત અને સંરચિત પસંદગી પ્રક્રિયાના આધારે કરવામાં આવશે.
- જેનેસિસ યોજના હેઠળ ચાર ઘટકો છે. જોકે, તે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને ટેકો આપશે?

આઈડિયા સપોર્ટ (ઈઆઈઆર), પાયલોટ (પીઓસી) સપોર્ટ, ડીપ-ટેક સ્ટાર્ટઅપ સપોર્ટ અને ઈન્વેસ્ટમેન્ટ સપોર્ટ

**સંપર્ક વિગતોઃ** મીટી સ્ટાર્ટઅપ હબ ૨૦૪૪, ઈલેક્ટ્રોનિક્સ નિકેતન, ૬, સીજીઓ કૉમ્પ્લેક્સ, લોધી રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૩
ટેલિ. : ૦૧૧-૨૪૩૦૧૨૪૪

## કર્ટન કોલ

# હાલો પટેલભાઈની જાનમાં : ફ્રેશ કૉમેડીની જમાવટનો દાવ

લગ્નવાંછુ અને લગ્ને લગ્ને કુંવારા આ બન્ને આપણા નાટ્યકારોના પ્રિય પાત્રો છે. ધારો કે, આ બન્નેને એકસાથે લાવવામાં આવે તો? આવું જ કંઈક દેવિન્દ્રા આર્ટ્સ સર્જિત હાલો પટેલભાઈની જાનમાં જોવા મળવાનું છે. નિમેષ શાહ-મલ્લિકા શાહની જોડીનાં નાટકો પાસેથી દર્શકોને જે અપેક્ષા હોય છે, એ બધું જ હાલો પટેલભાઈ....માં પણ છે જ, એવો દાવો લેખક-દિગ્દર્શક-અભિનેતા નિમેષ શાહનો છે, તેઓ વધુમાં કહે છે કે, સિચ્યુએશન દ્વારા કૉમેડી, લોકો ખડખડાટ હસી પડે એવા સંવાદો તથા તદ્દન નવી રમૂજ આપવાનો અમારો પ્રયાસ હોય છે, જે અહીં પણ જળવાયો છે.

જૂનાગઢનો કરસન પટેલ (નિમેષ શાહ) પાંત્રીસ વર્ષનો થઈ ગયો છે અને અત્યાર સુધીમાં ૪૯ છોકરીઓ તેને રિજેક્ટ કરી ચૂકી છે. હવે પચાસમી છોકરી અને સંભવિત ભાવિ પત્નીને મળવા બાળપણની બહેનપણી ઝમકુડી (મલ્લિકા શાહ) સાથે મુંબઈ આવે છે. શ્વેતા (જિજ્ઞા ત્રિવેદી-વૈદ્ય) નામની આ કન્યાને જોતાંવેંત પટેલભાઈ તો પ્રેમમાં પટકાય છે, પણ અહો આશ્ચર્યમ્ પેલીને પણ કરસન પસંદ પડે છે અને ઘડિયા લગ્ન લેવાય છે, પણ ભલાભોળા પટેલભાઈના પાસા આમ તે કંઈ પોબારા પડે? પરિસ્થિતિમાં એવો વળાંક આવે છે કે, પરણવા આવેલા પટેલને મૂંડાવાનું થાય છે. કરસન-ઝમકુડીની જોડી એ પછી હિંમત ન હારતાં ધડબડાટી બોલાવે છે, જેમાંથી રમૂજની સરવાણી ફૂટે છે. 'આ નાટકમાં તમને સો ટકા ફ્રેશ કૉમેડી જોવા મળશે. સોશિયલ મીડિયાને કારણે રમૂજ આજકાલ જલ્દી વાસી થઈ જાય છે. આ નાટક ન તો કોઈ મરાઠી નાટકનું રૂપાંતર છે કે ન તો કોઈ જૂના નાટકને નવા નામ સાથે પીરસ્યું છે. થોડા વખત પહેલાં મેં એક સમાચાર વાચ્યા હતા, તેના આધારે નાટક લખાયું છે,' એમ નિમેષ શાહ કહે છે. નિમેષ-મલ્લિકાની જોડીએ આ પહેલાં વાઈફ હૅપી તો લાઈફ હૅપી, ફાફડા જલેબી, શ્રીમતી ૪૨૦, વટથી કહો અમને નમૂના છીએ, જસુબેન જોરદાર અને મમ્મી મારી યમુના અને અમે એના નમૂના જેવાં નાટકો આપ્યાં છે.

**આશિષ ભીન્ડે**

લેખન-દિગ્દર્શન સાથે નાટકમાં અભિનય પણ કરવાનું મુશ્કેલ છે કે આસાન? 'બહુ ડિફિકલ્ટ હોય છે, કેમ કે બાઉન્ડ સ્ક્રિપ્ટ હોય નહીં એટલે લખવાની સાથે નાટક સેટ કરવું અને એમાં અભિનય પણ કરવો. વળી, કૉમેડીના ટાઈમિંગ સાથે રમૂજની ફ્રેશનેસનું પણ ધ્યાન રાખવાનું હોય છે. વળી, ટિપિકલ પાત્રોથી કંઈક અલગ કરવાની નેમ રાખીએ છીએ, પણ મનોરંજન સાથે બાંધછોડ ન થાય એની તકેદારી પણ ખરી. પડકાર ખરો પણ એની આગવી મજા પણ છે,' નિમેષ કહે છે. હાલો પટેલભાઈની જાનમાં-માં અન્ય કલાકારો છે પીયૂષ અઢિયા, અંકિતા રાવલ અને જિજ્ઞા ત્રિવેદી-વૈદ્યનો સમાવેશ થાય છે.




# કાકા કરે કૂકડે કૂક ? મિડલ ક્લાસના માણસની મિડ-લાઈફ ક્રાઈસિસ

મિડલ ક્લાસનો માણસ ગુજરાતી રંગભૂમિના સર્જકોને અતિ પ્રિય છે અને એટલે જ સામાન્ય મધ્યમવર્ગીય માણસને જાત-ભાતની પરિસ્થિતિઓમાં મૂકી, એમાંથી નીપજતી રમૂજને નાટકમાં વણી લેવાનો ટ્રેન્ડ જોવા મળે છે. મિડ-લાઈફ ક્રાઈસિસ અનુભવી રહેલા આવા જ મિડલ ક્લાસના માણસની વાત ધરાવતું આસિફ પટેલ નિર્મિત, ઈમ્તિયાઝ પટેલ લિખિત અને આશિષ ભટ્ટ દિગ્દર્શિત-અભિનિત નાટક 'કાકા કરે કૂકડે કૂક' આજે રજૂ થઈ રહ્યું છે. સિદ્ધાર્થ રાંદેરિયાની ગુજ્જુભાઈ શ્રેણીની જેમ આશિષ ભટ્ટની કાકા સિરીઝ પણ દર્શકોમાં લોકપ્રિયતા પામી છે. પાંચેક વર્ષથી ચાલતી આ સિરીઝની શરૂઆત 'કાકા કો કુછ કુછ હોતે હૈ'થી થઈ હતી, એ પછી 'કરસવ કાકા જોરદાર', 'કાકા લાવે કેશ, બધા કરે એશ', 'કાકા ચોવીસ કેરેટ'ના પછી હવે 'કાકા કરે કૂકડે કૂક' કરવા આવી રહ્યા છે.

જયંત કંસારા (આશિષ ભટ્ટ) મિડ-લાઈફ ક્રાઈસિસમાંથી પસાર થઈ રહ્યા છે. સૌ કોઈ કાકા કહી બોલાવે એ વયે પહોંચેલા કંસારાની સમસ્યા એ છે કે તેઓ પત્ની સાથે ઝઘડ્યા કરે છે અને પોતાના કર્મચારીઓને ધધડાવ્યા-ખખડાવ્યા કરે છે. ટૂંકમાં, કાકા સતત ખીજાયેલા જ રહે છે, કેમ કે જીવનમાંથી રૉમાન્સ અને રોમાંચ બંનેની બાદબાકી થઈ ગઈ છે. મદન પટેલ (ધ્રુવ બારોટ) નામનો કાકાનો સહાયક તેમને સલાહ આપે છે કે લગ્નજીવન સુખી બનાવવું હોય તો બહાર તણખો શોધો, કોઈકના પ્રેમમાં પડો. કાકા ઑફિસની રિસેપ્શનિસ્ટ ચાંદની (હેમ જોશી) સાથે ઈલુ ઈલુ ચાલુ કરે છે, એ સાથે તેમનું જીવન બદલાઈ જાય છે, પણ એ પછી પરિસ્થિતિ એવો તાનપલટો લે છે કે તેઓ બરાબરના ફસાય છે. ઈમ્તિયાઝ પટેલનું ઓરિજિનલ નાટક છે અને તેમાં આવતી સિચ્યુએશન્સ કૉમેડી એવી છે કે દર્શકોને મજા પડશે. કાકાને પણ ઑડિયન્સે સ્વીકાર્યા છે, પ્રેમ આપ્યો છે, આથી 'કાકા કરે કૂકડે કૂક'માં આ બે બાબતોનો સમન્વય રંગ રાખશે. અમે ઑલરેડી નાટકના પાંચેક પ્રયોગો કર્યા છે અને પ્રતિસાદ જબરદસ્ત રહ્યો છે,' એમ દિગ્દર્શક-અભિનેતા આશિષ ભટ્ટ જણાવે છે.

'કાકા કો કુછ કુછ હોતા હૈ'ના ૨૮૦ શો થયા એ પછી મારા એક મિત્રએ સૂચવ્યું કે ગુજ્જુભાઈની જેમ કાકાની સિરીઝ કરવી જોઈએ. એ પછી યોગાનુયોગે એવી સ્ક્રિપ્ટ મળતી ગઈ અને સાથે જ દર્શકોનો પ્રેમ પણ મળવા લાગ્યો,' એમ આશિષભાઈ કહે છે. કાકા શ્રેણીમાં આશિષ ભટ્ટનું પર્ફોર્મન્સ નાટકની યુએસપી હોવાનું જોવા મળ્યું છે. સાથે જ પરિસ્થિતિમાંથી ઊપજતું હાસ્ય તેની બ્રાન્ડ ઈમેજ છે, જે આ વખતે પણ હશે જ. સહકલાકારોમાં વૈશાલી પરમાર, હેમ જોશી, ધ્રુવ બારોટ તથા કમલેશ પરમાર સાથે સીઆઈડી ઈન્સ્પેક્ટરની વિશેષ ભૂમિકામાં જયદીપ શાહ જોવા મળવાના છે.



## જન્મભૂમિ-પ્રવાસીનાં કટાર લેખિકા દેવાંગી દલાલને નેશનલ એવૉર્ડ



મુંબઈ : ભારત સરકારના દિવ્યાંગજન સશક્તીકરણ વિભાગ દ્વારા દિવ્યાંગજનોના કલ્યાણ માટે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારાઓને નેશનલ એવૉર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫નો આ નેશનલ એવૉર્ડ દેવાંગી પરાગ દલાલ અને રાજીવ ભટ્ટને આપવામાં આવ્યો છે. દેવાંગી દલાલને મૂક-બધિર બાળકોના ઉત્કર્ષ માટે ૩૩થી વધુ વર્ષ આપેલા યોગદાન બદલ આ પુરસ્કાર મળી રહ્યો છે. એવૉર્ડ એનાયત સમારંભ ત્રીજી ડિસેમ્બરે યોજાશે.



જહાંગીર આર્ટ ગૅલરીમાં 'અહેસાસ' ચિત્ર પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારોહમાં સ્નેહલ મુઝુમદાર અને જસ્ટિસ તાટે હાજર હતા

### વ્યક્તિ વિશેષ

## કૃષ્ણા નેહરુ હઠીસિંહ



**જ. ૨ નવેમ્બર, ૧૯૦૭**
**અ. ૯ નેમ્બર, ૧૯૬૭**

જવાહરલાલ નેહરુ અને વિજયાલક્ષ્મી પંડિતની સૌથી નાની બહેન અને લેખિકા કૃષ્ણાનો જન્મ અલાહાબાદના મીરગંજમાં થયો હતો. પિતા મોતીલાલ અને માતા સ્વરૂપરાણી. તેમનાં લગ્ન અમદાવાદના સુપ્રસિદ્ધ હઠીસિંહ પરિવારના ગુણોત્તમ (રાજા) હઠીસિંહ સાથે થયાં હતાં.

કૃષ્ણાએ અને તેમના પતિએ ભારતની સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો અને જેલવાસ પણ ભોગવ્યો હતો. કૃષ્ણાને સાત વખત જેલવાસ થયો, જેમાં સૌથી લાંબો જેલવાસ ૧૪ મહિના અને ૧૦ દિવસનો હતો. ૧૯૩૧માં પ્રથમ વખત તેમને જેલની સજા થઈ હતી. ત્યારબાદ બીજી વખત ૧૯૩૨માં ૧૧ માસની જેલની સજા થઈ હતી. ૧૯૫૦માં તેઓ તેમના પતિ સાથે અમેરિકામાં વ્યાખ્યાન માટે ગયાં અને ભારતની આઝાદીની લડાઈ પર તેમના અનુભવો રજૂ કર્યા હતા. તેઓ 'વોઈસ ઓફ અમેરિકા' સાથે જોડાયાં અને અનેક પ્રવચનો આપ્યાં.

તેઓ પંડિત નેહરુની ટીકા કરતાં હતાં. ૧૯૫૨માં કોંગ્રેસ પક્ષ વિરુદ્ધ ધરણા પર ઊતર્યાં હતાં. તેઓ ૧૯૫૮માં ઈઝરાયલ ગયાં અને પ્રથમ વડાપ્રધાન ડેવિડ બેન ગુરિયને મળ્યાં હતાં. તેમણે ૧૯૫૯માં સી. રાજગોપાલાચારીને ફ્રીડમ પાર્ટી માટે ટેકો આપ્યો. તેઓ મુંબઈ રાજ્યમાં કોંગ્રેસ પક્ષની સામે સમાજવાદી તરીકે ચૂંટણી લડ્યાં હતાં.

તેમણે સાત જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેમનાં પુસ્તકોમાં જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધીના જીવનની વાતો લખી છે. 'વી નેહરુસ, વિથ નો રિગ્રેટ્સ - એન ઓટોબાયોગ્રાફી', 'ડિયર ટુ બી હોલ્ડ : એન ઈન્ટિમેટ પોર્ટ્રેટ ઓફ ઈન્દિરા ગાંધી', 'શેડોઝ ઓન ધ વોલ, ધ સ્ટોરી ઓફ ગાંધીજી', 'નેહરુઝ લેટર્સ ટુ હિઝ સિસ્ટર' તેમનાં જાણીતાં પુસ્તકો છે. તેમના પતિ પણ લેખક હતા.


**(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)**

## ચીનની રમત : સોના ઉપર ખાસ છૂટ ખતમ

### ભારત અને ગ્લોબલ માર્કેટમાં સોનાની કિંમત વધવાની શંકા

બીજિંગ, તા. ૧ : ચીને સોનાને લઈને દુનિયાને એક મોટો આંચકો આપ્યો છે. જેનો સામનો ચીનના લોકોને પણ કરવો પડશે. આ નિયમ પહેલી નવેમ્બરથી લાગુ થયો છે. હકીકતે ચીને અચાનક નિર્ણય લીધો છે કે હવે સોનાના વેચાણ ઉપર ટેક્સ છુટને સમાપ્ત કરવામાં આવી છે. જેનાથી ગ્રાહકો માટે કિંમત વધી શકે છે અને દનિયાની સૌથી મોટી શરાફી બજારો માટે મોટો આંચકો બની શકે છે. બ્લુમબર્ગના રિપોર્ટ અનુસાર ચીનના નાણા મંત્રાલયે પહેલી નવેમ્બરથી ઘોષણા કરી છે કે સોનાના છુટક વિક્રેતાઓને શંઘાઈ ગોલ્ડ એક્સચેન્જથી ખરીદવામાં આવેલા સોનાને વેચવા ઉપર વેટની ભરપાઈ કરવાની મંજૂરી મળશે નહીં. સરળ શબ્દો અનુસાર શંઘાઈ એક્સચેન્જથી ખરીદ્યા બાદ સોનાને વેચવા ઉપર કોઈપણ પ્રકારની ટેક્સ છુટ મળશે નહીં. આ નિયમ તમામ પ્રકારના સોના ઉપર લાગુ થશે. ચીનના નાણા મંત્રાલય તરફથી સોના ઉપરથી વેટની છુટ હટાવવાનો નિર્ણય એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે ચીનનું અર્થતંત્ર સુસ્ત છે. રિયલ એસ્ટેટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પહેલા જેટલો વિકાસ જોવા મળી રહ્યો નથી. તેવામાં ચીન અર્થવ્યવસ્થાના વિકાસ માટે નવા તક્ની શોધમાં છે.

## અંગ્રેજી અને ગુજરાતીનો સમન્વય ધરાવતું પંચાંગ 'શ્રી ઉત્સવ મંગલ'




અંગ્રેજી માધ્યમમાં ભણેલી યુવા પેઢીને ગુજરાતી વાચતા ખાસ આવડતું નથી. આથી જ્યારે તિથિ કે પંચાંગની વિગતો જાણવી હોય ત્યારે મુશ્કેલી થાય છે. શ્રી ઉત્સવ મંગલ પંચાંગે આ મુશ્કેલી દૂર કરી છે. સંવત ૨૦૮૨ના શ્રી ઉત્સવ પંચાંગમાં ડાબી બાજુના પાને ગુજરાતીમાં અને જમણી બાજુના પાને અંગ્રેજી ભાષામાં પંચાંગની વિગતો છે. મુખપૃષ્ઠ પર શ્રીનાથજીની મનમોહક છબી છે. રોજિંદી વિગતોમાં તિથિ, સમય, વાર, તારીખ, નક્ષત્ર તથા સંબંધિત દિવસની વિગતો ક્રમ વાર આપી છે. બારે મહિનાના પંચાંગની વિગતો પૂરી થયા બાદ સંવત ૨૦૮૨ના દિવાળીનાં શુભ મુહૂર્તો, ગ્રહણો અને એકાદશી વ્રતની વિગતો છે. આ ઉપરાંત ગોવિંદ દામોદર સ્તુતિ અને લાલાને લાડ લડાવો, લાલાને માખણ ભાવે રે, વ્રજ વહાલુ રે જેવાં ભજન અને છેલ્લે કુંજ બિહારીની આરતી પણ છે. દિવસ-રાત્રિનાં ચોઘડિયાં સાથે લાલબાગચા રાજાના ગણપતિ અને શ્રીનાથજીનાં વિવિધ સ્વરૂપોની ઝાંખી પણ આ પંચાંગમાં થાય છે.

## આદિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ડાયાલિસીસ દરદી દત્તક યોજના તથા માસિક અન્ન ધાન્ય કિટ વિતરણ

મુંબઈ : આદિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ખજાનચી આચાર્ય પવન ત્રિપાઠીના માર્ગદર્શનમાં અને ગુજરાતી સેવા સમાજ, મુંબઈના સ્થાપક બિમલ ભુતાના સહયોગથી જરૂરિયાતમંદ અને વિલે પાર્લે-પશ્ચિમના રહેવાસીઓ માટે ડાયાલિસિસ દરદી દત્તક યોજના અને દર મહિને અનાજ વિતરણનો આરંભ કરાયો છે. ૧૯મી નવેમ્બર સુધીમાં સાંજે પાંચથી રાત્રે આઠ વાગ્યા સુધી મો. નં. : ૯૮૨૦૦૯૬૮૮૮ ઉપર નોંધણી માટે સંપર્ક કરવો. આ યોજનામાં જરૂરિયાતમંદ લોકો તથા વિલે પાર્લે (વેસ્ટ)ના રહેવાસીઓ જ સહભાગી થઈ શકશે. સરનામું : રેડિયો ટોન, દુકાન નં. ૫, વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલે પાર્લે-પશ્ચિમ.

## સોલાપુર ગુજરાતી મિત્ર મંડળની નવી કાર્યકારીણી



મુકેશ મહેતા



મણિકાંત દંડ



જયેશ પટેલ



સંદીપ ઝવેરી



ચીમનલાલ પટેલ

મુંબઈ : સોલાપુર ગુજરાતી મિત્ર મંડળ - સોલાપુર ૮૭ વર્ષ જૂની સામાજિક-સાંસ્કૃતિક સંસ્થા છે. આ વર્ષે પણ ચૂંટણી વિના, સર્વાનુમતે નવી કાર્યકારીણીની પસંદગી કરવામાં આવી છે. આગામી ત્રણ વર્ષ ૨૦૨૫-૨૦૨૮ માટે પ્રમુખ તરીકે મુકેશભાઈ મહેતા તથા સચિવ જયેશ પટેલની પસંદગી કરવામાં આવી છે. અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ મણિકાંતભાઈ દંડ, સહસચિવ સંદીપ ઝવેરી, ખજાનચી ચીમનભાઈ પટેલ સાથે ટ્રસ્ટીઓમાં બિપીનભાઈ પટેલ, કેશવજીભાઈ રાંભિયા, વિજયભાઈ પટેલ, રમેશભાઈ ગોરાડિયા, કમિટી ચૅરમૅન : દવાખાના-કૌશિક શાહ, અતિથિગૃહ - કાંતિભાઈ પટેલ, વાંચનાલય - સ્વાતિબેન દેસાઈનો સમાવેશ થાય છે. અન્ય કારોબારી સભ્યો : મીરાં દેસાઈ, જગદીશ પટેલ, સંજય શાહ, સંજય પી. પટેલ, મનીષ રાંભિયા, નિલેશ પટેલ, હિતેન્દ્ર વોરા, રાજેશ દેઢિયા, જિતેન્દ્ર પટેલ, મિતેશ પંચમિયા, અમિત પટેલ, અતુલ પટેલ, અનિલ પટેલ, ખુશાલ દેઢિયા, ધીરેન ગડા, મેહુલ પટેલ, ધર્મેશ રાડિયા, હસુમતીબેન પટેલ અને અરુણાબેન શાહ છે.

## દૈનંદિન પંચાંગની શાસ્ત્રોક્ત સંક્ષિપ્ત વિગતોનો સમાવેશ ધરાવતું 'વૈદિક પંચાંગ'




છેલ્લાં ૨૬ વર્ષથી વસંત પુરાણી મુલુંડથી વૈદિક પંચાંગ બહાર પાડે છે. ૧૯૯૭માં તેમણે નાના પાયે હસ્તલિખિત પંચાંગથી શરૂઆત કરી હતી. આજે તે સંપૂર્ણ પંચાંગ તરીકે જાણીતું બન્યું છે. વૈદિક પંચાંગમાં મોટા પંચાંગમાં રહેલી તમામ માહિતી સંક્ષિપ્તમાં છતાં સામાન્ય લોકો સમજી શકે તેવી વિગતે અને છુટા અક્ષરોમાં છે. વિક્રમ સંવત ૨૦૮૨ , ઈ.સ. ૨૦૨૫-'૨૬નાં ૬૦ પાનાંના પંચાંગની શરૂઆત સંકનાશક ગણેશસ્તોત્રમ્‌થી થાય છે. ત્યાર બાદ દિવસ અને રાત્રિનાં ચોઘડિયાંનાં ચોકઠાં છે. પંચાંગમાં સંવત ૨૦૮૨નાં ગ્રહણો, હોળાષ્ટક સાથે દરેક માસની એકાદશી અને પૂનમની તિથિની વિગતો શરૂઆતમાં જ આપવામાં આવી છે જેથી વડીલોને સરળતાથી મળી રહે. ત્યાર બાદ દૈનંદિન પંચાંગમાં પ્રથમ અંગ્રેજી તારીખ, વાર, તિથિ, જે-તે દિનની વિશેષતાની વિગત, તિથિ પૂરી થવાનો સમય, નક્ષત્ર પૂર્ણ થવાનો સમય, યોગ, કરણ, ચંદ્ર રાશિ પ્રવેશ, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય આપવામાં આવ્યા છે. પંચાંગને અંતે લગ્ન મુહૂર્તો, વાસ્તુ-કળશનાં મુહૂર્તો અને જનોઈનાં મુહૂર્તો, જાહેર તહેવારો વાર - તારીખ સાથે, શનિની પનોતીની રાશિ વાર વિગતો, રાશિ અનુસાર આવક-જાવકની ગણતરી તથા શુભ કાર્યો માટે દિનશુદ્ધિ અને મુહૂર્તની સમજ આપવામાં આવી છે. સમીર સેજપાલના જ્યોતિષી માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ પંચાંગની કિંમત રૂા. ૧૫ છે.

## હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ દ્વારા સન્માન સમારોહ

મુંબઈ : હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ દ્વારા સંચાલિત કૉલેજ બુક બૅન્ક સમિતિ/હાયર ઍજ્યુકેશન સમિતિના સંયુક્ત ઉપક્રમે ઉચ્ચ અભ્યાસ તથા પોસ્ટ ગ્રૅજ્યુએશનમાં ઉચ્ચ ગુણાંક મેળવેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહનું આયોજન રવિવાર, બીજી નવેમ્બરે સાંજે ચાર વાગ્યે હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદિવલી ખાતે કરાયું છે.

## સૂર્ય મંદિરમાં તુલસી વિવાહ ઉત્સવની ઉજવણી

મુંબઈ : હરજીવન વસનજી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત દક્ષિણ મુંબઈના સી. પી. ટેન્ક સ્થિત સૂર્યનારાયણ મંદિરમાં રવિવાર, બીજી નવેમ્બરે સાંજે ૬.૩૦ વાગ્યે દેવઊઠી એકાદશી નિમિત્તે તુલસી વિવાહનો મનોરથ ઊજવાશે. મંદિરમાં વર્ષભર થનારી ઉજવણી તથા અન્ય માહિતી માટે પૂજારી પરિમલ પુરોહિતનો મો. નં. ૯૦૨૨૬ ૮૪૬૬૭ ઉપર સંપર્ક કરવો, એવી માહિતી ધર્મેશ વકીલે આપી છે.

## લૉસ એન્જલસમાં ગુજરાતી યુનિટી ફેસ્ટિવલ દિવાળીની ઉજવણી



ગુજરાતી ઑફ નૉર્થ અમેરિકા (જીઓએનએ-ગૉના) અને લવ સ્પોર્ટ્સે લૉસ એન્જલસના સનાતન ધર્મ મંદિરમાં ગુજરાતી યુનિટી ફેસ્ટિવલ દિવાળીની ઉજવણી કરાઈ હતી. ગૉનાના પ્રમુખ પ્રમોદ મિસ્ત્રી અને સ્વયંસેવકોની ટીમે આ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું અને ડૉ. જગદીશ તથા હર્ષ પટેલ પ્રાયોજક હતા. યુકેના ભાવિક હરિયાના ભજન પરફૉર્મન્સથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. માનસી મહેરાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. આ પ્રસંગે હર્ષા પટેલ, રિકા શાહ, પુષ્પા પટેલ, ઉષા વાઢેર, નલિની સોલંકી, રેખા બજરિયા, ડૉ. દક્ષા જૈન કાપડિયા અને પ્રીતિ શાહને 'જ્વેલ્સ ઑફ લૉસ એન્જલ્સ'નો ખિતાબ આપીને સમ્માનવામાં આવી હતી. લેખક, વાર્તાકાર અને રામાયણના નિર્માતા શાંતનુ ગુપ્તાનો ઈન્ટરવ્યુ રજૂ કરાયો હતો. કૉમેડિયન રાજીવ સત્યપાલે સ્ટેન્ડઅપ કૉમેડી રજૂ કરી. આ ઉજવણીમાં ડૉ. જગ્ગી પટેલ, બી. યુ. પટેલ, મનુ શાહ, ડૉ. અરવિંદ મહેતા, ડૉ. હરિસિંહ ચૌહાણ, કનકસિંહ ઝાલા, ડૉ. અનિલ શાહ, જવાહર શાહ, કેતન શર્મા, ચતુર પટેલ, જગદીશ પુરોહિત, રસિક પટેલ, ચીમન અડિઅલ, રશ્મિ ગાંધી, વરુણ ગાંધી, ડૉ. મનોજ શાહ, તુલસી સવાણી, સ્મિતા પરમાર, સિદ શાહ, અધીર શાહ, ભાવિન મહેતા, ડૉ. ગુણવંત અને ઈલા મહેતા તથા શૈલેશ મહેતા સામેલ થયાં હતાં.

# આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મહિલા વિશ્વ કપની ફાઇનલ

### બન્ને ટીમ પહેલી વખત વિશ્વવિજેતા બનવા મેદાનમાં ઉતરશે, બપોરે ત્રણ વાગ્યાથી શરૂ થશે મૅચ




નવી દિલ્હી, તા. ૧ : ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રવિવારે બીજી નવેમ્બરના રોજ આઈસીસી મીહલા ક્રિકેટ વિશ્વકપ ૨૦૨૫નો ફાઈનલ મુકાબલો રમાવાનો છે. આ મેચમાં બન્ને ટીમની નજર પોતપોતાના પહેલા ખિતાબ ઉપર રહેશે. ભારત ટ્રોફી ઉઠાવવા ખુબ જ ઉત્સુક રહેશે કારણ કે ૨૦૦૫ અને ૨૦૧૭ બાદ ત્રીજો વનડે વિશ્વકપ ફાઈનલ છે. જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ પહેલી વખત મહિલા વિશ્વકપના ફાઈનલમાં પહોંચી છે. ભારતે નિરાશ થવાની જરૂર નથી કારણ કે ઈંગ્લેન્ડ અને ન્યુઝિલેન્ડે પણ વિશ્વકપના ફાઈનલમાં પોતાના ત્રીજા પ્રયાસમાં ટ્રોફી જીતી હતી. આવી જ સ્થિતિ ભારતીય મહિલા ટીમની છે.

વર્ષ ૨૦૦૫મા દક્ષિણ આફ્રિકામાં રમાયેલા વિશ્વ કપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૯૮ રને હરાવ્યું હતું. જ્યારે ૨૦૧૭મા ઈંગ્લેન્ડે ઘરેલુ મેદાનમાં રોમાંચક ફાઈનલ દરમિયાન ભારત સામે નવ રને જીત નોંધાવી હતી. મહિલા વિશ્વકપના શરૂઆતી બે આયોજનમાં વિજેતાનો નિર્ણય લીગ તબક્કાના અંકના આધારે થયો હતો. જેમાં ૧૯૭૩મા ઈંગ્લેન્ડ અને ૧૯૭૮મા ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન બન્યું હતું.

વિશ્વકપમાં ફાઈનલની પ્રથા ૧૯૮૨થી શરૂ થઈ હતી. ઈંગ્લેન્ડને ૧૯૮૨ અને ૧૯૮૮મા ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. જો કે ટીમે ૧૯૯૩મા ન્યુઝિલેન્ડને હરાવીને પહેલી વખત વિશ્વકપ ફાઈનલ જીત્યો હતો.

ન્યુઝિલેન્ડ બાદમાં ૧૯૯૭મા ભારતમાં રમાયેલા વિશ્વકપ ફાઈનલમાં પહોંચ્યું હતું પણ ઓસ્ટ્રેલિયા સામે હાર મળી હતી. બાદમાં ન્યુઝીલેન્ડે ઘરેલુ મેદાન ઉપર ૨૦૦૦મા રમાયેલા વિશ્વકપમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ઈંગ્લેન્ડની જેમ ત્રીજા પ્રયાસે સફળતા મેળવી હતી.

ભારત વિશ્વકપમાં ત્રીજો ફાઈનલ દક્ષિણ આફ્રિકા સામે રમવા માટે તૈયાર છે. બન્ને દેશ વચ્ચે ૩૩ વનડે મેચમાં ૨૦ જીત સાથે ભારતનું પલડું ભારે છે. જો કે વિશ્વકપમાં મુકાબલો બરાબરીનો છે. વનડેમાં બન્નેએ એકબીજા સામે ત્રણ ત્રણ જીત નોંધાવી છે. દક્ષિણ આફ્રિકા એકમાત્ર એવી ટીમ છે જેને ભારતે ૨૦૧૭ બાદથી વિશ્વકપમાં હરાવ્યુ નથી.

ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા સામે વિશ્વકપમાં મળેલી સતત હારનો બદલો પણ લેવા ઈચ્છશે. દક્ષિણ આફ્રિકાએ ૨૦૧૭મા ભારતને ૧૧૫ અને ૨૦૨૨મા ત્રણ વિકેટે હરાવ્યું હતું. જ્યારે વર્તમાન વિશ્વકપમાં વિશાખાપટ્ટનમમાં ત્રણ વિકેટે હરાવીને હેટ્રિક પૂરી કરી હતી. મહિલા વિશ્વકપના ફાઈનલમાં પહેલી વખત બન્ને ટીમ નવી છે. તેવામાં આ વખતે વિશ્વકપને નવી ચેમ્પિયન ટીમ મળશે.

# ચૅમ્પિયનને ₹ ૪૦ કરોડ અને રનરઅપને ₹ ૨૦ કરોડ




નવી દિલ્હી, તા. ૧ : આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ના ફાઈનલમાં આવતીકાલે રવિવારે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટક્કર થવાની છે. આ મુકાબલો નવી મુંબઈના ડીવાઈ પાટિલ સ્પોર્ટસ એકેડમીન સ્ટેડિયમમાં ભારતીય સમય અનુસાર બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

ભારત અને દક્ષિણ આફ્રિકા બન્નેએ હજી સુધી મહિલા વર્લ્ડ કપ જીત્યો નથી. તેવામાં વિજેતા બનનારી ટીમ માટે આ ઐતિહાસિક ક્ષણ હશે. ખિતાબી મુકાબલો રોમાંચક થવાની પણ પૂરી સંભાવના છે. વર્લ્ડ કપમાં આ વખતે ચેમ્પિયન બનનારી ટીમ ઉપર પૈસાનો વરસાદ થવાનો છે. મહિલા વિશ્વકપના ૧૩મા સંસ્કરણની વિજેતા ટીમને ૪.૪૮ મિલિયન ડોલર (૪૦ કરોડ રૂપિયા) મળશે. આ રકમ ૨૦૨૨મા ઓસ્ટ્રેલિયાને મળેલી રકમથી ૨૩૯ ટકા વધારે છે.

જ્યારે રનર અપને ૨.૨૪ મિલિયન ડોલર એટલે કે આશરે ૨૦ કરોડ રૂપિયા મળશે. ૨૦૨૨મા રનરઅપ રહેલી ઈંગ્લેન્ડની ટીમને મળેલી રકમ કરતા ૨૭૩ ટકા વધારે છે. સેમીફાઈનલમાં હારનારી બન્ને ટીમ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને ૯.૩ કરોડ રૂપિયા મળવાના છે. આ ઉપરાંત પોઈન્ટ ટેબલમાં પાંચમા અને છઠ્ઠા સ્થાને રહેલી શ્રીલંકા અને ન્યુઝિલેન્ડની ટીમને ૫.૮ કરોડ રૂપિયા મળશે. સૌથી છેલ્લે એટલે કે સાતમા અને આઠમા સ્થાનની ટીમ બંગલાદેશ અને પાકિસ્તાનને વિશ્વકપમાં ૨.૩ કરોડ રૂપિયા મળશે. આ ટૂર્નામિન્ટમાં ભાગ લેનારી દરેક ટીમને આશરે બે કરોડ રૂપિયાની ગેરન્ટી રકમ અલગથી આપવામાં આવી રહી છે. જ્યારે ગ્રુપ સ્ટેજ દરમિયાન દરેક મેચની જીત ઉપર ટીમ્સને ૨૮ લાખ રૂપિયા મળ્યા છે.

# શ્રેયસ અય્યરને હૉસ્પિટલમાંથી રજા મળી

### ક્રિકેટ બૉર્ડે જારી કર્યું અપડેટ : થોડો સમય સિડનીમાં રહ્યા બાદ ભારત પરત ફરશે




નવી દિલ્હી, તા. ૧ : ભારતીય ખેલાડી શ્રેયસ અય્યરને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યર ઓસ્ટ્રેલિયા સામે સિડની વનડે દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. શ્રેયસે ઓસ્ટ્રેલિયન વિકેટકીપર એલેક્સ કેરીનો કેચ ભાગતા પકડ્યો હતો. આ સમયે તે જમીન ઉપર પડ્યો હતો અને પેટમાં ઈજા પહોંચી હતી. આ ઉપરાંત સ્પ્લીનમાં લાગી ગયું હતું અને આંતરીક રક્તસ્ત્રાવ થયો હતો. જેના પરિણામે શ્રેયસને સિડનીની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને થોડા સમય માટે આઈસીયુમાં પણ રહ્યો હતો.

હવે શ્રેયસ અય્યરને લઈને બીસીસીઆઈ દ્વારા અપડેટ આપવામાં આવ્યા છે. બીસીસીઆઈએ કહ્યુ છે કે શ્રેયસ અય્યરને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે. જો કે તે થોડો સમય સિડનીમાં જ રોકાશે. બોર્ડ અનુસાર શ્રેયસની રિકવરી સારી રીતે થઈ રહી છે. બીસીસીઆઈએ શ્રેયસનો ઈલાજ કરનારા તબીબોનો પણ આભાર માન્યો હતો. બીસીસીઆઈ અનુસાર થોડો સમય સિડનીમાં રહ્યા બાદ હવાઈ યાત્રા માટે ફીટ થતા જ શ્રેયસ ભારત પરત ફરશે. ઉલ્લેખનીય છે કે શ્રેયસ અય્યરને ઓસ્ટ્રેલિયા સામે પાંચ મેચની ટીર૦ શ્રેણી માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો નથી.

# હવે વિશ્વનાથન આનંદના નામે વર્લ્ડ ચેસ ટ્રૉફી




### વિશ્વનાથન આનંદ એફઆઇડીઇ ટ્રૉફી દર વર્ષે નવા ચૅમ્પિયનને મળશે

પણજી, તા. ૧ : એફઆઈડીઈ વર્લ્ડ ચેસ કપ ૨૦૨૫ની નવી ટ્રોફી હવે ભારતના મહાન શતરંજ ગ્રાન્ડમાસ્ટર વિશ્વનાથન આનંદના નામે હશે. ગોવામાં થયેલા શાનદાર ઉદ્ઘાટન સમારોહમાં તેને વિશ્વનાથન આનંદ ટ્રોફીના નામથી સમર્પિત કરવામાં આવી હતી. બ્રાસથી બનેલી ગોલ્ડ પ્લેટેડ ટ્રોફી દર વર્ષે નવા ચેમ્પિયનને મળશે. એટલે કે એક રોલિંગ ટ્રોફી જે વિજેતાઓ વચ્ચે ફરતી રહેશે.

૨૦૦૨ બાદ પહેલી વખત એફઆઈડીઈ વિશ્વકપ ભારતમાં આયોજીત થઈ રહ્યો છે. ત્યારે આનંદે હૈદરાબાદમાં બે રમતના ફાઈનલમાં રુસ્તમ કાસિમદઝનોવને હરાવ્યો હતો. ટ્રોફીનું અનાવરણ રંગારંગ ઉદ્ઘાટન સમારોહ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય ખેલપ્રધાન મનસુખ માંડવિયા, ગોવાના મુખ્યપ્રધાન પ્રમોદ સાવંત અને એફઆઈડીઈ પ્રમુખ અર્કડી ડ્વાકોવિચ સામેલ થયા હતા.

ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના અધ્યક્ષ નીતિન નારંગે કહ્યું હતું કે વિશ્વનાથ આનંદ કપની ઘોષણા કરતા તેઓને ખુબ જ ખુશી અને ગર્વ થઈ રહ્યો છે.


ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્ર - ચોપાટી દ્વારા આયોજીત

થિએટર લેજન્ડ અદી મર્ઝબાનની સ્મૃતિને સમર્પિત



ભવન્સ ઓપન ગુજરાતી એકાંકી સ્પર્ધા (વર્ષ નવમું)

કોઇ પણ (રજિસ્ટર્ડ કે અનરજિસ્ટર્ડ) સંસ્થા/ મંડળ/ ગ્રુપ, કૉલેજ, અભિનયમાં રસ ધરાવતી વ્યક્તિઓનું જૂથ, વગેરે (મુંબઈ કે બહારગામના) આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

સ્પર્ધા તા.૮-૧૨-૨૦૨૫થી

પ્રવેશ પત્રો ભરવાની અંતિમ તારીખ: ૨૪-૧૧-૨૦૨૫

વિગતો માટે સંપર્ક ૦૨૨-૨૩૬૯૮૦૮૫ ૯૮૨૦૦૧૩૨૫૨

આયોજન સૌજન્ય Onward Technologies

સહયોગ: કૃષ્ણકાંત ચિતલિયા (ભીખુભાઈ) જયશ્રીબેન કીર્તિભાઈ સંઘવી (હિન્દુસ્તાન પેન્સિલ)

ટ્રૉફી સૌજન્ય: UF

મિડિયા પાર્ટનર જન્મભૂમિ

ENTRY FORM
Please scan QR


# દક્ષિણ આફ્રિકા સામે પાકિસ્તાનની સરળ જીત

### ત્રણ મૅચની ટીર૦ શ્રેણી ૧-૧થી બરાબર

નવી દિલ્હી, તા. ૧ : પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની ટીર૦ શ્રેણીનો બીજો મુકાબલો લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાયો હતો. આ એકતરફી મેચમાં પાકિસ્તાને ૯ વિકેટે જીત મેળવી હતી અને શ્રેણીમાં ૧-૧થી બરાબરી કરી લીધી છે. હવે હિસાબ બરાબર કર્યો છે. પાકિસ્તાન સામે દક્ષિણ આફ્રિકા ૧૧૦ રન જ કરી શક્યું હતું. જેમાં સલમાન મિર્ઝાએ ત્રણ અને ફહીમ અશરફે ચાર વિકેટ મળી હતી. બાદમાં પાકિસ્તાને ૧૩.૧ ઓવરમાં લક્ષ્ય મેળવી લીધું હતું. પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાએ ટોસ જીતીને બોલિંગનો નિર્ણય કર્યો હતો. પાવરપ્લેમાં જ દક્ષિણ આફ્રિકાએ ૨૩ રને ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જેમાંથી ત્રણ વિકેટ સલમાન મિર્ઝાની હતી. નંબર ચારે આવેલા ડેવાલ્ડ બ્રેવિસે ૧૬ બોલમાં ૨૫ રન કર્યા હતા. જો કે અન્ય કોઈ ખેલાડી ૨૦નો આંકડો પાર કરી શક્યો નહોતો. ૧૧૧ રનનો નાનો ટાર્ગેટ પાકિસ્તાની ટીમે ૪૧ બોલ બાકી રહેતા પાર પાડ્યો હતો.

# દસમા અને બારમાના બોર્ડની પરીક્ષાનું સમયપત્રક જાહેર

મુંબઈ, તા. ૧ : મહારાષ્ટ્ર રાજ્ય બોર્ડે ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાઓનું સમયપત્રક જાહેર કર્યું છે. એચએસસી પરીક્ષા ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થશે, જ્યારે એસએસસી પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થશે.

એસએસસીના વિદ્યાર્થીઓ માટે પહેલી ભાષાની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીએ લેવામાં આવશે, ત્યાર બાદ બીજી અને ત્રીજી ભાષાની પરીક્ષા ૨૩ ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમિયાન લેવામાં આવશે. ગણિત ભાગ ૧ (બીજ ગણિત) અને ભાગ ૨ ભૂમિતિ અનુક્રમે ૬ અને ૯ માર્ચના યોજાશે, જ્યારે વિજ્ઞાન અને ટેક્નૉલૉજી ભાગ ૧ અને ૨ની પરીક્ષા અનુક્રમે ૧૧ અને ૧૩ માર્ચે યોજાશે. સામાજિક વિજ્ઞાનની પરીક્ષાઓ, ઈતિહાસ અને રાજકીય વિજ્ઞાન અને ભૂગોળની પરીક્ષાઓ ૧૬ અને ૧૮ માર્ચના યોજાશે.

એચએસસી પરીક્ષા ૧૦ ફેબ્રુઆરીએ અંગ્રેજી, ૧૧ ફેબ્રુઆરીએ હિન્દી અને ૧૩ ફેબ્રુઆરીએ અન્ય ભાષાઓ સાથે શરૂ થશે. મુખ્ય વિષયોનાં પેપરોમાં ૧૪ ફેબ્રુઆરીએ ઑર્ગેનાઇઝેશન ઑફ કૉમર્સ ઍન્ડ મૅનેજમેન્ટ, ૧૬ ફેબ્રુઆરીએ ફિઝિકલ ઍન્ડ લોજિક, ૧૮ ફેબ્રુઆરીએ કેમિસ્ટ્રી ઍન્ડ પૉલિટિકલ સાયન્સ અને ૨૧ ફેબ્રુઆરીએ મેથ્સ ઍન્ડ સ્ટેટિસ્ટીકનો સમાવેશ થાય છે. ઈકોનોમિક્સ ઍન્ડ બાયોલૉજી ૨૫ ફેબ્રુઆરીના યોજાશે અને અંતિમ પેપર સમાજશાસ્ત્ર ૧૧ માર્ચે યોજાશે.

# એકતાનગરમાં ભારત પર્વ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

### 'ભારત પર્વમાં રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' મંત્ર ઉજાગર કરે છે

**ભારત પર્વ - ૨૦૨૫ની વિશેષતાઓ**

- દેશનાં વિવિધ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિની ઝલક ભારત પર્વમાં જોવા મળશે.
- દરરોજ સાંજે બે-બે રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવશે.
- ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઇવ સ્ટુડિયો કિચનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાનગીઓ પીરસાશે.
- ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા છે.
- ભારત દર્શન પેવેલિયનમાં વિવિધ રાજ્યોનાં પેવેલિયન બનાવવામાં આવ્યાં છે, જેમાં તે રાજ્યોના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને સાંસ્કૃતિક વિશેષતાઓને દર્શાવવામાં આવશે.

રાજપીપળા, તા. ૧ : અખંડ ભારતના નિર્માતા અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે ભારત પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને આ ભારત પર્વ ચરિતાર્થ કરે છે. 'અનેકતામાં એકતા, એ જ આપણી વિશેષતા'નો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક ભારત પર્વમાં લોકોને મળવાની છે.

પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના નિર્માણ દ્વારા સરદાર સાહેબને ઉત્તમ શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓના વિલિનીકરણથી એક ભારતનું નિર્માણ કર્યું અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિકાસના માર્ગે શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરી રહ્યા છે.


મુખ્ય પ્રધાને કહ્યું કે, આપણે સૌ સદભાગી છીએ કે, આઝાદીના દશકો બાદ આપણને વડા પ્રધાન તરીકે એક એવું નેતૃત્વ મળ્યું છે જેણે 'સ્વ'નો નહીં સમસ્તનો - રાષ્ટ્રહિત પ્રથમનો જ વિચાર હૈયે રાખ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આઝાદી પછી વર્ષો સુધી સરદાર જયંતી માત્ર પરંપરાગત બિબાઢાળ સરકારી કાર્યક્રમ બની ગઈ હતી, પરંતુ આપણા મોદીસાહેબ એવા વિઝનરી લીડર છે કે, જે કોઈને ના સૂઝે તે તેમને સૂઝે છે. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની એકતા માટે આપેલા બહુમૂલ્ય યોગદાનનું યથોચિત ગૌરવ કર્યું છે.

સરદાર સાહેબની જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવવાની પ્રેરણા ૨૦૧૪થી મોદીસાહેબે દેશવાસીઓને આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબના વિરાટ કાર્ય જેટલી જ વિરાટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીથી આ વનવાસી પ્રદેશ વિશ્વના નકશામાં ચમક્યો છે. એ જ વ્યવસ્થાઓ, એ જ તંત્ર છતાં જો આગવું વિઝન હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે મોદીસાહેબે એસ.ઓ.યુ. અને એકતાનગરના નિર્માણથી પુરવાર કર્યું હોવાનું જણાવ્યું હતું.

# જળસંગ્રહ માટે સંકલ્પિત સંસ્થાની અનોખી પહેલ

## સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતી વર્ષમાં 'ગીરગંગા' ૧૫૧ તળાવ-ચેકડેમ બનાવશે





જળસંચય માટે ૧,૧૧,૧૧૧ સ્ટ્રક્ચર તૈયાર કરવા માટે સંકલ્પિત સંસ્થા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૧મા જન્મ જયંતી વર્ષના ભાગરૂપે ૧૫૧ ચેકડેમ-તળાવનું નિર્માણ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પૂરતો વરસાદ પડે છે, પરંતુ વરસાદનું ૮૦ ટકા પાણી જળસંચયની વ્યવસ્થાના અભાવે દરિયામાં વહી જાય છે અને પરિણામે સૌરાષ્ટ્રએ નર્મદાના નીર પર નિર્ભર રહેવું પડે છે.

સૌરાષ્ટ્રની જમીનમાં પાણીના તળ હવે એકથી બે હજાર ફૂટ ઊંડે જતા હોય છે ત્યારે દરિયામાં વહી જતાં પાણીનો સંયમ કરવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેકવિધ અભિયાન ચલાવવામાં આવે છે. આ અભિયાનના ભાગરૂપે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ગુજરાતના પનોતા પુત્ર અને દેશનું એકીકરણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલને અંજલિરૂપે ૧૫૧ ચેકડેમો-તળાવો તૈયાર કરવામાં આવનાર છે. જળસંચય માટેના ચેકડેમ રિપેરિંગ, ઊંચા, ઊંડા તેમ જ નવા ચેકડેમો બનાવવા, બોર-કૂવા રિચાર્જ, ખેત તલાવડી, સોર્સ ખાડા જેવા ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રકચર તૈયાર કરવાનાં ગીરગંગાના સંકલ્પ પૈકી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ૮૧૫૦ જેટલાં સ્ટ્રક્ચરો કાર્યાન્વિત થઈ ચૂક્યાં છે. આ અભિયાનની સાથે-સાથે જ સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત ૧૫૧ તળાવો-ચેકડેમો સરદાર વલ્લભભાઈની ૧૫૧મા જન્મ જયંતીના એક વર્ષમાં તૈયાર કરવામાં આવશે. દિલીપભાઈ સખિયાએ આ નવા પાણીનાં સ્ટકચરો તૈયાર કરવા માટે સમાજ શ્રેષ્ઠિઓ અને દાતાઓને સહયોગ માટે આગળ આવવા અપીલ કરી હતી.

આ કાર્યને વેગ આપવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, જયંતીભાઈ સરધારા, શૈલેશભાઈ જાની, વિરાભાઈ હુંબલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, વસંતભાઈ લિંબાસિયા, પ્રકાશભાઈ ભાલાળા, આશિષભાઈ વેકરિયા, શૈલેશભાઈ ભિમાણી, સંજયભાઈ ટાંક, સુરેશભાઈ દેસાઈ, ડૉ. દેવાંગીબેન મૈયડ, ગિરીશભાઈ દેવળિયા, કૌશિકભાઈ સરધારા જહેમત ઉઠાવી રહ્યા છે.

# મહિલા તબીબની આત્મહત્યા મામલે એસઆઇટીની રચના

મુંબઈ, તા. ૧ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગયા સપ્તાહે સાતારા જિલ્લામાં મહિલા તબીબે કરેલી કથિત આત્મહત્યાની તપાસ મામલે વિશેષ તપાસ દળ (એસઆઇટી)ની રચના કરી છે. ૨૩મી ઑક્ટોબરના રોજ ફલટણની એક હોટેલના રૂમમાં એ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. સુસાઈડ નોટમાં એણે લખ્યું હતું કે, સબ-ઈન્સ્પેક્ટર ગોપાલ બદાણેએ એની પર ઘણી વખત બળાત્કાર કર્યો હતો. જ્યારે સૉફ્ટવેર એન્જિનયર પ્રશાંત બૅન્કર દ્વારા એને માનસિક રીતે હેરાન કરવામાં આવી હતી. બન્નેની ધરપકડ કરવામાં આવી છે.

ગૃહખાતાનો હવાલો સંભાળતા મુખ્ય પ્રધાને રાજ્યના ડીજીપીને મહિલા આઇપીએસ અધિકારીના નેજા હેઠળ તુરંત એસઆઇટી રચવાની સૂચના આપી છે. મૃતકના પરિવારને ન્યાય મળે એ માટે નાગરિકો તથા રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા વિરોધ પ્રદર્શનને જોતા આ પગલું ભરવામાં આવ્યું છે. દોષીઓને સખત સજા માટે આ સમિતિ રચવાની માગ પરિવારના સભ્યો દ્વારા પણ કરવામાં આવી હતી. ભાજપનાં નેતા ચિત્રા વાઘે એસઆઇટી રચવાના નિર્ણય બદલ મુખ્ય પ્રધાનનો આભાર માન્યો હતો.

# બુધવારે બૉમ્બે હાઈ કોર્ટના નવા સંકુલનું ભૂમિપૂજન

### સીજેઆઇ ગવઇ, ફડણવીસ હાજરી આપશે

મુંબઈ, તા.૧: પાંચમી નવેમ્બરના બુધવારેબાન્દ્રા ખાતે નવા બૉમ્બે હાઈકોર્ટ સંકુલનું ભૂમિપૂજન સમારોહ યોજાશે. ફોર્ટમાં ૧૪૬ વર્ષ જૂની ઈમારતમાં જગ્યાની અછતને દૂર કરવા માટેનું આ મોટું પગલું છે. ગુરુનાનક જયંતી સાથે યોજાનારા આ કાર્યક્રમમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈ, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યપ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર હાજરી આપશે. શુક્રવારે જાહેર બાંધકામ વિભાગે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ટેન્ડર નોટિસ જાહેર કરી હતી. જેનો અંદાજિત ખર્ચ રૂ. ૪૨૧૭ કરોડ આંકવામાં આવ્યો છે.

૩૦ એકરમાં ફેલાયેલા નવા હાઈકોર્ટ સંકુલમાં ૬૦ લાખ ચોરસ ફૂટથી વધુનો બિલ્ટ-અપ વિસ્તાર હશે. પીડબ્લ્યુડી દ્વારા આયોજિત સ્પર્ધા દ્વારા આર્કિટેક્ટ હાફીઝ કૉન્ટ્રાક્ટરની ડિઝાઈનને હાઈકોર્ટની સ્ટીયરિંગ કમિટીએ મંજૂરી આપી હતી. આ સંકુલમાં ૭૫ કોર્ટરૂમ હશે, જેમાં પ્રત્યેક કોર્ટરૂમમાં રાહ જોવા માટે ખાસ જગ્યા હશે, જેથી પરિસરમાં ભીડ ન થાય. ચાર માળની અર્ધગોળાકાર ઈમારતમાં ન્યાયાધીશો અને ન્યાયિક અધિકારીઓ માટે, વકીલો, અરજદારો અને મુલાકાતીઓ માટે જુદા પ્રવેશદ્વાર હશે.

# ભાજપનો મૌન વિરોધ, મહાવિકાસ આઘાડી પર દુષ્પ્રચારનો આરોપ

મુંબઈ, તા. ૧ (પીટીઆઈ) : મતદાર યાદીઓમાં ગેરરીતિઓ સામે મહાવિકાસ આઘાડીના 'સત્યાચા મોરચા'નો મહારાષ્ટ્ર ભાજપે મૌન વિરોધ પ્રદર્શન કર્યો અને દાવો કર્યો કે વિપક્ષ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં ખોટા નરેટિવ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ મોં પર કાળીપટ્ટી બાંધીને આંદોલન કર્યું.

પત્રકારો સાથે વાત કરતાં મહારાષ્ટ્ર ભાજપપ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે, આ વિરોધ પ્રદર્શનનો હેતુ ચૂંટણી પહેલાંખોટી અફવાઓ ફેલાવવાના મહાગઠબંધનના કથિત પ્રયાસોનો પર્દાફાશ કરવાનો છે. દરેક ચૂંટણી પહેલાં તેઓ જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણી અગાઉ પણ મહાગઠબંધને બંધારણમાં સુધારા અંગે ખોટા દાવાઓ કર્યા હતા. ભાજપે આરોપ લગાવ્યો કે, વિપક્ષના નેતાઓ વિદેશીઓ અને એનજીઓ સાથે મળીને ખોટી માહિતી દ્વારા સમાજને અને સરકારને અસ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. તેમના વિદેશી ફંડના સ્રોતો પણ હવે ઉઘાડા પડી રહ્યા છે. કૉંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (શરદ પવાર જૂથ)એ મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કૂચ યોજી હતી.



















































## જન્મભૂમિ પ્રવાસી

| ડ્રામા અને નોન-ડ્રામાની જાxખના ભાવ | | |
|---|---|---|
| સે.મી | B/W | Color |
| ૧થી ૧૦ | ૭૫ | ૮૦ |
| ૧૧થી ૩૦ | ૮૫ | ૯૦ |
| ૩૧થી વધુ | ૧૩૦ | ૧૫૦ |

| સિનેમાંના ભાવ |
|---|
| રૂા. ૭૨/- p.c.c. B/W |
| રૂા. ૧૦૦/- p.c.c. Color |

નોંધ : ઉપરોક્ત નવી સ્કીમ ૧-૯-૨૦૨૪થી લાગુ

વધુ વિગતો માટે સંપર્ક : મૅનેજર જાહેરાત વિભાગ

ફોન : ડાયરેક્ટ : ૨૨૮૭ ૩૪૩૮, ૨૨૮૭ ૦૮૩૧/૩૪ ● એક્ષ્ટે. : ૭૨૮

ઈ-મેઈલ : jbhoomi@gmail.com

# ગૌરવ ગોગોઈ પાકિસ્તાની એજન્ટ : હિમંતા સરમા

નવી દિલ્હી, તા. ૧ : આસામના મુખ્યપ્રધાન હેમંતા બિસ્વા સરમાએ ફરી એક વખત કોંગ્રેસ સાંસદ ઉપર પ્રહાર કરતા પાકિસ્તાની એજન્ટ ગણાવ્યા છે. સરમાએ કહ્યું હતું કે વિદેશી તાકાતોએ ગૌરવ ગોગોઈને પોતાના ફાયદા માટે ભારતમાં પ્લાન્ટ કર્યા છે. સરમાએ પડકાર ફેંકતા કહ્યું હતું કે જો ગોગોઈમાં દમ હોય તો માનહાનીનો મુકદમો કરીને બતાવે. સરમાએ કહ્યું હતું કે ગોગોઈ ઉપર પોતે જે આરોપો મુક્યા છે તેને સાબિત કરીને પણ બતાવશે. સરમા અનુસાર ગૌરવ ગોગોઈ પાકિસ્તાની એજન્ટ છે અને તેના પુરાવા છે. તેઓ તથ્યો સાથે વાત કરી રહ્યા છે અને આ વાતને એક દિવસ સાબિત કરશે. ઉલ્લેખનીય છે કે ગોગોઈની પત્ની ઉપર આરોપ છે કે તેની લિંક પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે છે.

### મતદાર યાદીમાં ભૂલો અંગે 'આઘાડી' અને મનસેનો મરચો

# બેવાર નામ ધરાવતાં મતદાર હાથમાં આવે તો મારીને પોલીસને હવાલે કરો : રાજ ઠાકરે

## અમે પુરાવા સાથે અદાલતમાં જશું : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા. ૧ (પીટીઆઈ) : મહારાષ્ટ્રના ભાજપની આગેવાની હોવાના શાસક પક્ષોએ અમારો પક્ષ ચૂંટણીચિહ્ન અને મારા પિતાનું નામ ચોર્યું હવે તેઓ મતની ચોરી કરવા માગે છે, એમ શિવસેના (ઠાકરે)ના વડા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું.

શિવસેના (ઠાકરે), રાષ્ટ્રવાદી (શરદ પવાર) અને કૉંગ્રેસની બનેલી મહાવિકાસ આઘાડી તેમ જ મનસે દ્વારા કાઢવામાં આવેલા 'સત્યાચા મોરચા'ને સંબોધતાં ઉદ્ધવ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે, ફેક મોબાઈલમાંથી 'સક્ષમ' ઍપમાં મારું નામ લોડ કરવામાં આવ્યું હતું. તેના કારણે મને શંકા છે કે મતદાર યાદીમાંથી મારું અને મારા પરિવારનું નામ કાઢી નાખવા માટે આ કરવામાં આવ્યું છે. ભાજપની ટીકા કરતાં ઉદ્ધવે હિન્દી ફિલ્મ 'શોલે'ના ડાયલોગ ઉચ્ચારતાં જણાવ્યું હતું કે, પચીસ કોસ દૂર જબ બચ્ચા રોતા હૈ તો મા કહેતી હૈ સો જા નહીં તો ગબ્બર આ જાયેગા, પરંતુ હું એ કહેવા માગું છું કે તમે જાગતા રહો નહીં તો 'એનાકોન્ડા' આવી જશે. મહારાષ્ટ્ર સત્તાધારી પક્ષો પાલિકામાં વર્ષો સુધી રાજ કરનારા પક્ષને પરાભૂત કરવા ઉતાવળા થયા છે. અમે બધા પુરાવા લઈને અદાલતમાં જવાના છીએ. ચૂંટણી પંચ લાચાર અવસ્થામાં છે હવે અદાલત શું કરે છે તે જોશું. અદાલત અમને ન્યાય આપશે એવી આશા છે. અમે આગળ વધી રહ્યા છીએ. લોકોના સાથની જરૂર છે, એમ ઉદ્ધવ ઠાકરેએ ઉમેર્યું હતું.

રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે, ગત પહેલી જુલાઈએ મતદાર યાદીની સુધારણા પછી લગભગ એક લાખ મતદારોનાં નામો બેવાર છે. પાડોશના થાણે જિલ્લાન કલ્યાણ ગ્રામીણ વિધાનસભા ક્ષેત્ર અને દ. મુંબઈમાંના મલબાર હિલ



મતદાર યાદીમાં રહેલી ખામીના વિરોધમાં મહાવિકાસ આઘાડી અને મનસે દ્વારા દક્ષિણ મુંબઈની ફૅશન સ્ટ્રીટથી આઝાદ મેદાન સુધી કાઢવામાં આવેલા 'સત્યાચા મોર્ચા' નામક વિરોધ રૅલીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં આવેલા કાર્યકર્તાઓ (તસવીર : વિરલ જોશી)

## વિધાનસભાની ચૂંટણી બાદ જે વિગતો બહાર આવી એના લીધે સંસદીય લોકશાહીને આંચકો, બધા મળીને મતચોરીને અટકાવીશું : શરદ પવાર

વિધાનસભા ક્ષેત્ર બન્ને ૪૫૦૦ મતદારોએ બેવાર મતદાન કર્યું હતું. બોગસ મતદારો ધરાવતી મતદાર યાદીઓ વડે ચૂંટણી યોજવાનો કોઈ અર્થ નથી. ભાજપ અને રાષ્ટ્રવાદી (અજિત પવાર)ના કાર્યકરો પણ કહે છે કે, યાદીમાં અનેક મતદારોનાં નામ બે વખત છે. જે મતદારો બેવાર મતદાન કરવા આવે તો તેઓને ત્યાં જ ઝૂડી નાખો અને પછી પોલીસને સોંપી દો. ઉદ્ધવ ઠાકરે આપણી સાથે છે. એનો સંતોષ માનીને બેસી રહેવાની જરૂર નથી. અમે મરાઠી હિન્દુઓ અને મહારાષ્ટ્રના લોકો માટે હાથ મિલાવ્યા છે.

રાષ્ટ્રવાદી (શરદ પવાર)ના શરદ પવારે જણાવ્યું હતું કે, બંધારણ અને સંસદીય લોકશાહીના રક્ષણ માટે આ મોરચો શક્તિ પ્રદર્શન સમાન છે. કેન્દ્રમાં અને મહારાષ્ટ્રમાં ભાજપના વર્ચસ હેઠળની સરકારી વિરોધીઓને હંફાવવા સત્તાનો દુરુપયોગ કરે છે.

કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાતે જણાવ્યું હતું કે, આ મતદાર યાદીનો મુદ્દો સૌપ્રથમ રાહુલ ગાંધીએ ઉઠાવ્યો હતો. હવે આ મુદ્દો આખા દેશમાં ગાજી રહ્યો છે, એમ થોરાતે ઉમેર્યું હતું.

આ મોરચાના કૉંગ્રેસના નેતાઓ નસીમ ખાન, સતેજ પાટીલ અને ભાઈ જગતાપ તેમ જ રાષ્ટ્રવાદી (શરદ પવાર)નાં સાંસદ સુપ્રિયા સુળે ઉપસ્થિત રહ્યાં હતાં.





ઠાકરેનો લોકલમાં પ્રવાસ : રૅલીમાં ભાગ લેવા માટે મનસેના પ્રમુખ રાજ ઠાકરે દાદરથી ચર્ચગેટ લોકલ ટ્રેનમાં બેસીને ગયા હતા. અંદાજે ૧૫ મિનિટ સુધી તેઓ સ્ટેશન પર રોકાયા હતા. વળી, એમના સમર્થકોને ટ્રેનની ટિકિટની પાછળ ઓટોગ્રાફ પણ આપ્યો હતો



રૅલીમાં ભાગ લેવા આવેલા કાર્યકર્તાઓએ ઇવીએમ મશીન, મતદાર યાદીની નનામી કાઢીને વિરોધ કર્યો હતો

### વાદળછાયું આકાશ યથાવત્

## ૩ વર્ષમાં ઑક્ટોબર સૌથી ભીનો મહિનો રહ્યો

મુંબઈ, તા. ૧ : મુંબઈ માટે આ ઑક્ટોબર મહિનો અસામાન્ય રીતે ભીનો રહ્યો છે. કોલાબા વેધશાળામાં ૧૬૫ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૯૧.૨ મિમી વધુ છે, જે ત્રણ વર્ષમાં ઑક્ટોબરનો સૌથી વધુ વરસાદ છે. તહેવારોના આ દિવસોમાં પડેલા કમોસમી વરસાદે શહેરને ઠંડક આપી છે, પરંતુ દિવાળીના ઉત્સાહને ઠંડો પાડ્યો છે. ભારતીય હવામાન વિભાગ કહે છે કે વરસાદ હજુ બંધ પડ્યો નથી, કારણ કે મુંબઈ, થાણે અને પાલઘરમાં ૪ નવેમ્બર સુધી હળવો વરસાદ ચાલુ રહેવાની અપેક્ષા છે. ગયા વર્ષે ઑક્ટોબરમાં માસિક વરસાદ ૧૩૧ મિમી નોંધાયો હતો, જ્યારે ૨૦૨૩માં માત્ર ૨૪.૨ મિમી રહ્યો હતો.




Maldives







MALDIVES SPECIALIST

MAKE PLANS HOLIDAYS
282/16, Khandke Building, S.B.Singh Road, Fort, Mumbai - 400 001.
Contact : 98204 55030 / 97694 84377 / 81083 46666 / 70219 40626 / 74003 00111
Email : sales@makeplans.in | Instagram : @makeplansholidays

# સરદાર પટેલની સિદ્ધિ 'ભારત જોડો' રાહુલ ગાંધી ક્યાં ?

## રાજકીય પ્રવાહો

કુન્દન વ્યાસ

રાહુલ ગાંધીએ ''ભારત જોડો'' યાત્રા કરી પણ એમણે ઇતિહાસ જાણવો જોઈએ. આઝાદી પછી 'ભારત જોડવા'નું ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું હતું અને આજે જે અખંડ ભારત છે તે એમને આભારી છે. સરદાર પટેલે વોટ - સત્તા મેળવવા માટે નહીં પણ અખંડ ભારતનાં નિર્માણ - કરવા રાષ્ટ્રહિતની ભાવના હતી. ૫૬૨ રજવાડાં એક ભારતમાં વિલીન કર્યાં. આ માટે કળ અને બળ વાપર્યાં ત્યારે પણ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરમાં પણ ભારતીય સેના મોકલવાનો વિરોધ કર્યો હતો! આજે બંગાળ, તામિલનાડુ જેવાં રાજ્યોમાં હિન્દીભાષાથી હિન્દુત્વના નામે અલગતાવાદ જગાવાય છે ત્યારે 'ભારત જોડો' યાત્રા અખંડ ભારત માટે કે માત્ર સત્તા માટે? એક રાષ્ટ્ર એક ચૂંટણીનો વિરોધ શા માટે?


બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલાં મતદાર યાદીઓની ઘનિષ્ઠ ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો કારણ કે મતદાર યાદીમાં મૃત મતદારોનાં નામ હોય, ડબલ નામ હોય તથા બાંગ્લાદેશથી ભારતમાં આવેલા ઘૂસણખોરો મતદાર બની ગયા હોય - આ નામ રદ થવાં જોઈએ. કૉંગ્રેસ અને અન્ય પક્ષોએ વિરોધ કર્યો, બેફામ આક્ષેપ કર્યા પણ આખરે મતદારોની નામાવલિને 'ગંગાસ્નાન' કરાવીને શુદ્ધ કરવામાં આવી. હવે અન્ય રાજ્યોમાં પણ આ પ્રક્રિયા શરૂ થઈ રહી છે - જે લોકતંત્રને સાર્થક બનાવવા માટે અનિવાર્ય છે. વિપક્ષોનો વિરોધ છે - બંગાળ અને તામિલનાડુ ઉપરાંત કર્ણાટક પણ વિરોધ કરે છે કારણ કે એમને ડર છે કે 'વોટ બૅન્ક' 'ઊઠી' જશે તો એમને સત્તા નહીં મળે!

વિરોધ પક્ષોને બીજો ડર છે - મોદી 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' કરાવવા માગે છે પણ મોદીની લોકપ્રિયતા જોતાં આખા રાષ્ટ્રમાં 'એકચક્રી' શાસન સ્થપાઈ જાય. અલબત્ત, ૧૯૬૭ સુધી દેશભરમાં એકસાથે ચૂંટણી થતી હતી પણ ઇન્દિરા ગાંધીએ આ પ્રથા તોડી અને દેશભરમાં ચૂંટણી - ઉત્સવ શરૂ થયા! પરિણામે નાણાં - ભ્રષ્ટાચાર અને જાતિવાદ શરૂ થયો. રાજકીય દૃષ્ટિએ અખંડ ભારતની ભાવના રહી નહીં.

હવે નરેન્દ્રભાઈ મોદી ભારત એક રાષ્ટ્રની ભાવના જગાવી રહ્યા છેઃ રાજકીય હિત નહીં, રાષ્ટ્રહિત છે ત્યારે આજે આપણે અખંડ ભારતના નિર્માતા - ઘડવૈયા **સરદાર વલ્લભભાઈ પટેલને** યાદ કરવા - અને યાદ રાખવા જોઈએ. **આઝાદી પછી એમણે દેશભરમાં જે ૫૬૨** રજવાડાં હતાં તેમને **કળ અને બળથી સમજાવીને ભારતમાં વિલીન કર્યાં** તે ઇતિહાસ આપણી નવી, યુવા પેઢીએ જાણવો જોઈએ. આ ભગીરથ કાર્યમાં સરદાર પટેલ સામે વડા પ્રધાન નેહરુનો વિરોધ હતો - તે હકીકત છે. આમ છતાં સરદાર સફળ થયા. ઇતિહાસનાં આ પાનાં ફરીથી વાંચીએ : આ સમય છે : **જો સરદાર સફળ થયા હોત નહીં તો ભારત છિન્ન-ભિન્ન થઈ ગયું હોત...!**

સ્વાતંત્ર્ય મળી રહ્યું હતું ત્યારે દક્ષિણ ભારતમાં **ત્રાવણકોર, હૈદરાબાદ, ભોપાલ, જૂનાગઢ અને છેલ્લે કાશ્મીર ઉપર પાકિસ્તાનની નજર અને દખલ હતી** પણ આ રાજ્યોના મુસ્લિમ શાસકોને કેવી રીતે સમજાવવા તે અંગે કૉંગ્રેસના નેતાઓમાં મતભેદ હતા. 'આઝાદ' ત્રાવણકોરના દીવાને તો આવી જાહેરાત કરી દીધી હતી ત્યારે ગાંધીજીએ કહ્યું - સ્વતંત્ર ભારતના કરોડો લોકો સામે આ જંગની જાહેરાત છે. નેહરુએ કહ્યું - આ રાજ્ય ભૂખે મરશે. આવી ધમકી કારણસર હતી, વાજબી હતી કારણ કે અન્ય રાજ્યો પણ 'આઝાદી' માગે એવી શક્યતા હતી. હકીકતમાં પાકિસ્તાનથી મહમ્મદ અલી ઝિણાએ તો ત્રાવણકોરના દીવાન ઐય્યરને તારસંદેશ મોકલીને ખાતરી આપી હતી કે અમે ત્રાવણકોરને 'માન્યતા' આપીશું. આ પછી સરદાર પટેલે એમના સચિવ વી. પી. મેનનને મોકલ્યા અને દીવાનને સમજાવ્યા કે તમારા રાજ્યમાં સામ્યવાદીઓ પેદા થાય છે. તૈયાર થાય છે અને ૧૫મી ઑગસ્ટ પછી જો સામ્યવાદી વિદ્રોહ થશે તો નવી દિલ્હીથી કોઈ મદદ નહીં મળે. શેઠ દાલમિયા નામના ઉદ્યોગપતિએ સ્થાનિક કૉંગ્રેસીઓને પાંચ લાખ રૂપિયા ગરબડ શરૂ કરવા માટે આપ્યા છે - અને ઐય્યર જો જીદ નહીં છોડે તો એમના જાનનું જોખમ છે.

સામ્યવાદીઓ તૈયાર થતા હોવાની સરદાર પટેલની ચેતવણી કેટલી સાચી હતી! ભારતમાં ચૂંટણી થઈ ત્યારે સામ્યવાદી સરકાર સર્વપ્રથમ કેરળમાં ચૂંટાઈ હતી અને તત્કાલીન કૉંગ્રેસ પ્રમુખ ઇન્દિરા ગાંધીએ નેહરુને સલાહ આપીને નાંબુદ્રીપાદની સરકાર બરતરફ કરાવી હતી!




રાજવીઓ સામે નેહરુને તીવ્ર તિરસ્કાર હતો ત્યારે ઘણા નેતાઓ રાજવીઓને મનાવી લેવાના મતના હતા. સરદાર પટેલે મધ્યમ માર્ગ અપનાવ્યો. રાજવીઓના અત્યાચારને સમર્થન આપવાનો પ્રશ્ન જ નથી પણ પટિયાલા, ગ્વાલિયર જેવાં રાજ્યોને ભવ્ય ભૂતકાળની યાદ આપીને દેશપ્રેમ જગાવવા ઉપર ભાર મૂક્યો. કૉંગ્રેસના નાગપુર અધિવેશનમાં ઠરાવ પસાર થયો કે રજવાડાંમાં આપણે દખલ કરવી નહીં. રાજકીય પ્રવૃત્તિ કરવી નહીં પણ આ પછી ડાબેરી કૉંગ્રેસ નેતા એન. વી. ગાડગિલે જબલપુરમાં ઠરાવ મૂક્યો કે દેશી રજવાડાંની રૈયતની આઝાદી લડતને ટેકો આપવો. **ભોપાલના રાજવી હમીદુલ્લા ખાન મુસ્લિમ લીગ સાથે હતા અને હિન્દુ પ્રજાની બહુમતી હોવાથી ભવિષ્ય જોખમમાં હતું. એમણે જોધપુર અને ઈન્દોરને પાકિસ્તાન નજીક ખેંચવાના પ્રયાસ કર્યા. જૂન ૧૯૪૭માં ત્રાવણકોર અને હૈદરાબાદ સાથે હાથ મિલાવીને આઝાદી જાહેર કરી.**

આ દરમિયાન **જૂનાગઢના નવાબે પણ પાકિસ્તાનમાં ભળવાની જાહેરાત કરી. હૈદરાબાદ અને કાશ્મીરમાં પણ આઝાદીના નામે ભારત સામે 'બળવો' થયો. સરદાર પટેલ ભારતીય સેના મોકલવા માગતા હતા પણ નેહરુ નામંજૂર હતા અને સરદાર પટેલને 'હાડોહાડ કોમવાદી'** કહેતા હતા. ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં નેહરુએ નાયબ વડા પ્રધાન પટેલને કહ્યું કે આ ભરતપુર અને અલ્વરના હિન્દુ મહારાજાઓને અંકુશમાં રાખો. અલ્વરમાં મિયાં મુસ્લિમ કોમની સમસ્યા હતી અને નેહરુ એમનો બચાવ કરતા હતા.

નેહરુએ મુસ્લિમ ફરિયાદોની તપાસ કરવા માટે પોતાના ખાનગી સચિવ એચવીઆર આયંગરને મોકલ્યા ત્યારે પટેલે વિરોધ દર્શાવ્યો - ખાનગી તપાસ થાય નહીં. હવે **નેહરુ ગિન્નાયા અને મારી સ્વતંત્રતા ઉપર તમે નિયંત્રણ મૂકો છો એમ કહીને રાજીનામાની ધમકી આપી** - પણ પટેલે અલ્વરના મુસ્લિમોને પાકિસ્તાન મોકલવાની વ્યવસ્થા કરી.

આ દરમિયાન **જૂનાગઢના નવાબ મોહબ્બત ખાને પાકિસ્તાનમાં જોડાઈ જવાની, હૈદરાબાદના નિઝામે સ્વાતંત્ર્ય - આઝાદીની જાહેરાત કરી અને કાશ્મીર ઉપર પાકિસ્તાની તાયફાવાળાઓએ આક્રમણ કર્યું. આપણું લશ્કર મોકલવા નેહરુ તૈયાર નહોતા તેથી સરદાર પટેલ ધૂંઆપૂંઆ હતા તો પણ નેહરુએ એમને કોમવાદી કહ્યા.** હૈદરાબાદના નિઝામને પદભ્રષ્ટ કરવા સરદારે લશ્કર મોકલ્યું એટલે સરદાર 'કોમવાદી' બની ગયા! સરદાર પટેલનું કહેવું હતું કે જો જૂનાગઢના નવાબ સામે પગલાં નહીં લેવાય તો જે રાજ્યોમાં હિન્દુ બહુમતી છે અને મુસ્લિમ શાસન છે તે રાજ્યો પણ આપમેળે પાકિસ્તાનમાં ભળવાની હિંમત કરશે, પાકિસ્તાન કાશ્મીરના હિન્દુ રાજા સામે મુસ્લિમ બહુમતીની દલીલ અને દાવો કરશે. **સરદાર પટેલે સેના મોકલવાનો આગ્રહ રાખ્યો અને નેહરુને મંજૂર હોય નહીં તો પોતે રાજીનામું આપવા તૈયારી બતાવી.** નેહરુએ અગાઉ આવી ધમકી આપી હતી. નોંધપાત્ર બાબત એ છે કે ભારતની સેનાના બ્રિટિશ કમાન્ડરોએ ડર બતાવ્યો કે લશ્કરી પગલાં લેવાય તો લડાઈ ફાટી નીકળશે - નેહરુ આવી રજૂઆત સાંભળીને ડગી ગયા, બ્રિટિશ કમાન્ડરોની વાત સ્વીકારવાની જરૂર નહોતી. **નેહરુએ તો જૂનાગઢમાં 'લોકમત' લેવાનું સૂચન કર્યું જેને સરદાર પટેલે તદ્દન વાહિયાત ગણાવ્યું હતું.**


જૂનાગઢમાં લશ્કરી પગલાં પછી નવાબ 'શ્વાન પરિવાર સેના' સાથે કરાચી ભાગી ગયો અને આ બાજુ કાશ્મીરમાં પાકિસ્તાની આક્રમણ થયું પણ રાજા હરિસિંહ હિન્દુસ્તાન અથવા પાકિસ્તાન સાથે જોડાવા તૈયાર ન હતા. હજ્જારો પાકિસ્તાની સૈનિકો શ્રીનગર ભણી ધસી રહ્યા હતા ત્યારે નવી દિલ્હીમાં ભારતની 'ડિફેન્સ કમિટી'ની બેઠક મળી. પાકિસ્તાની આક્રમણનો જવાબ આપવો કે નહીં તેની ચર્ચા-વિચારણા થઈ રહી હતી. **કર્નલ સામ માણેકશા તો સરદાર સાહેબના ઉગ્ર સ્વરૂપના સાક્ષી હતા. 'કાશ્મીરને બચાવવું છે કે જવા દેવું છે - નેહરુ, જવાબ આપો તો નેહરુ કહે : ઑફ કોર્સ મારે કાશ્મીર જોઈએ' - તો મંજૂરી ઑર્ડર આપો - એમ સરદારે કહ્યું - અને નેહરુની હા - મળતાં વાર લાગી તેથી મારી સામે (માણેકશા સામે) જોઈને સરદાર પટેલે કહ્યું - તમને તમારા ઑર્ડર મળી ગયા છે -**

હૈદરાબાદના કિસ્સામાં સરદાર ચૂપ રહ્યા - નેહરુને નિર્ણય લેવા દો! નિઝામનો ફેંસલો કરવામાં વિલંબ થયો અને સ્થિતિ વણસતી ગઈ તેથી સરદાર આગળ આવ્યા અને લશ્કરને - 'પોલો ઑપરેશનની' વ્યૂહ-સૂચના આપી. આ મામલામાં **પણ નેહરુએ લશ્કરી પગલાંનો વિરોધ કર્યો અને પટેલને 'પૂરા-હાડોહાડ કોમવાદી' કહ્યા.** નેહરુનો ઊભરો પટેલ મૌન રહીને સાંભળી રહ્યા પણ એમને આઘાત લાગ્યો. ધબકારા વધી ગયા અને ઑક્સિજન લેવો પડ્યો...


સરદાર વલ્લભભાઈ પટેલે હૈદરાબાદ અને કાશ્મીરને બચાવ્યું. નેહરુના વિલંબના કારણે કાશ્મીરનો કેટલોક વિસ્તાર આજે પણ પાકિસ્તાનમાં છે.

હિન્દુસ્તાનનાં ૫૬૨ રજવાડાંને કળ-બળથી ભારતમાં જોડયાં સરદાર વલ્લભભાઈ પટેલે. અને માજી રાજવીઓને સાલિયાણાં અને માન-મોભા જાળવી રાખવા સંવિધાનમાં ખાતરી - આપતી જોગવાઈ કરી પણ દાયકાઓ પછી કૉંગ્રેસના - સત્તાના રાજકારણમાં ઇન્દિરા ગાંધીએ સંવિધાનમાં સુધારો કરીને સાલિયાણાં - વિશિષ્ટ દરજ્જા નાબૂદ કરીને નેહરુની ઇચ્છા પણ પૂરી કરી! ■

# ગાંધારીશાપિત અફઘાનિસ્તાન



મહેન્દ્ર વેદ



મહાકાવ્ય મહાભારતમાં, ગાંધારીએ તેના ભાઈ શકુનિના ગાંધાર રાજ્ય, જે આધુનિક અફઘાનિસ્તાન માનવામાં આવે છે, તેને સતત સંઘર્ષની સ્થિતિમાં રહેવાનો શાપ આપ્યો છે. આ વાત આજે પણ સાચી પડતી લાગે છે. ૪.૫ કરોડની વસ્તીવાળા આ દેશમાં વિશ્વભરમાં ૫૮ લાખ શરણાર્થીઓ છે, અને તે વિશ્વના સૌથી ગરીબ દેશોમાંનો એક છે. પરંતુ દક્ષિણ-પશ્ચિમ અને મધ્ય એશિયાના સંધિસ્થાન પર હોવાના કારણે અફઘાનિસ્તાનનું વ્યૂહાત્મક મહત્વ છે. આ બાબત મહાસત્તાઓને અફઘાનિસ્તાનમાં વર્ચસ્વ જમાવવા લલચાવે છે. આ દેશ સ્વતંત્ર છે. છેલ્લી બે સદીઓમાં, બ્રિટને રશિયાને હિંદ મહાસાગરથી દૂર રાખવા માટે મોટો ખેલ ખેલ્યો. તે માટે ત્રણ-ત્રણ યુદ્ધો લડ્યાં પરંતુ એ નિયંત્રણ જાળવી શક્યું નહીં. ૧૯૮૦ના દાયકા સુધી અફઘાનિસ્તાનને પોતાના કાબૂમાં કરવા માટે લડતા, ભૂતપૂર્વ સોવિયેત સંઘને પીછેહઠ કરવી પડી અને છેવટે આ જ કારણસર સોવિયેત સંઘના ટુકડા થઈ ગયા.

૯/૧૧ની ઘટનાઓ પછી, યુનાઇટેડ સ્ટેટ્સ અને નાટોએ આતંકવાદ સામે વૈશ્વિક યુદ્ધ શરૂ કર્યું. પરંતુ ૧૯ વર્ષ પછી, અંદાજે ૨.૩ ટ્રિલિયન ડોલર ખર્ચીને અને ૨૩૨૪ સૈનિકો ગુમાવ્યા પછી, તેઓએ પાકિસ્તાન સમર્થિત તાલિબાન સામેના યુદ્ધનું મેદાન છોડી દીધું. ૨૦૨૧માં, તાલિબાન સત્તા પર પાછા આવ્યા. આની તુલના વિયેતનામમાં અમેરિકાની હાર સાથે કરવામાં આવી છે.

તાજેતરની અફઘાન-પાકિસ્તાન સરહદી અથડામણોએ એવી અટકળોને વેગ આપ્યો છે કે પાકિસ્તાન તેમને એવી પરિસ્થિતિ બનાવવા માટે ઉશ્કેરી રહ્યું છે જે અમેરિકન કાર્યવાહીનો માર્ગ મોકળો કરી શકે. આમ પણ યુએસ-પાકિસ્તાન 'આતંકવાદ વિરોધી વ્યૂહાત્મક જોડાણ'ના નામે શક્તિ એકઠી કરે છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આવો ઇશારો પણ કર્યો છે. સાઉદી અરેબિયા અને કતાર દ્વારા મધ્યસ્થીના પગલે એક અસ્વસ્થ યુદ્ધવિરામ અમલમાં હોવા છતાં, પાકિસ્તાન-અફઘાન સરહદ હંમેશાં 'જીવંત' રહે છે.

અફઘાનિસ્તાનમાં અમેરિકા માટે પરત ફરવું સરળ નથી. યુએસ લાંબા ગાળે ઊંડી ખાઈમાં ફસાઈ જવાનું જોખમ ધરાવે છે. ૨૦૦૧માં આવું જ થયું હતું. નોંધપાત્ર રાજકીય, આર્થિક, રાજદ્વારી અને લશ્કરી ખર્ચ દૂરના પ્રદેશમાં કરવા બદલ યુએસ ઘરેલુ સમસ્યાઓને આમંત્રી શકે છે કારણ કે ટ્રમ્પના સમર્થકો દૂરના દેશોમાં મોંઘા યુદ્ધોને પસંદ નથી કરતા. અફઘાનિસ્તાનમાં એક નવો સંઘર્ષ યુક્રેન અને ગાઝા પરથી અમેરિકાનું ધ્યાન હટાવશે અને તેના હરીફો ચીન અને રશિયાને ફાયદો કરાવશે. જો ફરીથી સત્તા પરથી હાંકી કાઢવામાં આવે તો, તાલિબાન, જેમણે અફઘાનિસ્તાનના મોટાભાગના વિસ્તારોમાં પોતાનો દબદબો મજબૂત કર્યો છે, તેઓ બળવાખોરી તરફ પાછા ફરવા તૈયાર છે. તેઓ ઇસ્લામિક સ્ટેટ (ખોરાસન પ્રાંત) અને અન્ય આતંકવાદી જૂથો સાથે હાથ મિલાવતા ખચકાશે નહીં કેમ કે આમ કરવાથી તાલિબાની લડવૈયાઓ પક્ષ બદલી હરીફો સાથે ભળી જતાં અટકશે. ટ્રમ્પ એ જ ભૂલો કરશે જે તેમના ત્રણ પુરોગામી - બુશ જુનિયર, બરાક ઓબામા અને જો બાયડન - એ આતંકવાદ સામે લડવાના પ્રયાસોમાં કરી હતી.

અફઘાનિસ્તાનની આસપાસના પ્રદેશમાં, અમેરિકાનો એકમાત્ર સાથી પાકિસ્તાન હશે, જેના પર બે દાયકાથી વધુ સમય સુધી અમેરિકાએ ડબલ ક્રોસ માર્યો હતો કેમ કે તેણે તાલિબાનોને આશ્રય આપ્યો હતો. ૯/૧૧ પછી બુશ જુનિયરને મળેલો ટેકો અને વૈશ્વિક સદ્ભાવના ટ્રમ્પને મળે તેવી શક્યતા નથી. ૨૦૦૧માં આતંકવાદ સામેના યુદ્ધમાં જોડાયેલા ઘણા લોકો આજે અમેરિકાની અફઘાન વાપસીનો વિરોધ કરી રહ્યા છે. ચીન, રશિયા અને મધ્ય એશિયાઈ દેશો દ્વારા આયોજિત મોસ્કો ફોર્મેટ નામની તાજેતરની પરિષદમાં ભારતે પણ હાજરી આપી હતી. તેણે કહ્યું છે કે અફઘાનિસ્તાનમાં અમેરિકન વાપસી 'અસ્વીકાર્ય' છે.

પુનરુત્થાનમાં મદદ આલાપતું ચીન, અફઘાનિસ્તાનમાં પ્રમાણમાં નવું ખેલાડી હોવા છતાં યુએસ/નાટોની વાપસી માટે સૌથી મોટો પડકાર ઊભો કરે છે. નોંધનીય છે કે ઈરાન અફઘાની તાલિબાનો સાથેના સંબંધોમાં આગળ વધી રહ્યું છે. ભૂતકાળમાં જ્યારે પણ અફઘાનિસ્તાનમાં શાસન બદલાયું ત્યારે નિષ્પક્ષ રહીને ભારતે કાબુલ સાથેના સંબંધમાં ઉષ્મા ટકાવી રાખી છે.

ધારણા છે કે ટ્રમ્પ સક્રિય રીતે અફઘાનિસ્તાનમાં પાછા ફરવા માગે છે, જે લોકોએ યુએસ-સમર્થિત ૨૦૦૨-૨૦૨૧ દરમિયાન સરકારો અને તે સમયે સત્તામાં રહેલા અફઘાન લોકો તેમને ટેકો પણ આપી શકે છે. પરંતુ સફળતા મોટાભાગે પ્રદેશના દેશોની બાહ્ય મદદ પર આધારિત હશે, જે હાલમાં શંકાસ્પદ લાગે છે. પુનર્ગઠન થયું છે અને જમીની સ્થિતિ બદલાઈ ગઈ છે. શું અફઘાનિસ્તાનમાં ઈતિહાસ, યુરેશિયન પ્રદેશ અને સમગ્ર વિશ્વ માટે પુનરાવર્તિત થશે? આવું થાય તો તે રક્તપાત અને દુઃખદ સ્થિતિની ખાતરી આપે છે. દુઃખની વાત તો એ છે કે, આ બધી ચાલ અને પ્રતિ-ચાલ વચ્ચે ગાંધારીનો શાપ જાણે શાશ્વત રહ્યો છે! ■

# બબ્બે M. G. રોડ

બન્નેના નામના પ્રથમાક્ષરો M.G. બન્નેના મૃત્યુનો દિવસ ૩૦ જાન્યુઆરી. બન્નેનો સંબંધ સૌરાષ્ટ્ર જોડેઃ એકનો સૌરાષ્ટ્રમાં જુલમ અને બીજાનો સૌરાષ્ટ્રમાં જન્મ. એકનો સંબંધ હિંસા જોડે, બીજાનો અહિંસા જોડે. એક ધર્માંધ, બીજા ધર્મપરાયણ. એકનો ધ્યેય ધનસંચયનો, બીજા ધનલોભ કપટરહિત. એકે સોમનાથ મંદિરનો નાશ કર્યો, બીજાએ સોમનાથ મંદિરના પુનરુદ્ધાર માટે શરત મૂકી કે પુનરુદ્ધાર થાય પણ સરકારને પૈસે નહીં, પ્રજાને પૈસે થાય. એક આપણા રજવાડાંઓ જીતી અનેકને ગુલામ બનાવી પોતાને વતન લઈ ગયો, બીજાએ ગુલામ દેશને સ્વતંત્રતા અપાવી. એકે લોહીની નદી વહાવી, બીજાએ નદીને કાંઠે આશ્રમ સ્થાપ્યો. એક M.G. મહમદ ગઝની, બીજા M.G. મહાત્મા ગાંધી.

મહમદ ગઝનીને આજે એની વર્ષગાંઠને દિવસે યાદ તો કરવો રહ્યો. ઇ.સ. ૯૭૧માં એનો બીજી નવેમ્બરે જન્મ. એણે કરેલા સોમનાથ પરના આક્રમણની કથા આપણે કલાપી, મુનશી અને મેઘાણી જેવા સમર્થ સાહિત્યકારો પાસેથી સાંભળી છે. લોકકથાઓમાં પણ આ ઘટના અને વીરોના બલિદાનની વાતો ગૂંથાઈ છે. સોમનાથ પહેલા મથુરામાં ભવ્ય મંદિરનો ધ્વંસ, હત્યાકાંડ અને સોનાચાંદીની લૂંટ ઇતિહાસકારોએ નોંધી છે. એણે ખલીફા સમક્ષ હિંદુસ્તાન પર દર વર્ષે આક્રમણ કરવાનું પ્રણ લીધું અને આપણા કમનસીબે પાળ્યું. સત્તર વાર હિંદુસ્તાન પર હુમલાઓ કર્યા. આ હુમલાઓમાં વીસ લાખ જેટલા લોકો હણાયા. સોમનાથમાંથી જ બે લાખ દિનાર જેટલી સંપત્તિ લૂંટીને લઇ ગયો.

જોકે, ઇતિહાસકારોએ મહમદ ગઝની માટે વિભિન્ન અને ક્યારેક વિરોધાભાસી વિગતો લખી છે અને લોકમાનસમાં અંકિત થયેલી ઘટનાઓમાં ઐતિહાસિક તથ્ય કેટલું એ અંગે શંકા વ્યક્ત કરી છે. સોમનાથની ઘટનાની તત્કાલીન ઇતિહાસ ગ્રંથોમાં વિશેષ નોંધ લેવામાં આવી નથી અને સામાન્ય રીતે લેખિત ઇતિહાસમાં અગ્રેસર એવા જૈન ગ્રંથોએ પણ એ વિશે ખાસ ઉલ્લેખ કર્યો નથી. એક મત એવો પણ છે કે આ વિશેષ નોંધ ન હોવાનું એક કારણ એ હોઈ શકે કે મંદિરો લૂંટવાનો ઇજારો માત્ર મહમદ ગઝનીનો જ ન હતો, વખતોવખત મંદિરો લૂંટાયા જતા. મહમદ ગઝનીએ સોમનાથ પર હુમલો કર્યો, નિર્દય હત્યાકાંડ થયો અને બેફામ લૂંટ ચલાવી એ અંગે શંકા નથી પણ લૂંટની અધધધ રકમ અંગે મતાંતર છે. હિંદુ ગ્રંથોમાં આવી અધધધ મોટી લૂંટની વાતો નથી અને ગઝનીના ઇતિહાસકારોએ પોતાના બાદશાહના મહાન બતાવવા લૂંટની રકમમાં



email:
muzoomdarassociates@gmail.com
Mobile 98922-91126

અતિશયોક્તિ કરી હોય એ બનવાજોગ છે. આમ પણ ઇતિહાસ વિજેતાઓના ઇતિહાસકારો દ્વારા જ લખાતો હોય છે. એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે ગઝનીના અધધધ લૂંટની આવી વાતો આપણને યુરોપિયન લેખકો દ્વારા મળે છે જેને તત્કાલીન સ્થાનિક ગ્રંથકારોના લખાણો અનુમોદન આપતા જણાતા નથી. મતાંતર લૂંટની ઘટના અંગે નહીં પણ રકમ અંગે છે.

મુંબઈ જોડે મહમદ ગઝનીનો સંબંધ ખરો? મુંબઈના ટાપુઓ પર ભીમદેવ નામનો રાજા આવ્યો હતો પણ એ ભીમદેવ કોણ? એક મત અનુસાર એ દક્ષિણનો બિંબદેવ. અન્ય એક મત અનુસાર એ પાટણનો ભીમદેવ. આ દ્વિતીય મત અનુસાર ઇ.સ. ૧૦૨૪/૧૦૨૫/૧૦૨૬ (?)ના કાળમાં ગઝની કાળ બનીને આવ્યો ત્યારે તત્કાલીન પાટણના રાજા ભીમદેવને લાગ્યું કે મહમદ ગઝની સામે ટકી શકાય નહીં અને એ પુનઃપાટણ કે દરિયા તરફ ન જતાં દક્ષિણ દિશામાં ભાગ્યો અને દાહોદ-ગોધરાના માર્ગે રાજપીપળા - ડાંગના જંગલોમાં થઈને આજે આપણે જેને મુંબઈ કહીએ છીએ એના ટાપુઓ પર આવીને વસ્યો. એણે જે ટાપુ પર પોતાની રાજધાની સ્થાપી એનું નામ મહિકાવતી/મહિષ્કાવતી આપ્યું જેને મહિષ્કાવતીને આજે આપણે માહિમ તરીકે ઓળખીએ છીએ, એના સૈન્યના હાથીઓ (સંસ્કૃતમાં માતંગ) માટે બાજુમાં જગ્યા આપી જે માતંગાલય કે માતંગશાળા એ આજનું માટુંગા અને એનાં ન્યાયાલય હતા એ વિસ્તારને ન્યાયગ્રામ જેનું પાછળથી નાયગાંવ થયું. એની સાથે પાટણના પ્રજાજનોમાં પ્રભુ નામની કોમ પાટણથી આવેલી હોવાથી પાટાણે પ્રભુ તરીકે ઓળખાઇ, જેનું પાછળથી 'પાઠારે પ્રભુ' થયું. તેઓનાં ઘણાં કુટુંબો માહિમમાં ઠરીઠામ થયા અને વરલીનું પ્રભાદેવીનું મંદિર પણ પાટાણે પ્રભુની કોમે બાંધ્યું. ભીમદેવ એ ગુજરાતનો રાજા ભીમદેવ કે દક્ષિણનો બિંબદેવ એ અંગે તો મતાંતર છે પણ માહિમ એ અત્યારનું માહિમ કે કેલવે પાસેનું માહિમ એ અંગે પણ મતાંતર છે. દુર્ભાગ્યે આપણને ઇતિહાસ કરતા દંતકથાઓમાં વધુ રસ છે.

મહમદ ગઝનીને માત કરવાનું કાર્ય જે મનુષ્યો ન કરી શક્યા તે મચ્છરોએ કર્યું. એના છેલ્લા યુદ્ધમાં એને મલેરિયા લાગુ પડ્યો અને એમાંથી ક્ષય થયો. ૫૯ વર્ષની વયે જાન્યુઆરીની ત્રીસમીએ ઇ.સ. ૧૦૩૦માં એ મૃત્યુ પામ્યો. એના આક્રમણનો મુખ્ય હેતુ ધનલાલસા કે ધર્મઝનૂન એ અંગે ઇતિહાસકારો ચર્ચા કરતા રહે છે પણ એક વાત નક્કી કે એ વિદેશી આક્રમણકારોને હિંદુસ્તાન આવવાની દિશા બતાવતો ગયો, હિંદુસ્તાનની સંપત્તિ લૂંટવાની પ્રેરણા આપતો ગયો અને હિંદુસ્તાનના રજવાડાંઓની છિન્નભિન્નતાની માહિતી આપતો ગયો. એ M.G. ના ચીંધ્યા માર્ગે વિદેશી આક્રમણકારો ચાલ્યા. આપણા M.G.એ ચીંધેલા માર્ગે આપણે ન ચાલ્યા, માત્ર M.G. Road નું નામકરણ કરી એની ઉપર પર મહાલ્યાં. ■

# કર્નલ અને તેના ગાર્ડને હૉસ્પિટલમાં પ્રવેશતાં જોઈ હીર ચોંકી ઊઠી




(પ્રકરણ-૧૬)

હીર ફિરોઝથી છુટી પડીને બન્ને રૂમમાં પાછા આવ્યા. નર્સે આવી થર્મોમીટર ફિરોઝની જીભ નીચે મૂક્યું. હીરે નર્સીંગ સ્ટે પરથી સોય દોરો મંગાવ્યો ને ફિરોઝનાં સોલ્જરના યુનીફોર્મ જેકેટમાં ગોળીને લીધે કાપો પડ્યો હતો તે સાંધવા બેઠી.

નર્સે થર્મોમીટર કાઢયું. 'તાવ તો નથી, તો તમારું મોં લાલ કેમ લાગે છે?' હીરના મોં પર સ્મિત આવ્યું. ચુંબન લીધા પછી ફિરોઝનું મોં લાલઘુમ થઈ ગયું હતું. 'ના, ના એવું નથી.'

'હા. લાલ લાગે છે, શરમાઓ છો તેથી? મે ગઈકાલે રાતે અંધારામાં હોસ્પિટલના દરવાજે એક સ્ત્રી પુરુષને ચુંબન લેતા જોયા હતા. અંધારું હતું તેથી ઓળખાયા નહી. તમે તે જોયું હશે તેથી શરમાયા હશો. તો છેક સવાર સુધી તમારું મો એટલે લાલઘુમ છે? અરે તમારું બીપી વધવા માંડયું, તમારી પલ્સ ફાસ્ટ થઈ ગયા. શું થયું?' હીર મનોમન હસ્તી હતી.

'ના,ના! હવે.' ફિરોઝ બધુ સાંભળી મુંઝાતો હતો.

હીર સોયદોરાના બોક્સમાં કપડાંનું લાલ રંગનુ હાર્ટ શેપનું કપડું જોયું ને જેકેટનું કાણું સાંધવા કાણા પર તે લગાવી સાંધી લીધું.

ફિરોઝે શરમાઈને પૂછ્યું, 'તમે શું કરો છો?'

'તમારા જેકેટનું કાણું સાંધુ છું. મેં લોહીના દાગ ધોઈ નાંખ્યા છે. કાણું સંધાઈ ગયું છે, તેની કોઈને ખબર નહી પડે આમે ય એશીયાની કપડાની ફેશન ઈન્ડસ્ટ્રી તો મારા ડાબા હાથનો ખેલ છે. હવે સાંભળો, નર્સે જે કહ્યું તેથી ત્રણ વિકલ્પ તમારી સામે મૂકું છું. પહેલો એ કે ગઈકાલે રાતે જે બન્યું આપણા વચ્ચે તે ભુલી જાઓ. બીજું, એ વિશે ક્યાંય વાત કરતાં નહીં.'

'અને ત્રીજો?' 'આપણો હવે થોડા ટીનેજર છીએ? એક બીજાને એવી વર્તણુંકથી સંકોચ નહી પામવાનો.' 'ભલે. ત્રીજો વિકલ્પ મને ગમ્યો.'

'એટલે?' હીર મુંઝાણી.

'એટલે એમ કે, ગઈરાતે જે થાય., તેવું પાછું થાય તો સંકોચ નહીં રાખવાનો.' ફિરોઝના ચહેરા પર લાલી ફરી વળી.

'ખરેખર?' હીર ખુશ થઈ ગઈ. 'તો તમને એ ગમ્યું હતું?' તે પણ શરમાઈને બોલી.

'તમે મને પસંદ કરવા કહ્યું ને મેં પસંદ કર્યું.' ફિરોઝ નિર્દોષ બની બોલ્યો.

'સારી પસંદગી છે. ગઈકાલે તમને ગોળી વાગી, બેભાન થયા, હોસ્પિટલે આવ્યા, સર્જરી થઈને એનેસ્થેશીયાની અસર નીચે હતા. વરસાદ પડતો હતો, હું રોતી ત્યાં બહાર ઉભી હતી, તો ભાવુક થઈ તમે એવું વર્તન કર્યું ને? મને ચુમી લીધી, સમજી ગઈ. વધુ ન બોલતા હવે. તમારું બીપી વધી જશે. એવું તો ચાલ્યા કરે. તમે મને ચુમી લીધી તો શું થયું? હું આ બોક્સ સ્ટેશને આપી આવું.' કહી તે રુમની બહાર નર્સીંગ સ્ટેશને ગઈ.

ફિરોઝ તેની વાતોથી વિચારમાં પડયો. તેના માટે તો ગઈ કાલ રાતનું ચુંબન પહેલું હતું ને તેની નજર જેકેટ પર પડી. હાર્ટ શેપનું લાલ થીગડું જોયું. ને તેના મોં પર સ્મિત આવ્યું.

લોબીમાં હીરે અવાજ સાંભળ્યો. અબ્બાસ, મુર્તઝાને અહેસાનને જોયા, ખુશ થઈ ગઈ. 'તમે બધા? અહીં?'

'હા.' અબ્બાસ બોલ્યો, 'દુઃખભર્યા સમાચાર સાંભળીને આવીએ જ ને? કેપ્ટન કેમ છો તેમના વિશે સાંભળી દોડી આવ્યા.' મુર્તઝા રડી પડયો. 'શાંત, શાંત, મુર્તઝા!' હીરે તેને સાંત્વન આપ્યું. ચિંતા ન કર. તે ઠીક છે.

'હા. મેમ! મુર્તઝા બોલ્યો,' અબ્બાસને એ વાતે બહુ દુઃખ થયું.' આંખો ઝુકાવી લીધી. 'મેમ!' મુર્તઝા બોલ્યો. 'થોડું ખાવાનું લઈ આવ્યા છીએ.' 'સારું કર્યું, હોસ્પિટલમાં ક્યાં સારું ખાવાનું મળે.' કહી હીરે બેગ લઈ લીધી.

'મેમ! તેઓ ફિક્કા પડી ગયા છે નહીં? સાજા થવા માંડયા છે?' નાના ભાઈની જેમ મુર્તઝાએ પૂછયું.

'આવો બહાદુર અમારો કેપ્ટન, પલંગમાં પડ્યો છે.' ચિંતાથી અબ્બાસ બોલ્યો. 'તેને ગોળી કેવી રીતે લાગી? વર્કશોપમાં જવાના હતા. ત્યાં લાગી હશે?' અહેસાન સિવાય કોઈને કશી ખબર નહોતી. 'વર્કશોપમાં નહીં. મને બચાવવા તેણે ગોળી ઝીલી' હીરે કહ્યું.

'તો ગોળી છટકાવી ન શક્યા?' અબ્બાસ માનતો ન હોય તેમ બોલ્યો. 'તેઓ ફેઈલ થયા? કેપ્ટન ફિરોઝ કદી ફેઈલ થાય?'

હીરે જોયું કે, ફિરોઝ આ સાંભળશે તો દુઃખી થશે તેથી બોલી, 'ચાલો! તમે આવ્યા, તેમને જોયા ને? હવે તેમને આરામ કરવા દો. તમે હવે જાઓ.'

'આટલે લાંબેથી આવ્યા ને પાછા જવાનું?'

'કાફેમાં કંઈ પીઓ. તેઓ ઉઠશે એટલે તમને બોલાવીશ' ને બધાને રુમની બહાર મોકલ્યા. બારણું બંધ કર્યું ને ફિરોઝ પાસે બેઠી. 'આંખો ખોલો. સુવાનો ઢોંગ ન કરો.'

આંખો ખોલી ને બોલ્યો, 'બધા ગયા?'

'હા.'

'તેમને મળતાં મને શરમ આવતી હતી તેથી ઢોંગ કર્યો.' 'હવે સાચું કહો, ગોળી છટકાવી શક્યા હોત?'

'તમને બચાવવા એ ન કરી શક્યો. નહીં તો ગોળી તમને લાગત!' હીર ભાવુક થઈ ગઈ. 'હવેથી આવું ન કરતા. આવા સંજોગો પાછા ઊભા ન થાય તો સારું.'

'હા. તો જ તમે પાછા જઈ શકશો. બીજીવાર આવું થાય તો મારા માટે ન રોકાતા, ચાલ્યા જજો.' ફિરોઝે ઉદાસીથી કહ્યું. 'અત્યારે તમે સ્વિત્ઝર્લેન્ડથી દિલ્હી પહોંચી ગયા હોત.'

'હા, અલી રઝા મારા ફેમીલીને સમાચાર પહોંચાડવાનો હતો. હવે તો મારા ફેમીલીને ખબર પડી ગઈ હશે કે, હું હજી જીવતી છું.'

એવું કહી હીરે ફિરોઝના પલંગની બાજુમાં કરેલી પથારીમાં લંબાવ્યું. ફિરોઝ હિરની હિલચાલ જોઈ રહ્યો હતો.

'તમે તોય નીચે પથારીમાં સુવાના છો?' ફિરોઝે પૂછ્યું.

'હા. કેમ? બીજો પલંગ ક્યાં છે?'

'જમીન ઠંડી નહીં લાગે? મારા પલંગમાં મારી બાજુમાં આવી સુઈ જાઓ.'

'તમારી બાજુમાં? એવું કરું ઓકે.' તે ખુશ થઈ ઉઠીને ફિરોઝની બાજુમાં આવી. ફિરોઝ ઊભો થવા ગયો. 'શું કરો છો તમે?' હીર નવાઈ પામી. 'તમે પલંગમાં સુવો. હું પથારીમાં સુઈશ.' ફિરોઝે કહ્યું. 'તો તમને ઠંડી નહીં લાગે?'

'હું શિયાળાની ટ્રેઈનિંગથી ટેવાયેલો છું.'

'ના, તમે પેશન્ટ છો.'

'તો તમે કહેવા માગો છો એક જ પલંગમાં આપણે બે સાથે સુઈએ?'

'હા, આપણી હદમાં રહીશું, તો આપણા બે વચ્ચે કોઈ લડાઈ નહીં થાય.' 'ઓકે. એમ કહોતો એમ!' ને બન્ને સુતા. હીર ચત્તી સુઈને ફિરોઝ પડખું ફરીને.

'સૂઈ ગયા? આટલી વારમાં?' જવાબ ન મળતાં બોલી, 'આવા સંજોગમાં સૂઈ જવાય?' આંખો ઘેરાતા હીર સૂઈ ગઈ, એટલે ધીમેથી ફિરોઝ ઉઠયો. હીરને રજાઈ ઓઢાડવા હાથ લંબાવ્યો. હીરના કપાળ પર વાળની લટ આવી હતી, તે હળવે હાથે દૂર કરી, સ્નેહથી રજાઈ ઓઢાડી.

કર્નલ ઝુલફીકારે ફાયર આર્મ્સ કેટલોગ જોયો. આર્મ્સ લીધા હતા તે ડિપાર્ટમેન્ટમાં તપાસ કરાવી. ફિરોઝની સહી બધે હતી, ત્યાં ફોન આવ્યો, 'કર્નલ! સમાચાર મળ્યા છે તેને ખભામાં ગોળી લાગી છે ને રાવલકોટ હોસ્પિટલમાં છે.'

અને કર્નલે પોતાની ટ્રકને બોલાવી, જીપમાં બેઠા, જાણે લશ્કર લઈ ચડાઈ કરવા જતા ન હોય! ને ગાર્ડને કહ્યું,


'રાવલકોટ હોસ્પિટલને કોન્ટેક્ટ કરો ને કહો તેમની પર નજર રાખો.' ને કર્નલ જીપમાં બેઠા. જીપને પાછળ સોલ્જરો ભરેલી ટ્રક ઉપડયા.

હીર સવાર પડતાં ઊઠી ને હોસ્પિટલ બહાર આવેલા પેફોનમાંથી ફોન કર્યો. અલી રઝાએ ઉપાડયો. 'હેલ્લો?'

'અલી?'

'કોણ? હીર? કેપ્ટનને કેટલા ફોન કર્યા, તે ઉપાડતા જ નથી. તું ઠીક છે ને?'

'મેં છેલ્લે તારી ફેવર માંગી હતી. મારા પિતાને તે હું જીવિત છું તે જણાવી દીધું ને?' 'હા. તેથી કેપ્ટનને ફોન કરતો હતો.' તે જુઠું બોલ્યો.




'આપણે મળીને વાત કરીએ, તું ક્યાં છે તે કહે. હું ત્યાં આવું.'

અને કર્નલની જીપ ને સોલ્જરોની ટ્રક હોસ્પિટલ પાસે આવી અટક્યા. હીર હજી ત્યાં બહાર હતી. તેણે સોલ્જરોને ઉતરતા જોયા ને નજર કર્નલ ઝુલ્ફીકાર પર પડતાં ચોંકી. ને પેબુથી પાછળ સંતાઈ ગઈ. તેણે તો ફિરોઝના પિતાને જણાવ્યું હતું તો કર્નલ ક્યાંથી આવ્યો? વિચારવા લાગી. કર્નલ ને તેના ગાર્ડ ને હોસ્પિટલમાં પ્રવેશતા જોયા.

કર્નલ ને ગાર્ડઝ કેપ્ટન ફિરોઝના રુમમાં આવ્યા.

'તો કેપ્ટન ફિરોઝ! તમે અહીં છો.' કર્નલ બોલ્યો. 'તમને બધે શોધ્યા.'

'હા, સર્જરી ચાલતી હતી.'

'તમારા સમાચાર હમણાજ મળ્યા.' પછી ગાર્ડને કહ્યું, 'લાવો' ફાઈલ હાથમાં લઈ બધા ગાર્ડઝને રુમ બહાર જવા કહ્યું ને પછી ફાઈલ ફિરોઝના પગલ પર ફેંકી. 'તમારી પાંચમી કંપની બટાલિયનના ફાયરઆર્મ્સનો રેકોર્ડ. તેમાં તમારી સહી છે ને?' 'હા.' 'નવ મિલીલિટર. સેમી ઓટોમેટીક પિસ્તોલ, ગ્રેનેડ લોન્ચર વગેરે લીધા. આવા હથિયારો લઈ ક્યાં ચડાઈ કરવા ગયા હતા? યુદ્ધ કરવા ગયા હતા? એ જ હથિયારોથી મિલટરી ટ્રક પર હુમલો કર્યો હતો? એન્જિનીયર બ્રીગેડ પર? આનો અર્થ શું છે?' 'એનો અર્થ કે, મારે તે વાપરવા પાડ્યા.' ફિરોઝે જવાબ આપ્યો.

'એટલે તમે એન્જિનીયર બ્રીગેડના સૈનિકો પર ગોળીઓ છોડી? ભારતની જાસૂને બચાવવા?'

'એ જાસૂસ નથી. મારી ફીયોન્સે છે. જેણે આ જાણી જોઈને એક્સિડન્ટ કર્યો ને જેણે કરાવ્યો તેનાથી બચાવવા મારે કરવું પડ્યું.'

'જાણી જોઈને? તમને ખાત્રી છે એ બાબતની? કોઈ સબૂત છે એ બાબતનું?'

'તો એ જાસૂસ છે તેનું સબૂત તમારી પાસે છે?' ફિરોઝે સામે પૂછ્યું, 'યુનાઈટેડ ફ્રન્ટ ડિપાર્ટમેન્ટ ત્રણ, ક્લોઝ બીજું, મેનેજમેન્ટ રેગ્યુલેશન, મુતાબિક અંડરકવર એજન્ટ્સ માટે જે પ્રપોઝલ-પ્રસ્તાવ મૂકવો જોઈએ કોઈની પર્સનલ-અંગત માહિતી સ્પેશિયલ એજન્ટ્સ માટે મેળવવા ડિવિઝન ૧૩ની રજા લેવી પડે, તમે એવો પ્રસ્તાવ રજૂ કર્યો છે? તો એનું ઈન્વેસ્ટિગેશન કરવા હું વિનંતી તે ડિપાર્ટમેન્ટને મોકલાવું?' ફિરોઝ વેધક નજરે કર્નલના હાવભાવ જોતો હતો.

'કેપ્ટન! તમારે ઘણું કહેવું છે ને? તો સ્ટેટ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટમાં આવી કહો.' ને બુમ પાડી. 'ફર્સ્ટ લુટેનન્ટ! કેપ્ટન ફિરોઝની ધરપકડ કરો.' તેણે હુકમ આપ્યો.

'વાત એટલી મહત્ત્વની છે કે, ગનશોટ જખમ વાલા પેશન્ટની તમારે ધરપકડ કરવી છે?' પાછળથી સત્તાવાહી અવાજ આપ્યો. રુમનાં બારણે જનરલ શેરબહાદુર આવી ઊભા હતા તે બોલ્યા. કર્નલ પાછળ ફર્યો ને સેલ્યુટ કરી ઊભો રહ્યો.

'આવું બને?' નર્સિંગ સ્ટેશને વાતો થવા લાગી. 'પહેલાં સ્ટેટ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટને હવે ડિરેક્ટર ઓફ જનરલ પોલિટીકલ બ્યૂરો?' લાઉન્જમાં બધા ભેગા થઈ વાતો કરતા હતા. હીર પણ તેથી અંદર આવી. 'વોટ એ ડે!' એક નર્સ બોલી.

'ડિરેક્ટર નો દિકરો? આપણી હોસ્પિટલમાં? પિસ્તોલની ગોળીથી જખ્મી થઈને આવ્યો? ત્યાં હીરે આયેઝાને તેની માને આવતા જોયા ને સંતાઈ ગઈ.'

કર્નલ ત્યાં રુમમાંથી ભાગ્યો એટલે ડિરેક્ટર શેરબહાદુરે ફિરોઝને કહ્યું. 'તેં એ માનવીને પ્લેનમાં મોકલવા સિફારીસ કરી, નેશનલ ટીમના સભ્ય તરીકે તો સ્ટેટ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટ તારી ધરપકડ કરવા શા માટે આવે?' ડિરેક્ટરનો અવાજ ઊંચો થઈ ગયો હતો. ફિરોઝની મા બોલી. 'ડિરેક્ટર? 'જવાબ આપ મને?' માને અવગણતા ડિરેક્ટરે ગુસ્સાથી પૂછયૂં 'ડિરેક્ટર! પછી પૂછજો. શાંત થઈ જાઓ.' ફરી અવગણતા તેમણે પૂછ્યું, 'ફિરોઝ? શું મુશ્કેલી, મુસીબત હવે ઊભી કરવાનો છે? તારી એક ભૂલને લીધે પોલીસ બ્યૂરો મને બહાર ફેંકી દેશે. તું મારો હવે એકનો એક...' 'ચુપ થઈ જાઓ ડિરેક્ટર!' હવે ફિરોઝની માએ બૂમ પાડી. 'તેને ગોળી લાગી છે. મૃત્યુનાં મુખમાંથી પાછો આવ્યો છે. હા. આપણો હવે તે એકનો એક દીકરો બાકી છે. સારું થયું ને કબ્રસ્તાન જવાને બદલે તેણે આપણને હોસ્પિટલમાં બોલાવ્યા! ખુદાનો પાડ માનો કે, તે જીવતો છે. તેને ક્યાં લાગ્યું છે તેની ખબર ન પૂછતાં, ખીજાવા માંડ્યા છો? તમારે એનો પક્ષ લેવો જોઈએ. આવું બધું કરવા તેને કોઈ કારણ હશે ને? એ નથી પૂછતા ને ધમકાવાવ માંડ્યા છો?'

અને આયેઝાને તેની મા રુમમાં ધસી આવ્યા. આયેઝાની માનું નાટક પાછું શરૂ થઈ ગયું. એટલે ફિરોઝ બોલ્યો, 'તમને બધાને હેરાન કરવા બદલ માફી માંગુ છું. સર્જરી સારી ગઈ. હવે સાજા થવા માટે આરામની જરૂર છે. ચિંતા ન કરો.' ને આયેઝાની નજર ફિરોઝનાં જેકેટ પર સાંધેલા હાર્ટની નિશાની પર પડી, તે સમજી ગઈ.

હીર હોસ્પિટલની બહાર કર્નલ જતાં આવી. ને અલીરઝાની કારને જોતાં દોડી તેમાં બેસી ગઈ. ને કાર ઉપડી ગઈ.

ફિરોઝની માએ ડિરેક્ટર શેરબહાદુરને શાંત પાડ્યા. તે, શેરબહારદુર, આયેઝાની મા રુમની બહાર નીકળ્યા. આયેઝા પાછળ રહીને ફિરોઝ સામે જઈ ઊભી. ને પૂછ્યું.

'તમારું ધ્યાન કોણ રાખી રહ્યું છે?'

'તમે જેના વિશે વિચારો છો તે.'

'એ તમારા પ્રોજેક્ટની પાર્ટનર છે તેમ તમે કહેલું તો એ તમારી કેરટેકર પણ છે?'

'આયેઝા! મારે તમને કંઈ કહેવું છે. તમને અંધારામાં રાખવા નથી માગતો, પણ બધું વિરાથી બની ગયું.' 'એટલે ?'

'મને તે યુવતી ગમવા લાગી છે. તેના માટે દિલમાં લાગણીઓ ઉઠવા માંડી છે.'

'તમે મને મુરખ ધારો છો? મુરખ બનાવવા માંગો છો? ના. તમે તે નહીં કરી શકો. તમારાથી કદી મુરખ બની નથી. આયેઝાનો સ્વર સખત બન્યો. 'તમે કહેવા માંગો છો કે, તમારા પ્રત્યે મને કોઈ લાગણી નથી છતાં હું તમને પરણી શકું? ના, એ ન બની શકે. કારણ કે, મને હવે બીજા માટે લાગણી છે.'

'પણ મેં તો સાંભળ્યું કે, તે પાછી જવાની છે! તુરત. સાચું છે?' 'હા. સાચું.' 'એટલે જ! સમજતા નથી? તે જવાની છે તેથી તમે ઉદાસ છો તમે તેને પાછી કદી નથી જોવાના તેથી તમારું દિલ ડરથી ધડકી રહ્યું છે. તમે તેને પ્યાર સમજી ભ્રમમાં જીવો છો.'

'એ ભ્રમ નથી.'

'આપણી લગ્નની તારીખ ફિક્સ થઈ છે તેની તમને પડી નથી? મારા માટે તમારું દિલ ધડકતું નથી, કારણ કે, આપણા લગ્ન કુટુંબજનોએ ગોઠવ્યાં છે?'

'આયેઝા? શું બોલી રહ્યા છો?' અને આયેઝાનો સ્વર ધ્રુજ્યો, પણ નિશ્ચયાત્મક રીતે તે બોલી, 'જે હોય તે. આપણા લગ્ન થશે જ. કશું જ નહીં બદલાય. તમને તેના માટે લગાણી છે ને? ભલે હોય પણ તે જતી રહેશે, ત્યારે તમારી લાગણીઓ ધોવાઈ જશે.' ને તે રુમ છોડી ગઈ. લોબીમાં માતાને મળીને બોલી, 'મમ્મી! મારો વેડિંગ ડ્રેસ લઈ આવીએ. લગ્નની તૈયારીઓ કરવી પડશે. ચાલો.'

(ક્રમશઃ)



આસવ

આશા વીરેન્દ્ર
asha.s@janmabhoominewspapers.com

## ફિલ્ડ વિઝિટ



લગ્ન પછીનો શરૂઆતનો સમય એટલો ઝડપથી પસાર થઈ ગયો કે વર્ષો ક્યાં વીતી ગયાં ખબર જ ન પડી. સવાર પાંચ-સાડા પાંચ વાગ્યામાં પડી જતી. પથારીમાંથી નીચે પગ મૂકે, ન મૂકે ત્યાં નજર સામે આખા દિવસમાં કરવાનાં કામની યાદી આવી જાય.

'વહુ, આજે અમારા બન્નેનો બ્લડ રિપોર્ટ કઢાવવાનો છે. સાડા અગિયારે જમવા બેસી જઈશું' - સાસુ-સસરા.

'સુવર્ણા, મારે આજે ઑફિસે વહેલું પહોંચવાનું છે. લંચબૉક્સ આઠ વાગ્યે તૈયાર જોઈશે' - પતિ.

'મમ્મી, ટીચરે કહ્યું છે કે, સૂકો નાસ્તો નહીં લાવવાનો. રોટલી-શાક, થેપલાં ને છૂંદો, સ્ટફ્ડ પરાઠા એવું કંઈક રોજ આપવું પડશે' - બાળકો.

આ બધામાં એને પોતાની જાત માટે, પોતાના શોખના વિષયો માટે વિચારવાનોય સમય મળ્યો નહોતો. એટલે જ જ્યારે વડીલોએ વિદાય લીધી, બાળકો બાળક મટીને યુવાન બન્યાં અને પતિ પોતાની કારકિર્દીમાં સ્થિર થયા પછી સુવર્ણાને અવકાશ મળ્યો. મળેલા સમયનો સદુપયોગ કેવી રીતે કરવો એ સમજાતું નહોતું. સ્વૈચ્છિક સંસ્થા ચલાવતી એની સખી શુભાની એણે સલાહ માગી.

'તને પહેલેથી સામાજિક અને સેવાકીય કામોમાં રસ છે એ હું જાણું છું. તું સોશિયોલૉજીનો કોર્સ કરીને સર્ટિફિકેટ મેળવી લે તો સારું. હાથમાં સર્ટિફિકેટ હોય તો સારી નોકરી પણ મળી શકે.'

શુભાની વાત એને ગળે ઊતરી ગઈ. વળી પોતાના કામમાં મશગૂલ કેયૂરનેય સુવર્ણા ઘર સાચવીને કોઈ પણ પ્રવૃત્તિ કરે એનો વાંધો નહોતો. આમ સુવર્ણાએ છ મહિનાનો કોર્સ કરવાનું નક્કી કર્યું.

પહેલે જ દિવસે મુખ્ય શિક્ષિકાએ સમજણ આપતાં કહ્યું,

'એમ ન માનશો કે, ચોપડીઓ વાંચી, એસી વર્ગમાં બેસી, નોટબુકમાં નોંધ ટપકાવી, પરીક્ષા આપીને તમે આ કોર્સ કરી લેશો. ના, આ ફક્ત 'ટાઇમ પાસ' પ્રવૃત્તિ નથી. આપણે સમાજના દરેક વર્ગના લોકોનાં જીવનમાં ઊંડા ઊતરવાનું છે, એમનાં સુખ-દુઃખ સમજવાનાં છે. અનુભવવાનાં છે અને એમને સહાયરૂપ થવાનું છે.

'આ બધા માટે તમારે ફિલ્ડ વિઝિટ કરવાની રહેશે. સ્થળ પર જઈને દલિત, વંચિત, પીડિત-સ્ત્રી-પુરુષોની મુલાકાત લઈને એમની સમસ્યાઓ સમજવી પડશે.'

'મૅડમ, આવી મુલાકાતો અમારે ગ્રુપમાં જઈને લેવાની?'

'ના, બિલકુલ નહીં. તમારામાંના દરેકને અલગ અલગ વર્ગની, સ્થળની વ્યક્તિઓની કથા-વ્યથા, મુશ્કેલી જાણવાની કામગીરી સોંપાશે. આ કોર્સમાં ફીલ્ડ વિઝિટ સૌથી અગત્યની છે. એની પર જ તમારી સફળતાનો આધાર છે.

જ્યારે કેયૂરે જાણ્યું કે, સુવર્ણાને ભાગે 'કમાટીપુરા'ની ફિલ્ડ વિઝિટ આવી છે ત્યારે તે ભડકી ગયો.

'કંઈ જરૂર નથી આવા ભળતા-સળતા કોર્સ કરવાની. એ બદનામ વસ્તીમાં તને કોઈ આવતી-જતી જુએ તો શું કહેશે? એના કરતાં નિરાંતે ઘરે બેસ, સોસાયટીની બીજી લેડીઝની જેમ કીટી પાર્ટીઓમાં જા અને મજા કર.'

પણ સુવર્ણા જાણતી હતી કે, પોતે એવી મજા કરવા સર્જાયેલી નથી. એણે કમાટીપુરાની પીળી કોઠીની માલકણ રમઝાનાનો મોબાઇલ નંબર મેળવીને એની સાથે સમય નક્કી કર્યો. મન મક્કમ કરીને ગઈ હતી. તોય રિક્ષામાંથી ઊતરી ત્યારે ઘડીભર એ જાણે થીજી ગઈ. બગલમાં પર્સ દબાવી, દુપટ્ટાથી મોં ઢાંકી એ રમઝાનાની ખોલી પર પહોંચી.

'આવો મેડમ, આખિર હમારી બસ્તીમેં આ હી ગઈ. કેમ?' રમઝાનાએ સ્વાગત કર્યું. આસપાસથી આવતી વિચિત્ર ગંધ સહન નહોતી થતી એટલે એણે પર્સમાંથી રૂમાલ કાઢી નાક દબાવ્યું. નવું નવું છે ને મૅડમ, એટલે ઐસા હી હોતા હૈ. આદત થઈ જાયેગી પછી વાંધો નહીં આવે.' એણે નમ્રતાથી કહ્યું, 'રમઝાના, જૈસે મૈંને ફોન પે બોલા થા ન, વૈસે પ્લીઝ, મેરી યહાં રહનેવાલોંસે મુલાકાત કરવા દો.'

પછી તો એક રૂમમાં રોઝી ને મેરી, ચાંદની ને બિલ્લો. ઝુબેદા ને મરિયમ સૌ આવીને બેઠાં. ચહેરા ભલે જુદા જુદા પણ એની પર કરેલા લપેડા એક સરખા. લાલ ચટાક લિપસ્ટીક, ચળકતા ચાંદલા, પસીનાને કારણે ફૂટી નીકળેલો પાઉડર, મોટા મોટા ખોટા દાગીના ને સસ્તા પરફ્યુમની તીવ્ર ગંધ. ઘડીક તો સુવર્ણાને ભાગી છૂટવાનું મન થયું. પણ હજી તો માંડ પંદર-સત્તરની લાગતી ચાંદનીએ પોતાની કથની શરૂ કરીને એ એક ધ્યાને સાંભળવા લાગી.

'મારાં મા-બાપે જ આ કસાઈખાને વેચી. સિર્ફ દસ હજારમેં, કિસે ફરિયાદ કરે? શરૂમાં બહોત રોયી, ખાવાનું ન ખાધું પણ પછી આવી ગઈ લાઇન પે.' મરિયમનો પતિ જાલિમ હતો. ઢોર માર મારતો. બિલ્લોને એના પાડોશીએ લગ્નની લાલચ આપી ફસાવી હતી. પેટમાં ગર્ભ રહ્યો ત્યારે ભાગી ગયો. બચ્ચા ગિરાને હૉસ્પિટલ ગઈ ત્યાં ઝુબેદા મળી ગઈ. એ અહીંયા લાવી. રોઝી, બિલ્લો, ઝુબેદા - બધાની કિસ્મત કોઈ ને કોઈ રીતે અહીં ખેંચી લાવી હતી. સુવર્ણાને થયું કે તે ચીસ પાડીને કહે, 'બસ કરો, હવે નથી સંભળાતું. નથી સહન થતું મારાથી.' પણ હજી તો ફીલ્ડ વિઝિટ બાકી હતી. આજના દિવસ પૂરતી રજા માગી ત્યારે એની આંખમાં આવેલાં આસું લૂછવા ટિશ્યૂ પેપર આપી રમઝાનાએ કહ્યું,

'તૂ યે સબ જાનકે પરેશાન હો ગઈ મેડમ, પણ એક બાત સૂન લે. કોઈ ઔરત પોતાની ખુશીથી અહીં નથી આવતી. મજબૂરીથી આવે છે પણ પછી અહીં જ મોત આવે એવું પોતાની મરજીથી ઇચ્છે છે.'

રાત્રે અચાનક ઊંઘ ઊડી ગઈ ને સુવર્ણાને રડતી જોઈ ત્યારે કેયૂરે પૂછ્યું, 'કેમ શું થયું? કેમ રડે છે?' કેયૂરને ખભે માથું ઢાળીને રડતાં એણે કહ્યું, 'મમ્મી-પપ્પાની બહુ યાદ આવે છે, હું કાલે વડોદરા જાઉં?' હા, તે જજે ને! પણ એમાં આટલું રડે છે શા માટે?' કેયૂરને નવાઈ લાગી.

(લોકરે ઉમેશ માધવરાવની મરાઠી વાર્તાને આધારે)

# કંડલા ઇઝ સિલેક્ટેડ

કચ્છ એટલે કચ્છ...
દીપક માંકડ



સરદાર વલ્લભભાઇ પટેલે કહ્યું છે, એકતા વિના મનુષ્યબળની કોઇ શક્તિ નથી... તેનો યોગ્ય રીતે સમન્વય અને સંગઠન થતાં એ આધ્યાત્મિક શક્તિ બની જાય છે.

હજુ બે દિવસ પહેલાં (૩૧મી ઓક્ટોબરે) રાષ્ટ્રે સરદારને ૧૫૦મી જન્મજયંતીએ ભાવભેર શ્રદ્ધાંજલિ આપી. સરદાર અને ભારતવર્ષનું ગૌરવ, રાષ્ટ્રની મહાનતા, ઐક્ય, સમૃદ્ધિ, સંસ્કૃતિ જતનના સ્વપ્નદૃષ્ટા. લોખંડી પુરુષનું કચ્છ પણ કૃતજ્ઞ છે.

સરદાર સરોવર નર્મદા યોજનાના પાયામાં કચ્છ રહ્યું છે એ હકીકત ઇતિહાસનાં પાને નોંધાયેલી છે. એ કલ્પના સરદાર પટેલની હતી કે પાકિસ્તાન સાથેની કચ્છની ભૂમિસીમાએ નિવૃત્ત સૈનિકો અને ખડતલ ખેડૂતોને વસાવવા. એ માટે નર્મદાનું પાણી કચ્છનાં રણ સુધી પહોંચાડવું. ગાંધીધામની સ્થાપનામાં પણ સરદાર હતા. મહાત્મા ગાંધીનાં જીવનનો અણધાર્યો અંત ન આવ્યો હોત તો કચ્છનું પ્રથમ મહાનગર આજે સરદારગંજના નામે ઓળખાતું હોત.

પહેલી જૂન, ૧૯૪૮ના કચ્છ ભારત સંઘમાં વિલીન થયું ત્યારે સરદાર પટેલે પત્રમાં લખેલું : કચ્છનું રાજકીય, ભૌગોલિક અને આર્થિક મહત્ત્વ ઘણું છે. તે હિંદનું એક અગત્યનું સરહદી થાણું છે. વિકાસમાં તે પછાત છે, છતાં તેની કુદરતી સંપત્તિ વિશાળ શક્યતાથી ભરેલી છે. ઘરબારથી વિખૂટા થઇ ગયેલા નિરાશ્રિતો જેમને મદદ, રાહત અને પુનર્વસવાટની ઘણી જરૂર છે, તેમણે વસાવવા સારુ કચ્છમાં ઘણો અવકાશ છે. કચ્છની પ્રજામાં તાકાત, ધૈર્ય, સંપત્તિ અને સાહસિકતા ઘણી છે. વેપાર અને ઉદ્યોગમાં કચ્છીઓએ સમસ્ત હિન્દમાં જે ફતેહ મેળવી છે, તે તેમના આ ગુણોની સાબિતી છે.

૨૦મી એપ્રિલ, ૧૯૪૯ના રામસિંહજી રાઠોડ પર લખેલા પત્રમાં કચ્છ પ્રત્યેની એમની લાગણી અને નિસબત છતી થાય છે : 'અનેક સદીઓ પહેલાંની પુરાણી દુનિયાનું કોઈ સ્થાન આજની દુનિયામાં જોવું હોય, તો તે 'કચ્છ' છે, જ્યાં આધુનિક દુનિયાની કોઈ હવા લાગી જ નથી અને જેમનું તેમ પડી રહ્યું છે. ત્યાં અત્યારે તો દુકાળ છે. ઢોર અને માણસને બચાવવાનો મોટો પ્રશ્ન છે. તેમાં મધ્યસ્થ સરકાર લાખો રૂપિયા ખર્ચી રહી છે. સાથે સાથે, કંડલાને કરાચી બનાવવાની યોજના તૈયાર થઇ રહી છે. તેની સાથે બે રેલવે જોડવાનો પ્રયત્ન છે. સિંધીઓ બંદરની પાસે એક મોટું નગર વસાવવાના છે. તેની તૈયારી થઇ રહી છે. પાણી અને રસ્તાની વ્યવસ્થા માટે યોજનાઓ રચાઈ રહી છે. મોટું એરોડ્રોમ બનાવવાનું છે. આમ, ચારે તરફથી કચ્છની શિકલ બદલાવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે અને તેની પાછળ કરોડો રૂપિયા ખર્ચવાના છે. ઉમ્મીદ તો છે કે પાંચ વર્ષમાં કચ્છ હિન્દુસ્તાનના નકશામાં બંધબેસતું થઇ જાય... પછી તો ઈશ્વરની ઈચ્છા.'

કંડલા – આજે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટનાં નામે કચ્છ – ગુજરાત અને દેશના વિકાસમાં સિંહફાળો આપી રહ્યું છે. વર્તમાન ચેરમેન સુશીલકુમાર સિંઘનાં નેતૃત્વમાં ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે. વિકાસની બીજી યોજનાઓ પણ કાર્યાન્વિત છે.

૧૯૪૭માં ભારતનું વિભાજન થયું અને સિંધ – કરાચી સાથે પશ્ચિમ કાંઠાનું ચાવીરૂપ બંદર પણ પાકિસ્તાનના ફાળે ગયું. વેસ્ટ કોસ્ટ પર દૂરસુદૂરના દેશો સાથેના જળમાર્ગે પરિવહન માટે એક મોટો ખાલીપો સર્જાયો... ને સરદારનાં મનમાં કંડલા બંદરની યોજનાએ જન્મ લીધો...

ભારત માટે આ મોટો વિચાર હતો... અને દેખીતી રીતે જ બીજા વિકલ્પોએ હતા... આ આખો પ્રસંગ ગુજરાત વિધાનસભાના સ્પીકર રહી ચૂકેલા પ્રખર ગાંધીવાદી કુંદનલાલ ધોળકિયાએ તેમનાં પુસ્તક 'શ્રુતિ અને સ્મૃતિ કચ્છ'માં ઉલ્લેખ્યો છે. કુંદનભાઈએ 'કેન્દ્ર સરકારનાં સીમાચિહ્નો' પ્રકરણમાં લખેલું અહીં શબ્દસહ મૂક્યું છે... એ વખતની સ્થિતિ, પરિદૃશ્ય આજની પેઢીએ જાણવા જેવું છે.

કોઈ કોઈ પ્રસંગ એવા બને છે કે જ્યારે માનવ ભૂતકાળની યાદમાં ડૂબી જાય છે. કોલેજમાં હતો ત્યારે કંડલા ઊતરતો ને લોંચ કે સ્ટીમરમાંથી ઊતરી એક નાની નેરોગેજ રેલવેમાં બેસતો. ત્યારે ત્યાં પતરાંનાં છાપરાંનાં થોડાં ઘરો હતાં, પરબમાં પાણી પાનારી એક ડોશી હતી, એ સિવાય મુસાફર માટે કોઈ સુવિધા નહોતી. એક નાનો ક્યાંક તૂટેલો ફુડદો હતો. ચડતાં – ઊતરતાં ક્યારેક અકસ્માત થતા. પેસેન્જરો લોંચમાંથી આવે કે બેસે તે સમય બાદ આખો દિવસ અહીં સ્મશાનવત્ શાંતિ હતી. આજે મહાબંદર બ્રોડગેજથી જોડાયું છે. લિફ્ટવાળાં આલીશાન મકાનો, વિશાળ કારગો જેટી, માલ ચડઉતાર કરતી રશિયા – અમેરિકાની પ્રચંડ સ્ટીમરો જોવા મળે છે. જ્યાં વર્ષો પહેલાં ફાનસના ઝાંખા દીવા હતા, ત્યાં રોશનીનો ઝળહળાટ છે. આ બધું કેમ થયું ? કોને પહેલો વિચાર આવ્યો ? બીજ ક્યારે રોપાયું? કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આજથી સવા સદી પહેલાં સને ૧૮૫૧માં રોયલ નેવીએ કંડલાનો પહેલો દરિયાઈ સરવે કરેલો. કંડલા ભવિષ્યમાં સારું બંદર થઈ શકે તેવા અભ્યાસી વિચારનું બીજ રોપનારા એક અંગ્રેજ કેપ્ટન બેરી હતા. ૧૯૨૧ – ૨૨માં તેમણે વિગતવાર સરવે કર્યો. મહારાઓ ખેંગારજીને પણ યશ છે કે ૧૯૩૦માં તેમણે કંડલાને બંદર તરીકે ખીલવવા પસંદગી આપી. ૧૯૪૬માં પોર્ટ ટેકનિકલ કમિટીએ અભિપ્રાય આપ્યો કે મુંબઈ અને કરાચી વચ્ચે કચ્છના અખાતમાં એક બંદર જરૂરી છે અને તે માટે કંડલા જ યોગ્ય સ્થળ છે. પછી તો દેશના ભાગલા પડ્યા. કરાચી પાકિસ્તાનમાં જતાં ભારતના પશ્ચિમ કિનારે મહાબંદરની આવશ્યકતાને વેગ મળ્યો. આ અરસામાં જામનગરના જામસાહેબે કંડલા સામે જામનગર પાસે સિક્કા બંદરનો કેસ રજૂ કરી કંડલા કરતાં સિક્કા વધારે યોગ્ય છે તેમ જણાવી જોરદાર રજૂઆત કરી. કેન્દ્ર સરકારે અમદાવાદના પ્રતિભાશીલ ઉદ્યોગપતિ સ્વ. કસ્તૂરભાઈ લાલભાઈનાં અધ્યક્ષપદે વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલપમેન્ટ કમિટી રચી. કંડલાને આખરી પસંદગીની ભલામણ કરતો આ રિપોર્ટ ૧૯૪૮ના અધવચમાં ભારત સરકાર સમક્ષ રજૂ થયો. પસંદગી કોના ઉપર ઊતરશે, કંડલા કે સિક્કા, એ પ્રશ્ન હતો. આ પ્રસંગ અંગે એક વજૂદવાળી વાત મેં સાંભળી છે, તે મારા કાનમાં ગૂંજે છે તેનો ઉલ્લેખ કરું. કંડલા માટે અથાગ શ્રમ લેનારા પહેલા ડેવલપમેન્ટ કમિશનર કે. કે. મીત્તરે કચ્છના એક સ્વ. અગ્રણીને કરેલી આ વાત છે.

મીત્તરે કહ્યું, 'વેસ્ટ કોસ્ટ સમિતિના રિપોર્ટ ઉપરથી મહાબંદર કંડલા કે સિક્કા એ બેમાંથી ક્યું પસંદ કરવું તેને આખરી નિર્ણય સરદાર વલ્લભભાઈ પટેલ પર છોડાયો. દિલ્હીમાં અમને બોલાવવામાં આવ્યા સરદારને બંગલે. મારાં મનમાં શંકા કે આ ધોતિયાંવાળા આવી ટેકનિકલ બાબત અંગે ઊંડા ઊતરી કેમ શકે ?'

સરદાર પાસે સિક્કાની પસંદગી માટે જામસાહેબના નિષ્ણાત પ્રતિનિધિએ કેસ મૂક્યો. સરદારે પાંચ મિનિટ સાંભળ્યા. પાંચ મિનિટે પેલાને અટકાવીને સરદારે પૂછ્યું, 'કંડલા માટે કોણ છે ?'

મીત્તરે કહ્યું કે, 'નિષ્ણાત તરીકે મેં કંડલાનો કેસ રજૂ કર્યો. હું ચાર મિનિટ બોલ્યો ને સરદારે ગૂઢ શાંતિ પછી મને એક પ્રશ્ન પૂછ્યો, એ પ્રશ્ન કેટલો વેધક ! ત્રણ મહિનાથી મેં એક એન્જિનીયર વડા તરીકે અભ્યાસ કરેલો, પણ આ પ્રશ્ન કોઈને સૂઝી શકે તે મને કલ્પના નહીં. મેં જવાબ આપવો શરૂ કર્યો, બે મિનિટ મને સાંભળ્યો ને સરદારે કહ્યું, 'સીટ ડાઉન.' આ પછી સરદારે પોતાના રૂમમાં બે આંટા માર્યા ને પછી એક વાક્ય બોલ્યા, 'કંડલા ઈઝ સિલેક્ટેડ.' (કંડલા પસંદ કરું છું.) પછી તરત તેઓ ચાલ્યા ગયા.

અમે સહુ સ્તબ્ધ બની ગયા. તેર કરોડ રૂપિયાનાં મહાબંદરની આ અટપટી દરખાસ્તનો નિકાલ ફક્ત દસ મિનિટમાં જ થયો. સરદાર પટેલને પગે પડવાનું મન થયું. એમની વિરાટ પ્રતિભા વધારે સમજાઇ.'

કંડલા મહાબંદર તરીકે સુવર્ણાક્ષરે નોંધાય તેવા નિર્ણયની જાહેરાત ૮ એપ્રિલ, ૧૯૫૫ના તે વખતના ટ્રાન્સપોર્ટ પ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીએ કરી.

પંડિત નેહરુ પણ કંડલાને ભૂલ્યા નહીં. 'ક' વર્ગનું રાજ્ય ૧૯૫૬ના ઓક્ટોબરના અંતમાં પૂરું થયું તે પહેલાં ૧૮ ઓગસ્ટ, ૧૯૫૬ના કંડલાની પ્રગતિ જોવા આવ્યા હતા. આ સહુ પુનિત પ્રતિભાશીલ વ્યક્તિઓને કચ્છ સ્મરે છે.'

('શ્રુતિ અને સ્મૃતિ'ની પ્રથમ આવૃત્તિ ઓગસ્ટ – ૧૯૮૦માં પ્રસિદ્ધ થઇ હતી.)

# લઘુતમ વેતન રૂા. ૪૧,૦૦૦ને આંબશે ?

સારા જહાં હમારા
નિખિલ પંડ્યા



કોઈપણ નોકરીયાત માટે તેમના પગારનો વધારો અપાર આનંદની બાબત બની રહેતી હોય છે. સરકારી કર્મચારીઓ માટે વાર્ષિક ઈન્ક્રિમેન્ટના આનંદથી વિશેષ અપેક્ષા પગાર પંચની રચના અને તેની ભલામણો પર કેન્દ્રિત હોય છે. ભારતની આઝાદી બાદ એક વણલખેલો નિયમ અને પરંપરા અસ્તિત્વમાં આવ્યા છે, જે મુજબ દર ૧૦ વર્ષે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને ભથ્થાંની સમીક્ષા માટે પગારપંચની રચના થતી હોય છે. આ પંચ કર્મીઓને ફાયદો થાય એવી ગણતરી સાથેની ભલામણ સરકારને કરતી હોય છે અને તેનો અમલ કરાતો હોય છે. કેન્દ્ર સરકારના પગારપંચની ભલામણો અને અમલને રાજ્ય સરકારો પણ અનુસરીને પોતાના કર્મચારીઓને તેવો જ લાભ આપતી રહી છે. અત્યાર સુધી સાત પગારપંચ બાદ હવે કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ માટે આ વર્ષના આરંભમાં મંજૂર કરાયેલાં આઠમા પગારપંચની સત્તાવાર રચના કરી દીધી છે અને આવતાં વર્ષના આરંભમાં તેનો અમલ કરવાનો ઈરાદો પણ જાહેર કર્યો છે.

આઠમા પગારપંચને મંજૂરી મળી છે, ત્યારથી તેની ભલામણો કેવી હશે એની બિનસત્તાવાર પણ સચોટ માની શકાય એવી અટકળો સામે આવતી રહી છે. ૨૦૧૬ની પહેલી જાન્યુઆરીથી અમલમાં આવેલી સાતમા પગારપંચની ભલામણો અને ભવિષ્યની અટકળોની સરખામણી રસપ્રદ બની રહી છે. એ પણ ઉલ્લેખનીય છે કે, સાતમા પગારપંચે ૨૦૧૪માં તેની ભલામણો સરકારને સુપરત કરી આપી હતી. બે વર્ષ બાદ સરકારે તમામ પાસાની ચકાસણી કરીને તેનો અમલ કર્યો હતો.

સાતમા પંચનો ફાયદો

દરેક કર્મચારીઓ માટે હંમેશા આનંદના સમાચાર આપતી પગારપંચોની ભલામણોમાં સાતમા પંચે કરેલી ભલામણો અને તેના અમલમાં પગાર અને ભથ્થાંમાં વધારાનો વરસાદ વરસાવાયો હતો.

તે સમયે કેન્દ્ર સરકારના કર્મચારીનું ન્યૂનત્તમ વેતન માત્ર સાત હજાર રૂપિયા હતું તેને એક ઝાટકે વધારીને મહિનાનું ૧૮,૦૦૦ કરી અપાયું હતું. સાથોસાથ સાતમા પંચે મકાન ભાડા, મોંઘવારી ભથ્થું અને પરિવહન એલાઉન્સને પણ મોંઘવારી અને તે સમયના આર્થિક પ્રવાહોને ધ્યાનમાં લઈને વધારી અપાયા હતા. સાથોસાથ પેન્શનરોનાં લઘુતમ પેન્શનને મહિને ૩,૫૦૦થી વધારીને નવ હજાર કરી દેવાયું હતું.

ઉલ્લેખનીય બાબત એ છે કે, સાતમા પગારપંચે પગાર માળખાંને વધુ સરળ બનાવી આપ્યું હતું. નવા માળખાંને ૧૯ સ્તર પૂરતું મર્યાદિત કરાયું હતું. આ પગલાંએ કેન્દ્ર સરકારના તમામ કર્મચારીઓનાં વેતનને એક જ ચાર્ટમાં આવરી લેવાયા હતા.

આઠમા પંચ પર નજર

આમ તો આઠમા પગારપંચે હજી સત્તાવાર રીતે કામ શરૂ કર્યું નથી, પણ તેને બહાલી મળતાની સાથે જાન્યુઆરી મહિનાથી વિવિધ અટકળો અને ગણતરીઓ વહેતી થઈ છે. આ અટકળોમાં સચોટ જણાય એવી આગાહીઓએ કેન્દ્રના કર્મીઓને આગોતરી ઉજવણીનું કારણ આપી દીધું છે.

મળતા સંકેત મુજબ આઠમું પંચ હાલના રૂા. ૧૮,૦૦૦નાં ન્યૂનત્તમ વેતનમાં ભારે વધારો કરવાની ભલામણ કરી શકે છે. શક્યતા મુજબ આઠમા પંચ દ્વારા ઓછામાં ઓછો પગાર રૂા. ૩૪,૫૦૦થી રૂા. ૪૧,૦૦૦ વચ્ચે રખાઈ શકે છે.

ખાસ તો આ પંચ પગારના ફિટમેન્ટના સ્તરને ૨.૮૬ ટકા કરે એવી પણ ચર્ચા છે. આ ઉપરાંત નવા પગાર માળખાંને અનુરૂપ ભથ્થામાં પણ વધારો કરાશે તથા પેન્શનમાં પણ વધારો થઈ શકે છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે, સરકાર કામગીરી કે ઉત્પાદકતા આધારે વધારાના લાભો આપવાની આ પગાર પંચમાં જોગવાઈ કરવાનો ગંભીરતા સાથે વિચાર કરી રહી છે. આમાં કર્મચારીની કામગીરી અને તેને સંલગ્ન બાબતોની સમીક્ષા કરીને વાધારાનાં વેતન લાભો આપવાનું નવતર પગલું આવી શકે છે. આમ સરકાર તેના કર્મચારીઓની કામગીરીની સમીક્ષા દ્વારા ખાનગી ક્ષેત્રની જેમ વધારાના લાભો આપવાનું માળખું અમલી બનાવી શકે છે.

અગાઉના પંચોનો એજન્ડા

**સાતમા પગાર પંચે પગાર માળખાંને વધુ સરળ બનાવી આપ્યું હતું. નવા માળખાંને ૧૯ સ્તર પૂરતું મર્યાદિત કરાયું હતું. આ પગલાંએ કેન્દ્ર સરકારના તમામ કર્મચારીઓનાં વેતનને એક જ ચાર્ટમાં આવરી લેવાયા હતા**

ભારતમાં અત્યાર સુધી દર વર્ષની ગણતરી મુજબ સાત પગારપંચ અમલી બની ચૂક્યા છે. મૂળભુત રીતે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં સમય મુજબ વધારાની ભલામણ કરવાની જવાબદારીની સાથોસાથ આ પંચની આર્થિક અને નાણાંકીય કાબેલીયતનો ઉપયોગ વેતન સંબંધિત ગણતરીની સાથોસાથ પગાર માળખાંની ઉણપોને સુધારવામાં કરાતો રહ્યો છે.

અગાઉના પગારપંચો અને તેના અધ્યક્ષોની સાથોસાથ તેમની ખાસ જવાબદારી સતત ધ્યાન ખેંચતી રહી છે.

પહેલું પગાર પંચ : દેશના કેન્દ્રીય કર્મીઓ માટેના પ્રથમ પગારપંચની રચના ૧૯૫૬માં કરાઈ હતી. અને તેની ભલામણોનો અમલ પહેલી જાન્યુઆરી ૧૯૫૭ના કરાયો હતો. આ પગારપંચે કર્મચારીઓનાં વેતન ધોરણોને સરળ બનાવવાની ભલામણો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ પ્રથમ પંચના અધ્યક્ષ રઘુબીરસિંહ હતા.

બીજું પગાર પંચ : આર.એસ. ઘોષના અધ્યક્ષ પદે આ પગારપંચની રચના ૧૯૭૦માં કરાઈ હતી. વેતનમાં વિસંગત્તાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને સુધારેલાં વેતન માળખાંની ભલામણ કરી હતી. જો કે, તેનો અમે ત્રણ વર્ષ બાદ પહેલી જાન્યુઆરી ૧૯૭૩ના અમલી બની શકી હતી.

ત્રીજું વેતન પંચ : ૧૯૭૯માં ત્રીજા પગાર પંચની રચના થઈ હતી. જેએમએમ સિંહાના અધ્યપદ હેઠળના આ પંચે પગાર ધોરણો અને ભથ્થાંને વધુ વ્યવસ્થિત કરવા પર ધ્યાન આપ્યું હતું. તેનો અમલ પહેલી જાન્યુઆરી ૧૯૮૬માં થયો હતો.

ચોથું પંચ : આર.સી. ઘોષના અધ્યક્ષપદે રચાયેલાં આ ચોથા પંચે ૧૯૮૬માં કાર્યભાર સંભાળ્યો હતો અને ૧૯૯૦માં અમલી બનાવાયેલી વેતન વધારાની ભલામણો ઉપરાંત વેતન માળખાં અને ભથ્થામાં મોટા ફેરફારો સૂચવાયા હતા.

પાંચમું પંચ : એપ્રિલ ૧૯૯૪માં રચાયેલા આ પંચે પગાર ધોરણોની સંખ્યાને ૫૧થી ઘટાડીને ૩૪ કરી આપી હતી. ન્યાયાધીશ એસ. રત્નવેલ પાંડીયના અદક્ષાપદના આ પંચની ભલામણો પહેલી જાન્યુઆરી ૧૯૯૬થી અમલી બની હતી.

છઠ્ઠું પગાર પંચ : જુલાઈ ૨૦૦૬માં રચાયેલાં આ પંચના વડા ન્યાયશધીશ બી.એન. શ્રીક્રિષ્ના હતા. તેમણે નવા વેતન માળખાંની સાથોસાથ ગ્રેડ પેની જોગવાઈ સૂચવી હતી. મહત્ત્વની બાબત એ છે કે, આ પગારપંચે બેઝિક ન્યૂનત્તમ વેતનને વધારીને સાત હજાર રૂપિયા કરવાની ભલામણ કરી હતી. આ ભલામણોનો અમલ પહેલી જાન્યુઆરી ૨૦૦૭માં કરાયો હતો.

સાતમું પંચ : ન્યૂનત્તમ વેતનને વધારીને રૂા. ૧૮,૦૦૦ કરવાની જોગવાઈ અમલી બનાવતા આ પગારપંચની રચના ફેબ્રુઆરી ૨૦૧૪માં થઈ હતી અને તેની ભલામણો પહેલી જાન્યુઆરી ૨૦૧૬માં કરાઇ હતી. અધ્યક્ષ એ.કે. માથુરે પગાર વધારાની સાથોસાથ મોંઘવારી આધારિત ભથ્થાંની જોગાવાઈ સૂચવીને તેમાં ભારે સુધારો કરાવી આપ્યો હતો.

હવે આઠમાં પંચ પર નજર

આમ તો આઠમા પંચની ભલામણોની સામે આવી રહેલી અટકળોએ પેપર લીક થઈ ગયાંનો તાલ સર્જોયો છે, પણ આખરે કેવી ભલામણો થશે એ તો તેની સત્તાવાર જાહેરાત પરથી છતું થશે, પણ તે દરમ્યાન પગાર વધારાની ગણતરીઓની મોસમ સોળેકળાએ રહેશે.

# અશ્મીભૂત બળતણ પરનું અવલંબન ભારત ઘટાડશે ?

ડૉ. જય નારાયણ વ્યાસ
jaynarayan.v@janmabhoominewspapers.com

ભારત સાતત્યપૂર્ણ આઠ ટકાનો જીડીપી વિકાસદર જાળવી રાખીને ૨૦૪૦ બાદ શક્યત: ૨૦૪૫ની આજુબાજુ દુનિયાની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. આમ થાય ત્યારે એક મહત્ત્વની ઘટના એ પણ આકાર લેશે જે મુજબ ભારતની ઊર્જા માટેની ભૂખ વધુને વધુ ઉઘડતી જશે. ૨૦૨૫ની સ્થિતિએ જોઈએ તો ભારતના કુલ ઊર્જા વપરાશમાંથી નીચે મુજબની ઊર્જા ટકાવારી દરેક સ્રોતમાંથી પ્રાપ્ત થશે.

**ભારતના ઊર્જા વપરાશની તરાહ**

| ઊર્જાસ્રોત | ૨૦૨૫ની સ્થિતિએ ફાળો (ટકાવારી) |
|---|---|
| કોલસો | ૪૮ ટકા |
| ઑઇલ | ૨૮ ટકા |
| નેચરલ ગૅસ | આઠ ટકા |
| સૌર, પવન, હાઇડ્રો, બાયોમાસ જેવી રીન્યુએબલ એનર્જી | ૧૨ ટકા |
| અણુઊર્જા | ચાર ટકા |

સંદર્ભ : 'એનર્જી સ્ટ્રેટેજિક ઑફ ઇન્ડિયા, ૨૦૨૫' મિનિસ્ટ્રી ઑફ સ્ટ્રેટેજિક, ભારત સરકાર / હન્ડ્રેડ પરસેન્ટ રીન્યુએબલ એનર્જી બાય ૨૦૧૫ ફોર ઇન્ડિયા-TERI સિનેરીઓ સ્ટડી / મિનીસ્ટ્રી ઑફ ન્યૂ એન્ડ રીન્યુએબલ એનર્જી ઈ-પ્રેસ રીલિફ (નોન ફોસીલ શેર / કેપેસિટી માઈલસ્ટોન).

ભારતનું એનર્જીમિક્સ ૨૦૫૦માં ભારત જે પ્રકારની ઊર્જા વાપરતું હશે તેનો એક અંદાજ નીચે મુજબ છે:

TERI, WRI,એનર્જી ટ્રાન્ઝીશન કમિશન વગેરે દ્વારા કરવામાં આવેલા અભ્યાસ થકી એવું તારણ નીકળ્યું છે કે, ૨૦૫૦ સુધીમાં સૌર અને પવન ઊર્જા બંને પ્રકાર દેશને ઊર્જા પૂરી પાડતા મહત્ત્વના સ્રોત બની ચૂક્યા હશે અને કોલસો માત્ર ૧૦થી ૨૦ ટકા જેટલી ઊર્જા પૂરી પાડતો હશે, જ્યારે રીન્યુએબલ એનર્જી ૭૦થી ૮૫ ટકા જેટલી દેશની ઊર્જાની જરૂરિયાત પૂરી કરશે. બાકી રહેતી થોડી ઘણી ઊર્જા અણુઊર્જા અને હાઇડ્રો પાવર દ્વારા પૂરી પાડવામાં આવતી હશે આવું વર્લ્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ 'લોંગ ટર્મ એમીસન્સ સીનોરીઓસ ફોર ઇન્ડિયાઝ પાવર સેક્ટર્સ' અને ધી એનર્જી એન્ડ રીસોર્સ ઇન્સ્ટિટ્યૂટના અહેવાલ (પાવર સેક્ટર્સ ૨૦૫૦ પાથવેઝ) તેમ જ એનર્જી ટ્રાન્ઝીશન્સ કમિશનનો અહેવાલ 'ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી ટ્રાન્ઝીસન પાથવેઝ'માં જણાવવામાં આવ્યું છે.

આ બધા અહેવાલો મુજબ ૨૦૫૦માં ભારતની ઇલેક્ટ્રિસિટી જનરેશન મિક્સનો અંદાજ નીચે મુજબ મૂકવામાં આવ્યો છે.

ઉપરોક્ત બધી બાબતો ગણતરીમાં લેતાં પણ ૨૦૫૦માં ભારતનું એનર્જીમિક્સ શું હશે એ માટેના મોટાં મોટાં તારણો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે, પણ દરેક સંસ્થાના અહેવાલ મુજબનાં અનુમાનો સાચા પડવાનો આધાર ભારત સરકાર દ્વારા નિર્ધારિત નીતિ તેમ જ આક્રમકતાપૂર્વક ક્લીન એનર્જી પોલિસીનું અમલીકરણ, એનર્જી સ્ટોરેજ માટેની સ્ટોરેજ બેન્કની પૂરતી ક્ષમતા ઊભી કરવી અને કોલસાથી દૂર લઈ જાય તેવા ઊર્જા વિકલ્પો ઉપર આધારિત રહેવા અંગેની દૃઢતાનો કેટલી મક્કમતાથી અમલ કરવામાં આવે છે તેના ઉપર નિર્ભર કરશે. આમ છતાંય એટલું તો ચોક્કસ કહી શકાય કે, આવનાર અઢી દાયકા ક્લીન એનર્જી અને ગ્રીન એનર્જીના હશે. ભારત માટે આનો અર્થ એવો પણ કરી શકાય કે, દેશ અત્યારે જેટલા અંશે ક્રૂડઑઇલની આયાત પર નિર્ભર છે, તે નિર્ભરતા આવનાર સમયમાં મોટા પાયે ઘટતી જશે.

**૨૦૫૦ ઇલેક્ટ્રિસિટી જનરેશન મિક્સ**

| અનુક્રમ નંબર | સ્રોત | મહત્ત્વાકાંક્ષી અનુમાન |
|---|---|---|
| ૧ | કોલસો | ૧૦-૨૦ ટકાથી ઓછી |
| ૨ | રિન્યુએબલ | ૬૫-૮૦ ટકા |
| ૩ | નેચરલ ગૅસ | પાંચ ટકાથી ઓછી |
| ૪ | ન્યુક્લિયર / હાઈડ્રો | ૧૦-૧૫ ટકા |



ઉપરોક્ત સંદર્ભમાં હવે આવનાર સમયમાં ભારતની ક્રૂડઑઇલની માગની સ્થિતિ શું રહેશે તે સંદર્ભે ભારત પેટ્રોલિયમના ચીફ ઇકોનોમિસ્ટ ડેલસ્પેન્સર દ્વારા એમના વક્તાવ્ય 'બીપી એનર્જી આઉટલુક ફોર ૨૦૨૫'માં જે વર્તારો કરવામાં આવ્યો છે તે મુજબ ૨૦૨૩માં વિશ્વના કુલ ઊર્જા વપરાશમાં ભારતનો ફાળો ૭ ટકા હતો, જે ૨૦૫૦માં વધીને ૧૨ ટકા જેટલો થશે અને ભારતની ક્રૂડઑઇલની માગ બીજા કોઈ પણ દેશ કરતાં વધુ ઝડપે વધશે. ડેલના મત મુજબ ૨૦૫૦ સુધીમાં ભારત દુનિયાનો સૌથી મોટો ક્રૂડઑઇલ વાપરતો દેશ બનશે. આમ, ક્રૂડઑઇલ ક્ષેત્રના નિષ્ણાત અર્થશાસ્ત્રી ડેલનો વર્તારો કંઈક જુદો જ દિશાનિર્દેશ કરે છે.

એ પણ હકીકત છે કે ભારતની ઊર્જા માટેની માગ દુનિયામાં ક્યાંય પણ વધતી હોય તેના કરતાં વધુ ઝડપે વધી રહી છે અને એટલે એ માગને પહોંચી વળવા માટે ભારત દ્વારા વૈવિધ્યપૂર્ણ સ્રોતનો ઉપયોગ કરવો જરૂરી બનશે. ડેલનાં અનુમાનો મુજબ દેશની ક્રૂડઑઇલની માગ વધીને ૨૦૫૦માં રોજના ૯૧ લાખ બેરલ થશે જે ૨૦૨૩માં રોજની ૫૪ લાખ બેરલ રહેવા પામી હતી. આ સામે ૨૦૨૩માં નેચરલગૅસની માગ ૬૩ અબજ ઘનમીટર હતી જે ૨૦૫૦માં બમણાથી પણ વધારે લગભગ ૧૫૩ અબજ ઘનમીટર જેટલી થવાનો અર્થશાસ્ત્રી ડેલનો અંદાજ છે.

**ભારતે ઘરઆંગણે ક્રૂડ અને નેચરલ ગૅસ તેમ જ કોલસાનું ઉત્પાદન વધારવાની સાથોસાથ રિન્યુએબલ ઍનર્જી પરનો આધાર પણ વધારવો પડશે**

ડેલના મત મુજબ ભારતે ઘરઆંગણે ક્રૂડ અને નેચરલ ગૅસ તેમ જ કોલસાનું ઉત્પાદન વધારવાની સાથોસાથ રીન્યુએબલ એનર્જી પરનો આધાર પણ વધારવો પડશે. ડેલના અંદાજ મુજબ જો ભારતીય અર્થવ્યવસ્થા ૨૦૨૩-૨૦૫૦ વચ્ચે સરેરાશ પાંચ ટકાના દરે વધે, જે વૈશ્વિક વૃદ્ધિદર કરતાં બમણો હશે, તો ભારતનો ઊર્જા વપરાશ જે ૨૦૨૩માં વિશ્વના ૭ ટકા હતો તે ૨૦૫૦માં વધીને વિશ્વની કુલ ઊર્જા માગના ૧૨ ટકા જેટલો થશે. આમ, અર્થશાસ્ત્રી ડેલનો વર્તારો જોઈએ તો હજુ પણ ભારત અશ્મીભૂત બળતણ ઉપરની આધારિતતામાંથી ચીલો ચાતરીને વૈકલ્પિક ઊર્જા સ્રોત પર જશે એવું માનવાને મજબૂત કારણ મળતું નથી અને એ જ વાત આ લેખના સમાપન તારણ તરીકે મૂકું છું.

અર્થ ચક્રવ્યૂહ

શિરીષ મહેતા

# અબજો રૂપિયાનો નધણિયાતો ખજાનો !

શું તમે જાણો છો કે બૅન્કોનાં અને પોસ્ટ ઑફિસ ખાતાંમાં, કંપનીઓ પાસે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગોમાં, વીમા કંપનીઓમાં અને લોકોના દાયકાઓથી અબજોના અબજોની સંખ્યામાં શૅર અને રૂપિયા દાવા વિનાના (નોંધારી અવસ્થામાં) પડ્યા છે? આ અબજો રૂપિયાના શૅર, પૉલિસીઓ અને ડિપોઝિટ્સના ખજાનાના દાવેદારોમાં તમે અથવા તમારા વડીલો હોઈ શકો છો જેની કદાચ તમને જાણ નથી અને જાણ હોય તો આગળ શું કરવું તેની વિધિની સમજ નથી. આ બધું હોય છતાં સમય હોય નહીં ત્યારે કેટલાક ગુણીજનો એમના હક્કના પૈસા મેળવવાની માથાકૂટમાં પડતા નથી. આ રીતે નોંધારી નાણાકીય અસ્ક્યામતોની કિંમત વધીને અબજોની થઈ છે. એક અંદાજ પ્રમાણે જેમને શું કરવું એની સમજ નથી અથવા સમય નથી એવા લાયક દાવેદાર લોકોની સંખ્યા ૯૦ ટકા જેટલી છે. તેમના કારણે એક મોટા ખંડમાં ખૂણે-ખૂણે અબજો રૂપિયા વેરાયેલા પડેલા છે.

એ પણ વિધિની વક્રતા છે કે એક તરફ પૈસાના અભાવે કેટલાય લોકો જીવનનો અંત લાવે છે ત્યારે અહીં અબજો રૂપિયાનો ધણી થવા કોઈ આગળ આવતું નથી!


સરકારના ઑગસ્ટ ૨૦૨૫ના અંદાજ પ્રમાણે આ બધી કંપનીઓ અને સંસ્થાઓ પાસે દાવો વિનાની ડિપોઝિટ્સ, પાકેલી વીમા પૉલિસીઓ, ડિવિડન્ડની રકમનો આંકડો એક લાખ કરોડ રૂપિયાથી વધુનો થવા જાય છે. અરે, કંપનીઓના દાવા વિનાના શૅરની સંખ્યા ૧૭૨ કરોડની છે. હવે તેની બજાર કિંમતનો જરા અંદાજ માંડી જુઓ!

આટલી મોટી રકમનો કોઈ દાવેદાર હોય નહીં એ આપણી વ્યક્તિગત અને સામૂહિક બેદરકારી અથવા નાણાકીય સાક્ષરતાનો અભાવ બતાવે છે.

ઘરમાં મોટા કહે એમ જ થાય, એ ભાવના સારી છે ત્યારે મોટાની પણ ફરજ છે કે તેઓ પણ પૈસા કેટલા અને ક્યાં રોક્યા છે તેની રજેરજ માહિતી પોતાની પત્ની/ પતિને અને ઘરના સભ્યોને આપે. શૅર, ફ્લૅટ કે બૅન્ક એકાઉન્ટ અથવા બૅન્ક લૉકરમાં સિંગલ નામ હોય, તેમાં નોમિનીની નિમણૂક કરી ન હોય અથવા એ જોઈન્ટ નામે હોય નહીં, શૅર, યુનિટનાં કાગળિયાં કબાટમાં પડ્યાં રહ્યાં હોય, એ ખોવાઈ ગયા હોય, શૅર ડિમેટ કરાવ્યા હોય નહીં, ડિમેટ ખાતામાં જોઈન્ટ નામ હોય નહીં ત્યારે ઘરના બીજા સભ્યોની મુશ્કેલીનો પાર રહેતો નથી. સિંગલ ખાતેદારનું મરણ થયું હોય અથવા તેનું સરનામું બદલાયું હોય અને તેની બૅન્ક અથવા મ્યુ. ફંડને જાણ કરી ન હોય ત્યારે તેઓ પોતાની મેળે ખાતેદારનો સંપર્ક કરી શકતા નથી.

‘અનક્લેઈમ્ડ’ (દાવા વિનાની ) એટલે શું, એ સમજીએ. કંપનીએ ડિવિડંડ જાહેર કર્યાનાં સાત વર્ષ સુધી તેનો દાવો કરવામાં આવે નહીં તેને અનક્લેઈમ્ડ ડિવિડન્ડ કહે છે. આ સિવાય, વીમા પૉલિસી પાક્યાનાં દસ વર્ષ પછી અને બૅન્કોના સેવિંગ્સ અને કરન્ટ ખાતાંમાં દસ વર્ષ સુધી કોઈ વહેવાર થતો હોય નહીં અથવા તેની ફિક્સ્ડ ડિપોઝિટ પાક્યાનાં દસ વર્ષ પછી પણ તેનો દાવો

**બૅન્ક ખાતાંમાં જે અનક્લેઇમ્ડ ડિપૉઝિટ હોય તેની રકમ મુદત વીત્યે રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા સંચાલિત ડિપૉઝિટર્સ ઍજ્યુકેશન ઍન્ડ પ્રોટેક્શન ફંડ (આઇઈપીએફ)માં અને અનક્લેઇમ્ડ શૅર અને તેના ડિવિડન્ડની રકમ કૉર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા સંચાલિત ઇન્વેસ્ટર્સ ઍજ્યુકેશન ઍન્ડ અવેરનેસ ફંડમાં જમા થાય છે**



કરવામાં આવ્યો હોય નહીં તેને ‘અનક્લેઈમ્ડ’ કહે છે. બૅન્ક ખાતાંમાં જે અનક્લેઈમ્ડ ડિપૉઝિટ હોય તેની રકમ મુદત વીત્યે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા સંચાલિત ડિપોઝિટર્સ એજ્યુકેશન ઍન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)માં અને અનક્લેઈમ્ડ શૅર અને તેના ડિવિડન્ડની રકમ કૉર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા સંચાલિત ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન ઍન્ડ અવેરનેસ ફંડમાં જમા થાય છે. સરકારી પોસ્ટ ઑફિસ અને બીજી સ્મૉલ સેવિંગ્સ સ્કીમ્સ, એમ્પ્લોઇઝ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ અને વીમા પૉલિસીની અનક્લેઈમ્ડ રકમ સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલય દ્વારા સંચાલિત સિનિયર સિટિઝન વેલ્ફેર ફંડમાં જમા થાય છે.

સદ્‌ભાગ્યે, આરબીઆઇએ હવે મૃત બૅન્ક ખાતેદારોનાં ખાતાંમાંથી પૈસા મેળવવા માટે બધી બૅન્કોને એમની વિધિ એકસમાન બનાવવા કહ્યું એ પછી સુગમતા વધી છે. બૅન્કોને આ એકસૂત્રતા લાવવા માટે ૩૧મી માર્ચ ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

આરબીઆઇએ બૅન્કોને કહ્યું છે કે કો-ઑપરેટિવ સિવાયની બૅન્કના મૃતક ખાતેદારે નૉમિનેશન કર્યું ન હોય અથવા વીલ ન બનાવ્યું હોય તો તેના પૈસાનો દાવો કરનાર વ્યક્તિએ આરબીઆઇએ તૈયાર કરેલું એક ફોર્મ બૅન્કમાંથી મેળવવું. એ ફોર્મ ભરી તેની સાથે પોતાની ઓળખના દસ્તાવેજો અને મૃતક ડિપોઝિટરનું ડેથ સર્ટિફિકેટ જોડીને આપવાથી દાવેદારને ૧૫ લાખ રૂપિયા સુધીની રકમ મળી જશે. કો-ઑપરેટિવ બૅન્કને આવા કિસ્સામાં પાંચ લાખ સુધીની રકમ આપવાની સત્તા છે. મૃતકનાં બૅન્ક ખાતાંમાં આનાથી વધુ રકમ હોય તો એ મેળવવા માટે દાવો કરનારે સક્સેસન (વારસા) સર્ટિફિકેટ અને તેની સાથે જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે.

જો મૃતક ખાતેદારે વીલ બનાવ્યું હોય પણ કોઈ વારસદાર હોય નહીં અને એવા કિસ્સામાં જ્યાં ખાતાના વારસદાર તરીકે તેના કાયદેસરના વારસ સિવાયની ત્રાહિત વ્યક્તિનું નામ હોય ત્યારે લાભાર્થીએ થોડા વધુ દસ્તાવેજો ફોર્મની સાથે જોડવાના રહેશે.

એવુંય બને કે શૅરહોલ્ડર અથવા બૅન્કના ખાતેદારનું મરણ થયા પછી તેણે વીલ બનાવ્યું હોય નહીં તો તેના વારસદારે કોર્ટમાંથી સક્સેશન સર્ટિફિકેટ મેળવવું પડે. એ ખાતાની રકમ અથવા શૅરની કિંમત બહુ હોય નહીં ત્યારે વારસદારો કોર્ટમાં ધક્કા ખાઈને આ સર્ટિફિકેટ મેળવવાની માથાકૂટમાં પડતા નથી, કારણ કે તેમાં સોના કરતાં ઘડામણનો ખર્ચ વધી જતો હોય છે. આ રીતે છોડી દેવામાં આવેલા હક્કનાં નાણાંનો સરવાળો લાખો અને કરોડો રૂપિયાનો થાય છે.

કંપનીઓ અને શૅરહોલ્ડર્સ વચ્ચેની કડી રજિસ્ટ્રાર ઍન્ડ ટ્રાન્સફર એજન્ટ્સ (આરટીએ) છે. તેઓ શૅરહોલ્ડર્સ પાસેથી શૅરના નામ ટ્રાન્સફર વગેરેની અરજી સ્વીકારે છે. આના ફોર્મ ભરીને તેની સાથે જરૂરી દસ્તાવેજો જોડવાના હોય છે. જેમને આવા કામ ફાવે નહીં તેવા શૅરહોલ્ડર્સને એજન્ટો ફી લઈને આવું કામ કરી આપે છે.

આ કામ આસાન બનાવવા માટે સરકાર જેમ બે કદમ ચાલી તેમ તમારે ચાર કદમ ચાલવાં પડે. સૌથી પહેલાં તો તમારે તમારું કેવાયસી - અને આધાર કાર્ડની વિગતો નવેસરથી કરાવવી પડે.

આરબીઆઇ, બૅન્કો અને આઈઈપીએફ સત્તાવાળા કેવાયસી શિબિરો જ્યાં યોજતા હોય ત્યાં જઈને તમારે ઊભા રહી જવાનું અથવા તો npci.org. in વેબસાઈટ ઉપર જઈને e-KYC Setu System વિન્ડોમાં જવું. અહીંથી તમારી ડિપોઝિટ્સ, પૉલિસી, મ્યુ. ફંડ યુનિટ વગેરે માટે જોઈતી આધાર કાર્ડની સાથે લિન્ક કરેલી કેવાયસી થઈ જશે. અનક્લેઈમ્ડ શૅર, ડિબેન્ચર ટ્રાન્સફર કરવા અને ડિવિડંડ મેળવવા માટે સરકારે શરૂ કરેલા નવા IEPF Portal ઉપર જવાનું છે.

જોકે, અનક્લેઈમ્ડ શૅર અને એનું ડિવિડન્ડ મેળવવાનું કામ ધીરજ માગી લે એવું છે. આ દાવો સાત વર્ષ સુધીના સમયનો હોય તો આરટીએ એ પતાવી આપશે, પણ એનાથી મોડું થયું તો શૅરહોલ્ડરે આરટીએ અને આઈઈપીએફ-બન્નેની સાથે સંકલન કરવું પડશે. IEPF Portal જણાવે છે કે હજી સિનિયર સિટિઝન હોય નહીં તેવા દાવેદારોએ નોંધાવેલા ૨૦૨૩ સુધીના દાવા પતાવટની પ્રક્રિયા ચાલી રહી છે! એક શૅરહોલ્ડરે સૂચવ્યું કે કંપની માટે આવા દાવાના પતાવટ માટે જેમ ૩૦ દિવસની મુદત રાખી છે એવું IEPF માટે પણ સરકારે કરવું જોઈએ. અત્યારે સરેરાશ છથી આઠ મહિનાનો સમય લાગી જાય છે.

એમાંય જો શૅર ખોવાયા હોય... તો તો ભગવાન બચાવે. ફોર્મ ભરવાં, એફઆઈઆર કરવાની, છાપાંમાં અને ગેઝેટમાં જાહેરાત આપવી , પૈસાનું પાણી અને મહિનાઓની પ્રતીક્ષા...!

એટલે જ રોકાણકારે બૅન્કમાં પૈસા ડિપોઝિટ કરવા હોય કે શૅર, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ અથવા અન્યત્ર પૈસા રોકતાં પહેલાં કમસે કમ બે બાબતો યાદ રાખવી જરૂરી છે : ઘરમાં એ રોકાણની જાણ કરવી અને આવશ્યક નાણાકીય સાક્ષરતાની પ્રાપ્તિ કરવી. ■

# આપણે બે

વિમલ દવે

**સુખ ન જાણું, દુઃખ ન જાણું**
**લાભ કે હાનિ લગાર,**
**એક હું જાણું નયણે તારા**
**પ્રેમનો પારાવાર.**
**વાદળ તો વીખરાય ને વળી**
**વાદળ તો ઘેરાય,**
**નાવડી તરતી જાય કે પછી**
**નાવડી ઝોલા ખાય.**
**નેણમાં તારાં નેણનો નશો**
**પ્રાણમાં તારું તેજ,**
**જ્યાં જોઉં ત્યાં ખેલતા સંગે**
**બંધુ, આપણે બે જ.**
**- સાંઈ મકરન્દ દવે**

રચના તા. ૧૩-૦૫-૧૯૭૭

‘કોઈ ઘટમાં ગહેકે ઘેરું’

(સમગ્ર કવિતા) ભા. ૩, પૃ. ૧૮૧



પરમ તત્ત્વ, એ જગન્માતા સાથે તો મકરન્દભાઈનો લાડકો નાતો હતો અને તેથી તેમને દુન્યવી સુખ-દુઃખ, લાભ-હાનિની સાથે કોઈ નિસ્બત રહી ન હતી. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે: ‘सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ’ (૨.૩૮) (સુખદુઃખ, લાભગેરલાભ તથા જયપરાજયમાં સમતા રાખીને). આ જીવનદૃષ્ટિ ત્યારે જ ખીલે જ્યારે સાધક ભગવાનના શબ્દોમાં ‘मय्यासक्तमनाः, मदाश्रयः (૭.૧) (મારામાં જ આસક્ત મન, મારો જ આશ્રય) થયો હોય. મકરન્દભાઈનો આવો સમર્પણભાવ અહીં દૃષ્ટિગોચર થાય છે. આશ્રયત્વ ત્યાં જ હોય જ્યાં વ્યક્તિને સુખ અને સલામતીનો અનુભવ થતો હોય અને તેથી ત્યાં જ પછી એની આસક્તિ બંધાય. જ્યારે પોતાના માહ્યાલામાં જ સાધકને છલોછલ સુખ અને પૂર્ણતઃ સલામતીનો અનુભવ થાય છે ત્યારે પછી એ એનામાં જ પૂરેપૂરો આસક્ત થઈ રહે છે (मय्यासक्तमनाः). એ તો પછી એના પ્રેમના નશામાં ગરકાવ થઈ રહે છે અને એથી જ અહીં મકરન્દભાઈને માત્ર ને માત્ર પેલા પરમ પ્રેમીનાં નયનોમાંથી વરસતો પારાવાર પ્રેમ જ જણાઈ, દેખાઈ રહ્યો છે, સુખ-દુઃખ, લાભ, હાનિની કોઈ પરવાહ રહી નથી.

**‘સુખ ન જાણું, દુઃખ ન જાણું**
**લાભ કે હાનિ લગાર,**
**એક હું જાણું નયણે તારા**
**પ્રેમનો પારાવાર.’**


જીવનમાં સારી-માઠી પરિસ્થિતિઓ તો આવે ને જાય, વાદળા વીખરાય ને વળી ઘેરાય, આ જીવન નૌકા ક્યારેક સરળતાપૂર્વક સરતી રહે અને ક્યારેક ઝંઝાવાત ફૂંકાય અને ઝોલાં પણ ખાય. કવિને તો પેલા સુકાનીનો સહારો છે અને તેથી તેમનાં નયનોમાં પેલા પરમનાં નયનોનો નશો ઘૂઘવી રહ્યો છે, તેમના પ્રાણમાં પેલા પરમનું તેજ છલકાય છે. ‘એ’ના અદીઠા સંગાથને પરિણામે આ જીવન તો કવિ માટે એક ખેલ બની રહ્યું છે. પછી તો એ સર્વવ્યાપી, અનંત, અદ્વૈત પરમ તત્ત્વમાં જો કોઈ દ્વૈત હોય તો તે માત્ર ભક્ત અને તેના ભગવાનનું જ રહે છે. કવિ એ પરમને સંબોધીને કહે છેઃ બંધુ, જ્યાં જોઉં ત્યાં હવે આપણે બે જ એકમેકના સંગાથમાં ખેલી રહ્યા છીએ!

**‘વાદળ તો વીખરાય ને વળી**
**વાદળ તો ઘેરાય,**
**નાવડી તરતી જાય કે પછી**
**નાવડી ઝોલા ખાય.**
**તેણમાં તારાં નેણનો નશો**
**પ્રાણમાં તારું તેજ,**
**જ્યાં જોઉં ત્યાં ખેલતા સંગે**
**બંધુ, આપણે બે જ.’** ■

# એકતાથી અનંતતા સુધી...

સ્નેહ ગઠરિયા

ડૉ. મંજરી મુઝુમદાર



સ્કૂલમાં આઠમા ધોરણમાં ઍલજિબ્રા સાથે પરિચય થયો ત્યારે કોઈકના સંબંધમાં ‘એક્સ’નું શું સ્થાન હોય તે સમજી શકવાની પરિપક્વતા નહોતી. એટલે મારે તો સમસમી જવાય તેવા સમીકરણો ઉકેલીને ’x’ની કિંમત શોધવાની રહેતી. ઍલજિબ્રામાં જુદાં જુદાં સમીકરણોમાં ’x’ની કિંમત જુદી જુદી આવતી, પણ એક ચોક્કસ સમીકરણમાં ’x’ની કિંમત ચોક્કસ જ રહેતી. ગણિતનું શાસ્ત્ર જ એવું ચોક્કસ અને સચોટ છે! ગણિતના નિયમો એટલા શુદ્ધ અને જડબેસલાક છે કે એમાં કોઈ ભૂલ કે ફેરફાર ન થાય. જ્યારે ‘એક’ વત્તા ‘એક’ બે થાય ત્યારે એ ‘ગણિત’ જ હોય, બીજું કશું જ ન હોય. પણ અમારા મેડિસિનના શાસ્ત્રમાં નિયમો એવી ચુસ્તતાથી ન પળાય. મેડિસિનમાં ક્યારેક ‘એક’ વત્તા ‘એક’ અગિયારસો થાય તો કોઈ વાર ૧૬૨૫નો વર્ગમૂળ થાય! કહેવાનો અર્થ એ છે કે મેડિસિનમાં રોગનું નિદાન કરવું ઘણી વાર દુષ્કર બની જાય છે કારણકે પુસ્તકમાં નોંધાયેલા એક રોગનાં બધાં જ ચિહ્નો, એ રોગના દરેક દર્દીમાં દેખાતા નથી. દરેક દર્દીનું પ્રેઝન્ટેશન જુદું હોય છે. તેમના એક્ઝામિનેશન ફાઇન્ડિંગ્સ, લૅબ રિપોર્ટ્સ સુધ્ધાં જુદાં હોઈ શકે છે, અરે! સારવાર પ્રત્યેની તેમની પ્રતિક્રિયા (રિસ્પોન્સ) પણ ઘણી વાર અલગ હોય છે. એટલે તો ડૉક્ટરે નિદાન કરવા માટે દર્દીનો ઈતિહાસ, તેનાં ચિહ્નો, એક્ઝામિનેશન ફાઇન્ડિંગ્સ, રિપોર્ટ્સ અને પોતાની સિક્સ્થ સેન્સને, જિગ્સૉ પઝલના ટુકડાની જેમ ગોઠવવાનાં છે અને નિષ્કર્ષ પર આવીને નિદાન કરવાનું છે તથા સારવાર માટે પ્લાન બનાવવાનો છે. માટે જ કહે છે કે Medicine is a Science when one studies it, but it is an Art when one Practises it!

જ્યારે ‘એક’ અને ‘એક’ મળીને અગિયાર બને છે ત્યારે તેને ‘સંગઠન’ કહે છે. એક લાકડી તોડી શકાય પણ અગિયાર લાકડીઓ બાંધીને બનાવેલા ભારાને ન તોડી શકાય. યુધિષ્ઠિરે કહ્યું હતું કે,‘આપણે ભલે પાંચ પાંડવો અને સો કૌરવો એકમેકની સામે લડીએ પણ કોઈક ત્રીજા દુશ્મન સામે આપણે એકસો પાંચે લડવાનું છે. અને એકસો પાંચ ભેગાં લડીશું તો દુશ્મનના બાર વાગી જશે અને તેઓ नौ दो ग्यारह થઈ જ જશે.’ આ છે ‘સંગઠન’ની તાકાત! આ છે એકતાની શક્તિ!

‘એક’ અને ‘એક’ મળીને ‘એક’ બની જાય તો તેને ‘પ્રેમ’ કહે છે. યુગલને જ્યારે આવું દૈવી ઐક્ય પ્રાપ્ત થાય છે ત્યારે તેમનું દાંપત્યઉદ્યાન મહેંકી ઊઠે છે. આ ઐક્યમાંથી પાંગરનારાં અને ખીલનારાં નવાં પુષ્પો ઉદ્યાનને વધુ સુગંધિત, પ્રફુલ્લિત અને રંગબેરંગી બનાવે છે.

‘એક’ને ‘એક’ સાથે મળવા જ ન દેવામાં આવે તો તેને ‘કૂટનીતિ’ કહેવાય. જીવનસાથી / સંગિની બનાવવા માટે પોતાના સંતાને શોધેલું પાત્ર માતાપિતાને પસંદ ન પડતાં, સામ, દામ, દંડ, ભેદનો પ્રયોગ અજમાવ્યા પછી, છેવટના વિકલ્પ તરીકે વાલીઓ ‘કૂટનીતિ’ વાપરે છે. પણ આજની નવી પેઢી એટલી કૃતનિશ્ચયી અને દૃઢનિશ્ચયી બની ગઈ છે કે વાલીઓની આવી ‘કૂટનીતિ’ને ઘોળીને પી જાય છે.

આ ‘એક’ને બીજા ‘એક’ સામે ઊભો કરીને, કોઈ ત્રીજો, બન્ને વચ્ચે મતભેદ, મનભેદ અને વિચારભેદ કરાવીને, બન્ને વચ્ચે ઝઘડો કરાવીને પોતાનો લાભ મેળવે તેને ‘રાજનીતિ’ કહેવાય. અંગ્રેજોએ બે સંપીને, સહકારથી સાથે રહેનારાં હિન્દુ- મુસલમાન વચ્ચે વેર ઝેર ફેલાવ્યું અને હિન્દુસ્તાન પર રાજ્ય કર્યું, એ આવી સ્વાર્થી અને દુષ્ટ ‘રાજનીતિ’નું જીવંત ઉદાહરણ છે.

જ્યારે ‘એક’ અને ‘એક’ મળીને શૂન્ય થાય અને પછી અનંત થઈ જાય ત્યારે તેને ‘અધ્યાત્મ’ કહેવાય. જીવ અને શિવનું અદ્ભુત મિલન થાય અને જીવ પરમ તત્ત્વમાં લીન થઈ જાય છે ત્યારે જીવનું અસ્તિત્વ ઓગળીને શિવમાં એકાકાર થઈ જાય છે. જીવે આ અલૌકિક ક્ષણ માટે પોતાના અંતર તરફ ડોકિયું કરવાનું છે. આ આનંદની અનુભૂતિ માટે કશું છોડવાનું કે પ્રાપ્ત કરવાનું નથી, પણ જેવા છીએ તેવા થવાનું છે. ‘હુંપણા’ની કાંચળી ઉતારીને પરબ્રહ્મમાં લીન થઈએ તો ભગવાનનો સાક્ષાત્કાર થાય. ત્યારબાદ બ્રહ્માંડની અનંતતામાં વિસ્તૃત થઈને, ફેલાઈ જઈને, ખોવાઈ જવાનું છે. નરસિંહ મહેતા તો અખિલ બ્રહ્માંડમાં બધે જ સર્વવ્યાપી ઈશ્વરના દર્શન કરે છે. પવન, પાણી, ભૂમિ અને ભૂધરામાં ઈશ્વર છે. દેહમાં દેવ અને તેજમાં તત્ત્વ પણ ઈશ્વર જ છે. વૃક્ષમાં બીજ અને બીજમાં વૃક્ષ પણ ઈશ્વર જ છે. અને આગળ કહે છે, ‘ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય.’ જવાહર બક્ષીના અદ્ભુત શેરથી સમાપન કરીએ.

‘મસ્તી વધી ગઈ તો વિરક્તિ થઈ ગઈ
ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો.’ ■

(પૂર્તિ પાનું ૭થી ચાલુ)

# શુક્રના સંશોધનનું મહત્ત્વ વધી રહ્યું છે

અકાત્સૂકીની અન્ય મહત્વની સિદ્ધિમાં એણે શુક્રના વાતાવરણમાં ત્યાંના ૪૦૦૦ મીટર ઊંચા પર્વતીય પ્રદેશ એફ્રોડાઈટ ટેરાની ઉપર ગુરુત્વીય તરંગો નોંધ્યા છે. તો આકાત્સૂકી એ પૃથ્વીની આબોહવાના અભ્યાસ માટે ઉપયોગમાં લેવાતી ડેટા એસિમિલેશનની એક પદ્ધતિનો ઉપયોગ શુક્રની આબોહવાના અભ્યાસ માટે કરી પૃથ્વી બહારના ગ્રહના વાતાવરણની પ્રણાલીઓને સમજવામાં એક નવી પદ્ધતિનો સફળ પ્રયોગ કરી નવી દિશા ખોલી છે. એ રીતે એણે એના હેતુઓને પૂર્ણ કર્યા છે. હવે એનું મિશન પૂર્ણ જાહેર કરાયું છે ત્યારે મહત્વની વાત એ છે કે પૃથ્વીનું એક પણ યાન હવે ત્યાં શુક્રના અભ્યાસ માટે નથી પરંતુ એનો અર્થ એ નથી કે વૈજ્ઞાનિકોને શુક્રના અભ્યાસમાંથી રસ ઓછો થઈ ગયો છે કે એનું મહત્વ રહ્યું નથી. હકીકતમાં પૃથ્વી પર જે રીતે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે એ જોતાં તો શુક્રનો અભ્યાસ વધારે મહત્વનો બની રહ્યો છે. શુક્ર કેવી રીતે એક જીવતું દોજખ બની ગયો? ત્યાં ગ્રીન હાઉસ ઈફેક્ટ જેવી અત્યંતિક સ્થિતિ શા માટે ? કેવી રીતે સર્જાઈ ? અને કાબૂ બહાર જતી રહી? એ સમજવું પૃથ્વી પર માનવજાતિના ભવિષ્ય માટે મહત્વનું બન્યું છે. વધુમાં ઇ.સ. ૨૦૨૦માં શુક્રના ઉપરના વાતાવરણમાં ફોસ્ફિન નામના ગેસની હાજરી નોંધાઇ છે. જેથી શુક્રના ઉપરી વાતાવરણના વાદળોમાં સૂક્ષ્મજીવોની ઉપસ્થિતિ અંગેની શક્યતાની ચર્ચા વૈજ્ઞાનિક સમુદાયમાં જાગી છે. એક સમયે નાસાના વૈજ્ઞાનિકોએ પણ શુક્રની સપાટી જેવું ભીષણ વાતાવરણ સપાટીથી ઘણા ઊંચે નથી તેથી ત્યાં વાતાનૂકુલિત વસાહતના પ્રોજેક્ટ અંગે વિચાર્યું હતું.

આગામી વર્ષોમાં શુક્રનો અભ્યાસ વૈજ્ઞાનિકો જારી રાખવાના છે અને એમાં ભારતના ઈસરોનો પણ સમાવેશ થાય છે. ઈસરોએ ૨૯ મી માર્ચ ૨૦૨૮ની તારીખ આપણા શુક્રયાન તરીકે ઓળખાવાયેલા વિનસ ઓર્બિટર મિશનને લોન્ચ કરવા માટે જાહેર કરી દીધેલી છે. જે શુક્રનું વાતાવરણ, એની સપાટી અને ભૂસ્તરનો અભ્યાસ કરવા ઉપરાંત પ્રથમ વાર એરોબ્રેકિંગ મેનુવરનો પ્રયાસ પણ કરવાનું છે. અવકાશ સંશોધનોમાં ઈસરોનો ટ્રેક રેકોર્ડ જોતાં આપણાં શુક્રયાન પાસે વિશ્વના વૈજ્ઞાનિકોને ઘણી આશા હોવાની. એ પહેલાં, આવતા વર્ષમાં એક ખાનગી સાહસ પણ શુક્ર પર જશે. જે શુક્રના વાદળોમાં બાયોમાર્કર્સને શોધવા પ્રયાસ કરશે. નાસાના વેરીએસ અને ડેવિન્સી નામના મિશનો ૨૦૩૧-૩૨માં યોજાવાના છે. જે ત્યાં શુક્રના વાતાવરણ અને એની રાસાયણિક સંરચના તથા એના વિકાસનો અભ્યાસ કરશે તથા રડારથી શુક્રની સપાટીનો અભ્યાસ કરી એના ભૂસ્તરશાસ્ત્ર, જ્વાળામુખી પ્રક્રિયા, પ્લેટો સરકવાની પ્રક્રિયા વગેરેનો અભ્યાસ કરશે. જ્યારે યુરોપિયન સ્પેસ એજન્સીનું એન્વિઝન પણ શુક્રની સપાટીના નકશા અને વાતાવરણના અભ્યાસ માટે ઉચ્ચ ગુણવત્તાના રડારનો ઉપયોગ કરી શુક્રના ઇતિહાસ ભૂગોળ ને તપાસવા માગે છે. ■



મનોવેદ
રમેશ પુરોહિત
ramesh.p@janmabhoominewspapers.com

# ચમત્કારો આજે પણ બને છે

ચમત્કારો આજે પણ બને છે. આ નામનું પુસ્તક અમેરિકામાં પ્રકટ થયું છે. અંગ્રેજી ટાઈટલ છેઃ 'Miracles Still Happen' આ પુસ્તકમાં એક અલૌકિક શક્તિ કેવી રીતે મદદે આવે છે તેની સત્યઘટનાઓ પર આધારિત પ્રેરણાદાયક વાતો નામ-ઠામ સાથે સંચિત કરવામાં આવી છે.

પુસ્તક અમેરિકા સહિત અન્ય દેશોની વાતો હોવાથી ઈશ્વરને કરાયેલી સાચા દિલની પ્રાર્થનાઓથી સર્જાતા ચમત્કારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈશ્વરપ્રેરિત અલૌકિક દિવ્ય શક્તિઓના અને આ શક્તિઓના સાચા સાધકોએ સર્જેલા ચમત્કારોથી આપણે સૌ જ્ઞાત છીએ પણ સુવ્યવસ્થિત તે ગ્રંથસ્થ થતા ન હોવાથી લોકો તેને દંતકથાઓ કહેતા હોય છે.

આ પુસ્તક મનોરંજન માટે નથી પણ મનોમંથન માટે છે. માણસની સુપ્ત સંવેદનાને કોઈક સાચા માર્ગે વાળવાનું ભરપૂર ભાથું આ પુસ્તકમાં છે. કેટલાક નાસ્તિક લોકો કહેતા હોય છે કે વ્યક્તિઓના જીવનમાં ઉપરવાળાને જરાય રસ નથી માટે ઈશ્વર જેવી કોઈ શક્તિને એ માનવાનો ઈનકાર કરે છે. બીજી બાજુ આસ્તિક લોકો જપ-તપના બાહ્ય દેખાડામાં પડીને અતિ આસ્તિકતાનો ડોળ કરે છે તે પણ ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ નથી. આ બન્ને પ્રકારના લોકો સાચી વાત સમજ્યા નથી. એ બતાવવાનો આ પુસ્તકનો હેતુ છે.

કામના અને સૃષ્ટિના અખંડ પ્રવાહમાં વહેતા જીવનમાં અવિશ્વસનીય, આશ્ચર્યજનક કે માની ન શકાય એવી પરમશક્તિની અદૃશ્ય દિવ્યતાની ઝાંખી આ પુસ્તકમાં થાય છે.

ઈશ્વર આપણી સાથે હંમેશાં છે, એમણે આપણને ક્યારેય છોડ્યા કે તરછોડ્યા નથી. આપણી સાથે જ હશે. એ વાતની પ્રતીતિ વાચકને થાય છે અને એ જ છે આવા સકારાત્મક, હકારાત્મક અને આનંદાત્મક પુસ્તકોની શોભા. આ પ્રેરણાદાયક શક્તિસ્ફુલ્લિંગ સમાન પુસ્તકમાં દૈવીશક્તિની ચમત્કારિક સીત્તેર ઘટનાઓનું સંપાદન શેરી સ્ટોન અને થેરેસ માર્ફઝેલેકે કર્યું છે.

ઝડપથી વધી રહેલા સંદેશવહેવારનાં આધુનિક સાધનો ઘણી વખત ભ્રામક ચમત્કારોની વાતો થતી રહે છે અને પશ્ચિમના કરતાં પૂર્વના દેશોમાં આધિભૌતિક કે પરા શક્તિ વિશે ઘણી જ ગૂંચવણો ઊભી કરવામાં આવી. ખ્રિસ્તી ધર્મવાળાને લાગવા માંડ્યું કે ચર્ચ કશું વધારે કરવામાં નિષ્ફળ ગયું છે તે વખતે આ પુસ્તક એક સંદેશ આપે છે કે જેઓને ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા છે તેવા લોકો પર એમના પ્રેમની વર્ષા હંમેશાં થતી જ રહે છે.

નામ-ઠામ આપીને કહેવાયેલી એક ચમત્કારિક સત્ય ઘટના આપણે જોઈએ. ડોન્ના ક્રાઉલી માયર્સ એક ફ્રીલાન્સ લેખક, કલાકાર, ટીવી એન્કર, રેડિયો એનાઉન્સર તરીકે કામ કરે છે. એ ફ્લોરિડામાં પોમ્પાનો સાગરતટે રહે છે. એમના પતિનું નામ છે સ્ટીવન. ઈશ્વર આપણા જીવનમાં કેવા કેવા ચમત્કારો સર્જે છે એ વિષય પર એમણે ઘણું લખ્યું છે.


પોતાના જીવનમાં બનેલા એક પ્રસંગની માંડણી કરતા એ કહે છે કે એક ઘટના વીજળી વેગે બની ગઈ. એક જ્યોતિ વાવાઝોડાની માફક આવીને બીજી ક્ષણે અલોપ થઈ જાય એવી આ ઘટના છે.

ફોર્ટ લોડરડેઈલ બીચ પર એક સુંદર દિવસ ચમકી રહ્યો હતો. આસમાની આકાશ પર ક્યાંક ક્યાંક સફેદ વાદળો છવાયાં હતાં અને તેની આરપાર સૂર્યકિરણો રેલાઈ રહ્યાં હતાં. હવાની લહેરખી તાડવૃક્ષોના કાનમાં કંઈક કહેતી હોય એમ વહેતી હતી. આછા ભૂરા રંગના મહાસાગરની મનોહરતા રમણીય લાગતી હતી. જોકે ઉષ્ણકટિબંધ એટલે કે ટ્રોપીકલ પવન આપણી અપેક્ષા પ્રમાણે ફૂંકાતો રહે એવું બનતું નથી. મારો મિત્ર ટોની અને વૉશિંગ્ટનથી આવેલો એમનો મિત્ર એમ અમે ત્રણ જણ એ વખતે આ નજારો નિહાળી રહ્યા હતા ત્યારે ટોનીને વિચાર આવ્યો કે ચાલો મારી 'કેટમરૅન' હોડીમાં બેસીને સમંદરની શેર કરીએ.

મારી મિત્ર ગિનાએ હોડીને રેતીમાંથી પાણીમાં લઈ જવામાં મદદ કરી. બોટમાં ત્રણથી વધારે માણસો બેસી શકે એમ ન હતા એટલે ગિનાએ કહ્યું કે તમે જઈ આવો હું તમારા આવવાની રાહ જોઈશ.

અમે હોડીમાં બેઠાં ટોનીએ સુકાન હાથમાં લઈને. પવનની દિશા સાનુકૂળ હતી. કોઈ પણ જાતની ફિકર વગર અમે દરિયાઈ મોજાંઓ પર સવારી કરી રહ્યા હતા. સમુદ્રના ઉછળતા મોજાંઓની છાલક રોમાંચકારી લાગતી હતી.

આમ નૌકાવિહાર ચાલી રહ્યો હતો એવામાં એકાએક આસમાની-સુલતાની થઈ ગઈ. વાવાઝોડું જાણે ક્યાંથી આવ્યું એ સમજણ પડે તે પહેલાં પવન જોરથી ફૂંકાવા માંડ્યો અને વરસાદ ધોધમાર પડવા માંડ્યો.




મોજાંઓ પર્વતના જેવાં અમારી નાવને થપાટો મારવા લાગ્યાં અમે સમુદ્રની વધારે અંદર અને ઊંડે સુધી ઉતરવા માંડ્યા. સમુદ્રતટે સૂર્યસ્નાન કરી રહેલા પ્રવાસીઓ છાપરાઓ નીચે જઈને ઊભા રહ્યા. સાગરકાંઠો ખાલી થઈ ગયો એટલે અમે નોંધારા થઈ ગયા.

ટોની કુશળ કુશળ તરવૈયો અને 'કેટમરૅન' ચલાવવામાં અનુભવી હતો પણ જોતજોતામાં અમે જોયું કે બોટ અંદર ખેંચાઈ રહી છે અને પાણીમાં ડૂબી રહી છે. ઊંડા અને કાળા ભમ્મર પાણીમાં ગરકાવ થતી વખતે મેં આંખો બંધ કરીને ઈશ્વરને પ્રાર્થના કરી. હે ઈશ્વર અમને બચાવી લે.

અમે ત્રણેય હોડીને પકડીને કિનારા તરફ તરવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ પવન અમને અંદર ધક્કો મારતો હતો. અમારે માટે કિનારે તરીને પહોંચવું અશક્ય લાગવા માંડ્યું. ઝંઝાવાત સામે ઝઝૂમવાની તાકાત ન હતી. એટલે લાગ્યું કે હવે જળસમાધિ જલદીથી થઈ જશે.

આ બધી ગભરામણની વચ્ચે એકાએક એક માણસ પાણીમાંથી બહાર નીકળ્યો. 'હોડીને પકડી રાખો, હું તમને મદદ કરું છું' એમણે એટલા જ આત્મવિશ્વાસથી આશ્વાસન આપીને બોટને અને અમને કિનારા તરફ ખેંચવા માંડ્યો.

એમની શક્તિ અને તાકાત નોખાં-અનોખાં હતાં. બોટ સાથે કિનારે પહોંચાડ્યાં. અમે કિનારે પહોંચ્યા કે તરત જ તોફાન શમી ગયું. સૂર્ય ફરીથી ચમકવા લાગ્યો. એ ઊંચો અને પાતળો માણસ હતો. પણ બોટ અને ત્રણ જણને ખેંચી લાવવાની એમની તાકાત અલૌકિક હતી. સૂર્યના તેજમાં મેં એમના ચહેરા પરની કરુણા જોઈ જે મેં ક્યારેય જોઇ ન હતી.


અમે કહ્યું કે અમને બચાવી લેવા માટે તમારો અઢળક આભાર. કૃતજ્ઞતાના ભાવ સાથે આભારવશ એવા અમને જોઇને એમણે કહ્યું કે અમે તમને કાંઈ થવા દઈ શકીએ નહીં. એમના સ્મિતભર્યા ચહેરામાંથી જે રીતે શબ્દો બોલાયા તેવા પ્રકારની ભાષા મેં ક્યારેય સાંભળી નહતી. લોકો પણ એકઠા થઈ ગયા અને અમારા આ પ્રવાસ વિશે પૂછવા લાગ્યા. એટલામાં મેં એ અજાણી અલૌકિક વ્યક્તિને પૂછવા માટે એ જ્યાં ઊભા હતા ત્યાં જોયું તો એ વ્યક્તિ તો ત્યાં દેખાઈ જ નહીં. એમણે તોફાની સમુદ્રમાં જેમ એકાએક આવીને મદદ કરી એવી જ ત્વરાથી એ વ્યક્તિ અદૃશ્ય થઈ ગઈ.

અમને કિનારે જોવા આવેલામાંથી એક જણને મેં પૂછ્યું કે તમે એ પુરુષ કઈ દિશામાં ગયો તે જોયું?

એમણે કહ્યું કે તમે કોની વાત કરો છો. મેં કહ્યું કે હું એ આદમીની વાત કરું છું જેણે ભરતોફાનમાંથી અમને અને અમારી બોટને સહીસલામત કિનારા સુધી લાવીને અમને બચાવી લીધા.

એ માણસે કહ્યું કે જુઓ તમે કિનારે આવ્યા ત્યારે તમે ત્રણ જણ અને તમારી બોટ સિવાય મેં કોઈને જોયા નથી. એમ એવો ચમત્કાર જે આવીને અલોપ થઈ ગયો. આ ઘટનાએ મારા સમગ્ર જીવનને બદલી નાખ્યું. ■

**ઈશ્વર આપણી સાથે હંમેશાં છે, એમણે આપણને ક્યારેય છોડ્યા કે તરછોડ્યા નથી. આપણી સાથે જ હશે. એ વાતની પ્રતીતિ વાચકને થાય છે અને એ જ છે આવા સકારાત્મક, હકારાત્મક અને આનંદાત્મક પુસ્તકોની શોભા**



બ્લૅક કૉફી
તુષાર શુક્લ
tushar.s@janmabhoominewspapers.com

# લાગે વાગે લોહીની ધાર !



આમ એવો કોઇ હેતુ તો નથી જ કે કોઇનો રવિવાર બગાડવો કે ઘરમાં ઝગડા ઘાલવા. મુંબઈવાળા ''કાંડી'' કહે ને ગુજરાતમાં ''દિવાહળી ચાંપવી'' !

પણ કદાચ છે ને આ લેખ વાંચતા એવું થાય તો લાગે વાગે લોહીની ધાર !

દિવાળીના દિવસોમાં હવે કૈં ખાસ પ્રવૃત્તિ રહી નહીં. હવે બાર મહિનાનો તહેવાર કહીને આ દિવસોમાં જ કપડાં , જોડાં વગેરે ખરીદી કરવાનો રિવાજ નથી. હવે તો વરસ આખું જ્યારે જે જોઇએ તે લેવાનું. મોલમાં જવાનુંય હવે તો ઓછું થઇ ગયું. છોકરાંઓ ઓર્ડર આપી દે માલ ઘેર ! ન ગમે તો પાછો !

દિવાળી નિમિત્તે ઘરમાં વાનગીઓ બનાવવાનું ન રહ્યું. બ્હારથી બધું તૈયાર મળે. જોકે હવે તો એય ઓછું થઇ ગયું . ગળ્યું, તળેલું, તીખું બંધ. આપણે માટે તો બંધ જ અને મહેમાન હવે કોઇ આવે નહીં એટલે આ બધો '' કૂથો'' કરવાનો નહીં. મહેમાનને આવવું હોય તોય આવે કઇ રીતે ? તહેવારમાં દરવાજે તાળું. અહીં મળનારા ત્યાં - હીલ સ્ટેશન પર - મળે ને પાર્ટી કરે. લક્ષ્મીજી પણ જાણે એટલે લાભ શુભ, ભલે પધાર્યા વગેરે વાંચે તોય એમને તો ખબર જ હોય ને કે બારણું બંધ જ હશે. એ પણ હવે પાંચમ પછી જ નીકળે છે.

આમ દિવાળી હવે પહેલાના જેવી વ્યસ્ત નથી રહી. તમે જો ક્યાંય ન ગયા હો તો તમે શું કર્યું ? ટાઇમ પાસ કરવા માટે વડીલો પાસે એક મનગમતી પ્રવૃત્તિ છે - સ્મરણ મંજૂષા ( યાદોની પોટલી ) ખોલવાની. પાસે કોઇ હોય તો એને ''ત્યારે ને અત્યારે'' ની વાત કરે ,ભલેને પહેલા પણ કરી હોય ! ને કોઇ ન હોય તો એકલા એકલા ચાલે મનોમન બબડવું.

આ પ્રવૃત્તિનું જ એક રૂપ છે ફોટો આલ્બમ જોવાનું. વીતી ગયેલ સમય તસ્વીર રૂપે સામે આવે. ગમતી અણગમતી યાદ , કડવો મીઠો સ્વાદ. કરેલી , ન કરી શકાયેલી ફરિયાદ. કેટલાક ચ્હેરા બરાબર યાદ હોય, કેટલાકને યાદ કરવા પ્રયત્ન કરવો પડે તો કેટલાક મથામણ પછી પણ યાદ ન આવે. યાદ ન આવે એ યાદ કરવા માટે વધુ વ્યસ્ત રાખે. બે પાંચ મિત્રોને ફોન કરીને જાણવા મથીએ. જવાબ ન મળે ત્યાં સુધી મન અજંપ રહે.

આવું આલ્બમ તમારી પાસે હાથવગું છે ને ? તમે પણ વખતોવખત એ જરૂર ખોલતા હશો ને સ્મૃતિની શેરીમાં આંટો મારતા હશો. ક્યારેક એકલા તો ક્યારેક બેકલા - હીંચકે બેસીને ઝૂલતાં ઝૂલતાં જીવી જતાં હશો એ સમયને, જે હવે પાછો આવે એમ નથી.

તો આવો, આજે એક કામ કરીએ. એક એક્સરસાઇઝ. આ ઉંમરે કરવી પણ જોઇએ. સ્મૃતિની ચકાસણી થાય. અને આમ ખાસ વાતો વગર જ વીત્યે જતા સમયમાં સંવાદની (અને વિસંવાદની ) તક મળશે. થોડોક વિવાદ પણ થાય પણ વિખવાદ ન થવા દેતા. આલ્બમમાં સચવાયેલી તસવીરોમાંથી એવી તસવીર શોધો કે જેમાં તમે એકબીજાને જમાડતા હો , કોળિયા ભરાવતા હો !

આપણે સહુ જાણીએ છીએ ને એમ જીવ્યા પણ છીએ કે આપણે ત્યાં વિશેષ કારણ ન હોય તો આમ એકમેકને કોળિયો જમાડવાનો રિવાજ ચલણમાં નથી. તો ક્યાં શોધશો? મદદ કરું? લગ્નવિધિમાં એ કર્યું હશે. એમાં આવું કરાવે છે. એક લગ્નગીત પણ ગવાય છે - લાડોલાડી જમે રે કંસાર , સંસાર કેવો મીઠો લાગે રે ! બહુ સરસ વિધિ ને સૂચક સંદેશ. જાતે કોળિયો ભરવાને બદલે એકમેકને જો કોળિયો ભરાવશો તો કંસારની જેમ સંસાર પણ મીઠો લાગશે.

પેલી પહેલી સાંભળેલી એ બાળવાર્તા યાદ આવી ? ચકા ને ચકીએ સાથે મળીને ખીચડી બનાવી પણ પછી ચકો એકલો જ એ ઝાપટી ગયો તો શું થયેલું ? રાજાનો કાળિયો કૂતરો આવેલો ને ? દાંપત્યમાં એકલપેટા ન થવાય. સ્વાર્થી ન થવાય. સાથીનો વિચાર કરવો પડે. એકલા એકલા ખાય એને ગાલપચોળિયાં થાય. ગાલ ફૂલીને લાલ થાય એટલે ઘરની વાત ગામમાં જાય. એવું ન થાય એ માટે એકમેકને કોળિયો જમાડવો જરૂરી.

એકમેકને જમાડવા હોય તો શું કરવું પડે ? વિચાર કરો. પહેલા તો સાથે જમવા બેસવું પડે. એટલું જ નહીં , સામસામે જમવા બેસવું પડે. એય પૂરતું નથી. એક જ ભાણામાંથી જમવું પડે. આટલું થાય તો આપોઆપ જ પરસ્પર વાતચીત થાય. સંવાદ થાય. પોતપોતાના સમયે એકલા એકલા લૂસ લૂસ ખાવું અને આમ જમવું એમાં ફેર છે. એને કારણે કેટલાય ઝગડા થતાં પહેલાં કે વધે કે પહેલાં જ અટકી જાય.

આજે તો દાંપત્યમાં સહુથી વધુ ચિંતા કરાવે તેવી ને ચેતવા જેવી બાબત જ આ છે - પરસ્પર સંવાદની ગેરહાજરી. ક્યારેક વિચાર કરજો કે બે જણ આ અઠવાડિયે એકબીજા સાથે શું ને કેટલું બોલ્યા ? ને કઇ રીતે બોલ્યા ?

એકમેકને જમાડવાનો એક અવસર આ નવીપેઢીએ ભેટ આપ્યો છે. જન્મદિને કેક કટીંગ. એ પછી એકબીજાને કેક ખવડાવવાની. તમે એવી બર્થ ડે પાર્ટીમાં ફોટામાં જુવો, કદાચ મળશે.


નાનપણમાં બ્હેન હાથમાં મેંદી મૂકતી. લગ્નસમયે દીકરી મુકાવે. આ અવસરે ઘરના સભ્યો કોળિયા જમાડે. તો વળી ક્યારેક ઈજાગ્રસ્ત હાથ હોય કે માંદગી હોય ત્યારે આમ જમાડવાનું બને. પણ એના ફોટા નય હોય. જોકે હવે તો છોકરાઓ જ એવા ફોટા પાડી આપે છે વડીલોને.

એકમેકને જમાડતા હોય એવા ફોટાની શોધ કરો તો એ પણ સમજાશે કે જૂની પેઢીમાં આ રીતે સ્ત્રી પુરુષને જમાડતી હોય એવા ફોટા વધુ મળે છે ને પુરુષો સ્ત્રીને જમાડતા હોય એવી તસવીરો ઓછી હોય છે. આવું નવી પેઢીમાં નથી. એ લોકો આમ કરવા માટે કોઇ વિશેષ પ્રસંગની વાટ નથી જોતા. અને આમ કરવામાં સંકોચ પણ નથી અનુભવતા. એ તો જાહેર સ્થાનમાં પણ આરામથી જમાડે છે. એક વાત એ પણ શીખવા જેવી છે કે એકમેકને આમ કોળિયા જમાડવા એ એવી શરમજનક બાબત છે જ નહીં કે એમાં સંકોચ અનુભવવો જોઇએ. આજકાલ તો હોટલમાં બાજુના ટેબલ પર બેઠેલા યુગલને આમ કરતા જોઇને વડીલને વાંધો પડે ( જોકે એમનાં સંતાનો પણ એમની આ પ્રતિક્રિયા સામે વિરોધ કરે છે) કે એ વાંકુ બોલે કે આડું જુવે ત્યારે એ ''લાજ શરમ'' ની દલીલ કરે છે પણ વાસ્તવમાં એમાં ''અમે રહી ગયા'' નો ચચરાટ પણ ભીતરે હોય છે, નહીં ?

તો આ રવિવારે આવા ફોટા શોધી કાઢીને સાથે બેસીને એ પ્રસંગને યાદ કરજો તો ભલે કોળિયામાં રહેલી વાનગી દેખાશે નહીં પણ એનો સ્વાદ તો જરૂર આવશે.

જે ગયું એની ફરિયાદ કરવાને બદલે માણ્યું તેનું સ્મરણ કરીને એ સ્વાદ ને યાદ માણો. ■

**ચકા ને ચકીએ સાથે મળીને ખીચડી બનાવી પણ પછી ચકો એકલો જ એ ઝાપટી ગયો તો શું થયેલું ? રાજાનો કાળિયો કૂતરો આવેલો ને ? દાંપત્યમાં એકલપેટા ન થવાય. સ્વાર્થી ન થવાય**




સમયનું સ્ટેથોસ્કોપ
ભાગ્યેશ જહા

# બાવનની બહાર

કવિમિત્ર ઉદયન ઠક્કરનો જન્મદિવસ છે. એમનો કાવ્યસંગ્રહ 'રાવણહથ્થો'ની એક પંક્તિ બરાબર મનમાં ચોંટી ગઈ, 'આ બાવન પગથિયાં ચડી, / કોઈ આવનારું હશે ? /હું ઊભો છું કોઈ એને સ્વીકારશે?' કવિને ભાષાની આંતરિકતા ઓળંગીને કાવ્ય પદાર્થની વાત કરવી છે. હું તો આવી ગયો, હું તો પહોંચી ગયો, મેં તો ગાઈ નાખ્યું પણ એના સ્વીકારનાર કોણ! આ નાનો લાગતો પ્રશ્ન ઘણો મોટો છે. ભવભૂતિ જેવાને પણ આ મૂંઝવણ હતી, કોઇ સમાનધર્મા આવશે અને આજે નહીં તો કોઇ કાળે મારી આ વાત સમજશે...कालोडयं निरवधि विपुला च पृथ्वी। કવિ અને કળાકારને આવો પ્રશ્ન ઊભો થતો હોય છે, પણ આવો પ્રશ્ન અમને સતાવતો નથી. કારણકે શબ્દની કે કળાની ઉપાસના એ સરસ્વતીની ઉપાસના છે, જગતમાં જે શાશ્વત સૌંદર્ય વિલસે છે એની ઉપાસના છે, શબ્દને બ્રહ્મ કહ્યો છે એટલે એક રીતે આ બ્રહ્મોપાસના છે. સૌંદર્ય પોતે જ એટલું બધું આનંદ આપનાર હોય છે કે તમને બહારનાં તત્ત્વોનું અવલંબન રહી ન શકે. પણ જીવનનાં બધાં ક્ષેત્રોમાં સર્વાંગી રીતે જોઈએ તો સમાજે સદ્‌તત્ત્વોની પ્રતિષ્ઠા કરવી જોઈએ, સજ્જન શક્તિ જો સમાજને દોરવણી આપવા માટે પ્રયત્નશીલ બને, તો સતયુગની શોધ કોઈ પુસ્તકમાં કરવાની જરૂર નથી પડતી. ઘણી વખત જેનો અભાવ હોય છે એની જ વાર્તાઓ પ્રજાને ગમતી હોય છે. એટલે આ પંક્તિ ઉપરથી એવો વિચાર આવ્યો કે જ્યારે જ્યારે કોઇ લોકોત્તર પ્રતિભા આવે ત્યારે હંમેશાં સ્વીકારનો ભાવ દર્શાવવામાં સમાજ ઊણો ઊતરે છે. ભક્તકવિ નરસિંહ મહેતા જે સામાજિક ઉપેક્ષા પામેલા એ તો ખૂબ જ ઊડીને આંખે વળગે એવું ઉદાહરણ છે.

આ બાવન પગથિયાં ચડીને આવ્યો છું. ભાષાને

**કવિનો ચૈતન્ય સાથેનો જે સંબંધ છે, એનું સૌંદર્ય બિંદુ આ છે. એને મજા આવે છે, એ ઉપેક્ષામાંથી પણ સૌંદર્ય શોધી શકે છે. એ વ્યથામાંથી કથા શોધે છે, દુઃખમાં દોહો જડે છે. કષ્ટની તો કવિતા બને છે**



જ્યારે પગથિયાંની જેમ જોવાની હોય ત્યારે કવિ બોલ-બોલ કે લખ-લખ કરનાર સામે પણ લાલ બત્તી ધરે છે. તમે જ્યારે કોઈ અલૌકિક સર્વ ઊર્જા સાથે ભાષાના સંપર્કમાં આવો છો ત્યારે તમને ત્યાંના ત્યાં જ રહી જવાનો, ઊભા રહેવાનો કે થોભી જવાનો અધિકાર નથી. કવિનો ચૈતન્ય સાથેનો જે સંબંધ છે, એનું સૌંદર્ય બિંદુ આ છે. એને મજા આવે છે, એ ઉપેક્ષામાંથી પણ સૌંદર્ય શોધી શકે છે. એ વ્યથામાંથી કથા શોધે છે, દુઃખમાં દોહો જડે છે. કષ્ટની તો કવિતા બને છે. એટલે કવિતાની આખી યાત્રા એ હોરીજોન્ટલ નથી. હમણાં એક અંગ્રેજી લેખમાં Horizontal life વિશે વાંચ્યું. જે એક જ દિશામાં અને ધરતી ઉપર જ ફેલાયા કરે. અહીં ધરતી ઉપર એટલે એને એક સાંકડા અર્થમાં લેવાનો છે, તેનો વિસ્તાર ઉર્ધ્વગામી નથી. કવિએ પગથિયાં શબ્દ વાપર્યો છે, એટલે ભાષા સાથે કામ કરનારની જવાબદારી વધી જાય છે. જેણે કવિતા લખવા માટે કલમ ઉપાડી છે એને ઉર્ધ્વગામી થવું અનિવાર્ય છે. એ ઉર્ધ્વગામિતા આધ્યાત્મિક કે તાત્ત્વિક હોઇ શકે. એનું વિચારાત્મક વ્યક્તિત્વ સમાજને ભાષાનો ચમત્કાર તો બતાવે પણ જીવનની કશીક જડીબુટ્ટી પણ બતાવે. આ જાદુ છે! આ કવિતાનો જાદુ છે. સર્જકતા આ કારણથી બીજા બધા વ્યવહારોથી અલગ પડે છે. બીજા વ્યવહારોમાં કદાચ રૂપિયા પૈસા મળે તો વ્યવહાર કરનારને બહુ બીજી અપેક્ષા ન હોય. પણ કવિતા લખનાર તો શબ્દ ફૂટે તે ક્ષણથી જ એક જુદા 'સ્ટેટસ'માં આવી જાય છે, યોગીની આત્મકથામાં એવા અનેક પ્રસંગો આવે છે, જ્યારે ધ્યાનની અવસ્થાઓ તમને અલગ જ અનુભૂતિના વિશ્વમાં લઈ જાય. ઉદયનભાઈ દ્વારા જે પગથિયાં શબ્દ વપરાયો છે એનું સમાધાન આપણા સાહિત્યની જીવનલક્ષિતામાં સમાયેલું છે. 'હું ચડીને આવ્યો છું' એટલે કે પડાવોને પસાર કર્યા છે. કશું અચાનક નથી થયું. કવિતાનું ક્ષેત્ર એ રીતે રળિયામણું છે, કારણ કે એ મનુષ્યના ચિત્તને બીજી વ્યક્તિની ચેતના અથવા સંવેદના સાથે જોડે છે. કોઈ સ્થિતિ સાથે અનુસંધાન સાધવાની સર્જકને શક્તિ આપે છે. જ્યારે એક વ્યક્તિ સમસંવેદન અનુભવે ત્યારે એ પગથિયાં ચડી એક મુકામ સુધી પહોંચે ત્યારે ઈતિકર્તવ્યતાનો ભાવ અનુભવે છે.

અને આ મોટા ચઢાણ પછી હાથમાં છે તે ઉપહાર છે, ભેટ છે. પ્રોડક્ટ નથી, આ માત્ર શ્રમ કે ટેકનિક નથી. આ માત્ર ભાષાનો વૈભવ નથી, આ એક વિશિષ્ટ મનુષ્યની અંદર થતી પ્રક્રિયા એ કવિતા, વાર્તા કે નવલકથા લખે છે. જેમ જેમ એક છોડમાં કેટલો ઉમળકો ભેગો થાય ત્યારે એક ફૂલ ફૂટે. જ્યારે એની ડાળખીઓમાં સૂર્ય એની હાજરી પુરાવે, ધરતી એના ધાવણથી પોષણ આપે, મનુષ્યની આંખોને ઠંડક આપે એવી લીલાશ અંગેઅંગમાં પ્રસરે કે પેદા થાય ત્યારે એક છોડને ફૂલ આવે છે. કાલિદાસ અદ્‌ભુત રીતે આ વાતને શકુંતલાના માધ્યમથી સમજાવે છે. कुसुमप्रसुतिसमये यस्याः भवत्युत्सवः હે ઉપવનનાં વૃક્ષો, એક પુષ્પની પ્રસુતિ થાય છે, ત્યારે શકુંતલા માટે ઉત્સવ બની જાય છે, તો એવી શકુન્તલાને તમે અનુમતિ આપો..!

આમ ઉપહાર શબ્દ પણ એક નવી જ સ્થિતિ આખી કવિતામાં ઊભી કરે છે. અને કોણ સ્વીકાર કરવાનું છે? ઉપનિષદનો નચિકેતા પણ પ્રશ્ન લઈને પગથિયાં ચઢીને પહોંચેલો, તમે મને જવાબ આપો.

ઉપહાર અને સ્વીકાર આ બે શબ્દોથી કવિતાનું ભાવાવરણ એક અનોખા ભાવવિશ્વમાં સરી પડે છે. અહીં મૂળ વાત તો બાવન પગથિયાં ચઢવાની છે... ■



‘સોરઠી સંજીવક શ્રી જગજીવન બાપુ’

ડૉ. મીનળ વોરા

# મનમાં બાપુનું રટણ કરે તેની નજીક બાપુ હોય જ

એક વખત ભરૂચથી ગમનબાપા નામના બાપુના નિકટના પરિચિત ભાઈ ઉમરગામ આવ્યા. સ્ટેશનની સામે જ રહેતા બિહારીભાઈને તેઓ મળવા ગયા. બન્નેને બાપુ પ્રત્યે પૂજ્યભાવ એટલે વાતનો વિષય પણ એ જ. આમ તેમની વાતોના પડઘા બાપુ સુધી પહોંચતા વાર લાગે? ના. સ્ટેશને રહેતા ચીમનભાઈ એ સમયે બાપુ પાસે બેઠા હતા. બાપુએ તેમને પૂછ્યું, ‘ભાઈ, હમણાં બિહારીભાઈ અહીં જ હતા તે ક્યાં ગયા?’ ચીમનભાઈ કમ્પાઉન્ડમાં બધે જ ફરી વળ્યા, પછી બાપુને કહ્યું, ‘બાપુ, તેઓ આવ્યા નથી લાગતા.’ બાપુ મૌન રહ્યા. ચીમનભાઈએ પ્રણામ કરીને પોતાની વાડીએ જવા માટે રજા લીધી. બહાર દરવાજા સુધી પહોંચ્યા ત્યાં તો બિહારીભાઈ તથા ગમનબાપાને આવતા જોયા. ચીમનભાઈએ તેમને જણાવ્યું, ‘બાપુ હમણાં તમને જ યાદ કરતા હતા.’ આ સાંભળીને ભાઈઓ હરખાયા.

બાપુને નમન કરીને બેઠા એટલે બાપુએ સ્પષ્ટતા કરી, ‘એ તો ભાઈ, તમે બન્ને વાતો કરતી વખતે અમને યાદ કરતા હતા એટલે એ વખતે તમારી હાજરી અહીં જ ગણાયને? દરેક માનવ મનથી ક્યાં વિચરણ કરે છે એ મહત્ત્વની બાબત ગણાય. બાપુએ ગીતાનો સંદેશો સમજાવ્યો, ‘ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થાઃ!’ એનો અર્થ એ છે કે સત્ત્વગુણી વ્યક્તિ ભલેને સંસારનાં દરેક કાર્ય કરે, તેનું મન ઉર્ધ્વગામી પરમ ચેતના સાથે તદ્રુપ થયેલું હોવું જોઈએ. જેનું મન સત્કાર્ય કરવામાં હંમેશાં રમમાણ હોય તેના શુભ કાર્યની નોંધ ચિત્રગુપ્તને ચોપડે થતી જ રહે છે, એટલે દરેક વ્યક્તિએ મન, બુદ્ધિ તથા સમગ્ર અસ્તિત્વને પરમ કૃપાળુ ચૈતન્યશક્તિરૂપી ઈશ્વરીય ચેતના સાથે જોડી દેવા જોઈએ!’ બિહારીભાઈને તથા ગમનબાપાને તો તે દિવસે બાપુના સર્વજ્ઞપણાનો એક અનોખો અનુભવ થયો હતો, ખરુંને?

**‘એક નાનુંશું ફૂલ : બાપુનો પ્રેમ-કરુણાભાવ!’**

દર ગુરુપૂર્ણિમાએ બિહારીભાઈ ફૂલનો હાર લઈને મિત્રો જોડે જગાબાપાને પ્રણામ કરવા જતા. બાપુ હાર પહેરવા જેવા બાહ્યાચારથી દૂર જ રહેતા છતાં સત્સંગીઓના પ્રેમ સમક્ષ આ ગુરુપૂનમ જેવા મંગલ દિને સંતને હાર કબૂલવી પડતી! એ દિવસે બાપુએ સહજ વાત કરતાં કહ્યું, ‘ભાઈઓ, ફૂલને છોડ ઉપરથી ચૂંટી એના કુટુંબથી વિખૂટું પાડીએ તો એ પાપ એટલે આપણું માનસિક પતન જ ગણાય. તેથી હાર લઈ આવવાની કોઈ જરૂર નથી. ફૂલ જેવા હળવા, નિઃસ્વાર્થ સહુએ બનવાનું છે. આવા પરમ કલ્યાણકારી ઉદ્ગાર બાપુ માટે સહજ ગણાય, કારણ કે બાપુ વનસ્પતિમાં બિરાજમાન ઉત્તમ રોગનિવારણ શક્તિ પોતાની અંતઃસ્ફૂરણાથી જોઈ શકતા. એટલે તે સહુમાં પ્રાણસંચાર થતો અનુભવી શકતા. વાસ્તવમાં, એક નાનાશા ફૂલમાં પ્રેમ તથા કરુણાભાવ પ્રગટ થવો જ જોઈએ એવું સૂચન તેઓ વારંવાર કરતા. બિહારીભાઈએ મનોમન નક્કી કર્યું કે બીજી ગુરુપૂર્ણિમાએ તેઓ ફૂલનો હાર નહીં લઈ જાય.

બીજી ગુરુપૂનમ આવી. આગલા વર્ષનો નિશ્ચય તો વેગળો મૂકાયો! ફરી ફૂલહાર ખરીદ્યા, પણ જગા બાપા? તેઓ તો હતા ત્રિકાળજ્ઞ. બિહારીભાઈના નિર્ણયના સાક્ષી! તેઓ વાત ભૂલ્યા નહોતા. બિહારીજી બાપુના ખંડમાં પ્રવેશ્યા ત્યારે બાપુ ત્યાં ગેરહાજર હતા. બાપુ જરા દૂરની એક કુટિરમાં ભજનની રચના કરી રહ્યા હોવાથી સત્સંગીઓ તેમને ખલેલ ન પહોંચાડતા. બિહારીભાઈ તથા અન્ય ભક્તોએ આણેલા હાર ખંડમાં એક બાજુ જગાબાપાની વાટ જોતાં પડી જ રહ્યા, જાણે બાપુએ તે ન જ સ્વીકાર્યા.

દરરોજના ક્રમ મુજબ ફરી સાંજે બિહારીભાઈ બાપુના ધામમાં આવ્યા ત્યારે સવારના આણેલા હાર ઉપર લાલ કીડીની હારમાળાના દર્શને બિહારીજી ચોંકી જ ઊઠેને? ખંડમાં ભજન ગાનારા અન્ય ભજનિકોને એ લાલ કીડીના ચટકા ન લાગે એવા શુદ્ધ ભાવથી પ્રેરાઈને બિહારીભાઈ ખંડની બહાર આવેલી તારની વાડને એ હાર પહેરાવી આવ્યા! પોતાના જ ગતવર્ષના સંકલ્પને ભૂલી જવા બદલ મનોમન ખિન્ન પણ થયા જને?

પરંતુ બાપુ! ગુરુપૂર્ણિમા જેવા પવિત્ર દિને આ સરળ સ્વભાવના ભક્તને નારાજ થવા દે? ના. સાંજે બિહારીભાઈ બાપુના ખંડમાં પ્રવેશ્યા ત્યારે બાપુ કોઈ દિવ્ય દર્શન કરી રહ્યા હોય તેવા અનેરા ભાવમાં મગ્ન હતા! બિહારીજીએ પ્રણામ કર્યા ત્યારે જગાબાપુ આધિદૈવિક સ્તરેથી ભૌતિક જગતની કક્ષાએ જાણે ઊતર્યા અને ભક્તની પીઠ ઉપર ખૂબ પ્રેમથી હાથ ફેરવીને આશીર્વાદ આપતાં બોલ્યાં, ‘ખૂબ ખૂબ આનંદ કરો અને લોકોને ઉપયોગી બનો.’ બાપુએ ભલે ફૂલહાર ન સ્વીકાર્યા, પરંતુ ભક્તજનોની પીઠ થાબડીને પ્રેરણા આપતા હોય તેવાં દૃશ્યો તો ક્યારેક જ જોવા મળતાં. જગાબાપાને ભક્તજન પ્રણામ કરે ત્યારે સામાન્યપણે તેઓ સત્સંગીના મસ્તક ઉપર માત્ર એક આંગળી જ મૂક્તા. આ પ્રકારની મહાયોગીની ચેષ્ટા પણ એ સાધક ભક્તના શરીરમાં કંપારી જન્માવી તેને દિવ્ય ઊર્જાથી ભરી દેવા સક્ષમ હતી. બિહારીભાઈ આ હકીકત જાણતા હોવાથી તેમની પીઠ ઉપર પિતાતુલ્ય જગાબાપાના ફરતા શ્રીહસ્તનું અનેરું મૂલ્ય શું ન સમજી શકે? પ્રસન્નતાના અમૃત સાગરમાં તેઓ અવગાહન કરી રહ્યા! આ અલૌકિક ક્ષણોને જીવનભર પોતાના અસ્તિત્વ સાથે તેમણે કઈ રીતે સાંધી રાખી છે તે તેમના જ શબ્દોમાં માણીએઃ

‘એ અલૌકિક ક્ષણ! મારા જીવનની પરમ ક્ષણઃ એ પળ યાદ આવતાં જ, તે વખતે થયેલા રોમાંચ જેવો જ રોમાંચ આજે પણ થાય છે! ઈ.સ. ૧૯૭૬માં મળેલા આશીર્વાદને વર્ષો થઈ ગયાં. આજે ઈ.સ. ૨૦૨૫ની સાલમાં જગાબાપાની અનન્ય કૃપા પળેપળ અનુભવી રહ્યો છું. મારા જીવનની બધી જ વિષમતાઓમાંથી હું પાર ઊતરી ગયો છું. મારી સામે કોઈ અવરોધ નથી. સંત ભગવંત બાપાની કૃપાથી તમામ અંતરાય દૂર થયા છે. મને ભૌતિક તથા આધ્યાત્મિક મહાયોગ જીવનમાં મળ્યો છે એ બદલ જગજીવનબાપુને નમન! અપરંપાર.’ ■

# રામયાત્રા : આંતરયાત્રાનો અનન્ય સાકાર



શ્વાસનું રિચાર્જ

પ્રણવ પંડ્યા
pranav.p@janmabhoominewspapers.com



મધ્યપ્રદેશનું ચિત્રકૂટ કર્વિ સ્ટેશન પર સૂર્યના પહેલાં કિરણો પડ્યા એ પહેલાં પ્લેટફોર્મ પર લાલ જાજમ બિછાવાઈ છે. જગ્યાએ જગ્યાએ ફૂલો મુકાયા છે. પ્લેટફોર્મની એક બાજુએ નાનકડું સ્ટેજ બનાવ્યું છે. મયુર સ્વરૂપ લઈ મહિલાઓ નૃત્ય કરી રહી છે. ઉલ્લાસથી સભર વાતાવરણમાં પ્લેટફોર્મ પર ટ્રેન આવે છે. આ ટ્રેન છે પૂ. મોરારિબાપુ દ્વારા સંકલ્પિત રામયાત્રાની. ટ્રેનમાંથી ૪૦૦ જેટલા યાત્રાળુઓ પ્લેટફોર્મ પર ઉતરીને આ યાત્રાના પ્રારંભ ઉપક્રમ માટે સ્ટેજ સામે ગોઠવાય છે. થોડીવારમાં બાપુ અને અન્ય મહાનુભાવો આવી સ્ટેજ પર સ્થાન લે છે અને યાત્રા પ્રારંભ થાય છે.

રામકથાગાન જેમની અંતઃકરણની નિર્વિકલ્પ પ્રવૃત્તિ છે એવા મોરારિબાપુ કહે છે કે મારા કથાજીવનમાં ઘણી યાત્રાઓ આવી, એમાંની આ એક યાત્રા જે રામ વનગમન માર્ગ પર ચરિતાર્થ થઈ રહી છે.

ભગવાન રામે જે પવિત્ર માર્ગ પર યાત્રા કરી હતી એ જ માર્ગ પર રામચરિત માનસ યાત્રા કરે એવો શુભ સંકલ્પ બાપુએ અયોધ્યામાં માનસ ગણિકા કથામાં કર્યો. આ બાપુની બીજી ઐતિહાસિક રામયાત્રા છે - પહેલી યાત્રા વર્ષ ૨૦૨૧માં અયોધ્યાથી ચિત્રકૂટ અને નંદીગ્રામ સુધીની હતી. આ યાત્રાનો દ્વિતીય અને અદ્વિતીય તબક્કો પ્રારંભ થઈ રહ્યો. આ યાત્રા ભગવાન શ્રી રામના વનવાસ અને લંકા વિજય પછી અયોધ્યા પુનરાગમન સુધીનો માર્ગને અનુસરવા ઉત્સાહિત હતી. એ રીતે યાત્રા ૨૫ ઓક્ટોબરે ચિત્રકૂટના અત્રિ મુનિ આશ્રમથી શરૂ થઈ અને ૪ નવેમ્બરે અયોધ્યામાં સમાપ્ત થશે. ૧૧ દિવસમાં, બાપુ અને તેમની સાથેના ૪૧૧ રામભક્તો આશરે ૮,૦૦૦ કિલોમીટરની યાત્રા કરશે અને નવ પવિત્ર સ્થળોએ રામકથાનું ગાન કરવામાં આવશે.

આ યાત્રા માટે ૨૨ કોચની ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. નિવાસની તમામ સુવિધાઓ, સાત્ત્વિક મધુર ભોજન પીરસતું સાવિત્રી મા પ્રસાદગૃહ, તમામ યાત્રિકોની નાનામાં નાની સગવડ સાચવતા સેવાકર્મીઓ, યજ્ઞભૂમિ સાચવતો બાપુનો કરુણામય કોચ કૈલાસ... એમ લાગે કે ટ્રેનના બે પાટા પર અનેક ગોપુરમ ધરાવતું એક મંદિર વહી રહ્યું છે. રામેશ્વરમથી કોલંબો અને કોલંબોથી અયોધ્યાની યાત્રા વિશેષ પ્લેન દ્વારા હવાઈ માર્ગે થશે અને અવધપુરીમાં આ અનુષ્ઠાન વિરામ લેશે ત્યારે રામરાજ્યની સ્થાપનાની કથા સાથે શાંતિ અને સદભાવ, સત્ય, પ્રેમ અને કરુણાનો વૈશ્વિક સંદેશ પણ સ્થાપિત થશે.

આ ફક્ત યાત્રા નથી, પરંતુ સનાતન ધર્મના મહિમા, ભારતની એકતા અને રામરાજ્યના અમર સંદેશનો ઉત્સવ છે. આ યાત્રા સત્ય, પ્રેમ અને કરુણાની યાત્રા છે - દરેક વ્યક્તિ ભાગ લઈ શકે છે, કોઈપણ સ્થળે જઈ શકે છે અને કથા સાંભળી શકે છે. બધી વ્યવસ્થા - મુસાફરી, રહેવાની વ્યવસ્થા અને ભોજન - સેવા અને પ્રસાદના રૂપમાં કરવામાં આવી. આ રામ યાત્રાનું આયોજન શ્રી મદનજી પાલીવાલ (સંતકૃપા સનાતન સંસ્થાન - નાથદ્વારા) અને ઈન્દોરના રૂપેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું જેમની સંનિષ્ઠ સનાતન ધર્મ પરાયણતા અને ગુરુ પ્રત્યેનો સમર્પિત શરણાગત ભાવના નિમિત્તે આ ભવ્ય અને દિવ્ય યાત્રા શક્ય બની. આખી ટીમ દ્વારા એવું સૂઝભર્યું અને ઝીણવટભર્યું આયોજન કે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ કરવા માટે આદર્શ!

બાપુએ કથા પ્રારંભે જ સ્પષ્ટ કર્યું કે આટલું વિશાળ અને વિકટ લાગતું આયોજન કેવળ એક નિર્વિકાર વિચારનું સાકાર સ્વરૂપ છે. બાપુ કાયમ કહે છે કે હું ઉપદેશનો વ્યક્તિ નથી, સંવાદનો વ્યક્તિ છું; સુધારવા નથી નીકળ્યો, સ્વીકારવા નીકળ્યો છું. મહાત્મા તુલસીદાસજીએ રામચરિત માનસ દ્વારા ભગવાન રામનું માનવ ચરિત્ર નિરૂપણ કર્યું અને અનેક પાત્રો દ્વારા માનવ ભાવ, માનવ સ્વભાવ અને માનવ મૂલ્યોનું પણ નિરૂપણ કર્યું. જે જે સ્થાન ભગવાનના વનવાસમાં વિશેષ મહિમાવંત રહ્યા એ સ્થાનો પર આ યાત્રામાં કથાનો પડાવ કરી સાત્વિક સંવાદ કર્યો. તો સાથોસાથ આ બહિર્યાત્રા સમાંતરે અંતર્યાત્રા પણ છે એ ભાવ વ્યક્ત કર્યો.

બાપુએ એ યાત્રા સ્થાન સાથે સંકળાયેલ પાત્રનો મહિમા પણ કર્યો અને એની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા સહજ રીતે પ્રગટ કરી. અત્રિમુનિ આશ્રમમાં જયંત પ્રકરણ અને સતી અનસૂયા દ્વારા મા જાનકીને પતિવ્રતા સ્ત્રીનો ધર્મ, અગત્સ્ય મુનિ આશ્રમમાં સરભંગ, સુતિષ્ણ, કુંભજ જેવા ઋષિઓનું સત્ત્વ અને ઋષિત્વ, પંચવટી નાસિકમાં લક્ષ્મણ, મારીચના પાત્રો દ્વારા ભક્તિ મહિમા, શબરી આશ્રમ - સરીબાનામાં શબરી સાથે જ માનસમાં નિરૂપિત સત્ત્વશીલ સ્ત્રી પાત્રો - સતી, શતરૂપા, સુમિત્રા, સ્વયંપ્રભા, સુનયના, શૂર્પણખાના ચરિત્રો અને એમના મૂલ્યો, ઋષ્યમુખ પર્વત પર ચાતુર્માસનો મહિમા અને વિવિધ પાત્રોએ આચારેલા વ્રતો, પ્રવર્ષણ પર્વત પર વાલી, સુગ્રીવ, હનુમાનજી, અંગદના ચરિત્રગાન સાથે સાધુના લક્ષણો અને તુલસીદાસજીએ વર્ણવેલી પ્રાકૃતિક ઋતુઓ અને એના ઉપમેયરૂપ માનવ પ્રકૃતિ....ઉત્તમ પાવનકારી સ્થાન અને કથાગાનનો સમન્વય કરતી આ યાત્રા સેતુબંધ રામેશ્વર તરફ અગ્રેસર છે.

સેતુબંધ એ રામરાજ્યનો પાયો છે. બાપુની વ્યાસપીઠ પણ વિશ્વમાં સદ્ભાવથી સૌને જોડવા માટે સેવારત છે.


ભગવાન રામ પોતાના અવતારકાર્યમાં છેવાડાના માણસ સુધી પહોંચ્યા છે. એમણે ખલો પર પણ કરુણા વરસાવી છે, ગણિકાઓને તારી છે, તિરસ્કૃતોને તાર્યા છે, અહલ્યાનો ઉદ્ધાર કર્યો છે, આસુરી વૃત્તિને નિર્વાણ આપ્યું છે. આવા ઉદ્દાત ચરિત્ર રામની કથાનું સાત દાયકાથી ગાન કરતા મોરારિબાપુ પણ કથાના માધ્યમથી છેક છેવાડાના માણસ સુધી પહોંચવા સહજ પ્રવૃત્ત છે. કથાની પ્રવાહી, પવિત્ર અને પરોપકારી પરંપરાનું નિષ્ઠાથી નિર્વહન કરી રહેલા બાપુ માટે આ સહજ યાત્રા એમના ચરેવેતિ ચરેવેતિ સાધુ સ્વભાવનો સાર્થક, સ્નેહલ અને સેતુમય સમન્વય છે. એના સાક્ષી બનવું એ ય ધન્ય ધન્ય!

**ચાર્જિંગ પોઈન્ટ :**

‘નથી આંકેલા નકશા પર ચાલવાની વાત
ના થકાવટના ડરથી સંકોરવાની જાત
ભાર હોવાનો ખંખેરી નાખો તો
અનહદની ઓંસરી જડે’

**- રમેશ પારેખ** ■

# સાપ્તાહિક શબ્દલીલા-૧૬૯૮



## ▶ આડી ચાવી

૧) ટચલી આંગળી પાસેની આંગળી (૪)
૪) આપ ભલા તો --- ભલા (૨)
૬) રામ તો --- પુરુષ હતા (૩)
૮) ગાંધીજીના --- વાંદરા (૨)
૯) વિદ્યાની દેવી, શારદા (૪)
૧૧) લગની, તાન (૨)
૧૩) વા -- લઈ જાય (૨)
૧૪) નીરોગી માણસને --- માં પણ રોગ ન હોય (૨)
૧૬) ઓછું, ખરાબ (૨)
૧૭) જૂઠ બોલે --- કાટે (૨)
૧૮) સમાન, કસમ (૨)
૨૦) નાગલોકનો રાજા (૩)
૨૨) જાગ્યા ત્યારથી --- (૩)
૨૪) --- ખીચડી દાંતે વળગી (૩)
૨૫) ટેવ, વ્યસન (૨)
૨૭) એ તો સો ---નું સોનું છે (૨)
૨૮) કૂતરા --- જેવી જિંદગી, હંમેશા ઝગડતા રહેવું (૩)
૩૦) રાણા પ્રતાપનો ઘોડો (૩)
૩૧) ઘાણીના બળદની આંખ પર બંધાતા પાટા (૩)
૩૨) --- ગુડ ખા, ગોડ ગોડ બોલા (૨)
૩૪) લાપસી જીભે પીરસવી તો --- શા માટે પીરસવી (૨)
૩૫) ત્રણ પૈસા (૨)
૩૮) શરીર તપી આવવાનો રોગ (૨)
૪૦) માછલાં પકડવાનો આંકડો (૨)
૪૧) નમેલું (૨)
૪૨) બેડા ઉપર બેડું તો --- ને ભાર (૪)
૪૪) બટન બંધ કરવાનું નાકું (૨)
૪૬) ગુપ્તવાસમાં ભીમનું નામ (૩)
૪૭) હોઠ (૨)
૪૮) ઉપર ચઢી નીચે લપસવાની એક બાળરમત (૪)

## ▼ ઊભી ચાવી

૧) આંખ હલાવ્યા વગર જોયા કરવું (૪)
૨) માથું આપે તે --- (૨)
૩) મરણ પાછળની રોકકળ (૨)
૪) એક ધાતુ (૩)
૫) ફળની અંદરનો ગર્ભ (૨)
૭) --- તેવી બરકત (૩)
૧૦) ---- તિગડા કામ બિગડા (૨)
૧૨) સોનું (૨)
૧૩) વરસે વરસે આવતું કે થતું (૩)
૧૫) ટાઢા પાણીએ --- ગઈ (૨)
૧૭) કુરુનો વંશજ, ધૃતરાષ્ટ્રનો પુત્ર (૩)
૧૯) સાથે મળીને થતી વિચારણા (૪)
૨૦) દૂધની મલાઈ (૨)
૨૧) --- પહેલા પાળ તો સલામત તળાવ (૨)
૨૨) સમાન વસ્તુઓનો સમૂહ (૨)
૨૩) દેવોના ગુરુ, બૃહસ્પતિ (૪)
૨૬) અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૨૮) બીલીનું ઝાડ (૨)
૨૯) --- ચસકવી, મગજથી ગાંડા થઈ જવું (૩)
૩૦) એક જ ગુરુના બે --- (૨)
૩૧) ઘડિયાળના અંકવાળો ગોળ ભાગ (૩)
૩૩) વેલ (૨)
૩૫) આશરે ૫૬ મણનું વજન (૨)
૩૬) જૂના મંદિરો અને ગુફાઓની --- લાજવાબ હોય છે (૪)
૩૭) ખોટી આદત પડી ગઈ છે (૩)
૩૯) મેદ, ચરબી (૨)
૪૦) --- બોલે તો ટપલા પડે ને મોટા બોલે તો તાળીઓ પડે (૩)
૪૩) સિંહની ગરદન પરના વાળ (૨)
૪૪) --- હોય તો ઘણાંય ગપ્પાં (૨)
૪૫) નામ-મંત્ર ઇત્યાદિનું રટણ (૨)

**- દિલીપ શાહ**

## શબ્દલીલા ૧૬૯૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ૨ ન | ની | ■ | ૩ કં | સા | ૪ ર | ■ | ■ | ૫ વિ | ૬ ધા | ૭ તા |
| ૮ વા | વ | ■ | ૯ લા | ■ | ■ | ૧૦ બ | ૧૧ ક | ૧૨ રી | ■ | ૧૩ ર | વ |
| ન | ■ | ■ | ૧૪ જ | ૧૫ લે | બી | ■ | ૧૬ દ | મ | ■ | ■ | ડી |
| ■ | ૧૭ વ | ૧૮ ડા | ■ | ખ | ■ | ૧૯ દા | ■ | ■ | ૨૦ ગા | ૨૧ લ | ■ |
| ૨૨ દુ | ■ | ૨૩ ય | ર | ■ | ૨૪ તા | ળ | ૨૫ વે | ■ | ૨૬ જ | ગા | ■ |
| ર્વા | ■ | લ | ■ | ૨૭ કુ | ■ | ■ | ૨૮ લ | ણે | ■ | ૨૯ મ | ૩૦ ધ |
| ૩૧ સા | ૩૨ જા | ■ | ૩૩ કા | લે | ■ | ■ | ણ | ■ | ૩૪ ખા | ■ | ના |
| ■ | ૩૫ પા | ૩૬ પ | ■ | ૩૭ ર | ૩૮ બ | ડી | ■ | ૩૯ આં | ખ | ■ | ર્ક |
| ■ | ૪૦ ન | ર | ■ | ■ | હુ | ■ | ૪૧ સા | ■ | ૪૨ રો | જા | ■ |
| ૪૩ ત્રિ | ■ | ■ | ૪૪ ના | ૪૫ ના | ■ | ૪૬ ચાં | દ | ૪૭ લો | ■ | ■ | ૪૮ ચા |
| ૪૯ જ | ૫૦ ગ | ■ | ૫૧ વ | ક | ૫૨ રો | ■ | ■ | ભી | ■ | ૫૩ મા | લા |
| ૫૪ ટા | પ | શી | ■ | ■ | ૫૫ ગ | ળ | ણી | ■ | ૫૬ પા | ર | કી |

# રાસ લીલા : ગતિ અને સ્થિરતા



શ્રીકૃષ્ણ શ્રૃંગાર શતકમ્


ડૉ. હર્ષ દેહેજીઆ
અનુવાદ : ડૉ. બિપિન મહેતા

વૈષ્ણવ મત અનુસાર, કૃષ્ણની અનંત-અપાર રાસલીલા રસની એ ધારાનું સ્રોત છે, જે શાશ્વત વૃંદાવનમાંથી નિરંતર ધરતી પર વહે છે. એટલું જ નહીં આ એ જ રસ છે, જે માનવજાત વચ્ચે રસના પ્રવાહ રૂપે વહે છે. આ કાલાતીત નૃત્ય છે, જેમાં દિવ્યતા અને મનુષ્ય નિતાંત-વિશુદ્ધ પ્રેમના લય અને તાલ, ગતિ-હલનચલન અને મધુર સંગીતમાં એકાકાર થઈ જાય છે. આથી યથાર્થપણે જ રાસલીલાને કૃષ્ણની સર્વ લીલાઓના મુગટમણિ એટલે કે સર્વ લીલા ચૂડામણિ તરીકે ઓળખવામાં આવે છે. રાસલીલા એવી નદી કે ઝરો છે, જેનું ન તો કોઈ આરંભ બિંદુ છે અને ન કોઈ અંતિમ છેડો છે, તેના પ્રવાહનો પનો એટલો વ્યાપક છે કે, તેનો કોઈ બીજો કિનારો કે આરો જ નથી. તે યૌવન, જીવન અને જીવનશક્તિ-પ્રાણશક્તિ તથા આનંદ અને પરમાનંદના અમૃતનો દરિયો છે. તેના પાણીનું પાન કરવું એટલે પ્રેમ પામવો, તેના નીરનો સ્પર્શ થવો એટલે મુક્તિની પ્રાપ્તિ થવી, તેના આશીર્વાદ પ્રાપ્ત કરવા એટલે દિવ્યતાનું સાંનિધ્ય મળવું અને તેનાથી પુષ્ટિ પામવી એટલે સ્વની ઓળખ થવી. રસૌ વૈ સઃ અર્થાત્ પરમાત્મા સ્વયં રસ છે અમસ્તું જ નથી કહેવાયું.

કૃષ્ણની રાસલીલા અંતે તો કૃષ્ણની સ્વ સાથેની લીલા જ ગણવામાં આવે છે. સ્વ પ્રતિબિંબ વિભ્રમઃ એટલે કે પોતાના પ્રતિબિંબ સાથે રમવું. જીવ અથવા ગોપી કૃષ્ણનો જ અંશ કે ભાગ છે અને કૃષ્ણ એકસાથે સોળ હજાર ગોપીઓ સાથે રહ્યા એ તેમના સ્વરૂપની શક્તિ છે. કૃષ્ણ પોતાની મૂળ પ્રકૃતિ પર કોઈ પ્રભાવ કે અસર વિના અનંત કે અસીમ સંખ્યામાં સ્વરૂપ ધારણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. રાસલીલા અંતે તો હલનચલન કે ગતિ કરતાં સ્થિરતાનું પ્રતીક છે, કેમ કે કૃષ્ણ અનેક સ્વરૂપ લે છે અને વર્તુળાકારે થતાં નૃત્યમાં બંને તરફ ગોપીના હાથમાં હાથ પરોવી સહભાગી થાય છે, ત્યારે તેઓ રાસના કેન્દ્રમાં સ્થિર રહે છે. આ જ ઊર્જાનું કેન્દ્ર છે અને આ સ્થિર કેન્દ્ર જ ગતિ અથવા તો હલનચલનને શક્ય બનાવે છે અને આ કેન્દ્રમાં જ સર્વ ગતિનો વિલય થવો જોઈએ. કૃષ્ણ જ્યારે રાસમાંથી દૂર થાય છે અને મંડળી વિખેરાય છે, ત્યારે ગતિ સ્થિરતા તરફ દોરાય છે અને શૃંગારથી શૃંગાર ભક્તિ તરફની ગતિ થાય છે. સંયુક્ત કે સહિયારી પ્રવૃત્તિ એ પછી પ્રેમના અંતિમ અર્થ તરફની વ્યક્તિગત શોધ કે પ્રવાસ બની જાય છે. આ રાસલીલા કાળ અને સ્થળથી પર છે, એવા કાળમાં જે સમયથી પર છે અને એવા સ્થળે જે પૃથ્વી પરના ગોકુળને આકાશી-દિવ્ય-દૈવી-સ્વર્ગીય ગોલોકમાં



પરિવર્તિત કરી નાખે છે. રાસલીલાને ગીતો તથા નૃત્યો દ્વારા વ્યક્ત કરાઈ છે અને એટલી જ સુંદરતાથી આ ભાવ રાજસ્થાનના રાજપૂત રાજ દરબારોમાં કળાકારો દ્વારા અને પહાડી ક્ષેત્રમાં મિનિએચર પેઈન્ટિંગમાં ઝીલાયો છે. હિમાચલ પ્રદેશના ચમ્બા રૂમાલ, બંગાળના બિશનપુરનાં ઈંટ મંદિરો, ગુજરાતના ભરતકામ અને નાથદ્વારાની અદ્ભુત પીછવાઈઓ દ્વારા કૃષ્ણની શૃંગાર ભક્તિના આ મહત્વના પ્રસંગને શ્રેષ્ઠ રીતે રજૂ કરાયો છે. ■



સફર અલગારી
ઉત્કર્ષ મઝુમદાર
utkarsh.m@janmabhoominewspapers.com

# ઈંગ્લેન્ડમાં નાટક પરની બંધી ઊઠી



બ્રિટન અને તેનાં સંસ્થાનો જેવા કે ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ અને ખાસ કરીને હિન્દુસ્તાનમાં લેવાયેલી નાટક પરની બંધીની વાત જાણી. હિન્દુસ્તાનમાં તો આઝાદી પછી પણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ચાલુ રહી છે, પણ ઈંગ્લૅન્ડમાંથી તો સમૂળગી નીકળી ગઈ. ન હોય, સમૂળગી? એવો ઉદગાર નીકળશે, પણ એ આશ્ચર્યકારક ઉદગાર નીકળે એ બહુ સ્વાભાવિક છે, કારણ કે આટલાં વર્ષો સુધી આવી કડક નીતિ અમલમાં રહી હોય તો તેને સરકાર થોડી હળવી કરે એને બદલે સદંતર કાઢી જ નાખે તો સહુને આશ્ચર્ય થવાનું જ, પણ આ સાચું છે. સન ૧૭૩૭ પછી આવેલો ૧૮૪૮નો સુધારો. તે બસ્સો ને એકત્રીસ વર્ષો પછી સંપૂર્ણપણે નાટક પરની બંધી ઉઠાવી લેવાઈ.

આવું થયું કેવી રીતે તેવો વિચાર આવે તો જરા વિચારો કે કશું પણ કારણ વિના બનતું નથી તો વીસમી સદીનાં પહેલાં પચાસ વર્ષોમાં એવું તે શું થયું કે આમ કરવું પડ્યું? માત્ર નાટક ક્ષેત્રે જ નહિ, ઘણાં-ઘણાં ક્ષેત્રે જબરદસ્ત ફેરફારો આવ્યા.

ઔદ્યોગિક ક્રાંતિ પછી સૌએ વિચારેલું કે હવે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવશે, કારણ કે હવે મિલો, કારખાનાં ને રેલગાડી આવી ગઈ હોવાથી કપડાં, અન્ન ને રહેઠાણનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થવાથી ખાવા-પીવા-ઓઢવા ને રહેવાની કોઈ તકલીફ નહિ પડે, પણ થયું સાવ વિપરીત. સ્વર્ગ ઊતરવાને બદલે આ તો નરકનું આગમન થયું. એક નહિ, બે-બે વિશ્વયુદ્ધો ૧૯૧૪થી ૧૯૪૫ સુધીમાં લડાયાં. લાખોની સંખ્યામાં લોકો મરાયા, ઘાયલ થયા. બાળકો અનાથ બન્યાં, સ્ત્રીઓ વિધવા થઈ, લાખો લોકો કોન્સન્ટ્રેશન કૅમ્પમાં ખરાબ રીતે મૃત્યુ પામ્યા. સમગ્ર વિશ્વમાં મોટી ઊથલપાથલ સર્જાઈ ચૂકી. કઈ કેટલાય દેશો ધરતી પરથી અદૃશ્ય થઈ ગયા ને કેટલાય નવા ઊભરી આવ્યા. રાજકીય, આર્થિક, સામાજિક ને કળા ક્ષેત્રે તળિયાઝાટક ફેરફારો થઈ ગયા. ઉદારીકરણનો પવન માત્ર રાજકીય કે આર્થિક કે સામાજિક ક્ષેત્રે જ નહિ, પરંતુ જાતીય ક્ષેત્રે પણ વાયો.

આટલું ઓછું હોય તેમ ધર્મ સંસ્થા નબળી પડી. નૈતિકતાનાં મૂલ્યોમાં ધરખમ ફેરફારો થયાં, લગ્ન સંસ્થા, રાજકીય સંસ્થા, કૌટુંબિક સંસ્થા બધા પર દૂરગામી અસરો પડવા લાગી તો કલા ક્ષેત્ર કેવી રીતે આનાથી અળગું રહી શકે? એના પર પણ ગાઢ અસરો થઈ. સમલિંગી સંબંધો સ્વીકાર્ય બનવા લાગ્યા. છૂટાછેડા લેવાનું જ્યાં વિચારાતું જ ન હતું ત્યાં જરાય સંકોચ વિના, છુટાછેડા લેવાયા લાગ્યા. ગર્ભપાતને બહોળી સ્વીકૃતિ મળવા લાગી.

ટૂંકમાં સમાજ પર વિક્ટોરિયન સમયની જે નૈતિકતા લાદવામાં આવેલી, માન્યતાઓ જબરદસ્તી થોપવામાં આવેલી, જૂનવાણી માન્યતાઓ જે માણસના વિકાસને સ્થગિત કરનારી, રૂંધનારી ને આડે આવનારી થઈ ગઈ હતી તે ઝપાટાબંધ દૂર થવા માંડી. તકિયાનુસી વિચારોને તિલાંજલિ અપાવા લાગી. મનુષ્યો માટે મુક્ત વાતાવરણ રચાવા માડ્યું.

સહુથી મોટો ફેરફાર તો એ થયો કે આપખુદશાહી, તાનાશાહી, રાજાશાહી સતાઓ ફેંકાઈ ગઈ ને એને સ્થાને લોકોની સત્તા આરૂઢ થવા લાગી હતી. હવે લોકશાહીમાં તો લોકોના અવાજને પ્રાધાન્ય આપવું જ પડે.

નાટક જગત પર લૉર્ડ ચેમ્બર્લીનની ઑફિસનું જે નિયંત્રણ હતું તે નાટ્યકર્મીઓને કઠવા લાગ્યું. નાટકના મંચન માટે લૉર્ડ ચેમ્બર્લીનની ઑફિસમાં નાટકની પ્રત જે મોકલવી પડતી હતી તે લેખકો, નાટ્ય નિર્માતાઓને ખૂંચવા લાગ્યું. સૌ કલાકારને લાગ્યું કે આ વસ્તુ એમના અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર તરાપ સમાન છે. તખ્તા પર વાસ્તવિકતાનું ચિત્રણ રજૂ થવું જોઈએ, સત્તાવાર નૈતિકતાનું નહિ. એમણે કહ્યું કે આ કાયદો તેમને લોકશાહી સંસ્થા દ્વારા જે અભિવ્યક્તિની સ્વતંત્રતા મળી છે તેની વિરુદ્ધ જાય છે તેથી આવો કાયદો તેમને માન્ય નથી.

પ્રતિષ્ઠિત નાટ્ય લેખકો સરકારના આ કાયદાથી બગડ્યા હતા. તેઓનું માનવું હતું કે સરકાર એમનું વલણ બદલે એ સમય આવી પહોંચ્યો છે. હેરોલ્ડ વિલ્સનના વડા પ્રધાનપદ હેઠળની મજૂર પક્ષની સરકારનું નાટકવાળા પ્રત્યે સહાનુભૂતિવાળું વલણ હતું. એમની કલા ક્ષેત્ર સાથે સંબંધિત કાયદાઓમાં સુધારા કરવાની નેમ હતી. સર્જનાત્મક વાતાવરણને પ્રોત્સાહન મળે એવું એ ઈચ્છતા હતા. એટલું જ નહિ, આમ સભામાં બંને પક્ષમાંથી ઘણા સભ્યો આવું ઈચ્છતા હતા. લોકો અને અખબારો બંનેનો ગૂંગળાવી નાખનારી સેન્સરશિપ સામે વિરોધ હતો. એમને સરકારના પૈતૃકવાદી રવૈયા સામે વાંધો હતો. વળી વયસ્ક વ્યક્તિની બુદ્ધિમતા તરફ પણ આવું વલણ અપમાનજનક લાગતું હતું.

આ બધું ચાલતું હતું, પણ જાણે કોફીનમાં આખરી ખિલ્લો બે નાટકોએ માર્યો. આ બે નાટકો હતા 'લુક બૅક ઈન ઍંગર' નામના વિશ્વવિખ્યાત નાટકના રચયિતા જોહન ઓસબોર્નના એક નાટક 'અ પેટ્રીયટ ફૉર મી' એની કથા વસ્તુને લીધે સેન્સર બોર્ડમાં અટવાયું. સત્ય ઘટના પર આધારિત નાટકનો નાયક જાસૂસીનું કામ કરતો હોમોસેક્સ્યુઅલ હતો. હીરોના આ ચરિત્ર લેખન સામે વાંધો પડ્યો. હવે તમને અગાઉ જેમ કહ્યું તેમ સમાજમાં ધરમૂળથી નૈતિકતાના ને અન્ય ફેરફારો થઈ ગયા હતા. બીજા દાખલામાં અલ્ફ્રેડ બોન્ડનું નાટક 'સેવ્ડ' લૉર્ડ ચેમ્બર્લીનની ઝપટમાં આવ્યું, કારણ હિંસા. એનું ચિત્રણ વધારે છે કહી મંચન માટેની અનુમતિ નકારી. લોકો ગુસ્સે થયા, લૉર્ડ ચેમ્બર્લીનની ઑફિસ પર મોટો ઉહાપોહ સર્જાયો. વીસમી સદીના શ્રેષ્ઠ અભિનેતામાંના એક, સર લોરેન્સ ઓલીવરે 'ધ ઓબ્સર્વર' નામના રાષ્ટ્રીય અખબારમાં પત્ર લખ્યો ને જણાવ્યું કે 'આ નાટક બાળકો માટે નહી, પરંતુ પુખ્ત વયના વ્યક્તિઓ માટેનું છે અને દેશના વયસ્ક વ્યક્તિઓમાં નાટક જોઈ શકે એટલી હિંમત હોવી જોઈએ.' આ બે નાટકોના મંચન થયા લાઈસન્સ વગર. નવાઈ લાગી? કેવી રીતે થયું આ? રૉયલ કોર્ટ થિયેટરે પોતાનું બંધારણ બદલ્યું. આ બંને નાટકો કર્યા. જાહેર પ્રયોગો નહિ. ટિકિટો વેચવાની નહિ, માત્ર અને માત્ર થિયેટરના સભ્યો માટે અને આમ સેન્સરબોર્ડને ડીંગો બતાવ્યો. નાટકો વ્યવસાયીક રીતે પણ સફળ થયાં.


આ બધાનું પરિણામ એ આવ્યું કે જાહેર માધ્યમો અને પાર્લમેન્ટનું ધ્યાન આ પ્રશ્ન તરફ ખેંચાયું અને લૉર્ડ અનાંનના વડપણ હેઠળ એક સમિતિની રચના થઈ જેમણે જોવાનું હતું કે ૧૭૩૮નો કાયદો હવે કેટલો સુસંગત છે. એમનાં તારણ દૂરગામી આવ્યાં. સમિતિને લાગ્યું કે લૉર્ડ ચેમ્બર્લીનની ઑફિસ વર્તમાન સમયમાં પ્રસ્તુત નથી રહી. પુખ્ત વયના પ્રેક્ષકોને નૈતિકતાની બાળાગોળી પીવડાવવાની આવશ્યકતા નથી. થિયેટર હવે સ્વનિયંત્રણ હેઠળ હોવું જોઈએ એટલે કે તેઓ નક્કી કરશે શું સારું કે શું ખરાબ અને જો અશ્લીલતાના કે બદનક્ષીના કિસ્સાઓ, વિવાદો ઉત્પન્ન થાય તો એનો નિકાલ કોર્ટ દ્વારા લાવવાનો. સરકારે હવે હસ્તક્ષેપ કરવો નહિ. એમણે ભારપૂર્વક ભલામણ કરી કે નાટકોના મંચન માટે જે કાયદાઓ ઘડાયા છે તે બધા તાત્કાલિક હઠાવી દેવામાં આવે. આમ ગ્રેટ બ્રિટનમાં નાટકો પર નિયંત્રણ મૂકતો જે કાયદો સન ૧૭૩૭માં લવાયો હતો તે કાયમને માટે દૂર થઈ ગયો ને નાટ્યકલાને મુક્તપણે વિહરવાનો મોકો મળ્યો.

હિન્દુસ્તાનમાં પણ નાટકોના મંચન માટે જે અગાઉથી નાટ્ય પ્રત તમાશા બોર્ડ કે પ્રમાણપત્ર બોર્ડને આપવી પડે છે એમાંથી મુક્તિ મળે એવી સંભાવના ખરી? તમને શું લાગે છે, આ સેન્સરશિપ હઠાવવી જોઈએ? દાબો કી બોર્ડ પર બટન ને તમારા અભિપ્રાય મોકલો સત્વરે આ સરનામે utkarsh_mazumdar@yahoo.co.in



વિજ્ઞાન જગત
ડૉ. જે.જે. રાવલ
jjrawal@janmabhoominewspapers.com

# પુરાણોમાં નિર્દેષાયેલી આપણા દેશની નદીઓ



(ભાગ - ૨)

યમુના પુરાણકાળની બીજી મોટી નદી છે. હકીકતમાં યમુના એ તમસા નદીની શાખા છે. તમસા નદી એ સરસ્વતી નદીની દક્ષિણ તરફની શાખા છે. યમુના દિલ્હીમાંથી પસાર થાય છે જ્યાં કૌરવો અને પાંડવો રાજ્ય કરતા હતા અને ત્યાંથી નીકળી યમુના મથુરા - ગોકુલ વચ્ચેથી પસાર થાય છે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણનું બાળપણ વીત્યું હતું. શ્રીકૃષ્ણના જ સમયમાં યમુના ૧૦થી ૧૬ કિ.મી. પૂર્વ તરફ ખસી હતી. યમુનાનું પૂર્વ તરફ ખસવાનું કારણ અરવલ્લીની પહાડમાળાનું ઊંચું થવું હતું.

પુરાણોમાં સરસ્વતી, નર્મદા અને યમુનાના સંદર્ભોની સરખામણીમાં ગંગાનું નામ બહુ ઓછું લેવાતું હતું. તે હિમાલયમાંથી ઊતરી આવી છે. ગંગાએ ભારતના ઉત્તર પ્રદેશના લોકોનાં જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. પુરાણોમાં ભગીરથની કથા બહુ જ રસપ્રદ છે. ગંગાનો અર્થ થાય એક મોટી નદી. ભારતની ઘણી નદીઓનાં નામમાં ગંગા શબ્દ હોય છે. જેમ કે દમણગંગા, પાતાળગંગા, ભગીરથી ગંગા, પૈનગંગા, વૈનગંગા વગેરે. ગોદાવરી, ક્રિષ્ના, તુંગભદ્રા અને કાવેરીને દક્ષિણગંગા કહેવાય છે. સ્કંદ પુરાણ, રેવાખંડ, (૪- વી-૨૪) ગંગાનું અવતરણ આકાશમાંથી થયું છે. જોકે બધી જ નદીઓનું અવતરણ આકાશમાંથી જ બરફ કે પાણીરૂપે થાય છે.

હુમલા કરનાલી, ગુર્લા માંધાતા પહાડમાંથી નીકળી તે પશ્ચિમ નેપાલમાંથી પસાર થઈને કાલી નદીને મળે છે અને પછી સરયૂ બને છે. સરયૂ સપાટ મેદાનમાં આવતા તેનું નામ ધઘર પડે છે. સ્કંદપુરાણમાં તેનું નામ શ્યામા છે. વાલ્મીકિ રામાયણ કહે છે કે સરયૂ નદી માનસરોવરમાંથી નીકળે છે. હુલાદીની, પવની અને નલીની જે દેવી ગંગાની ત્રણ શાખાઓ છે તે કૈલાશમાં ઊતરે છે અને પછી પૂર્વમાં વહે છે (વાલ્મીકિ રામાયણ બાલકાંડ ૨૪, ૪૩) આ ત્રણ નદીઓ ત્શાંગ નદીની શાખાઓ છે. ત્શાંગપો નદીને ભારતમાં બ્રહ્મપુત્રા કહેવામાં આવે છે.

પશ્ચિમમાં વહેતી સીતા, મહાનદી અને સુચકસુ નદીઓ હાલમાં સિન્ધુ અને સતલજ કહેવાય છે. આમ કૈલાશમાંથી સાત નદીઓ નીકળે છે જેની સાતમી નદી યાગ્રા છે. ખંડોની પાટો ખસવાની ક્રિયાથી હિમાલય ઊંચો અને ઊંચો થતો જાય છે અને હિમાલયમાંથી નીકળતી નદીઓનાં વહેણો (પ્રવાહો) પશ્ચિમ તરફ થતા જાય છે.

વાલ્મીકિ રામાયણ પ્રમાણે (બાલકાંડ, ૨૪) અયોધ્યા પાસેથી વહેતી સરયૂ નદી સુંદર એવા સરોવર માનસરોવરમાંથી નીકળી છે.

**કૈલાસ પર્વતે રામ મનસા નિર્મિત પરમ્**
**તસ્માત્ સુસ્ત્રાવ સરસ : સાયોધ્યામુપ ગૂહતે**
**સઃ પ્રવૃત્ત સરયૂ : પુણ્યા બ્રહ્મસરશ્ચુતા ||**

સરયૂ જેનું નામ ધઘર પણ છે, તે નેપાલમાં કરનાલી તરીકે ઓળખાય છે. તે હકીકતમાં હુમલ - કરનાલી છે, જે ગુર્લ - માંધાતાના દક્ષિણ - પશ્ચિમ ભાગમાં વહે છે, જે માનસરોવરની દક્ષિણે તદ્દન નજીકમાં જ છે, એટલે એમ લાગે છે કે તે માનસરોવરમાંથી નીકળી છે. સરયૂ હંમેશાં ખંડોની પાટો ખસવાના અને મોટા મોટા ધરતીકંપો થવાના પ્રદેશમાં છે. ગંડકી નદી જેને આપણે હાલમાં ગંડક કહીએ છીએ તેને પુરાણોમાં શાલીગ્રામી કહે છે, કારણ કે તે શાલીગ્રામના પહાડમાંથી નીકળે છે, માટે તેનું નામ શાલીગ્રામી પડ્યું છે. (સ્કંદપુરાણ, પદ્મપુરાણ, પાતાળખંડ ૧૦૯) પૌરાણિક કથા શંખચૂડ નામનો આદિવાસી પ્રજાનો રાજા બહુ બળવાન થઈ ગયેલો અને તે બધા લોકોને રંજાડતો હતો, ત્યાં સુધી કે દેવો પણ તેનાથી ત્રાસી ગયેલા હતા. દેવોએ વિષ્ણુ ભગવાનની પ્રાર્થના કરી કે તે તેમને શંખચૂડના ત્રાસમાંથી છોડાવે. વિષ્ણુ ભગવાને જોયું કે શંખચૂડની પત્ની તુલસી મહાસતી હતી અને જ્યાં સુધી તેનું સતીત્વ તૂટે નહીં ત્યાં સુધી શંખચૂડને મારવો અશક્ય છે. માટે વિષ્ણુ ભગવાને શંખચૂડનું રૂપ લઈ સતી તુલસીનું સતીત્વ તોડ્યું ત્યાં સાચો શંખચૂડ આવે છે.

**પશ્ચિમમાં વહેતી સીતા, મહાનદી અને સુચકસુ નદીઓ હાલમાં સિન્ધુ અને સતલજ કહેવાય છે. આમ કૈલાશમાંથી સાત નદીઓ નીકળે છે જેની સાતમી નદી યાગ્રા છે.**

વિષ્ણુ ભગવાન અને શંખચૂડ વચ્ચે યુદ્ધ થાય છે. તેમાં શંખચૂડ મરાય છે. આ જોઈને સતી તુલસી હેબતાઈ જાય છે અને વિષ્ણુ ભગવાનને શાપ આપે છે કે તમે કાળા પથ્થર થઈ જાવ. વિષ્ણુ ભગવાન સતી તુલસીને તુલસીનો છોડ બની જવાનો શાપ આપે છે પણ પોતાનું કપટ હોવાથી તે તુલસીને કહે છે કે હું હંમેશાં શાલીગ્રામરૂપે તારી પાસે રહીશ અને તું નદી રૂપે ગંડકીરૂપે હંમેશાં વહેતી રહેશે (શિવ પુરાણ, દ્વિતીય રુદ્રસંહિતા, યુદ્ધખંડ ૪૧) એ પ્રદેશમાં સદાને માટે ઘણા તુલસીના છોડ ઉગેલા દેખાય છે.

ગંડકી આજે કાલીગંડકી કહેવાય છે. તે નેપાલ - તિબેટ સરહદ પર અન્નપૂર્ણા - ધવલગિરી પહાડમાળાની દૂર દૂરથી નીકળે છે. તે મુક્તિનાથ - જોમોસોમ પ્રદેશમાંથી વહે છે. આ પ્રદેશ ગૂંચડાવાળા એમોનાઈટ ચૂનાના પદાર્થથી ભરપૂર છે. એમોનાઈટ પદાર્થ, માઈક્રોસેફલાઈટીસ, મેક્રાસેફલાઈટીસ, પેરીસફીંક્ટીસ ફાયલોસેરાસ, લિટોસેગસ, હોપલીટીસ વગેરેથી ભરપૂર છે. તે જ્યુરાસિક યુગથી વધારે દૂરના સમયમાં વચ્ચે ગોળ દડા અને આજુબાજુ સ્પાયરલની ગૂંચવાળા આકારનો પદાર્થ છે. આ પથ્થરોને શાલીગ્રામ કહે છે. વખત જતાં ગોળ દડાની ફરતેનો ગૂંચવાળાકારનો પદાર્થ નષ્ટ પામે છે અને કાળા ગોળ પથ્થરો જેને શાલીગ્રામ કહે છે તે બાકી રહી જાય છે. શાલીગ્રામને શિવપુરાણ અસંખ્ય જીવાત તેના તીક્ષ્ણ દાંતો ગોળ બનાવેલ વર્ણવે છે. પ્રાચીન ઋષિ - મુનિઓ ગંડકીનું માત્ર બરાબર જન્મસ્થળ જ જાણતાં ન હતાં, પણ ગંડકીનો પ્રારંભનો માર્ગ એમોનાઇટ અસ્મિઓથી ભરપૂર છે જે શાલીગ્રામમાં ફેરવાઈ ગયો છે, તે પણ જાણતા હતા, માટે તેઓએ ગંડકી નદીને શાલીગ્રામ કહી હતી.



સાયન્સ વર્લ્ડ
વિકાસ ઉપાધ્યાય

# શુક્રના સંશોધનનું મહત્ત્વ વધી રહ્યું છે

વૈજ્ઞાનિકોને જો ક્યાંક પૃથ્વી પરના જીવનને ઉગારવાની જરૂરિયાત ઊભી થાય તો મંગળની સાથે શુક્ર પર પણ વસવાટની શક્યતા જુએ છે. પરંતુ આજના શુક્રના વાતાવરણની સ્થિતિ અને અભ્યાસ એવું દર્શાવે છે કે, ભલે એ પૃથ્વીની જોડીયાં બહેન હોવાની ઓળખ ધરાવતો હોય પરંતુ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે શુક્ર પર હવે આવું કશું નથી અને એ સાક્ષાત નરકથી જરાય ઓછું ન કહેવાય એવું ભીષણ વાતાવરણ ધરાવે છે. ત્યાંના વાતાવરણમાં ૯૫ ટકાથી વધુ તો કાર્બન ડાયોક્સાઇડ, નાઇટ્રોજન, સલ્ફર ડાયોક્સાઇડ વગેરે છે. ઓક્સિજન તો માંડ બે ટકા પણ નથી. ત્યાં સલ્ફ્યુરિક એસિડનો તો વરસાદ થાય છે. શુક્રનું વાતાવરણ ગ્રીન હાઉસ ઈફેક્ટને કારણે સર્જાયેલી સ્થિતિ ને કારણે ૪૫૦ ડિગ્રી સેલ્સિયસથી પણ વધારે તાપમાન ધરાવતી ધગધગતી ભઠ્ઠી જેવું છે. જ્વાળામુખીઓની ભરમાર છે ત્યાં વીજળી અવિરત ત્રાટક્યા કરે છે. ત્યાં ૩૫૦ કિમી. થી વધુની ઝડપે તો પવન ફૂંકાયા કરે છે. શુક્રનો ગ્રહ એની ધરી પર ૨૨૪ દિવસે એક ધરિભ્રમણ જેટલો ખૂબ જ ધીમો ફરે છે. અને એ પાછો ઉલટી દિશામાં એટલે જો ત્યાં સૂર્યોદય થાય તો એ પશ્ચિમ દિશામાંથી થાય. ત્યાં વાતાવરણનું દબાણ પણ પૃથ્વીથી લગભગ ૯૦ ગણું વધારે છે. જોકે એનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીથી થોડું જ ઓછું છે એટલે કંઈક માફક આવે એટલું છે પણ ત્યાં મંગળની માફક વસવાટ થઈ શકે એવી શક્યતા અંગે ખાસ વિચારવા જેવું રહેતું નથી છતાં શુક્રના ગ્રહે આપણા આધુનિક વિજ્ઞાન અને એ સંબંધી વિચારસરણીને આકાર આપવામાં બહુ મોટો ભાગ ભજવ્યો છે. અલબત્ત વૈજ્ઞાનિકોને શુક્રના અભ્યાસમાં શરૂઆતથી જ રસ પડતો હતો એનું એક કારણ શુક્ર આપણો શાખ પાડોશી ગ્રહ કહેવાય એ તો હતું જ પણ એ વાદળોથી ઘેરાયેલો હોવાથી પૃથ્વી સ્થિત ટેલિસ્કોપની મદદથી પણ શુક્રની સપાટી કે એના વાતાવરણ વગેરે વિશે અવલોકન શક્ય બનતું ન હતું. અને એનો અભ્યાસ તો જરૂરી જ હતો. જોકે ઈ.સ. ૧૬૩૯માં જયારે શુક્રની સૂર્ય પર અધિક્રમણની ઘટના બની ત્યારે ખગોળશાસ્ત્રીઓને એ વાદળોથી ઘેરાયેલો હોવાનું અને એના પર વાતાવરણ હોવાનો ખ્યાલ આવ્યો હતો. એ જ રીતે પૃથ્વી સ્થિત ટેલિસ્કોપથી અવલોકનો કરીને એના ધરીભ્રમણ કાળને પણ નક્કી કરવાના પ્રયાસો થતા હતા. જેમાં શિયાપરેલીએ પ્રથમ વાર કહ્યું હતું કે શુક્રનું ધરીભ્રમણ ધીમું છે પછી રડાર મારફતે થયેલાં સંશોધનોએ એ વાતને પુષ્ટિ આપી હતી. પણ અવકાશ સંશોધનોમાં ઉપગ્રહો અને અવકાશયાનોના આગમન પછી શુક્રનું ગહન સંશોધન એ ઢબે હાથ ધરવાનું શરૂ થયું. જેમાં સોવિયત યુનિયન અને અમેરિકાએ ઈ.સ. ૧૯૬૦થી ઈ.સ. ૧૯૮૦ દરમિયાન અનેક અવકાશયાનો શુક્રના સંશોધનો માટે રવાના કર્યા. એ જાણવું રસપ્રદ છે કે, ત્યારથી અત્યાર સુધીમાં પૃથ્વી પરથી વૈજ્ઞાનિકોએ ૪૫થી વધુ અવકાશયાનો શુક્રનાં સંશોધનો માટે ત્યાં મોકલ્યાં છે. ઇ.સ. ૧૯૬૧માં સોવિયેટ યુનિયને પ્રથમવાર વિનેરા -૧ નામનું ફલાય બાય મિશન મોકલ્યું પણ એ એનું નિશાન ચૂકી ગયું પછી ઇ.સ.૧૯૬૨માં અમેરિકાનું મરીનર -૨ યાન શુક્રથી ૩૫ હજાર કિલોમીટરના અંતરેથી પસાર થયું ત્યારે એણે જણાવ્યું કે ગ્રહનું વાતાવરણ લગભગ ૫૦૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું તાપમાન ધરાવે છે. આવા પ્રચંડ તાપમાન ધરાવતા વાતાવરણમાં પ્રવેશતાં યાનો સહીસલામત રહી શકે નહીં. પણ ઈ.સ. ૧૯૬૬ માં રશિયાનું વિનેરા -૩ શુક્ર પર ક્રેશ લેન્ડિંગ પામ્યું અને પૃથ્વી સિવાય અન્ય ગ્રહ પર પહોંચનારું એ પ્રથમ અવકાશયાન બન્યું. અમેરિકાના મરીનર,પાયોનિયર મિશન અને રશિયાના વિનેરા યાનો એ શુક્રના સંશોધનોમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. વિનેરા-૪ યાન પૃથ્વીથી બીજા ગ્રહના વાતાવરણ વર્ણમાં પ્રવેશનાર પ્રથમ યાન બન્યું હતું અને એણે ત્યાં આત્મત્યાગ કરી શુક્રના વાતાવરણમાં દબાણ,



તાપમાન અને ઘનતા માપવા સાથે વાતાવરણમાં અતિપ્રચુર માત્રામાં કાર્બન ડાયોક્સાઇડ હોવાનું જણાવ્યું હતું. એ રીતે વિનેરા-૭ યાને શુક્ર પર પ્રથમવાર સફળ ઉતરાણ કરી એના માત્ર ૨૩ મિનિટના આયુષ્યમાં ખૂબ કીમતી માહિતી પ્રથમવાર ત્યાંથી મોકલી હતી. અન્ય મેગેલન પ્રોબ જેવા યાને શુક્રનો લગભગ સંપૂર્ણ નકશો બનાવ્યો તો યુરોપિયન સ્પેસ એજન્સીના વિનસ એક્સપ્રેસ યાને લાંબો સમય અભ્યાસ કરી શુક્ર પર મહાસાગરના પુરાવા, વીજળી ત્રાટકવાની ઘટનાઓથી લઈને અનેક બાબતે સંશોધનો કર્યા. ઉપરાંત ગુરુના અભ્યાસે જતાં ગેલિલિયો કે શનિના અભ્યાસે જતાં કાસીની હ્યાજેન્સ જેવાં યાનોએ પણ ફલાય બાય કરી શુક્ર અંગેની જાણકારી વધારવામાં ફાળો આપ્યો. જ્યારે હેલીનો ધૂમકેતુ આવ્યો ત્યારે એના અભ્યાસે મોકલાયેલા રશિયાનાં વેગા યાનોએ પણ લેન્ડર અને બલૂનથી શુક્રનો અભ્યાસ કરવાની તક ઝડપી હતી.

અલબત્ત શુક્રના અવકાશયાન મારફતે અભ્યાસ કરવામાં જાપાનની અવકાશ સંશોધન સંસ્થા જાકસનું અકાત્સુકી મિશન પણ એક હતું.જે તાજેતરમાં જ પૂર્ણ થયું છે. એટલે હવે માનવજાત તરફથી શુક્રનો અભ્યાસ કરી રહ્યાં હોય એવાં કોઈ યાન શુક્રની ભ્રમણકક્ષામાં નથી રહ્યાં. જાપાને ૨૧મી મે ૨૦૧૦ના એના તાનેગાશિમા સ્પેસ સેન્ટરથી એને લોન્ચ કર્યું હતું. આ યાન ટેકનિકલ ક્ષતિને કારણે શુક્રની કક્ષામાં દાખલ થવાની જગ્યાએ આગળ વધી ગયું ત્યારે જાપાનના વૈજ્ઞાનિકોએ એની કક્ષા ફરીથી ગણી, રાહ જોઈ પાંચ વર્ષ પછી ડિસેમ્બર -૨૦૧૦માં ફરીથી એને શુક્રની કક્ષામાં દાખલ કરાવવામાં સફળતા મેળવી હતી. આ યાન ૧૦ વર્ષ સુધી શુક્રની ફરતે ઓર્બિટર તરીકે ફરતું રહ્યું અને અભ્યાસ કરતું રહ્યું. એ જાપાનનું પ્રથમ ઇન્ટર પ્લેનેટરી મિશન હતું. જેનો એપ્રિલ -૨૪માં ગ્રાઉન્ડ સ્ટેશન સાથેનો સંપર્ક તૂટ્યા પછી હવે સપ્ટેમ્બર- ૨૦૨૫માં પૂર્ણ થયાનું જાહેર કરાયું. જેમ આપણે ત્યાં શુક્રના ગ્રહને સૂર્ય સાથે સાંકળીને જોઈએ છીએ એમ જાપાનમાં પણ છે. ત્યાં અકાત્સૂકીનો અર્થ પ્રભાત એવો થાય છે. અકાત્સૂકી એ અલ્ટ્રા વાયોલેટ, માઇક્રોવેવ, રેડિયો વેવ જેવી વિવિધ તરંગ લંબાઈમાં શુક્રના અભ્યાસમાં અને અઢળક વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. એણે ત્યાં શુક્ર પર વિષુવવૃત્તિય પ્રબળ પ્રવાહ વહેતો જોયો છે. એણે દર્શાવ્યું કે શુક્ર પર વાદળોની રચના કેવી છે ? ત્યાં ગરમીના પ્રવાહો કેવા વહે છે ? અને વાતાવરણમાં કેવા બદલાવો દર્શાવે છે ? એણે શુક્રના ગ્રહની નક્કર સપાટી કરતાં શુક્રનું વાતાવરણ ૬૦ ગણી વધુ ઝડપે ફરે છે એ દર્શાવ્યું. જેને સુપર રોટેશન કહેવામાં આવે છે.

(અનુસંધાન પૂર્તિ પાનું ૪)

**જેમ આપણે ત્યાં શુક્રના ગ્રહને સૂર્ય સાથે સાંકળીને જોઈએ છીએ એમ જાપાનમાં પણ છે. ત્યાં અકાત્સૂકીનો અર્થ પ્રભાત એવો થાય છે. અકાત્સૂકી એ અલ્ટ્રા વાયોલેટ, માઇક્રોવેવ, રેડિયો વેવ જેવી વિવિધ તરંગ લંબાઈમાં શુક્રના અભ્યાસમાં અને અઢળક વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે**

REGD No. MCS/024/2021-23/RNI No. 1567/1957

# उद्धरेत आत्मना आत्मानं



વામા
કાજલ ઓઝા -વૈદ્ય
kajaloza@janmabhoominewspapers.com

આદિ શંકરાચાર્યના શ્લોક મુજબ જન્મ-પુનર્જન્મ-પુનઃપુનઃ જન્મ થાય છે, એરેબિકમાં લખનારા ખલીલ જિબ્રાન પણ લખે છે, 'આજનો દિવસ પૂરો થયો છે, પોયણી જેમ પોતાના પ્રાતઃકાળ માટે બિડાય જાય છે તેમ સૂર્ય આપણા પર આથમી રહ્યો છે

ખલીલ જિબ્રાનના પુસ્તક 'ધ પ્રોફેટ'નું ભાષાંતર અનેક ભાષાઓમાં થયું છે, 'વિદાય વેળાએ'ના શીર્ષક હેઠળ કિશોરલાલ મશરૂવાળાએ ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે.અન્ય એક ભાષાંતર 'દેવદૂત' નામે પણ થયું છે.લગભગ ૧૮૯૮માં મૂળ અરબી ભાષામાં લખાયેલા આ પુસ્તકના શીર્ષકનો અર્થથાય છે, 'પયગંબર' અથવા ઈશ્વરે જેને પોતાનો સંદેશો આપવા માટે મોકલ્યો છે એવો સંદેશવાહક! પ્રોફેટમાં અનેક પ્રકરણ છે, જેમાં બાળકો, લગ્ન, પ્રેમ, સ્વાતંત્ર્ય, બુદ્ધિ, શિક્ષણ, મિત્રતા, સૌંદર્ય, પ્રાર્થના જેવા અનેક વિષયો પર એક કાલ્પનિક પાત્ર અલમુસ્તફાએ આપેલા ઉપદેશને સમાવી લેવામાં આવ્યો છે.

આ પુસ્તકના અંતિમ શબ્દો 'થોડો સમય, વાયુ પર એક ક્ષણભર વિશ્રાંતિ અને એક બીજી માતા મને ધારણ કરશે.' આ શબ્દો શંકરાચાર્ય વિરચિત 'गोविंदंभजमूढमते' ₹ळ ०फए खइछ पुनरपिजननंपुनरपिमरणं, पुरपिजननीजठरेशयनम् । ની સાથે એકસૂર થઈ જાય છે. આદિ શંકરાચાર્યના જન્મ સમય વિશે મતમતાંતર છે, પરંતુ એમના મિત્ર ચિતસુખાચાર્યએ રચેલા એક શ્લોકમાં એમણે કહ્યું છે, કળીયુગના ૨૫૯૩મા સંવંતસર વર્ષમાં, રવિવારે, વૈશાખ સુદ પાંચમ, પુનર્વસુ નક્ષત્ર અને ધનુ લગ્નમાં શિવગુરુ નામના આચાર્યના પત્ની અંબાની કુખે શંકરાચાર્યનો જન્મ થયો. આને સત્ય માનીએ તો એમનો જન્મ ઈ.સ. પૂર્વ ૫૦૯માં થયો હતો. આદિ શંકરાચાર્યના શ્લોક મુજબ જન્મ-પુનર્જન્મ-પુનઃપુનઃ જન્મ થાય છે. એરેબિકમાં લખનારા ખલીલ જિબ્રાન પણ લખે છે, 'આજનો દિવસ પૂરો થયો છે. પોયણી જેમ પોતાના પ્રાતઃકાળ માટે બિડાય જાય છે તેમ સૂર્ય આપણા પર આથમી રહ્યો છે. આપણને જે અહીં આપવામાં આવ્યું હોય તે આપણે સંભાળીશું, અને એ પૂરતું નહીં થાય તો વળી આપણે ભેગા થવું પડશે. ભેગા મળી દાતા તરફ હાથ લંબાવવો પડશે. થોડો સમય, અને મારી વાસના બીજા શરીર માટે માટી અને પાણી ભેગાં કરશે...'

ભારતીય સંસ્કૃતિ અને શાસ્ત્રો અનુસાર આત્મા ફરી ફરીને જન્મ લે છે. ભગવદ્ ગીતાના શ્લોકમાં કહ્યું છે, ''वासांसि गीर्णानि यथा विहाय नवानि गृह्याति नवरोडपराणि । तथा शरीराणि विहाय जीर्णा-न्यन्यानि संयाति नवानि देही ।।'' (જેમ માણસ જૂના કપડાં છોડીને નવા પહેરે છે, તેવી જ રીતે આત્મા જૂના અને નકામા શરીરોનો ત્યાગ કરીને નવું ભૌતિક શરીર ધારણ કરે છે.) એનો અર્થ એ થયો કે, એક શરીરમાંથી બીજા શરીર સુધીના પ્રવાસ દરમિયાન આત્મા ક્યાંક તો જાય છે! જિજ્ઞાસુને પ્રશ્ન થાય, આત્મા ક્યાં જતો હશે? નવું શરીર મળે ત્યાં સુધી ક્યાં રહેતો હશે? શું કરતો હશે? આત્માનો આકાર, સ્વરૂપ, રંગ-સુગંધ કેવાં હશે? આના ઉત્તરમાં ભગવદ્ ગીતા કહે છે, नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापोन शोषयति मारुतः ।। (આત્માને શસ્ત્રો કાપી શકતા નથી,અગ્નિ તેને બાળી શકતો નથી,પાણી તેને ભીનું કરી શકતું નથીઅને વાયુ તેને સૂકવી શકતો નથો.) એટલે, આત્મા પંચતત્વથી બનેલો નથી, પરંતુએ જ્યારે પંચતત્ત્વથી બનેલા શરીરમાં પ્રવેશ કરે ત્યારે આપણે એને સજીવ-અથવા જીવંત શરીર કહીએ છીએ. આત્મા સ્વયં કોઈ પરમતત્ત્વનો-તેજનો અંશ છે. આ પરમતત્ત્વ કે તેજ, આપણી પહોંચ, સમજ કે લોજિકની બહાર છે, પણ સાદા શબ્દોમાં સમજવું હોય તો ચેતન અને જડ ભેગું મળીને શરીર અથવા જીવ બને છે. જ્ઞાન અને તેજના સંયોજનમાંથી છુટો પડેલો અંશ એ આત્મા છે. જ્ઞાન એટલે માહિતી નહીં, પરંતુ અનુભૂતિ. ભીતરથી જન્મ લેતી ચેતના અથવા પ્રજ્ઞા એ માણસને મળેલો ખાસ ઉપહાર છે. દરેક જીવ પાસે ચેતના નથી, કારણ કે દરેક જીવ પાસે વિચારવાની શક્તિ નથી. જે વિચારી શકે છે એની પાસે શબ્દો છે અને જેની પાસે શબ્દ છે એની પાસે અભિવ્યક્તિ છે. અભિવ્યક્તિનો ઉપયોગ કઈ રીતે કરવો એ નક્કી કરવા માટે માણસને બુધ્ધિ મળી છે, પરંતુ આ બુદ્ધિને કારણે જન્મ લેતો અહંકાર પણ માણસના અસ્તિત્વનો અંશ છે.આ અહંકાર માણસને પોતાના આત્માથી વિમુખ કરે છે. આપણે આત્મસન્માન, આત્મજ્ઞાન, આત્મનિર્ભર જેવા શબ્દો વાપરીએ છીએ, પરંતુ 'આત્મ' એટલે શું?

આ વિશે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોમાં એક જ વાત જુદી જુદી રીતે કહેવામાં આવી છે. કબીર સાહેબ કહે છે, કુપ કી છાયા, કુપ કે માહી ઐસા આત્મજ્ઞાન... કુવામાં પડતો કુવાનો પડછાયો અનેક પડછાયા રચે છે. સામસામે અરીસા રાખવામાં આવે તો અનેક પ્રતિબિંબ સર્જાય છે એવી જ રીતે આત્મજ્ઞાનના અનેક સ્વરૂપ છે-અનેક વ્યાખ્યાઓ, અનેક પ્રકારની સમજણ છે. હિન્દુ ધર્મ કહે છે કે, જીવમાત્રની ભીતર એક તેજનો અંશ છે. અદ્વૈતના સિધ્ધાંત અનુસાર જીવ અને શિવ જુદા નથી. એકોસ્યમ્ બહુષ્યામિ-ના સિદ્ધાંત હેઠળ પરમતત્વએ પોતાના તેજના એક અંશમાંથી અનેકનું નિર્માણ કર્યું. જૈન દર્શન કહે છે કે, આત્માના અસ્તિત્વને આદિ અને અંત નથી. એ પ્રકૃતિમાં શાશ્વત છે. જૈનત્વમાં જીવ અને અજીવને છુટા પાડવામાં આવ્યા છે. ચેતન અને પદાર્થ ભિન્ન છે. જ્યારે જીવ મોહ, ક્રોધ, લાલચ જેવા 'કષાય'માં ફસાય છે ત્યારે એણે પુનઃપુનઃ જન્મ લેવો પડે છે. જે જીવ પોતાના કર્મોને ઉત્કૃષ્ટ કક્ષાએ લઈ જાય છે એણે ફરી ફરી જન્મ લેવો પડતો નથી. યહુદી જન્મમાં મૃત્યુ પછીના જીવન વિશે અલગ અલગ માન્યતાઓ છે. મૃત્યુ પછી પણ આત્મા જીવિત રહે છે, પરંતુ કબલા આત્માને પાંચ તત્ત્વમાં વિભાજિત કરે છે. નેફેશ-પ્રાકૃતિક પ્રવૃત્ત્વિ સાથે જોડાયેલા. રૂઆખ-ભાવના અને સંવેદના સાથે જોડાયેલા. નેશામાહ-બુદ્ધિ અને લોજિક સાથે જોડાયેલા. છાયા-જે ઈશ્વરની ઉત્કૃષ્ટતા અને અદભૂત અસ્તિત્વને સમજી શકે છે અને યેચિદાહ-આત્માનો સાર જે ઈશ્વર સાથે સંબંધિત છે. પુનર્જન્મની એક અવધારણા વિશે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. ઈસ્લામમાં રૂહ અને નફશ બે જુદા શબ્દોને જુદા અર્થમાં પ્રયોજવામાં આવે છે. કુરાનના અધ્યાય ૧૭ અને અધ્યાય ૩૯માં મોહમ્મદ પયગમ્બરને રૂહ વિશે પૂછે છે ત્યારે કહેવાયું છે કે, રૂહ મારા રબ સિવાય કોઈ જાણતું નથી. માનવને આને વિશે થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે, પરંતુ અંતિમ જ્ઞાન અલ્લાહ સિવાય કોઈ પાસે નથી.

'વિદાય વેળાએ' (પ્રોફેટ)માં ખલીલ જિબ્રાને લખ્યું છે, 'આત્મા એક અસીમ અને અફાટ સમુદ્ર છે. આત્માનો માર્ગ સર્વ માર્ગો પર ચાલતાં અંતે જડેલું સત્ય છે. આત્મા લીટી પર ચાલતો નથી, તે વાંસની જેમ ઉગતો નથી, બલ્કે અસંખ્ય પાંદડીવાળા કમળની જેમ સ્વયંને પ્રગટ કરે છે.' ■

# ગીતની કિસ્મત, કરામત અને કરતબ

વાઈડ ઍન્ગલ
આશિષ ભીન્ડે
ashish.b@janmabhoominewspapers.com

કોઈ વસ્તુ રિજેક્ટ થાય એનો અર્થ એ નથી કે એ ખરાબ છે અથવા તેનો ક્લાસ નથી. એનો અર્થ એટલો જ થાય છે કે, કાં તો તેનો સમય આવ્યો નથી અને કાં તો જેની સામે અને જેના માટે તેને રજૂ કરવામાં આવી છે, તેના માટે યોગ્ય નથી. હિન્દી ફિલ્મી ગીતો માટે આ પણ વાત એટલી જ સાંગોપાંગ સાચી છે. આ બાબતમાં સૌથી જાણીતો કિસ્સો છે, સ્લમડૉગ મિલિયોનેરના ગીત જય હો... નો. દિગ્દર્શક સુભાષ ઘાઈની ફિલ્મ ૨૦૦૮મા આવેલી ફિલ્મ યુવરાજ માટે સંગીતકાર દિલીપકુમાર ઉર્ફે અલ્લા રખ્ખા રહેમાને ગુલઝારનું લખેલું આ જા આ જા ઝિંદ શામિયાને કે તલે, આ જા ઝરીવાલે નીલે આસમાન કે તલે.... જય હો... એવું ગીત કમ્પૉઝ કર્યું હતું. સંગીતની સારી સૂઝ ધરાવતા ઘઈને આ ગીત કોઈક કારણસર રુચ્યું નહીં. ફિલ્મમાંથી આ ગીત બાકાત રહ્યું. એ પછી બ્રિટિશ ડિરેક્ટર ડેની બૉય્લ સ્લમડૉગ મિલિયોનેર માટે રહેમાને આ ગીત પિચ કર્યું અને તે પસંદ થઈ ગયું, એટલી હદે કે બેસ્ટ ઑરિજિનલ સૉન્ગના ઑસ્કાર ઉપરાંત બાફ્ટા અને ગોલ્ડન ગ્લૉબ જેવા એવૉર્ડ પણ મળ્યા. યુવરાજ મહાબૉરિંગ અને હથોડાછાપ પુરવાર થઈ અને કદાચ સુભાષ ઘઈની આ એકમાત્ર ફિલ્મ છે, જેનાં ગીતો જરાય ચાલ્યા નહીં. એક ફિલ્મ માટે બન્યું હોય, પણ કોઈક કારણસર એ ફિલ્મમાં તેને સ્થાન ન મળ્યું હોય અને પછી બીજી ફિલ્મમાં એ ગીત એવું ઉપડ્યું હોય કે ફિલ્મનું ભલે બાળમરણ થયું હોય પણ ગીત અજરામર થઈ ગયું હોય. ગીતોની આ સંગીત ખુરશી કે ખો ખો અથવા કબડ્ડીમાં કે આટાપાટામાં રોમાંચની સાથે કિસ્મતનો ખેલ અને કમાલની કરામત જોવા મળે છે.

યુવરાજના કિસ્સામાં તો ફિલ્મ અને તેનું સંગીત બંને નિષ્ફળ ગયા, પણ ૨૦૦૩નો આ કિસ્સો ગજબ છે. પ્રિયદર્શનની હંગામા અને વિક્રમ ભટ્ટની ફૂટપાથ બંનેની રિલીઝ વચ્ચે પૂરા બે અઠવાડિયાંનું અંતર હતું. પહેલી ઑગસ્ટે રજૂ થયેલી હંગામા પ્રિયદર્શનની મલયાલમ ફિલ્મ પુચ્ચાકોરૂ મુકુથીની રિમેક હતી, તો ૧૫મી ઑગસ્ટે આવેલી ફૂટપાથ મહેશ ભટ્ટની અંગારેની રિમેક હતી. એકનું નિર્માણ મ્યુઝિક કંપની વીનસ રેકર્ડ્સ એન્ડ ટેપ્સે કર્યું હતું, તો બીજીના પ્રોડ્યુસર ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ હતા, બંનેના સંગીતકાર નદીમ-શ્રવણ અને ગીતો સમીરે લખ્યાં હતાં. બંને ફિલ્મોમાં એક ગીત હતું ચૈન આપકો મિલા, મુઝે દીવાનગી મિલી. શબ્દો પણ એના એ જ ફરક માત્ર ટેમ્પોનો હતો અને ગાયકોનો. હંગામામાં પાર્ટી સૉન્ગ તરીકે આવતું આ ગીત થોડુંક ફાસ્ટ છે અને પાર્શ્વગાયકો શાન અને સાધના સરગમ ઑનસ્ક્રીન પણ આ ગીતમાં છે. તો, ફૂટપાથનું ગીત એસ. પી. બાલાસુબ્રમણ્યમ અને આશા ભોસલેએ ગાયું હતું અને થોડું ગંભીર અને ઉદાસ મિજાજનું હતું. આવું કેવી રીતે થયું? વેલ,





નદીમ-શ્રવણનું આ ગીત ટિપ્સ પાસે હતું અને સંગીતકાર જોડીની પરવાનગી વિના જ તે ફિલ્મમાં વાપરી નખાયું હોવાનું કહેવાય છે. હંગામા જેવી કૉમેડી ફિલ્મમાં આ ગીત અસ્થાને હતું, તો ફૂટપાથમાં યોગ્ય જગ્યાએ આવતું હોવા છતાં ફિલ્મ હથોડાછાપ હતી, છતાં આ ગીત સાંભળવું ગમે એવું છે, ખાસ તો એસ. પી. બાલાસુબ્રમણ્યમનું વર્ઝન. કહાનીમાં હજી એક ટ્વિસ્ટ છે. મૂળ તો આ ગીત નદીમ-શ્રવણે ૧૯૯૩માં જાહેર થયેલી ફિલ્મ સનમ ઓ સનમ માટે રેકર્ડ કર્યું હતું, જેમાં વિનોદ ખન્ના અને રીના રોયની જોડી હતી, જેનું નિર્માણ રીનાની બહેન બરખાએ કર્યું હતું, ફિલ્મ અભેરાઈ પર ચડી ગઈ, ગીત સંગીત કંપની અને સંગીતકાર બંને પાસે પડ્યું રહ્યું અને એક દાયકા પછી બંનેને તે સાથે સાંભર્યું.

ગીતની કિસ્મત, કરામત અને કરતબનો આવો અનોખો કિસ્સો છે સંગીતકાર રવિન્દ્ર જૈનનો. નિર્માતા એન. એન. સિપ્પીની ફિલ્મો ચોર મચાયે શોર (લે જાએંગે લે જાએંગે દિલવાલે દુલ્હનિયા લે જાએંગે, ઘૂંઘરૂ કી તરહ, એક ડાલ પર તોતા બોલે એક ડાલ પર મૈના) અને ફકિરામાં (તોતા-મૈના કી કહાની તો પુરાની, દિલ મેં તુઝે બિઠાકર કર લુંગી બંધ આંખેં) રવિન્દ્ર જૈને સંગીત આપ્યું હતું. ૧૯૭૮માં તેઓ ઘર નામની ફિલ્મ બનાવી રહ્યા હતા અને સંગીતકાર તરીકે જૈનને જ લીધા, તેમનું એક ગીત અખિયોં રે ઝરોખોં સે તુઝે દેખા સો સાંવરે... ફિલ્મના દિગ્દર્શકને જરાક વધુ પડતું ધીમું લાગ્યું. બીજા દિવસે જૈને આ ગીત નિર્માતા રાજકુમાર બડજાત્યાને સંભળાવ્યું. તેમને આ ગીત એટલું ગમી ગયું કે, ગીતના મુખડા પરથી તેમણે ફિલ્મનું ટાઈટલ નક્કી કરી નાખ્યું અખિયોં કે ઝરોખોં સે. એ પછી એક દિવસ નિર્માતા સિપ્પીનો ફોન આવ્યો કે, જૈનસાબ મેરી ડિરેક્ટર સે બાત હો ગઈ હૈ, ફિલ્મ મેં યે ગાના હમેં ચાહિયે. હવે, જે ગીત પરથી ફિલ્મનું ટાઈટલ અપાયું હોય એ ગીત બડજાત્યા પાસેથી પાછું માગી લેવાનું જૈનને અયોગ્ય લાગ્યું. વાત વણસી અને કડવાશ સુધી પહોંચી, એ પછી એન. એન. સિપ્પીએ રવિન્દ્ર જૈનને સંગીતકાર તરીકે કામ ન આપ્યું. તો, રાજકુમાર બડજાત્યાની કંપની રાજશ્રી પ્રોડક્શન્સ સાથે એ પછી રવિન્દ્ર જૈને ૧૮ ફિલ્મો સંગીતકાર તરીકે કરી. સિપ્પીએ ઘરના સંગીતકાર તરીકે આર. ડી. બર્મનને સાઈન કર્યા અને એનાં ગીતો પર એકથી એક ચડિયાતાં હતાં, ગૌર ફરમાઈએ-કિશોરકુમારનું ફિર વહી રાત હૈ, કિશોર-લતાનું આપ કી આંખોં મેં કુછ મહેકે હુએ સે ખ્વાબ હૈં અને લતાદીદીનાં અવાજમાં યાદગાર તેરે બિના જિયા જાએ ના અને આજ કલ પાંવ જમીં પર નહીં પડતે મેરે.

તો, ગીત કમ્પૉઝ થયા પહેલા જ રિજેક્ટ થયેલા ગીતોમાં ઈન્દીવરે લખેલું હમ તુમ્હેં ચાહતે હૈં ઐસે, મરનેવાલા કોઈ ઝિંદગી ચાહતા હો જૈસે.... આ ગીતનું મુખડું સાંભળી દિગ્દર્શક શક્તિ સામંતાએ નકારી કાઢ્યું. હતું એવું કે, આનંદ આશ્રમ નામની ફિલ્મ શક્તિદા બનાવી રહ્યા હતા અને તેમાં હીરો ડૉક્ટર હતો, વળી તેમને લાગ્યું કે રૉમેન્ટિક સૉન્ગમાં મરણની વાત લોકોને રુચશે નહીં કે કદાચ તેમને જ આ વાત ગમી નહીં. પણ, શ્યામલાલ બાબુ રાય ઉર્ફે ઈન્દીવરે (એટલે કે નીલકમલ) આ ગીત ફિરોઝ ખાનને સંભળાવ્યા, જે તેમને તરત ગમી ગયા અને પોતાના દિગ્દર્શનમાં બની રહેલી કુરબાની માટે આ ગીત તેમણે પસંદ કર્યું, જેને કલ્યાણજી-આણંદજીએ કમ્પૉઝ કર્યું. મનહર ઉધાસે ગાયેલું આ ગીત જબરદસ્ત ઉપડ્યું. ૧૯૭૭માં આવેલી આનંદ આશ્રમનાં બધાં જ ગીતો ઈન્દીવરે લખ્યાં હતાં અને શ્યામ મિત્રાના સંગીતમાં મઢેલાં આ ગીતોમાંથી એકપણ યાદગાર નથી. પંચમદા- આર. ડી. બર્મનની બાબતમાં ગીતોના આવા કિસ્મત કનેક્શન્સ અપાર છે, એની વાત આવતા અઠવાડિયે. ■

ગયા વખતના સવાલનો જવાબ છે- ૧૯૭૧માં આવેલી મેરે અપનેથી વિનોદ ખન્ના અને ડેની ડેન્ગઝોન્ગ્પાએ રૂપેરી પરદે પદાર્પણ કર્યું હતું.

સાચો જવાબ આપનારા વાચકમિત્રો છે- ડૉ. પ્રકાશ કટકિયા- ભારતી કટકિયા (ઘાટકોપર), વિરેન્દ્ર અંતાણી (ભુજ), વસંત પાઠક (રાજકોટ), મહાવીરસિંહ જાડેજા (આદિપુર-કચ્છ), ઉન્નતિ હાથી (વિલેપાર્લે), રિચા સોની (ભુજ), રમેશ દલાલ-ઈનાક્ષી દલાલ- હીના દલાલ-જ્યોત્સના ગાંધી (અંધેરી), મનીષા શેઠ-ફાલ્ગુની શેઠ, પ્રિયંકા ઠક્કર-વરુણ ઠક્કર, અતુલ દોશી (માટુંગા), વિમલ મહેતા (ભુજ), આર. જી. રાયચંદા (માંડવી-કચ્છ), મનસુખ-પુષ્પા-આનંદ શનિશ્વરા (ભુજ), મહેન્દ્ર દલાલ-કામિની દલાલ (વાલકેશ્વર), ઝરણાં સંપટ (બોરીવલી), હસમુખ વોરા (વડાલા), કેતન રૂપાણી (ઘાટકોપર), અશોક મહેતા (ભુજ), નીતિન બજરીયા (ઘાટકોપર), હેમંત ઉદેશી (વિલેપાર્લે), વિજય કાનાબાર (કોડિનાર), કિરણ અંજારિયા (ભુજ), ડૉલી નંદુ (વાશી-નવી મુંબઈ), ગૌરાંગ મહેતા, જગજીવન લાડ (કાંદિવલી), જાન્હવીબા-મીનુબા ચુડાસમા (માંડવી-કચ્છ), ચિંતન મહેતા (અંધેરી), જયેન્દ્ર ગોર (ભુજ), હેમાંશુ ભટ્ટ (આદિપુર-કચ્છ), પુનિતા માસ્તર (પરેલ), રામચંદ્ર ઘેલા (માંડવી-કચ્છ), ભરત ખારવા-પૂજન ખારવા (માંડવી-કચ્છ), વનિતા શાહ (માંડવી-કચ્છ), કમલેશ દેઢિયા (નાના રતડિયા-કચ્છ), હીરાગર ગોસ્વામી (રાપર-કચ્છ), નિરુપમા નિષાદ (ભુજ), હીના ગાંધી (અંધેરી), મનસુખલાલ ગાંધી (ગોરેગામ), ભરત પોકાર (ભુજ), વજુભાઈ સીંધવ-રમેશ માકડીયા (કેશોદ), વિજય ભુવા, રવિન્દ્ર વેદ, રસિક જુઠાણી (ટોરોન્ટો-કેનેડા), ભરત સંઘવી (બોરીવલી), હર્ષ ઠાકર-ભરત ચાવડા (લાખોન્દ-કચ્છ), વિશ્વેશ દવે (ઘાટકોપર), સુજાતા શાહ, નિરંજન મહેતા (બોરીવલી), કિશન આહિર-મહિત આહિર (માંડવી-કચ્છ), ભૂપેન્દ્ર મેર (કાંદિવલી), દિલીપ રામાણી (ભુજ), અમૃતલાલ નાગડા, રશ્મિન પાઠક (આદિપુર-કચ્છ), બિના મોદી (કાંદિવલી), માયાદેવી રાઠોડ (ગાંધીધામ), રસેશ પટ્ટણી (વડોદરા), રશ્મિકાંત ઠક્કર (ભુજ), મહેન્દ્ર પલણ (ભુજ), હીના નિર્મળ (ગોરેગાંવ), અરવિંદ સોમૈયા (નખત્રાણા-કચ્છ), પ્રિયા કાનાબાર (કોડિનાર), મહેશ સોમપુરા (ભુજ), દિલીપ ત્રિપાઠી (ભુજ), પ્રીતિ દેસાઈ, નિકુંજ દેસાઈ (સુરત), સુનીલ માંકડ (ભુજ), કૈયુમ અઝીઝ (ગોંડલ), સર્વદમન આચાર્ય, કમલેશ મૈઠિઆ (રાજકોટ), અભિલાષ મહેતા (ભુજ), ગંઢેર લીલા (નેત્રા-કચ્છ), નિશા શુક્લ (ભુજ), મહેશ-જયેશ-હિતેશ મટાણી (માંડવી-કચ્છ), હિંમત ખોલીયા (કાંદિવલી), અનિલ સરોદે (અંધેરી).

આ અઠવાડિયાનો સવાલ છે- અખિયોં કે ઝરોખોં સેની સીક્વલ ૨૦૧૧માં સચિન પિલગાંવકરના દિગ્દર્શનમાં બની હતી, જેનું નામ હતું જાના પહેચાના, એમાં પણ સચિન-રંજિતાની જોડી હતી. આજનો સવાલ છે- રંજિતાએ અભિનય કર્યો હોય એવી છેલ્લી ફિલ્મ કઈ? આપનો જવાબ શુક્રવાર, સાતમી નવેમ્બર સુધીમાં jbhoomi@gmail.com પર મોકલી આપો. સબ્જેક્ટમાં વાઈડ ઍન્ગલ લખવાનું ભૂલતા નહીં.

## ઈશિતાનું અલકમલક

# આવો તે જસ્ટ, જોગાનુજોગ હોય ? !

કુદરત પણ કેવી અ-કળ છે !

ન ધાર્યા હોય એવા એવા કરિશ્મા એ કરી દેખાડે. સામાન્ય રીતે કોઈ પણ ઘટના બને તો એની પાછળ કોઈ ચોક્કસ કારણ હોય, પણ ફાંટાબાજ કુદરત એવી કળા દેખાડે કે તમે અવાક્ રહી જાવ...

આજકાલ એવા સમાચાર ગાજ્યા છે કે મૂળ આન્ધ્ર પ્રદેશના એવા પણ અબુધાબીમાં જોબ કરતા એક યુવાનને આશરે રૂપિયા ૨૩૦ કરોડની લોટરી લાગી છે ! એના માટે આશ્ચર્ય સાથે આનંદની વાત એ છે કે એણે માતાની જન્મતારીખના નંબર ૧૧ પરથી એ લોટરી ખરીદી ને જાણે માના આશીર્વાદ હોય એમ એને આવી જબરજસ્ત ઈનામી રકમ સાથે ફળી !

લોટરીનાં ઈનામોમાં આવાં 'ચમત્કાર' થતા રહે છે . અહીં તો ઈનામ વિજેતા યુવાન એકલો હતો,પણ થોડા મહિના પહેલાં કેરળની મલ્લપુરમ નગરપાલિકામાં કામ કરતી ૧૧ મહિલાએ ૨૫૦ રૂપિયાની એક લોટરી ટિકિટ ભાગીદારીમાં ખરીદી હતી અને સપનામાંય ધાર્યું નહોતું તેમ એમની લોટરી ટિકિટ રૂપિયા ૧૦ કરોડનું પ્રથમ ઈનામ વિજેતા ઠરી ! આમ રાતોરાત

કરોડપતિ બન્યા છતાં એ ૧૧ મહિલા પોતાની સફાઈ કામદારની જોબ છોડવાની નથી !

લોટરીના ઈનામ ઉપરાંત પણ કુદરત એની અજાયબ ચાલ ચાલતી જ હોય છે. ચાર મહિના પહેલાં જ કોઈને પણ ચકિત કરી દે એવો કરિશ્મા કુદરતે દેખાડ્યો છે.

વાત કંઈક આમ છે. અમેરિકાની મઝોરી સ્ટેટની એક જાણીતી હૉસ્પિટલ સાથે સંકળાયેલી

૧ લેડી ડૉક્ટર સાથે ૧૦ નર્સ એટલે કે કુલ ૧૧ મહિલા એકસાથે પ્રેગ્નન્ટ થઈ છે ! આ અગિયારે અગિયાર નર્સ વત્તા ડૉક્ટર હૉસ્પિટલના મેટર્નિટી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા છે !

'યે ક્યા હુઆ...કૈસે હુઆ..કબ હુઆ.. ?' જેવા પ્રશ્નના જવાબ હજુ સુધી અનુત્તર છે ! હા, આમાં મજાની વાત એ છે કે એક જ હૉસ્પિટલમાં કામ કરવા છતાં મોટાભાગની આ ગર્ભવતી નર્સ એકબીજા



સાથે ખાસ પરિચિત નથી એટલે આ સમાચાર બહાર આવતા એ દરેકને અચંબો જરૂર થયો છે. એમને મન આ એક જસ્ટ જોગાનુજોગ ઘટના છે !

જોકે , બીજી તરફ હૉસ્પિટલમાં એવી અફવા ફેલાઈ ગઈ છે કે અહીંનું પાણી જ એવું ' ફળદાયી' છે કે , જે અહીંની મહિલાને અચૂક પ્રેગ્નન્ટ બનાવે છે અને આના ડરથી અહીં કામ કરતો કુંવારો લેડીસ સ્ટાફ ઘેરથી જ પાણી લાવીને પીએ છે !

બાય ધ વે, 'ઈશિતા'ને એક એવી ઘટના પણ યાદ છે કે ત્રણેક વર્ષ અગાઉ બ્રિટનના એક ચર્ચ સાથે સંકળાયેલી છ નન ઉર્ફે સાધ્વી પણ એક સાથે ગર્ભવતી બની હતી ! એ છએને 'મધર ' ( પ્રેગ્નન્ટ!) બનાવવા પાછળના સેક્સ કૌભાંડમાં ચર્ચના જ બે પાદરી અર્થાત્ 'ફાધર' સંડોવાયેલા હતા!

### છીંકને સેક્સ સાથે શું લાગે- વળગે ...?!

ઘણું બધું...! આ સવાલ અને એનો જવાબ સાંભળીને કોઈ પણ ચકરાવે ચઢી જાય. કોઈને સતત 'હાં..ક છીં ...હાં..ક છીં' કરતાં જોઈને તમને સહેજે પેલા પ્રત્યે સહાનુભૂતિ થાય કે

' બાપડાને સખત શરદી થઈ લાગે છે ...' આમેય આજકાલ ખરાબ મોસમ અને પ્રદૂષણને કારણે ઠેર ઠેર શરદીના વાયરા છે.

એ તો છે, પણ ન ધાર્યું હોય એવી વાત કે ઘટનાનું પૃથક્કરણ કે પછી અંગ્રેજીમાં કહીએ તો પોસ્ટમોર્ટમ કરીને અવનવાં તારણ કાઢવાનાં કામમાં કેટલીક વ્યક્તિ એવી નિષ્ણાત હોય છે કે તમે ન ધાર્યા હોય એવાં તારણ એ કાઢી દેખાડે.

આ છીંક અને શરદીની વાત લઈને કલ્પી ન શકાય એવું વિચિત્ર તારણ હમણાં લંડન ઓક્સફર્ડની ' જૉન રેડલીફ હૉસ્પિટલ' ની રિ-સર્ચ ટીમે કાઢ્યું છે. આ ટીમના વડા ઈએનટી સ્પેશ્યાલિસ્ટ ડૉ. મહમૂદ ભુત્તો કહે છે કે કેટલાક લોકોને સેક્સને લગતા સતત વિચારોની ઉત્તેજનાનાં પરિણામે ઉપરાછાપરી છીંક આવે છે !



આ પ્રકારના સંશોધન પાછળ એક દરદીની છીંક કથા કારણભૂત છે. ડૉ. ભુત્તો પાસે આવેલો એક દરદી સતત છીંક ખાતો હતો. એને શરદી જેવું પણ ખાસ નહોતું એટલે એની છીંકનું કારણ શોધવા ડૉક્ટરે એની ઊંડી તપાસ આદરી તો પેલા દરદીએ વાતવાતમાં સ્વીકાર્યું કે એ જ્યારે પણ સેક્સ વિશે વધુ ઉત્કટતાથી વિચારે છે ત્યારે એની છીંકો શરૂ થઈ જાય છે !

આ મુદ્દો નોંધીને ડૉ. ભુત્તોની રિ-સર્ચ ટીમે છીંક અને સેક્સ વચ્ચે કડી શોધવાનો પ્રયત્ન કર્યો તો એમને આવા સંખ્યાબંધ દર્દીના કિસ્સા મળી આવ્યા, જેના પરથી ડૉ. ભુત્તોએ છીંક-સેક્સ વચ્ચેનો સંબંધ શોધી કાઢીને એનાં તારણ હમણાં જાહેર કર્યાં છે. એમાં એમ પણ ઉમેર્યું છે કે આ છીંક સેક્સનો 'રોગ' વારસાગત પણ હોઈ શકે !

હવે આવો ચેપ લગાડે એ શરદી-સેક્સનું સંશોધન કેટલાં અંશે ખરું એ તો રામ જાણે અને સતત 'હાં..ક છીં... હાં...ક છીં ' કરનારો જ જાણે...!

### ઈશિતાનું ઈત્યાદિ... ઈત્યાદિ

■ આપણું ગાંધીબાપુંનું 'અહિંસક' ગુજરાત આજકાલ વિકાસના પંથે છે જરા જૂદી રીતે... ગુજરાતમાં ગન કલ્ચર જબરું વિકસી રહ્યું છે. છેલ્લામાં છેલ્લા સરકારી આંકડા અનુસાર અહીં ઘેર ગન, બંદૂક વસાવવાનો શોખ વધી રહ્યો છે. એ પછી પોતાની સલામતી માટે કે પછી રોફ જાડવા માટે. અહીં છેલ્લાં પાંચ વર્ષમાં પાંચ હજારથી વધુ લોકોએ ગનનાં લાઈસન્સ લીધાં છે ! આમાં અમદાવાદ સૌથી વધુ (૬૯૦) - બીજા નંબરે રાજકોટ (૫૪૧ ) અને ત્રીજા ક્રમાંકે દાહોદની ૪૮૭ વ્યક્તિએ ગન લાઈસન્સ મેળવ્યું છે !

જય હો...ગરવી ગુજરાત !

■ દેશની વિભિન્ન કોર્ટમાં પાંચ કરોડથી વધુ કેસ પડતર છે, જે એક વિશ્વવિક્રમ છે. આવા પેન્ડિગ કેસોમાંથી ૬૦ ટકાથી વધુ કેસના ચુકાદા 'તારીક પે તારીક'ના ચક્કરમાં વર્ષો પછી આવે છે, જે પાછા એક અલગ જાતનો રેકોર્ડ સર્જે છે. તાજેતરમાં મહારાષ્ટ્ર થાણેની એક યુવતીના અપહરણના કેસનો ચુકાદો આવ્યો છે,જેમાં ભાગેડુ આરોપીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો છે અને જસ્ટ, તમારી જાણ સહજ આ કેસનો ચુકાદો કોર્ટે બરાબર ૪૮ વર્ષ પછી આપ્યો છે! ■

**ઈશિતાની એલચી**

**કૂવો ખોદવા નીચે ઊતરવું પડે
મહેલ ચણવા ઉપર તરફ જવું પડે...!!**